दैनिक
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 275 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ કાર્તિક વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 November 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૯ નવેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં બે દિવસ બાદ ઠંડી વધશેઃ નલિયામાં તાપમાનનો પારો ગગડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ અને કાશ્મીરમાં સતત બરફવર્ષા થઈ રહી છે, કાશ્મીરમાં ગુલમર્ગ, સોનમર્ગ અને કુપવાડા સહિતના વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી સતત હિમવર્ષા થતાં દેશના અનેક રાજ્યોમાં લઘુતમ તાપમાનનો પારો નીચે ઊતર્યો હતો. પહાડી રાજ્યોમાં શીતલહેર શરૂ થતાં હવે ગુજરાતમાં કાતિલ ઠંડી અનુભવાશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતમાં લોકો ઠંડીનો ચમકારો અનુભવી રહ્યા છે અને દબાતા પગલે શિયાળાની સિઝનનો આરંભ થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૫.૮ ડિગ્રી નોંધાયું હતું. આ સાથે ગાંધીનગરમાં લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું. તે ઉપરાંત રાજકોટ, પોરબંદર, અમરેલી, નલિયા, ભુજ, અમદાવાદ, ડીસા અને વડોદરા સહિતનાં અનેક શહેરોમાં લઘુતમ તાપમાનનો પારો ૧૭ થી ૧૮ ડિગ્રી વચ્ચે નોંધાયો હતો. હવામાન ખાતાના જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસમાં લઘુતમ તાપમાન વધુ ત્રણ ડિગ્રી જેટલું ઘટશે અને તેના કારણે ઠંડીના પ્રમાણમાં વધારો થશે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું હતું કે, હાલ ગુજરાતમાં પવનોની દિશા પૂર્વ તરફની છે. હવાની દિશા બદલાઈને ઉત્તર તરફની થશે, ઉત્તર ભારતીય પ્રદેશમાંથી પવન ફૂંકાશે તે પછી ગુજરાતમાં ઠંડા પવનો ફૂંકાશે. આગામી ૨૪ કલાક પછી આપણને આ જોવા મળી શકે છે.ગુજરાતમાં બે દિવસ બાદ તાપમાનમાં ઘટાડો નોંધાશે. તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થશે. સૌરાષ્ટ્રના ભાગોમાં તાપમાન ઓછું થયું છે. કચ્છ, ઉત્તર ગુજરાતમાં સામાન્ય કરતા વધારે લઘુતમ તાપમાન નોંધાયું હતું. પવનની દિશા ઉત્તર પૂર્વ છે જે દિશા બદલાતા ઠંડીનો અનુભવ થશે. ગુજરાત સહિત ઉત્તર પશ્ચિમના અનેક રાજ્યોમાં લઘુતમ તાપમાનનો પારો આગામી ત્રણ દિવસમાં ત્રણ ડિગ્રી જેટલો નીચે ઊતરશે અને તેના કારણે ઠંડીનું પ્રમાણ વધશે. સોમવારે અમદાવાદમાં ૧૮.૯ ડીસામાં ૧૮.૪ વડોદરામાં ૧૭ અને સુરતમાં ૨૧.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

# ગુજરાત સરકારનાં પ્રધાનમંડળનું વિસ્તરણ થશેઃ મોઢવાડિયા અને સી. જે. ચાવડાની એન્ટ્રી પાક્કી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની સરકારનાં પ્રધાનમંડળનું વિસ્તરણની ચર્ચાએ ફરી એક વખત ગાંધીનગરના રાજકીય વર્તુળોમાં જોર પકડ્યું છે. કેબિનેટમાં નવા ચહેરાઓનો સમાવેશ થઈ શકે છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ભૂપેન્દ્ર પટેલની સરકાર પાસે જબરી બહુમતિ હોવા છતાં જુદા-જુદા બનાવને કારણે સરકાર ફિક્સમાં મુકાઇ રહી છે. છેલ્લા કેટલાક સમયથી અલગ-અલગ મુદ્દે ગુજરાત સરકાર ઘેરાઇ રહી છે. વળી વર્તમાન સરકારના પ્રધાનો પરનું ભારણ હળવું કરવા માટે પ્રધાન મંડળનું વિસ્તરણ અનિવાર્ય બન્યું છે.

આ નવા પ્રધાન મંડળમાં કોંગ્રેસ છોડી ભાજપમાં આવેલા બે સિનિયર નેતાઓ અર્જુન મોઢવાડિયા અને સી. જે. ચાવડાની એન્ટ્રીની સંભાવનાઓ વધી છે. એ ઉપરાંત ભાજપના બીજા સાતથી આઠ ધારાસભ્યોને કેબિનેટમાં સમાવી લેવામાં આવશે તેવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે. હવે ૧૫૬ નહીં પણ ૧૬૧નો પાવર ધરાવતી ભૂપેન્દ્ર પટેલની સરકારમાં હાલ આઠ કેબિનેટ અને આઠ રાજ્યકક્ષાના પ્રધાનો ફરજ બજાવે છે. ૨૮થી વધુ વિભાગો આ ૧૬ સભ્યો સંભાળી રહ્યાં છે જેથી કામનું ભારણ પણ વધારે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા પછી પૂર્વ મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ પણ કેબિનેટ વિસ્તરણનો સંકેત આપ્યો હતો. પરંતુ, કેટલાક કારણોથી તેમાં વિલંબ થયો છે. જો કેબિનેટનું વિસ્તરણ થશે તો અગાઉ જેમને વાયદો કર્યો હતો તેવા કોંગ્રેસમાંથી આવેલા બે સભ્યો હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરની દાવેદારી પણ પ્રબળ બનશે તેવું લાગી રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે મહારાષ્ટ્રની ચૂંટણી પછી કેબિનેટનો વિસ્તાર નક્કી જ છે, જેમાં નિષ્ક્રિય રહેલા ચાર થી પાંચ સભ્યોને પડતા પણ મૂકવામાં આવી શકે તેમ છે. વિસ્તરણ થયેલી કેબિનેટનું કદ ૨૩ સભ્યોનું હોવાના અણસાર છે. આ વિસ્તરણ કરવાનું બીજું કારણ સ્થાનિક ચૂંટણીઓ પણ છે. સામાજિક પ્રભુત્વ ધરાવતા કદાવર નેતાઓ જેવા કે અર્જુન મોઢવાડિયા, સી. જે. ચાવડા, હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરને સરકારમાં સ્થાન આપીને ચૂંટણી પ્રચાર માટે રાજી કરવા માટે પણ પ્રધાનમંડળનું વિસ્તરણ કરવું ભાજપના ટોચના નેતૃત્વની મજબૂરી છે.

# સુરતમાં બોગસ ડૉક્ટરોએ મલ્ટિસ્પેશિયાલિટિ હૉસ્પિટલ શરૂ કરીઃ ૨૪ કલાકમાં જ સીલ મારી દેવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલનો કાંડ હજી ભુલાયો નથી. ત્યાં સુરતમાં બોગસ ડૉક્ટરોએ મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલ શરૂ કરીને તેનું ઉદ્‌ઘાટન પણ કરી નાખ્યું હતું, જે જગ્યાએ હૉસ્પિટલ તૈયાર કરવામાં આવી છે ત્યાં પહેલાં ખંડેર હાલતમાં થિયેટર હતું. આ હૉસ્પિટલને ઉદ્‌ઘાટન કર્યાના ૨૪ કલાકમાં જ સીલ કરી દેવાઈ હતી. સુરત પોલીસે અગાઉ જે નકલી ડૉક્ટરો સામે કાર્યવાહી કરી હતી તેમણે જ આ હૉસ્પિટલ શરૂ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના પાંડેસરા વિસ્તારમાં ખંડેર હાલતમાં પડેલા થિયેટરમાં કોઈપણ પ્રકારની ફાયર સિસ્ટમ લગાવ્યા વિના જ બોગસ ડૉક્ટરોએ જનસેવા મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલ શરૂ કરી હતી. આ હૉસ્પિટલના ઉદ્‌ઘાટનની આમંત્રણ પત્રિકામાં સુરત શહેરના પોલીસ કમિશનર અને ક્રાઈમ બ્રાંચના જેસીપીને જણાવ્યા વિના જ તેમનું આમંત્રિત તરીકે નામ લખી નાખ્યું હતું. આ હૉસ્પિટલમાં તબીબ તરીકે કામ કરનાર બે કથિત તબીબ સામે વગર ડિગ્રીએ પ્રેક્ટિસ કરવાનો અને સંચાલક સામે વર્ષ ૨૦૨૨માં દારૂ સાથે પકડાયાનો ગુનો પાંડેસરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ ચૂક્યો છે.

હૉસ્પિટલના સંચાલકોએ જિલ્લા અધિકારીને પણ કોઈ જાણ કરી નહોતી કે રજિસ્ટ્રેશન પણ કરાવ્યું નહોતું, જેથી આ મુદ્દે હવે નિયમ પ્રમાણે ટીમ બનાવી હૉસ્પિટલમાં વિઝિટ કરીને દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. હૉસ્પિટલ સામે નિયમ પ્રમાણેનો સ્ટાફ નહીં હોય તો ફરિયાદ પણ કરવામાં આવશે. ફાયર વિભાગે તપાસ કરતાં હૉસ્પિટલમાં જે ફાયર સિસ્ટમ હતી તે પણ બંધ હાલતમાં હતી. પોલીસે આરોપીઓની અટકાયત કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# પાટણના રેગિંગકાંડમાં ૧૫ સિનિયર વિદ્યાર્થીઓ સામે ગુનો નોંધાયોઃ કૉલેજમાંથી સસ્પેન્ડ કરી દેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતમાં પાટણની ધારપુર મેડિકલ કૉલેજમાં એક વિદ્યાર્થી અચાનક ઢળી પડવાથી તેનું મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વિદ્યાર્થીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટનામાં જુનિયર વિદ્યાર્થીઓનું સિનિયર્સ દ્વારા રેગિંગ કરાયું હોવાનો ઘટસ્ફોટ થતાં કૉલેજના ૧૫ સિનિયર વિદ્યાર્થીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. તે ઉપરાંત કૉલેજમાંથી તમામને સસ્પેન્ડ કરી દેવાયા હતા.

આ ઘટનામાં રેગિંગ પહેલાની ચેટ પણ બહાર આવી હતી. વોટ્સએપ ગ્રૂપમાં થયેલી ચેટમાં વિદ્યાર્થીઓને શહેર અને વિસ્તાર પ્રમાણે બોલાવીને રેગિંગ કરવાની શંકા દર્શાવાઇ હતી. જેમાં વિદ્યાર્થીઓ પાસે ગ્રૂપમાં કરાયેલ મેસેજ ડિલિટ કરાવવામાં આવ્યા હતા. કૉલેજમાં રેગિંગ થયાનું સ્પષ્ટ થયા બાદ કૉલેજના સત્તાધીશોએ બચાવ કરતા કહ્યું હતું કે, અમારા દ્વારા કૉલેજના વિદ્યાર્થીઓને સમયાંતરે રેંગિંગ બાબતે જાગૃત કરવામાં આવે છે. ધારપુર મેડિકલ કૉલેજના ડીન હાર્દિક શાહે જણાવ્યું હતું કે, આ ઘટના રેગિંગનો બનાવ છે કે નહીં તેના માટે અમારી એન્ટિ રેંગિંગ કમિટીની બેઠક કરી ૨૭ વિદ્યાર્થીઓના સ્ટેટમેન્ટ લઈ તેના આધારે ૧૫ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કર્યા હતાં.

આ ઘટના અંગે ડીવાયએસપી કે. કે. પંડ્યાએ મીડિયાકર્મીઓને જણાવ્યું હતું કે, ધારપુર મેડિકલ કૉલેજના બનાવ અંગે બાલીસણા પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરાઈ હતી. પોલીસની તપાસમાં વિદ્યાર્થીઓનું રેગિંગ થયાનું જાણવા મળ્યું હતું. બીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને બળજબરીપૂર્વક ગીત ગાવાની અને ડાન્સ કરવાની ફરજ પાડી હતી. જુનિયર વિદ્યાર્થીઓને સતત સાડા ત્રણ કલાક ઊભા રાખવામાં આવ્યા હતા. સતત માનસિક રીતે હેરાન કરવામાં આવતા અનિલ નામનો વિદ્યાર્થી ઢળી પડ્યો હતો. બાદમાં તેને સારવાર માટે ખસેડાતા મોત નિપજ્યું હતું.

પાટણની આ ઘટના બાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ દ્વારા યુનિવર્સિટી સંલગ્ન ૩૦૦ જેટલી કૉલેજો જેમાં ખાસ કરીને મેડિકલ અને પેરા મેડિકલ કૉલેજના શિક્ષકોને તેમ જ કૉલેજોમાં કામ કરતી એન્ટી રેગિંગ ટીમના સભ્યોને એલર્ટ કરવામાં આવ્યા હતાં. તેમની સાથે બેઠકનું પણ આયોજન કરાયું હતું. રેગિંગની ઘટનામાં દાખલારૂપ કાર્યવાહી થાય તેવા પ્રયાસો અંગેની કાર્યવાહી શરૂ કરી દેવાઈ હતી.

# અમદાવાદમાં કાગડાપીઠ હત્યા કેસમાં પીઆઈ સસ્પેન્ડઃ પોલીસ કમિશનરે કાર્યવાહી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે, ગુનેગારો અને બુટલેગરો બેફામ બન્યા છે. શહેરની વર્તમાન પરિસ્થિતિ મુદ્દે પોલીસ પર માછલાં ધોવાઈ રહ્યાં છે, ગુનેગારોમાં હવે પોલીસનો ભય રહ્યો નથી. તાજેતરમાં અમદાવાદના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂના અનેક સ્ટેન્ડ ચાલે છે. જે અંગે પોલીસને ફરિયાદ કરવામાં આવી હતી. આ મામલે પોલીસે કાર્યવાહી તો કરી નહીં પરંતુ અલ્પેશ ઠાકોર નામના આ યુવાનને પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો.

દારૂના સ્ટેન્ડ અંગે બાતમી આપનાર અલ્પેશ ઠાકોરની બુટલેગરે હત્યા કરી નાખી હતી. જો કે આ મામલે તપાસમાં બેદરકારી રાખતા અધિકારીઓ સામે પોલીસ કમિશનરે એક્શન લીધા હતા, પોલીસ કમિશનરે અમદાવાદના કાગડાપીઠ પોલીસ સ્ટેશનના પીઆઇ એસ.એ.પટેલને સસ્પેન્ડ કર્યા હતા. મૃતક અલ્પેશ ઠાકોરે કરેલી ફરિયાદ બાદ પણ પીઆઈ એસ.એ.પટેલે કડક કાર્યવાહી ન કરતા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. અમદાવાદના રાયપુર અને કાગડાપીઠ પોલીસ હદમાં આવેલા ન્યુ કલોથ માર્કેટ ગેટ ચાર પાસે જોગણી માતાના મંદિર નજીક હત્યાનો બનાવ બન્યો હતો. જ્યાં અલ્પેશ સુરસંગજી ઠાકોરની કેટલાક શખ્સોએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી હતી.

અલ્પેશ ઠાકોરની હત્યા બિલ્લો નામના બુટલેગરે તેના સાથીઓ સાથે મળી કર્યાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હત્યાને પગલે મોટી સંખ્યામાં લોકો પોલીસ સ્ટેશન બહાર એકત્ર થયા હતા અને પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો.

# આણંદમાં પરિણીતા પર દુષ્કર્મ આચરનાર ભાજપનો કોર્પોરેટર ફરારઃ પોલીસે બે સાગરિતોને ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દુષ્કર્મની ઘટનાઓ સતત વધી રહી છે. આણંદમાં નગરપાલિકાના ભાજપના કોર્પોરેટરે ઘરમાં ઘૂસીને પરિણીતા પર દુષ્કર્મ આચરતાં ચકચાર મચી જવા પામી હતી. સ્થાનિક લોકોએ કોર્પોરેટરને માર મારીને ઘરમાં પૂરી દીધો હતો. ત્યારબાદ કેટલાક લોકો રહિશોને માર મારી તેને છોડાવી ગયા હતાં. શરૂઆતમાં ફરિયાદ નોંધવાનો ઈનકાર કરનાર પોલીસે લોકોના હોબાળા બાદ કોર્પોરેટર સામે ફરિયાદ નોંધી હતી. આરોપી કોર્પોરેટર ફરાર થઈ ગયો હોવાથી પોલીસે તેને શોધવા કાર્યવાહી હાથ ધરી હતી.

આણંદ નગરપાલિકાના ભાજપના કોર્પોરેટર દિલીપ પ્રજાપતિ પોતાના વોર્ડમાં આવેલા પ્રજાપતિ વાસમાં વારંવાર જતો હતો. ત્યાંથી તેણે પરિણીતાનો મોબાઈલ નંબર લીધો હતો અને ત્યારબાદ વારંવાર વાતો કરવા સાથે મેસેજ પણ મોકલતો હતો. દરમિયાન છ મહિના અગાઉ તેણે પરિણીતાના ઘરમાં જઈને બળજબરીથી દુષ્કર્મ કર્યું હતું. તેણે કોઈને કહીશ તો મારી નાખવાની ધમકી પણ આપી હતી. ધમકીથી ગભરાયેલી પરિણીતાએ પરિવારજનોને કશું જણાવ્યું નહોતું અને કોર્પોરેટર સાથે વાતચીત કરવાનું બંધ કરી દીધું હતું.

શનિવારે મોડી રાત્રે ભાજપના કાઉન્સિલર દીપુ પ્રજાપતિ પરિણીતાના ઘરમાં ગયો હતો. તેણે એકલતાનો લાભ લઈ પરિણીતાને પીંખી નાંખી હતી. આ દરમિયાન પરિણીતાનો પતિ આવી જતાં તેણે બૂમાબૂમ કરી હતી જેથી આસપાસના રહીશો ભેગા થઈ ગયા હતાં અને કોર્પોરેટરને મેથીપાક ચખાડી ઘરમાં પૂરી દીધો હતો. કોર્પોરેટર દીપુ પ્રજાપતિએ મોબાઈલથી આઠ જેટલા મિત્રોને સ્થળ ઉપર બોલાવતા ઘરના દરવાજા ખોલીને દીપુ પ્રજાપતિને છોડાવી ગયા હતા.

પત્ની સાથે દુષ્કર્મ થતા પતિ સહિત આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે ગયા હતા. આરોપી કોર્પોરેટર ભાજપનો હોવાથી પોલીસે ફરિયાદ નોંધવા આનાકાની કરતાં લોકોએ હોબાળો કર્યો હતો. આણંદ ટાઉન પોલીસ મથકના પીઆઈ વી.ડી. ઝાલાએ જણાવ્યું હતું કે, પીડિતના નિવેદન આધારે ભાજપના કોર્પોરેટર દીપુ પ્રજાપતિ સામે દુષ્કર્મની ફરિયાદ દાખલ કરવા સાથે તપાસ શરૂ કરાઈ છે. આ ઉપરાંત દીપુ પ્રજાપતિના બંને ભાઈઓ સામે પણ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ ઘટના બાદ ભાજપે પણ આરોપી કોર્પોરેટરને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધો હતો.

# અમદાવાદમાં ૨૦૨૪માં હત્યાની ૭૯ ઘટનાઓ બની છતાં પોલીસ કમિશનરે ગુનાખોરી કાબૂમાં હોવાનું રટણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં જાહેરમાં હત્યા અને ફાયરિંગના બનાવ વધી રહ્યાં છે. તે ઉપરાંત લૂંટ, અપહરણ અને મારામારી ઘટનામાં વધારો થઈ રહ્યો છે. એક જ મહિનામાં શહેરમાં હત્યાની ઘટનાઓમાં વધારો થતા સુરક્ષા સામે સવાલ ઊભા થયા છે. ત્યારે શહેર પોલીસ કમિશનરે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, શહેરમાં ગુનાખોરી કાબૂમાં છે તથા કાયદો અને વ્યવસ્થા પોતાનું કામ કરી રહી છે.

અમદાવાદ શહેરમાં ક્રાઈમની ઘટનાઓ સંદર્ભે પોલીસ કમિશનર જી એસ મલીકે પત્રકાર પરિષદ યોજી હતી.તેમણે આંકડાકીય માહિતી આપતા ક્રાઈમ કાબૂમાં હોવાનો દાવો કર્યો હતો. તેમણે લૂંટ, હત્યા અને ચોરીના પ્રયાસમાં ઘટાડો થયો હોવાનું કહ્યું હતું.પોલીસની કાર્યવાહીને કારણે ગુનેગારોમાં પોલીસનો ડર હોવાનું જણાવ્યું હતું.

વર્ષ ૨૦૨૪માં અમદાવાદ શહેરમાં હત્યાના ૭૯ જ્યારે ૭૫ જેટલા ગુનાઓ હત્યાના પ્રયાસના નોંધાયા હતાં. શહેરમાં ૧૦ ધાડ, ૯૬ લૂંટ, ૩૧૨ ઘરફોડ, ૩૧૫૦ ચોરી, ૫૧ રાયોટિંગ, ૪૨૦ ઠગાઇ અને ગુનાહિત વિશ્વાસઘાતની ૮૮ ફરિયાદો નોંધાઇ હતી. જેમાં ૧૨૫ જેટલી એટ્રોસિટી, ૨૫૧ સાયબર ક્રાઇમના ગુના અને ૮૦૬ પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં અમદાવાદ શહેરમાં નોંધાયેલા ગુનાઓની સંખ્યા વધી હોવા છતાં શહેર પોલીસ કમિશનર જી.એસ.મલિક દ્વારા ગુનાખોરી કાબૂમાં છે એવું રટણ કરવામાં આવ્યું હતું.

# જીએસટી કૌભાંડના આરોપી પત્રકાર મહેશ લાંગાની જામીન અરજી કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જીએસટી કૌભાંડના આરોપી પત્રકાર મહેશ લાંગાને સેશન્સ કોર્ટે મોટો ઝટકો આપ્યો હતો, કોર્ટે આરોપી મહેશ લાંગાની જામીન અરજી ફગાવી દીધી હતી. આરોપી પત્રકાર મહેશ લાંગા વિરુદ્ધ ક્રાઈમ બ્રાન્ચમાં જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આથી, આરોપી સામેનો ગુનો અને તેની ગંભીરતા જોઈને જામીન અરજી ફગાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

પત્રકાર મહેશ લાંગાની જીએસટી કૌભાંડ કેસમાં ધરપકડ કરવામાં આવી ત્યારે મહેશ લાંગાએ અમદાવાદ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જો કે, કોર્ટે આરોપી પત્રકાર મહેશ લાંગાની જામીન અરજીને ફગાવી દીધી હતી. સેશન્સ કોર્ટે સુનાવણીમાં તમામ દલીલો સાંભળ્યા બાદ કહ્યું હતું કે, દેશની અર્થવ્યવસ્થાનો સવાલ છે, જેથી જામીન ના આપી શકાય. કોર્ટે નોંધ્યું હતું કે, આરોપી પત્રકાર સામે ક્રાઈમ બ્રાન્ચમાં જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધાયો છે. આ ગુનો અને તેની ગંભીરતા જોઈને કોર્ટે જામીન ફગાવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જીએસટી ક્રેડિટના નામે ૨૮ લાખની છેતરપિંડી મામલે આરોપી પત્રકાર મહેશ લાંગા વિરુદ્ધ ક્રાઇમ બ્રાન્ચમાં ગુનો નોંધાયો હતો. બોગસ કંપનીઓ થકી કરવામાં આવેલા આર્થિક કૌભાંડમાં મહેશ લાંગા સહિત કેટલાક શખ્સોની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી ૧૦ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતાં તમામ આરોપીઓને જેલમાં ધકેલી દેવાયા છે.

# બાબા સિદ્દિકીની હત્યાનો રેલો ગુજરાત પહોંચ્યોઃ પેટલાદના બે લોકોની ધરપકડથી ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી ટાણે બાબા સિદ્દિકીની હત્યાના મુદ્દે રાજનીતિ થઈ રહી છે. જો કે, બાબા સિદ્દિકી હત્યા કેસનો રેલો ગુજરાત સુધી પહોંચતા ખળભળાટ મચી ગયો છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે બે ગુજરાતી આરોપીઓની ધરપકડ કરી હતી.

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે એક આરોપીને મુંબઈમાંથી તો અન્ય એકને પેટલાદથી ઝડપી પાડ્યો હતો, કેસની તપાસ કરી રહેલી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ગુજરાતના શખ્સની ધરપકડ કરી હતી, ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રના અકોલામાંથી એક આરોપી સલમાન વ્હોરાને ઝડપી પાડ્યો હતો.

આ ઝડપાયેલો આરોપી સલમાન વ્હોરા આણંદ જિલ્લાના પેટલાદનો રહેવાસી છે. જેના છેડા ક્રાઇમ બ્રાન્ચને પેટલાદ સુધી ખેંચી લાવ્યા હતા.

મળતી માહિતી મુજબ પેટલાદમાંથી પકડાયેલા શખ્શનો આરોપીઓ સાથે આર્થિક વ્યવહાર થયા હોવાની માહિતી મળતા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. સલમાન મુંબઈમાં પોતાની સાસરીમાં હતો ત્યારે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અટકાયત કરી હતી. વિશ્વસનીય સૂત્રો થકી મળતી માહિતી મુજબ, આ મામલે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે આણંદના પેટલાદથી સાહિલ મલેક નામના શખ્સની પણ અટકાયત કરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ આરોપીને લઈને મુંબઈ જવા રવાના થઈ હતી.

આ અંગે અધિકારીના જણાવ્યા અનુસાર, વોહરાએ આ વર્ષે મે મહિનામાં બેંક ખાતું ખોલાવ્યું હતું અને નરેશ કુમાર સિંહ (ધરપકડ કરાયેલા આરોપી ગુરમેલ સિંહના ભાઈ), રૂપેશ મોહલ અને હરીશ કુમારને આર્થિક મદદ કરી હતી. આ સિવાય તેણે હત્યા સાથે જોડાયેલા અન્ય લોકોને પણ મદદ કરી હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.

અત્રે ઉલ્લેખનનીય છે કે, અજિત પવારની આગેવાની હેઠળના પક્ષ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના ૬૬ વર્ષીય નેતા બાબા સિદ્દિકીની ૧૨ ઓક્ટોબરે મુંબઈના બાંદ્રા પૂર્વના નિર્મલ નગર વિસ્તારમાં તેમના ધારાસભ્ય પુત્ર ઝીશાન સિદ્દિકીની ઓફિસ પાસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ મામલે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે અને એક વ્યક્તિ ફરાર છે. જેની ધરપકડ થઈ એમાંથી એક આરોપી હરિયાણાનો અને એક ઉત્તર પ્રદેશનો છે.

# ગુજરાત સરકારે ક્રેડિટ ફેસિલિટી અંતર્ગત ત્રણ વર્ષમાં ૪૮ લાખ ખેડૂતને ૩૦૫૬ કરોડની વ્યાજ સહાય ચૂકવી

## સહકારી મંડળીઓમાં નફામાંથી સભાસદોને ડિવિડન્ડ આપવામાં આવે છે. આ ડિવિડન્ડ વર્ષોથી ૧૫ ટકા સુધી આપવામાં આવતું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની સ્થાપના સમયે રાજ્યમાં સહકારી મંડળીઓની કુલ સંખ્યા ૧૩,૯૫૯ જેટલી હતી, જ્યારે આજે કુલ ૮૯,૨૨૧ જેટલી સહકારી સંસ્થાઓ કાર્યરત છે, જેમાં અંદાજે ૧.૭૧ કરોડ સભાસદો જોડાયેલા છે. લગભગ છ કરોડથી વધુ વસ્તી ધરાવતા ગુજરાતમાં દર ચોથો ગુજરાતી સહકારી મંડળીનો સભાસદ છે. ગુજરાતના તમામ ૩૩ જિલ્લા મથકોએ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીની કચેરી આવેલી છે.

રાજ્યના સહકારી મંડળીઓના વિભાગ દ્વારા સભાસદોને છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન વિવિધ લાભો આપવામાં આવ્યા છે, જે અંતર્ગત રાજ્યમાં ખેત-કૃષિ ઉત્પાદન વધે તે માટે ખેડૂતોને ખેતી માટેની જરૂરિયાતો સંતોષવા વિવિધ બૅન્કો દ્વારા ખેડૂતોને પાક ધિરાણ આપવામાં આવે છે, જેમાં ભારત સરકાર દ્વારા ૩ ટકા અને ગુજરાત સરકાર દ્વારા ૪ ટકા રકમનો ફાળો આપવામાં આવે છે, જે અન્વયે કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા ૪૮ લાખથી વધુ ખેડૂતોને કુલ રૂ. ૩,૦૫૬.૪૮ કરોડની વ્યાજ સહાય ચૂકવવામાં આવી છે.

પશુપાલકો અને માછીમારોની પ્રવૃત્તિઓ પણ વધારે સુદ્રઢ રીતે પરીપૂર્ણ થાય તે હેતુસર ધિરાણ પર પશુપાલકોને રૂ. ૧૯.૩૧ કરોડ અને માછીમારોને રૂ. ૭૮ લાખની વ્યાજ સહાય આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪માં ૫૫૯ ખેડૂતને ગોડાઉન બનાવવા માટે રૂ.૧૫ કરોડની સહાય પણ આપવામાં આવી છે.

આ ઉપરાંત સરકાર દ્વારા રાજ્ય સહકારી સંઘને દર વર્ષે રૂ.૨.૫ કરોડની ગ્રાન્ટ આપવામાં આવે છે, જેના થકી છેલ્લા ત્રણ વર્ષમાં ૩.૫૭ લાખથી વધુ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. ''કિસાન કલ્પવૃક્ષ યોજના'' અંતર્ગત બજાર સમિતિઓમાં વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ જેવા કે ઓક્શન શેડ, વે-બ્રિજ, ખેડૂત પ્રદર્શન કેન્દ્ર, સી.સી. રોડ, કમ્પાઉન્ડ વોલ, શોપ કમ ગોડાઉન વગેરે માટે સહાય આપવામાં આવે છે. આ યોજનામાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ૭૨ બજાર સમિતિઓને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે રૂ. ૫૪.૫૫ કરોડની સહાય આપવામાં આવી છે.

બોર્ડ ઑફ નોમિનિઝમાં મંડળીઓના વિવિધ કેસો ચાલતા હોય છે, જેની વિગતો પણ ઓનલાઈન ઈ-કો-ઓપરેટીવ પોર્ટલ પર મળી રહે તે માટે સેવા શરૂ કરવામાં આવી છે. સહકારી મંડળીઓમાં નફામાંથી સભાસદોને ડિવિડન્ડ આપવામાં આવે છે. આ ડિવિડન્ડ વર્ષોથી ૧૫ ટકા સુધી આપવામાં આવતું હતું, જે હવેથી મંડળીઓ દ્વારા ૨૦ ટકા સુધી આપવામાં આવશે, જેનો લાભ મંડળીઓના લાખો સભાસદોને મળી શકશે.

# વડોદરામાં પૂર્વ કોર્પોરેટરના પુત્રની સયાજી હૉસ્પિટલના કમ્પાઉન્ડમાં હત્યાઃ પાંચની ધરપકડ

અમદાવાદઃ વડોદરામાં સયાજી હૉસ્પિટલના કેમ્પસમાં ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્રની બાબર પઠાણ નામના યુવકે છરી મારીને હત્યા કરી દેતાં ચકચાર મચી જવા પામી હતી. હૉસ્પિટલ પર લોકોના ટોળા એકઠા થઈ જતા પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. પોલીસે મુખ્ય આરોપી બાબર અને તેના પાંચ સાથીઓની ધરપકડ કરી લીધી હતી. તેમજ આઠ ટીમ બનાવીને અન્ય ત્રણ લોકોને પકડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતાં. વડોદરા પોલીસ કમિશનર નરસિમ્હા કોમરે કહ્યું હતું કે, રવિવારે રાત્રે આરોપી સાથે થયેલી માથાકૂટમાં ઈજાગ્રસ્ત થયેલા મિત્રોને મળવા માટે તપન પરમાર તેના ત્રણ મિત્રો સાથે સયાજી હૉસ્પિટલ ખાતે આવ્યો હતો. બાબર પઠાણ અને તેની ગેંગે ભાજપના પૂર્વ કોર્પોરેટર રમેશ પરમારના પુત્ર તપન પરમાર પર છરીથી હુમલો કર્યો હતો.

રવિવારે રાત્રે ૯-૩૦ વાગ્યાના સુમારે ધર્મેશ પટેલ તેના મિત્રો દિવ્યાંગ, ધવલ મકવાણા અને મિતેષ રાજપુત સાથે મહેતાવાડીના નાકા ઉપર ઊભા હતા. આ દરમિયાન વિક્રમ ઉર્ફે વિકી પરમાર લોહીથી લથપથ હાલતમાં ત્યાં આવ્યો હતો. તેણે તેના મિત્રોને બાબરે પેટમાં અને છાતીમાં ચાકૂના ઘા માર્યા હોવાનું જણાવ્યું હતું. લોહીથી લથપથ વિક્રમને તેનો ભાઇ હૉસ્પિટલમાં લઇ જવા માટે તૈયારી કરતો હતો. ત્યાજ બાબર તેના અન્ય સાગરીતો સાથે વિક્રમ ઉપર વધુ હુમલો કરવા માટે આવી પહોંચ્યા હતા. જેમાં વચ્ચે પડેલા ધર્મેશ પટેલને પણ હાથમાં ઇજા પહોંચી હતી. દિવ્યાંગ ઉર્ફે બિટ્ટુ વિક્રમને બાબર અને તેના સાગરીતોથી બચાવી સયાજી હૉસ્પિટલમાં સારવાર માટે લઇ આવ્યો હતો.

આ બનાવની જાણ ઇજાગ્રસ્ત વિકી પરમારના મિત્ર મિતેષ રાજપુતને થતાં તે તપન પરમાર સહિત અન્ય મિત્રો સાથે મોડી રાત્રે સયાજી હૉસ્પિટલ પહોંચ્યો હતો. તપન પરમાર તથા મિતેષ રાજપૂત સયાજી હૉસ્પિટલના કેન્ટીનમાંથી પરત તાત્કાલિક સારવાર વિભાગ પાસે આવી રહ્યા હતા. તે દરમિયાન મારામારીની ઘટનામાં બાબરના સાગરીત વસીમને પણ સયાજી હૉસ્પિટલમાં લવાયો હોવાથી બાબર પઠાણ, વસીમની પત્ની તેમજ અન્ય કેન્ટીન પાસે તપન પરમારને જોઇ જતાં બાબર પઠાણે તેની પાસેના ચાકૂથી તપન પરમાર ઉપર જીવલેણ હુમલો કરી તેના સાગરીતો સાથે ફરાર થઇ ગયો હતો.

दैनिक
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 275 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ કાર્તિક વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 November 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૯ નવેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# રાજકોટ રોગચાળાના ભરડામાં

## ડેન્ગ્યૂ, મેલેરિયા, ચિકન ગુનિયા સહિતના વધુ ૨૦૮૨ કેસ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ સતત છેલ્લા એક મહિનાથી રોગચાળાના અજગર ભરડામાં આવી ગયું હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે, શહેર ઉપર જાણે મચ્છરજન્ય, પાણીજન્ય અને ઋતુજન્ય રોગચાળાએ આક્રમણ કર્યું હોય તેવાં દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. આ દરમિયાન મહાપાલિકાની આરોગ્ય શાખાના હેલ્થ ઓફિસરે જાહેર કરેલા વિકલી એપેડમિક રિપોર્ટ મુજબ છેલ્લા એક મહિનામાં શહેરમાં મેલેરિયાના બે કેસ, ડેન્ગ્યૂના ૧૨ કેસ, ચિકન ગુનિયાના ૨ કેસ, શરદી ઉધરસના ૧૦૩૮ કેસ, સામાન્ય તાવના ૮૫૭ કેસ અને ઝાડા ઊલટીના ૧૭૧ કેસ મળી રોગચાળાના કુલ ૨૦૮૨ કેસ નોંધાયા છે.

મ્યુનિ.આરોગ્ય અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, રોગચાળો નાથવા ૩૬૦ ટીમ દ્વારા સમગ્ર શહેરના વિવિધ વિસ્તારોમાં ૭૧,૮૫૨ ઘરમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી તથા ફિલ્ડવર્કર ટીમ દ્વારા ૩૨૩૧ ઘરમાં ફોગિંગ કામગીરી કરાઇ હતી.મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરાયું હતું ઉપરાંત સંવેદનશીલ સોસાયટીઓ, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

# ગિરનાર લીલી પરિક્રમા રાજકોટ એસ.ટી.ને ફળી

## ચાર દિવસના ફેરાથી ૨૨ લાખની આવક થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં યોજાયેલી ગિરનાર લીલી પરિક્રમા રાજકોટ એસ.ટી.ને ફળી હતી, રાજકોટ એસ.ટી.ને રૂપિયા ૨૨ લાખથી વધુની વધારાની આવક થઈ હતી. તાજેતરમાં જ જૂનાગઢમાં ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ થઈ હતી. આ પરિક્રમા શરૂ થાય એ પહેલા રાજકોટ એસ.ટી. વિભાગ દ્વારા વધારાની ૫૦ જેટલી એક્સ્ટ્રા બસ દોડાવવામાં આવી હતી. દેશના અલગ અલગ રાજ્યો ઉપરાંત ગુજરાતના અનેક લોકો એસ.ટી. બસ મારફતે જૂનાગઢ પહોંચ્યા હતા.

રાજકોટ એસ.ટી. વિભાગીય નિયામકે આ અંગે જણાવ્યું હતું કે, ગિરનાર પર્વત પર યોજાતી લીલી પરિક્રમાનો રાજકોટ અને સૌરાષ્ટ્રવાસીઓમાં અનેરો મહિમા રહેલો છે. જેથી યાત્રાળુઓને જૂનાગઢ જવા માટે કોઈ તકલીફ ન પડે તેના માટે રેગ્યુલરની સાથે ૫૦ એક્સ્ટ્રા બસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ જેટલા મુસાફરો થતાની સાથે તરત બસ ઉપાડી લેવામાં આવતી હતી. એક્સ્ટ્રા સંચાલનમાં કુલ ૪૪૨ ટ્રીપ દોડાવવામાં આવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લીલી પરિક્રમા માટેની સ્પેશિયલ બસોનો લાભ હજારો મુસાફરોએ લીધો હતો. જેને પગલે માત્ર આ ચાર દિવસ દરમિયાન રાજકોટ એસ.ટી. વિભાગને રૂ. ૨૨ લાખની વધારાની આવક થઈ હતી.

# અમદાવાદથી પાલનપુર તરફના રસ્તાને હાઈસ્પીડ કોરિડોર તરીકે વિકસાવવા સરસ્વતી નદી પર બ્રિજ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યના ૬૧ માર્ગોની પહોળાઈ વધારવા ૨૯૯૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા હતાં. હવે સરકારે અમદાવાદથી મહેસાણા અને પાલનપુર તરફના રસ્તાને હાઈસ્પીડ કોરિડોર તરીકે વિકસાવવા માટે સરસ્વતી નદી પર નવો મેજર બ્રિજ બનાવવાનો નિર્ણય લીધો છે અને આ માટે ૧૪૫ કરોડ રુપિયાની ફાળવણી કરવાની પણ મંજૂરી આપી દીધી છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધુ સંગીન બનાવવા માટે અતિ મહત્ત્વના રસ્તાઓને હાઈસ્પીડ કોરિડોર તરીકે વિકસાવવાનો અભિગમ અપનાવ્યો છે. આ સંદર્ભમાં મહેસાણા-ઊંઝા-સિદ્ધપુર-પાલનપુર સ્ટેટ હાઇવે પર સિદ્ધપુર તાલુકાની સરસ્વતી નદી પર નવા ફોર લેન મેજર બ્રિજ નિર્માણ માટે ૧૪૫ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી હતી.

સરસ્વતી નદી પરનો હયાત ટુ લેન બ્રિજ ૧૯૫૯માં બનાવવામાં આવેલો છે. વધતા જતા વાહન વ્યવહારને પહોંચી વળવા સાંકડા પુલની જગ્યાએ સિક્સ લેન રોડને અનુરૂપ જુના ફોર લેન બ્રિજની જમણી તરફ આ નવો ફોર લેન મેજર બ્રિજ નિર્માણ પામશે. આ બ્રિજનું નિર્માણ થતાં ભવિષ્યમાં ઉત્તર ગુજરાત વિસ્તારને સમય અનુરૂપ સુદ્રઢ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ઝડપી અને સલામત રસ્તાની સુવિધાઓ પણ મળતી થશે.

# ભાવનગર મનપાએ બનાવેલા વેન્ડર ઝોનમાં લારી ધારકો અને ફેરિયાઓએ રસ ના દાખવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર મહાનગર પાલિકા દ્વારા શહેરમાં છ સ્થળો પર લારી ધારકો અને ફેરિયાઓ વિનામૂલ્યે ધંધો કરી શકે તે માટે વેન્ડર ઝોનનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારે આ પ્રોજેક્ટમાં ફેરિયાઓ અને લારીધારકોને રસ નહીં હોવાનો ઘાટ ઘડાયો હતો. જેના કારણે મહાનગર પાલિકા દ્વારા ખર્ચવામાં આવેલા લાખો રૂપિયા પાણીમાં ગયા હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં અલગ અલગ ૬ જેટલા સ્થળો ઉપર વેન્ડરઝોન ઊભા કરવામાં આવ્યા છે. જેમાં શહેરમાં ઊભા રહેતા લારીધારકો અને ફેરિયા અને કેબિન ધારકોને તદ્દન મફતમાં ધંધો કરવા માટે સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી હતી. પરંતુ આ વેન્ડર ઝોનમાં નાના વેપારીઓને રસ ના હોય તેવા દૃશ્યો જોવા મળ્યા હતાં. ૬ જેટલા વેન્ડર ઝોનમાં આશરે ૩૫૦થી વધુ ફેરિયા અને લારી ધારકો ઊભા રહી શકે તેવી સુવિધા ઊભી કરવામાં આવી હતી. પરંતુ હાલમાં આશરે ૫૦ જેટલા ફેરિયા અને લારીધારકો ઊભા રહે છે. કોંગ્રેસે મહાનગર પાલિકાના આ પ્રોજેક્ટની ટીકા કરતાં કહ્યું હતું કે, ભાજપના શાસકો અને અધિકારીઓની ભૂલના કારણે પ્રજાના ટેક્સના રૂપિયાનો વેડફાઈ રહ્યાં છે.

ભાવનગરના કોંગ્રેસના આગેવાનોએ કહ્યું હતું કે, વેન્ડર ઝોન કોઈ સારી જગ્યાએ બનાવ્યા હોત તો તેનો લાભ લારીધારકો, પથારણાવાળા અને ફેરીયાને મળી શક્યો હોત. મનપા દ્વારા નિયમિત રૂપે શહેરમાં અડચણરૂપ દબાણોને હટાવવામાં આવે છે અને શહેરમાં દબાણોના થાય એ માટે મનપાએ લાખોના ખર્ચે વેન્ડર ઝોન પણ બનાવ્યા, પરંતુ આ વેન્ડર ઝોનમાં ગ્રાહકો ઓછા આવતા હોવાના કારણે તેનો લાભ મળતો નથી.

# અમરેલીમાં બે સાધુએ આશ્રમમાં આરામ કરતાં સાધુને તું નકલી છે કહી જટા કાપી નાખી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના ખાંભા નજીક આશ્રમમાં આરામ કરી રહેલા સાધુને તું નકલી છે કહીને બે સાધુઓએ જટા કાપી નાખી હતી. તે ઉપરાંત માર મારીને રોકડા ૨૧ હજાર રૂપિયાની લૂંટ ચલાવી હતી. પીડિત સાધુએ ખાંભા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે એક સાધુને ઝડપી પાડી બીજાને પકડી લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગત ૧૨મી નવેમ્બરે બપોરના સમયે ખાંભા નજીક સ્થિત મંજુ માતાના ખોડિયાર આશ્રમમાં આરામ કરી રહેલા ભગુડાના ભોયરાધાર આશ્રમના સાધુ પર અન્ય બે સાધુઓએ હૂમલો કર્યો હતો. તેમણે આ સાધુને તું નકલી સાધુ છે કહીને જટા કાપી નાંખી હતી અને માર માર્યો હતો. તે ઉપરાંત સાધુ પાસે રહેલા રોકડા ૧૦ હજાર તથા કાજુબદામની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

આ બંને સાધુઓએ જટા કાપતો વીડિયો પણ ઉતાર્યો હતો અને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. પીડિત સાધુએ ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જટા કાપનાર આરોપી સાધુને પોલીસે ઝડપી પાડ્યો હતો. જ્યારે ફરાર થઈ ગયેલા એક સાધુને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# રાજકોટમાં ટ્રાફિક પોલીસની દંડનીય કામગીરીથી વેપારીઓ રોષે ભરાયાઃ પોલીસ કમિશ્નરને રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ટ્રાફિક પોલીસ દ્વારા નિયમ ભંગ કરનારા લોકોને દંડ ફટકારવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કાર્યવાહીથી લોકોમાં રોષ ફેલાયો હતો. આ કાર્યવાહીને કારણે શહેરમાં વેપારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.

રાજકોટ શહેરના વેપારીઓનું કહેવું હતું કે, અમારે ત્યાં આવતા ગ્રાહકો ૨૦૦ રૂપિયાની ખરીદી કરે અને ૫૦૦ રુપિયાનો દંડ પણ ભરવો પડે છે. અમારે વાહનોના પાર્કિંગ મુદ્દે પણ દંડ ભરવો પડે છે. જેથી વેપારીઓએ બજારોમાં અડધો દિવસ બંધ પાળી ટ્રાફિક પોલીસની કાર્યવાહી સામે વિરોધ કર્યો હતો. વેપારીઓએ પોલીસ કમિશ્નરની કચેરીએ પહોંચીને રજૂઆત કરી હતી.

વેપારી એસોસિએશનના સૂત્રોએ કહ્યું હતું કે, રાજકોટમાં રૈયારોડ ઉપર દુકાન સામે અગાઉ પાર્કિંગ માટેના પીળા પટ્ટા મારી જગ્યા નિશ્ચિત કરવામાં આવી હતી. હાલમાં આ પટ્ટા ભૂંસાઈ જતા ગ્રાહકો અને વેપારીઓ આડેધડ દંડાઈ રહ્યા છે. રૂ. ૧૦૦-૨૦૦ની વસ્તુ લેવા આવેલા ગ્રાહકોએ ૫૦૦થી ૭૦૦ રૂપિયાનો દંડ ભરવો પડી રહ્યો છે. આ સમસ્યા આખા રાજકોટની છે પણ ખાસ હનુમાન મઢીથી લઈ રૈયા ચોકડીનાં ૯૦૦ જેટલા વેપારીઓની હાલત કફોડી બની છે. જેથી આ સમસ્યાનો ત્વરિત ઉકેલ લાવવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

સ્થાનિક વેપારીઓએ કહ્યું હતું કે, રૈયારોડ પર આવતા ગ્રાહકો અવારનવાર દંડાય છે અને ફોટા પડી જતા મોટા દંડ ભરવા પડે છે. આ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો એસોસિએશન દ્વારા આગળની રણનીતિ ઘડી વિરોધ કરવામાં આવશે. ટ્રાફિક સમસ્યા નિવારણ માટે, અવાર નવાર ટ્રાફીક પોલીસની ટોઇંગ કાર આવે છે. વેપારીના અને ગ્રાહકોના વાહન રોડ સાઈડ પર લગાડેલા પેવર બ્લોક પર પાર્ક કર્યા હોય છે. જે અનલીગલ છે તેમ કહી દંડ વસૂલે છે. અમને કહેવામાં આવે છે કે વાહન ફૂટપાથ પર રાખો જે વાત પણ ગેરવાજબી છે.

# માંડવીના ભીંસરા ગામના વાડી વિસ્તારમાં પાંચ વર્ષની બાળકીને ટ્રેક્ટરે કચડી નાખતાં અરેરાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જિલ્લા કચ્છમાં અપમૃત્યુના બનેલા વિવિધ બનાવોમાં એક પાંચ વર્ષની માસૂમ બાળકી સહિત ચાર લોકોના મોત થતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી હતી. માંડવી તાલુકાના ભીંસરા ગામથી વાડી વિસ્તાર તરફ જતા માર્ગ પર નાનકડી ટોબુ સાઇકલ પર રમી રહેલી પાંચ વર્ષની માસૂમ બાળકી મિરલ દિનેશ ગઢવી પરથી ટ્રેકટર ફરી વળતાં મોત નીપજ્યું હતું.

અરેરાટીપૂર્ણ બનાવ અંગે માંડવી પોલીસ મથકે રામજી કરશન ગઢવીએ ટ્રેક્ટર ચાલક પ્રવીણ ખીમજી પટેલ (માંડવી) વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત ૧૬મી નવેમ્બરની સવારે તેમની ભત્રીજી મિરલ નાનકડી સાઇકલ વડે રમી રહી હતી, ત્યારે પૂરપાટ વેગે આવી ચઢેલા ટ્રેક્ટરનો પાછળનો ભાગ મિરલ પર ચડી જતાં માથામાં પહોંચેલી ગંભીર ઇજાને પગલે સારવાર અગાઉ બાળકીએ છેલ્લા શ્વાસ લીધા હતા.

બીજી તરફ, પૂર્વ કચ્છના અંજાર તાલુકાના ચાંદ્રાણી-લાખાપર માર્ગ પર પૂરપાટ વેગે જઈ રહેલી મોટરકારે અચાનક બ્રેક મારતાં પાછળથી આવતી મોટરસાઇકલ તેમાં અથડાતાં તેના ચાલક એવા જયંતી જેસંગ ઉર્ફે જેસા રવજી રાઠોડ (ઠાકોર) નામના યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ચાંદ્રાણી ખાતે એક વાડીને ભાડેથી રાખી તેમાં કામ કરનાર હતભાગી યુવાન ગત શુક્રવારે પોતાના મિત્ર મોહમદ તાલીબને ઘરે પરત મૂકવા મોટરસાઇકલ પર જઇ રહ્યો હતો.

આ દરમ્યાન ચાંદ્રાણી-લાખાપર માર્ગ પર આગળ જતી કાર (નંબર જીજે-૧૨-સીપી-૮૭૧૫) ના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળથી આવતી મોટરસાઇકલ તેમાં ધડાકાભેર ભટકાઈ હતી, જેમાં જયંતીને ગંભીર ઇજાઓ થતાં તેનું અકસ્માત સ્થળે જ મોત થયું હતું, જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા મોહમદ તાલીબને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. કારચાલક વિરુદ્ધ મૃતકના પિતા જેસંગ રવજી રાઠોડ (ઠાકોર)એ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

વધુ એક જીવલેણ માર્ગ અકસ્માતનો બનાવ અંજાર-ખારા પસવારિયા માર્ગ પર બન્યો હતો જેમાં અજાપરમાં રહેનાર રમેશ ભીખા બોરીચા નામનો યુવક મોટરસાઇકલ લઇને જઇ રહ્યો હતો એ દરમ્યાન કોઇ અજાણ્યાં વાહને તેના વાહનને હડફેટમાં લેતાં યુવકનું ગંભીર ઇજાઓના પગલે તત્કાળ મોત થયું હતું. હિટ એન્ડ રનના આ બનાવમાં અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ મૃતકના પિતાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

દરમ્યાન, અપમૃત્યુનો વધુ એક બનાવ નખત્રાણા તાલુકાના નવા રસલિયા ગામે બન્યો હતો જેમાં એક વાડી પર ટ્રેક્ટર અને થ્રેસર મશીન વડે મગફળીને લગતી કામગીરી ચાલી રહી હતી. આ દરમ્યાન થ્રેસર મશીન જીવતી વીજ લાઇનને અડી જતાં નવા રસલિયાનાં હાજરાબાઇ અબ્દુલ કુંભાર નામની ૪૫ વર્ષીય મહિલાને ૪૪૦ વોલ્ટનો જોરદાર કરંટ લાગતાં તેમનું તત્કાળ મોત નીપજ્યું હતું. નખત્રાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોધ્યો હતો.

# નખત્રાણામાં કિશોર વયના બાળકને અન્ય બાળકોએ બંધક બનાવી મોઢા પર સૂતળી બૉમ્બ ફોડતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના નખત્રાણામાં કિશોર વયના બાળકને અન્ય બાળકોએ થાંભલા સાથે બાંધી, ફટાકડામાં વપરાતો ગંધક છાંટીને એક બાળકના મોઢા પર સૂતળી બૉમ્બ ફોડ્યો હોવાનો ચોંકાવનારો બનાવ બહાર આવતાં કચ્છ સહિત બૃહદ કચ્છમાં ભારે ચકચાર પ્રસરી હતી. સોશિયલ મીડિયામાં વાઇરલ થઇ રહેલા આ બનાવ અંગે જાણવા મળેલી પ્રાથમિક વિગતો મુજબ, મામાના ઘરે આવેલા અને નખત્રાણાનાં રામણી મેદાનમાં ક્રિકેટ રમી રહેલા એક કિશોર પાસે માસ્ક અને ટોપી પહેરીને આવેલા ચાર અન્ય બાળકોએ છરી જેવાં તીક્ષ્ણ હથિયારની બીક બતાવી તેના હાથ-પગ પાછળથી બાંધી, મોઢા પર સેલોટેપ ચોંટાડી દીધી હતી. ત્યારબાદ તેના પર ફેંકવામાં આવેલો સૂતળી બૉમ્બ ફૂટતાં કિશોર મોઢાના ભાગે દાઝી ગયો હતો.

યેનકેન પ્રકારે બાળક ઘરે ભાગી ગયો અને સમગ્ર ઘટનાની વાલીને જાણ કરતા ચર્ચામાં આવેલા મામલાની હાલ તપાસ શરૂ કરવામાં આવી છે. બાળકો વચ્ચેની બબાલને લઈને આ ઘટના બની હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. બાળકો ઝઘડ્યા હોય અને ડરના કારણે આ વાત ઘડી કાઢી હોય એવું હાલના સંજોગોમાં લાગી રહ્યું છે પણ તેમ છતાં બનાવની ઝીણવટભરી તપાસ ચાલુ હોવાનું અને હતભાગી પક્ષે આ બનાવ છોકરમતનો સમજી વધુ વિગ્રહ ટાળવા પોલીસ કાર્યવાહીથી અળગા રહેવાનું પસંદ કર્યું હોવાનું નખત્રાણાના પી.આઈ એ.એમ. મકવાણાએ જણાવ્યું હતું.

# પુત્રને ટીવી સિરિયલમાં રોલ અપાવવાનાં બહાને સૂરજપરનાં દંપતી સાથે ₹૨૫.૧૦ લાખની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાલુકાના મિરજાપર ગામમાં રહેતા એક રીઢા શખ્સે પોતાને ટીવી સિરિયલ અને ટીવી જાહેરાતો બનાવતો નિર્માતા ગણાવીને સૂરજપરના યુગલને તેમના પુત્રને કામ અપાવવાના બહાને ૨૫ લાખ રૂપિયા મેળવી ઠગાઈ આચરી હતી. ગેરન્ટી પેટે મેળવેલા ત્રણ કોરાં ચેક બાઉન્સ કરાવીને સમાધાન કરી લેવા પેટે પાંચ લાખની ખંડણી માગી જાનથી મારી નાખવાની ધમકી આપનારા આ કહેવાતા નિર્માતાની ધરપકડ કરી,તેના વિરુદ્ધ માનકૂવા પોલીસે વિવિધ કલમો તળે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સૂરજપર ગામે રહેતી અને ભુજમાં ખાનગી નોકરી કરનારી ભાવના વિનોદ હીરાણી (પટેલ)એ માનકુવા પોલીસને જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૦ના કોરોના આઉટબ્રેક વખતના લોકડાઉન અગાઉ તે પતિ અને પુત્ર સાથે મુંબઈમાં રહેતી હતી પરંતુ આ લોકડાઉન બાદ સપરિવાર વતન પરત રહેવા આવી ગઈ હતી.ચાર વર્ષ અગાઉ ફેસબુક મારફતે તેઓ મિરજાપરના રઘુરાજ નગરમાં રહેતા હિતેશ વેલજી પરમાર નામના શખ્સના સંપર્કમાં આવ્યાં હતાં. આ ઠગભગત એવા હિતેશે પોતે ટીવી સિરિયલ અને ટીવી જાહેરાતોનું નિર્માણ કરતો પ્રોડ્યુસર હોવાની ઓળખ આપી હતી અને ફરિયાદીના નવ વર્ષના પુત્રને ટીવી સિરિયલ્સ અને કોમર્સિયલમાં કામ અપાવવાની લાલચ આપી હતી.

આ યુગલનો વિશ્વાસ જીતવા માટે હિતેશે એક સમયની ભારે લોકપ્રિય બનેલી 'તારક મહેતા ઉલ્ટા ચશ્મા' સિરિયલના સેટ પર તથા કલાકારો સાથેના પોતાના ફોટા બતાવ્યા હતા જેથી ફરિયાદી અને તેના પતિનો તે પ્રોડ્યુસર હોવાનો વિશ્વાસ વધુ દ્રઢ બન્યો હતો.વિશ્વાસ કેળવીને આ શખ્સે યુગલના પુત્રને કામ અપાવવા માટે જરૂરી આર્ટિસ્ટ ઈન્સ્યોરન્સ, કપડાં, મેકઅપના સરસામાન વગેરેના બહાને પોતાના તથા અન્ય લોકોના બેન્ક ખાતા નંબર વડે ટૂકડે-ટૂકડે રૂપિયા પડાવવાનું શરૂ કરી દીધું હતું. આ યુગલે કુલ ૨૫ લાખ ૧૦ હજાર રૂપિયા આપ્યાં હતાં.

# આજે રાજકોટ નાગરિક સહકારી બેંકની ચૂંટણીની મતગણતરી યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રવિવારે રાજકોટ નાગરિક સહકારી બેંકની ચૂંટણીનું મુંબઈ સહિત સાત મથકો પર મતદાન યોજાયું હતું. જેમાં કુલ સરેરાશ ૯૬.૩૯ ટકા મતદાન નોંધાયું હતું. રાજકોટ મતદાન કેન્દ્ર પર ૯૬.૪૩ ટકા મતદાન નોંધાયું હતું. આ ચૂંટણીમાં ૩૩૨ માંથી ૩૨૦ ડેલિગેટ્સે મતદાન કર્યું હતું. રાજકોટ કેન્દ્ર પર કુલ ૧૯૬ માંથી ૧૮૯ લોકોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આજે સવારે આઠ વાગ્યાથી આ ચૂંટણીની મતગણતરી હાથ ધરાશે. રાજકોટમાં રવિવારે નાગરિક સહકારી બેંકની ચૂંટણીના મતદાન સમયે વિધાનસભાની ચૂંટણી જેવો માહોલ જોવા મળ્યો હતો. મુંબઈ સહિતનાં સાત મથકો પર મતદાન યોજાયું હતું. જેમાં રાજકોટ શહેરમાં ૯૬.૪૩ ટકા, જેતપુર, સુરત અને મુંબઇમાં ૧૦૦ ટકા, મોરબીમાં ૯૭.૬૭ ટકા, જસદણમાં ૯૩.૧૦ ટકા, અમદાવાદમાં ૮૧.૮૨ ટકા મતદાન નોંધાયું હતું. ત્યારે આ ચૂંટણીની મતગણતરી આજે સવારે આઠ વાગ્યાથી રાજકોટ નાગરીક સહકારી બેંક, અરવિંદ મણીયાર સેવાલય રાજકોટ ખાતે યોજાશે. આ મતગણતરી પાંચ ટેબલ પર ૨૫ રાઉન્ડમાં પૂર્ણ થશે. આ માટે ૧૦૦ અધિકારીઓના સ્ટાફનો ઓર્ડર કરવામાં આવ્યો હતો.

# ભાવનગરમાં આધેડનું નવ વર્ષની માસૂમ સગીરા ઉપર દુષ્કર્મઃ કોર્ટે ૨૦ વર્ષની કેદ અને ₹ ૫૦ હજારનો દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ બે વર્ષ પૂર્વે ભાવનગર શહેરના ફૂલસર વિસ્તારમાં રહેતા એક ૫૫ વર્ષિય આધેડે એક નવ વર્ષની માસૂમ સગીરાને પોતાના ઘરમાં બોલાવી દુષ્કર્મ આચર્યાની જે તે સમયે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી આ અંગેનો કેસ ભાવનગરના ત્રીજા એડિશ્નલ સેશન્સ જજ એમ.બી.રાઠોડ ની અદાલતમાં ચાલી જતા અદાલતે સરકારી વકિલોની દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ, વિગેરે ધ્યાને રાખી આરોપી સામે ગુનો સાબીત માની આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને રોકડા રૂા. ૫૦ હજારનો દંડ અદાલતે ફટકાર્યો હતો.

આ બનાવની જાણવા મળેલ વિગતો મુજબ આ કામના ફરિયાદીની સગીર વયની દિકરી ઉં.વ.૯ નામની માસૂમ સગીરા ઉપર ભાવનગર શહેરના પ્લોટ નં. ૧૮૦, કાન્તીનગર, ૨૫ વારિયા, સંસ્કાર વિદ્યાલયની સામે, ફૂલસર રોડ, ભાવનગર ખાતે રહેતા હિંમતભાઈ રત્નાભાઈ બઢીયા ઉ.વ.૫૫ નામના શખ્સે એક ૯ વર્ષની માસુમ બાળાને પોતાના ઘરમાં બોલાવી દુષ્કર્મ આચર્યાની પોલીસ ફરીયાદ સ્થાનીક પો.સ્ટે. બોરતળાવ પોલીસ સ્ટેશનમાં આઇ.પી.સી. કલમ ૩૭૬(એ)(બી), તથા પોક્સો એક્ટ કલમ ૪-૬ મુજબ નો ગુનો નોંધાયો હતો.

આ અંગેનો કેસ ભાવનગરના ત્રીજા એડિશ્નલ સેશન્સ જજ એમ.બી.રાઠોડ ની અદાલતમાં ચાલી જતા અદાલતે સરકારી વકીલ જયેશભાઈ પંડયા તથા વિજય જી. માંડલિયાની અસરકારક દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી આરોપીને કસુરવાર ઠેરવી આરોપી સામે પોકસો એક્ટની કલમ ૩,૫,૬ મુજબના ગુનામાં આરોપીને કસૂરવાન ઠરાવી ૨૦ વર્ષની સજા અને રોકડા રૂ. ૫૦ હજારનો દંડ જે દંડ ભોગબનનારને ચૂકવવો અને રૂ. ૬,૦૦,૦૦૦/- કમ્પેન્શેસન સ્કીમમાંથી ભોગ બનનારને આપવાનો અદાલતે હુકમ કર્યો હતો.

# ભાવનગરના મહુવા ગામે રહેતી યુવતીની હત્યાના પ્રયાસ કરનાર આરોપીને ત્રણ વર્ષની કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ પાંચ વર્ષ પૂર્વે ભાવનગર જિલ્લાના મહુવા ગામે પ્રેમ સંબંધમાં થયેલા લડાઈ ઝઘડામાં એક યુવાને યુવતીનું ગળુ દબાવીને જીવલેણ હુમલો કર્યાના કેસમાં સંડોવાયેલા આરોપી સામે મહુવાની અદાલતમાં કેસ ચાલી જતા અદાલતે ગુનો સાબિત માની આરોપીને ત્રણ વર્ષની કેદની સજા ફટકારી હતી.

આ બનાવની જાણવા મળેલ વિગતો મુજબ તા. ૨૪/૦૨/૨૦૧૯ ના રોજ કલાક ૮ ના સુમારે આરોપી પરેશભાઈ પીઠાભાઈ ભજગોતર ઉં.વ.૨૮, રહે. ગામ કાજલી, તા.જી. વેરાવળ ગીરસોમનાથ વાળા અને ફરીયાદી મિતલબેન લલીતભાઇ વાઢેરને અગાઉ પ્રેમસંબંધ હોય જેથી આરોપીના પિતા પીઠાભાઈએ ફરિયાદીના મમ્મી રાજુબેનને આરોપી તથા ફરિયાદીની સગાઈ બાબતે પૂછતા ફરિયાદીનાં મમ્મી સગાઇ બાબતની ના પાડેલ જેથી ફરિયાદી મિતલબેને આરોપીને કહેલ કે આપણી સગાઈની મારા પરિવાર ના પાડે છે જેથી આપણો પ્રેમસંબંધ હવે પુરો, તેમ કહેલ જે આરોપીને ગમતી વાત ન હોય અને આરોપીને ફરિયાદી સાથે પ્રેમસંબંધ ચાલુ રાખવો હોય જેથી ફરીયાદી મહુવા ખાતે પ્રા.નોકરી કરી રહેતા હોય ત્યા તેના રૂમે જઈ આરોપીએ મારી નાખવાના ઇરાદે ફરિયાદીનું મોઢું દબાવી ગળે ટુપો આપવાની કોશિશ કરી તીક્ષણ હથિયારછરીના ઘા ગળાના ભાગે મારતા ગળા ઉપર તેમ જ હાથ ઉપર મારી જીવલેણ ગંભીર ઇજા કરી આરોપી ત્યાંથી ભાગી ગયેલ. ભોગ બનનાર આરોપીની સગી ફઈની દિકરી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

આ અંગેનો કેસ આજરોજ મહુવાના ચોથા એડિશ્નલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજ એ.એસ.પાટીલની અદાલતમાં ચાલી જતા અદાલતે સરકારી વકિલ કમલેસ કેસરીની અસરકારક દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી આરોપીને કસૂરવાને ઠેરવી ભારતીય દંડ સહિતાની કલમ-૩૦૭ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી ૩ વર્ષની સખ્ત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપીને રૂ. ૧૦ હજાર નો દંડ અદાલતે ફટકાર્યો હતો અને જો દંડ ભરવામાં કસૂર કરે તો વધુ ત્રણ માસની સખ્ત કેદની સજા ભોગવવાનો અદાલતે હુકમ કર્યો હતો.

# ભચાઉના નાની ચીરઈ પાસેથી ત્રણ વાહનમાંથી ₹ ૪.૩૯ લાખનો શરાબ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના નાની ચીરઇ ખાતે પોલીસે ત્રણ વાહનોમાંથી રૂ.૪,૩૯,૧૮૮ની કિંમતનો શરાબ પકડી પાડયો હતો, અલબત્ત એક પણ આરોપી પકડમાં ન આવતાં સવાલો ઊભા થયા હતા. આ કાર્યવાહી અંગે જાણવા મળેલી વિગતો મુજબ, ભચાઉની સ્થાનિક પોલીસને યશોદાધામનો મહેશ દેવા ભરવાડ નામના શખ્સે આ જથ્થાને બાવળોની ગીચ ઝાડીમાં સંતાડ્યો હોવા અંગેની પૂર્વ બાતમી મળતાં અહીં દરોડો પાડવામાં આવ્યો હતો.

ગીચ ઝાડીઓ વચ્ચે ત્રણ મોટરકાર તથા એક મોટરસાઇકલ પર મહેશ દેવા ભરવાડ નામનો શખ્સ પોલીસને જોઈ નાસી છૂટયો હતો. અહીં મળી આવેલા વાહનોમાંથી વિવિધ બ્રાન્ડની ૯૫૬ જેટલી બોટલ કિંમત રૂ.૪,૩૯,૧૮૮ હસ્તગત કરી લેવામાં આવી હતી.

શરાબ ઉપરાંત ત્રણ વાહનો, એક બાઇક તથા સહિત કુલ્લે રૂ. ૧૯,૮૯,૧૮૮નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નાસી છૂટેલા મહેશ ભરવાડને પકડી પાડવા આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 275 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ કાર્તિક વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 November 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૯ નવેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



સ્વાદ માટે અજોડ
જુની, જાણીતી અને સર્વેની માનીતી
SINCE 1900
લક્ષ્મી ®
સંયુક્ત હિંગ
सर्वत्र ઉપલબ્ધ
આર. એમ. કાનાણી એન્ડ કંું. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing


# મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ચૂંટણીપ્રચારનાં પડઘમ શાંત થયાં

મુંબઈ: મહારાષ્ટ્રની ૧૫મી વિધાનસભાના ૨૮૮ સભ્યને ચૂંટી કાઢવા માટેના પ્રચારનાં પડઘમ સોમવારે સાંજે શાંત થયાં હતાં. આ ઉપરાંત, ઝારખંડ વિધાનસભાના બીજા તબક્કાના મતદાન માટેનો ચૂંટણીપ્રચાર પણ બંધ થયો હતો.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનું મતદાન ૨૦ નવેમ્બર, બુધવારે યોજાવાનું છે અને ૨૮૮ બેઠક માટે ૪,૧૪૦ ઉમેદવાર ચૂંટણી-મેદાનમાં ઊભા છે. મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણીની મતગણતરી ૨૩ નવેમ્બરે થશે.

મહારાષ્ટ્ર વિધાનસભાની આ વખતની ચૂંટણીમાં સેના વિરુદ્ધ સેના, પવાર વિરુદ્ધ પવાર અને ભાજપ વિરુદ્ધ કૉંગ્રેસની લડાઇ હોવાથી આખા દેશની નજર આ રાજકીય સમરાંગણ પર છે.

મુખ્ય સ્પર્ધા શાસક યુતિ - ભાજપ, શિવસેના (એકનાથ શિંદે), એનસીપી (અજિત પવાર) અને વિપક્ષોની યુતિ - ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી), એનસીપી (શરદ પવાર), કૉંગ્રેસ વચ્ચે છે.

મહારાષ્ટ્રમાં ચૂંટણીપ્રચાર માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રના (જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 68,670/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## ગૅંગસ્ટર લૉરેન્સ બિશ્નોઇના ભાઈ અનમોલની અમેરિકામાં ધરપકડ

નવી દિલ્હી: કુખ્યાત ગૅંગસ્ટર લૉરેન્સ બિશ્નોઇના નાના ભાઈ અનમોલ બિશ્નોઇની અમેરિકામાં ધરપકડ કરાઈ હતી.

લૉરેન્સ બિશ્નોઇ જેલમાંથી પણ વૈશ્વિક ગુનેગારોની સિન્ડિકેટ ચલાવતો હોવાનું કહેવાય છે.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકી અને પંજાબી ગાયક સિધુ મૂસેવાલાની હત્યા અને મુંબઈમાં અભિનેતા સલમાન ખાનના ઘર પરના ગોળબારમાં 'છોટા ડૉન' અને 'છોટા ગુરુજી' તરીકે ઓળખાતો અનમોલ બિશ્નોઇ સંડોવાયો હોવાનું કહેવાય છે. પચાસ વર્ષીય બિશ્નોઇને સોમવારે વહેલી સવારે કસ્ટડીમાં લેવાયો હતો. અગાઉ, (જુઓ પાનું ૨) ▶▶

## અમિત શાહે મણિપુરની સ્થિતિની સમીક્ષા કરી

નવી દિલ્હી : કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે મણિપુરની પ્રવર્તમાન સુરક્ષા પરિસ્થિતિ અને લશ્કરી દળોની તૈનાતીની સતત બીજા દિવસે સમીક્ષા કરી હતી. અમિત શાહે ટોચના અધિકારીઓને શક્ય હોય એટલી વહેલી શાંતિ તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો હતો.

કેન્દ્રનું ગૃહ મંત્રાલય રાજ્ય સરકારને ઈશાનના રાજ્યની 'સ્ફોટક સ્થિતિ'ને હાથ ધરવામાં મદદ કરવા (જુઓ પાનું ૨) ▶▶


સ્વતંત્ર રસોડા સાથે
રાજસ્થાન
Heena Tours & Travels
9326474508 / 9769442741


## બંગાળના મુર્શિદાબાદમાં કોમી હિંસા

### મકાનો અને દુકાનોમાં તોડફોડ

મુર્શિદાબાદ: પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં ફરી એકવાર સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી છે. મુર્શિદાબાદના બેલડાંગા વિસ્તારમાં લોકોના બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. મળતી માહિતી મુજબ, ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પર કથિત વાંધાજનક મેસેજને અંગે અથડામણ થઈ હતી. આ અથડામણમાં પોલીસે ૧૫ લોકોની ધરપકડ કરી છે.

અસરગ્રસ્ત વિસ્તારમાં ઈન્ટરનેટ પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. કાર્તિક પૂજા પંડાલ પાસેના ગેટ પર લગાવેલા ડિસ્પ્લે બોર્ડ પર એક સમુદાય વિરુદ્ધ વાંધાજનક મેસેજ લખાવામાં આવ્યો હતો, જેની વાત આસપાસના વિસ્તારોમાં (જુઓ પાનું ૨) ▶▶


અજય મોદીનાં લક્ઝરી ટૂર
કાઝીરંગા ૧૩ દિવસ
આસામ-મેઘાલયા
Nov. -25 | Dec. 7-
₹ 64999* વ્યક્તિ દીઠ અને વધુ
Ex.ગુવાહટી એરપોર્ટ - ૩/૪ સ્ટાર હૉટલ
પ્રાઈવેટ એ.સી. ઈનોવા - બ્રેકફાસ્ટ-લંચ-ડિનર
સાઈટસીન એન્ટ્રી ફી સાથે
MUMBAI - 63596 19321
PUNE - 92270 86539

MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565/8104294880
www.hotelrajesh.com







SEOUL - BUSAN - JEJU
DATE OF DEP | 23rd MAR | 02nd APR
PACKAGE INCLUSIONS
- Hyundai Motorstudio, Han River Cruise, Songdo Cable Car, SeaLife Aquarium, Love Land અને Nanta Show નો અદભુત અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.

SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74



लढणारा महाराष्ट्र होऊ,
घरात बसणारा नाही!
पोसणारा महाराष्ट्र होऊ,
अन्याय सोसणारा नाही!




निशाणी - रेल्वे इंजिन
महाराष्ट्र नवनिर्माण सेना
प्रकाशक: नितीन सरदेसाई, महाराष्ट्र नवनिर्माण सेना, मध्यवर्ती कार्यालय, दादर, मुंबई.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગેહલોતના રાજીનામાથી આપને બહુ ફરક નહીં પડે

**અરવિંદ** કેજરીવાલ અત્યારે ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને જીતાડવા માટે પ્રચારમાં લાગ્યા છે ત્યારે જ દિલ્હી સરકારના પરિવહનમંત્રી કૈલાશ ગેહલોતે રાજીનામું ધરી દીધું છે. ગેહલોતે દિલ્હીનાં મુખ્યમંત્રી આતિશી માર્લેનાની સરકારના મંત્રીપદેથી જ નહીં પણ આમ આદમી પાર્ટીમાંથી પણ રાજીનામું આપી દીધું છે.

કૈલાશ ગેહલોતે રવિવારે સવારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને પત્ર લખીને રાજીનામાની જાહેરાત કરી હતી. ગેહલોતે કેજરીવાલને લખેલા પત્રમાં આક્ષેપ કર્યો છે કે, આમ આદમી પાર્ટીએ કેન્દ્ર સરકાર સાથે લડવામાં મોટા ભાગનો સમય બરબાદ કર્યો છે અને આમ આદમી પાર્ટીએ દિલ્હીની જનતાને આપેલાં વચનો પૂરા કર્યા નથી. ગેહલોતે યમુનાની સફાઈ સહિતના ઘણા બધા મુદ્દે આમ આદમી પાર્ટીની ટીકા કરી છે અને આપ સરકારને સદંતર નિષ્ફળ ગણાવી છે.

ગેહલોતના રાજીનામા સાથે દિલ્હીમાં રાજકીય આક્ષેપબાજી શરૂ થઈ ગઈ છે. ભાજપનું કહેવું છે કે, કેજરીવાલ ગેંગની લૂંટથી કંટાળીને ગહલોતે આમ આદમી પાર્ટી અને સરકાર બંનેમાંથી રાજીનામાનો નિર્ણય લીધો. આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયેલા કપિલ મિશ્રાના દાવા પ્રમાણે, કૈલાશ ગેહલોતે રાજીનામા પત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે, ભ્રષ્ટાચારના કારણે આમ આદમી પાર્ટી અને સરકારમાં રહેવું શક્ય નથી. કેજરીવાલ ગેંગની લૂંટ અને જુઠ્ઠાણા સામે કૈલાશ ગેહલોતનું આ પગલું આવકાર્ય છે. દિલ્હીના દરેક વિધાનસભા મતવિસ્તારમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો હવે પાર્ટી છોડી રહ્યા છે તેથી કેજરીવાલની હાર પાકી છે.

આમ આદમી પાર્ટીના નેતા જવાબ આપવામાં જરાય કાચા પડે તેમ છે નહીં તેથી તેમણે પણ તરત જવાબ આપી દીધો છે. દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ગહલોતનું રાજીનામું સ્વીકારી લીધું પણ ગેહલોતના રાજીનામાને ભાજપનું ગંદું ષડયંત્ર ગણાવ્યું છે. ગેહલોતને ભાજપે લિકર કેસમાં ફસાવવાની ધમકી આપી હોવાનો આડકતરો આક્ષેપ કરતાં આતિશીએ એમ પણ કહ્યું કે, ભાજપ દિલ્હીમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી ઈડી અને સીબીઆઈના બળ પર જીતવા માગે છે. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે પણ કટાક્ષ કરતાં કહ્યું કે, દિલ્હી ચૂંટણી પહેલા મોદી વોશિંગ મશીન એક્ટિવ થઈ ગયું છે. હવે આ મશીન દ્વારા અનેક નેતાઓને ભાજપમાં સામેલ કરવામાં આવશે.

આમ આદમી પાર્ટીની વાતમાં દમ નથી એવું નથી. ઈડીએ અરવિંદ કેજરીવાલને જે કેસમાં ઘરભેગા કર્યા એ દારૂ કૌભાંડમાં તપાસ હાથ ધરી ત્યારે કૈલાશ ગેહલોતનું નામ પણ બહાર આવેલું કેમ કે ગેહલોત કેજરીવાલ સરકારમાં મંત્રી હતા. દિલ્હીના દારૂ કૌભાંડમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાની ઈડી અને સીબીઆઈએ ધરપકડ કરી હતી પણ કૈલાશ ગેહલોતને કશું નહોતું થયું. ઈડીએ ગેહલોતની પૂછપરછ પણ કરી છે અને આવકવેરા વિભાગના સ્કેનર હેઠળ પણ આવી ગયા હતા. કરચોરીના કેસમાં તેમની ઓફિસમાં પણ તપાસ કરવામાં આવી હતી.

ગેહલોત સામે જે રીતે કેન્દ્રીય એજન્સીઓ મચેલી હતી એ જોતા તેમનો ગમે ત્યારે વારો પડી જશે એવું લાગતું હતું. કેજરીવાલને જેલમાં ધકેલાયા પછી ગેહલોતનો વારો આવશે એ નક્કી ગણાતું હતું ત્યાં અચાનક જ બાજી પલટાઈ ગઈ. કેન્દ્રીય એજન્સીઓ તો ગેહલોતથી દૂર જતી જ રહી પણ દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાને પણ ગેહલોત પર હેત ઊભરાવા માંડેલું.

કેજરીવાલ સરકારની ફાઈલો રાજભવનમાં ક્લીયર નહોતી થતી પણ ગેહલોતની ફાઈલો રાજભવનમાં અટકતી ન હતી. ગેહલોતના લેફ્ટનન્ટ ગવર્નર સાથે એટલા સારા સંબંધો થઈ ગયા કે તેમના મંત્રાલયની ફાઇલ ક્યારેય રાજભવનમાં અટકી નથી. કેજરીવાલ જેલમાં હતા ત્યારે જ સ્વાતંત્ર્ય દિન આવ્યો. કેજરીવાલે એ વખતે મુખ્યમંત્રીપદેથી રાજીનામું નહોતું આપ્યું પણ એ રાષ્ટ્રધ્વજ ફરકાવી શકે તેમ નહોતા કેમ કે જેલમાં હતા.

કેજરીવાલ ઈચ્છતા હતા કે આતિશી તેમની જગ્યાએ ધ્વજ ફરકાવે પણ લેફ્ટનન્ટ ગવર્નર સક્સેનાએ કૈલાશ ગેહલોતની પસંદગી કરી હતી. સક્સેનાને ગેહલોત પર આવો પ્રેમ કેમ ઉભરાયો એ ઘણાંને સમજાયું નહોતું પણ અત્યારે સમજાય છે. ભાજપ આમ આદમી પાર્ટીમાં કેજરીવાલને સ્થાને ગહલોતને સર્વેસર્વા બનાવવા માગતો હતો કે જેથી ભવિષ્યમાં ગેહલોતની મદદથી દિલ્હી પર કબજો કરી શકાય. રાષ્ટ્રધ્વજ ફરકાવતી વખતે કૈલાશ ગહલોત ભાવુક થઈ ગયા હતા અને કેજરીવાલને 'આધુનિક સ્વતંત્રતા સેનાની' ગણાવ્યા હતા પણ અંદરખાને કદાચ બીજું જ કંઈ વિચારતા હશે.

કેજરીવાલને ભાજપની ચાલ અને ગેહલોતની મહત્ત્વાકાંક્ષાનો પણ ખ્યાલ આવી ગયો હશે તેથી તેમણે જેલમાંથી બહાર આવીને નવો દાવ ખેલી નાંખ્યો. જેલમાંથી મુક્ત થયા બાદ અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. એ વખતે કૈલાશ ગેહલોતનું નામ પણ રેસમાં સૌથી આગળ હતું પણ કેજરીવાલે આતિશીને મુખ્યમંત્રી પદ સોંપતાં ગેહલોત લટકી ગયા. કેજરીવાલે એ વખતે જ દિલ્હીની ચૂંટણીમાં આપ ફરી જીતશે તો પોતે મુખ્યમંત્રી બનશે એવું એલાન કરી દીધેલું તેથી ગેહલોતની મહત્ત્વાકાંક્ષા પાર પડે તેમ નહોતી એટલે છેવટે તેમણે આપને રામ રામ કરી દીધા. આપમાં રહીશું તો ભાજપ સરકારની તવાઈ આવી શકે એવો ડર પણ હોય.

ગેહલોત ભાજપમાં જોડાશે કે નહીં એ સમય કહેશે પણ ગેહલોતની વિદાયથી કેજરીવાલને કોઈ નુકસાન નથી ને ભાજપને મોટો ફાયદો નથી. કૈલાશ ગેહલોત હોશિયાર માણસ છે પણ કેજરીવાલની જેમ લોકપ્રિય અને મત ખેંચવાની ક્ષમતા નથી ધરાવતા. કૈલાશ ગેહલોત ૨૦૧૫માં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા અને ૨૦૧૭માં કેબિનેટ મંત્રી બન્યા હતા. વ્યવસાયે વકીલ કૈલાશ ગેહલોત રાજકારણમાં આવતા પહેલા ૧૦ વર્ષ સુધી સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટમાં વકીલ હતા અને ઘણા મોટા કેસ લડ્યા હતા. એક વકીલ તરીકે તેમની નામના છે પણ લોકપ્રિય નેતા નથી મનાતા તેથી આપને નુકસાન નહીં કરી શકે.

ગેહલોતે આમ આદમી પાર્ટી સામે કરેલા આક્ષેપોમાં પણ દમ નથી. ગેહલોતે કહ્યું કે, આમ આદમી પાર્ટી ગંભીર પડકારોનો સામનો કરી રહી છે. રાજકીય મહત્ત્વાકાંક્ષાએ લોકો પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઘટાડી દીધી છે અને ઘણા વચનો અધૂરા રહ્યા છે. આમ આદમી પાર્ટી મૂળભૂત સેવાઓ પ્રદાન કરવામાં અસમર્થ રહી છે. અમે યમુનાને સ્વચ્છ નદી બનાવવાનું વચન આપ્યું હતું, પરંતુ અમે ક્યારેય તેમ કરી શક્યા નહીં. હવે યમુના નદી પહેલા કરતા વધુ પ્રદૂષિત થઈ ગઈ છે. અમે લોકોના અધિકારો માટે લડવાને બદલે માત્ર અમારા રાજકીય એજન્ડા માટે લડી રહ્યા છીએ. દિલ્હીના લોકોને પાયાની સેવાઓ આપવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેજરીવાલના નવા બંગલા જેવા ઘણા શરમજનક વિવાદો છે, જે લોકોમાં શંકા પેદા કરી રહ્યા છે કે આપણે હજી પણ સામાન્ય માણસ છીએ કે નહીં. દિલ્હી સરકાર પોતાનો મોટાભાગનો સમય કેન્દ્ર સાથે લડવામાં વિતાવે છે તેથી દિલ્હીનું કંઈ નહીં થઈ શકે.

ગેહલોત ભાજપના નેતાઓની ભાષા બોલી રહ્યા છે. આ વાતો કરવા માટે ભાજપ પાસે પહેલેથી ઘણા નેતા છે જ એ જોતાં ગેહલોતની વાતો કોઈ અસર કરે એવી શક્યતા નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), મંગળવાર, તા. ૧૯-૧૧-૨૦૨૪

- ભારતીય દિનાંક ૨૮, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક વદ -૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૮મો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર આર્દ્રા બપોરે ક. ૧૪-૧૫ સુધી, પછી પુનર્વસુ.
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૯ અમદાવાદ ક. ૦૬ મિ. ૫૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૩-૫૦, મધ્યરાત્રે ક. ૦૨-૫૩ (તા. ૨૦)
- ઓટઃ સવારે ક. ૦૮-૧૨, રાત્રે ક. ૧૯-૪૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ''અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી' નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ -ચતુર્થી. સૂર્ય અનુરાધા પ્રવેશ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શિવ પુત્ર ગણેશનું પૂજન, શિવપૂજા, મંગળ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, શિવજીને અગરના ઔષધીનું લેપન કરવું, બગીચાના કામકાજ, શિવમંદિરમાં નવગ્રહ મંદિર ઉપર ધજા કળશ પતાકા ચઢાવવી. નિત્ય થતાં પશુ લેવડદેવડ, ઘર-ખેતર, જમીન, મકાન, લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા વાંચન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, સહસ્ર તુલસી અભિષેક,
- આચમનઃ સૂર્ય-નેપ્ચૂન ત્રિકોણ ચાલબાજી વાળા , ચંદ્ર-શનિ ત્રિકોણ સ્થિર સ્વભાવનાં.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-ધનુ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## શ્રીલંકાના પ્રમુખ દિસાનાયકેના પ્રધાનમંડળમાં ૨૧ સભ્યનો સમાવેશ

કોલંબોઃ સરકારી વહીવટી યંત્રણાને યોગ્ય દિશામાં વાળવાના તેમ જ કરદાતાઓ પરનો બોજો ઘટાડવાના શ્રીલંકાના પ્રમુખ દિસાનાયકેએ ચૂંટણી અગાઉ આપેલાં વચનનું પાલન કરતાં સોમવારે ૨૧ સભ્ય ધરાવતાં પ્રધાનમંડળની નિમણૂક કરી હતી.

જનતા પર વધુ બોજો ન પડે તે માટે નેશનલ પીપલ્સ પાવર (એનપીપી)એ નાના પ્રધાનમંડળની ભલામણ કરી હતી. સપ્ટેમ્બરમાં પ્રમુખપદની ચૂંટણી જીત્યા બાદથી એનપીપી પ્રમુખ સહિત માત્ર ત્રણ પ્રધાનોની મદદથી સરકાર ચલાવી રહી હતી.

શ્રીલંકાના બંધારણમાં ૩૦ સભ્યના પ્રધાનમંડળની નિમણૂકની જોગવાઈ છે.

દિસાનાયકે નાણાં અને સંરક્ષણ ખાતાનો પોર્ટફોલિયો પોતાની પાસે રાખ્યો છે તો ૧૨ નવા અને વર્ષ ૨૦૦૦થી દેશની સેવા બજાવી રહેલા આઠ વરિષ્ઠ સાંસદોની ચાવીરૂપ હોદ્દા પર નિમણૂક કરી છે. (એજન્સી)

નવા ચહેરાઓમાં શિક્ષણ ક્ષેત્રના પાંચ પ્રોફેસરનો સમાવેશ થાય છે.

શિક્ષણ ખાતાનો પોર્ટફોલિયો સંભાળતાં વડા પ્રધાન હરિણિ અમરાસૂર્યા તેમ જ મહિલા અને બાળવિકાસ બાબતોનો પોર્ટફોલિયો સંભાળતાં સાવિત્રી પૉલરાજ પ્રધાનમંડળમાં બે મહિલા સભ્ય છે.

નવી સંસદની કામગીરીનો આરંભ ગુરુવારથી શરૂ થશે.

દિસાનાયકેના વડપણ હેઠળના એનપીપીએ બેતૃતિયાંશ બહુમતીથી ચૂંટણીમાં વિજય મેળવ્યો હતો. નવા પ્રધાનમંડળને સંબોધન કરતાં દિસાનાયકેએ કહ્યું હતું કે અમને આપવામાં આવેલી સત્તાનો દૂરુપયોગ અને ભૂલ અમે નહીં કરીએ. ■

## મણિપુર અંગે કૉંગ્રેસની માગણી

## મોદી રાજ્યની મુલાકાત લે અને અમિત શાહ રાજીનામું આપે

નવી દિલ્હી : મણિપુરમાં હિંસામાં ભડકો થયો છે ત્યારે કૉંગ્રેસે સોમવારે એવી માગણી કરી હતી કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સંસદીય સત્ર આ મહિને શરૂ થાય એ પહેલાં રાજ્યની મુલાકાત લે અને રાજ્યમાં ડબલ એન્જિન સરકારની નિષ્ફળતા બદલ કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહ રાજીનામું આપે.

કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે કહ્યું હતું કે મોદીએ પ્રથમ તો મણિપુરના સર્વપક્ષના પ્રતિનિધિમંડળને મળવું જોઈએ અને ૨૫ નવેમ્બરથી શરૂ થતા સંસદીય સત્ર પહેલાં રાષ્ટ્રીય સ્તરે સર્વ પક્ષની બેઠક બોલાવવી જોઈએ. એઆઈસીસીની વડા મથકમાં મણિપુર કૉંગ્રેસના વડા મેઘાચંદ્ર સિંહ અને રાજ્યના પ્રભારી ગિરિશ ચોડણકર સાથે પત્રકાર પરિષદ સંબોધતાં જયરામે માગણી કરી હતી કે શાહ અને મુખ્ય પ્રધાન એન. બિરેન સિંહે રાજીનામું આપવું જોઈએ.

જયરામે કહ્યું હતું કે ૩ મે, ૨૦૨૩થી મણિપુર સળગી રહ્યું છે અને મોદી વિવિધ દેશોની મુલાકાત લઈને બોધપાઠ આપે છે, પરંતુ તેમની પાસે મણિપુરની મુલાકાત લેવાનો સમય નથી. આથી અમારી પહેલી માગણી છે કે વડા પ્રધાને સંસદીય સત્ર પહેલાં મણિપુરની મુલાકાત લેવી જોઈએ અને ત્યાં રાજકીય પક્ષો, રાજકારણીઓ, સિવિલ સોસાયટી ગ્રૂપ અને રાહત કેન્દ્રોમાં રહેતા લોકોને મળવું જોઈએ. વડા પ્રધાને મણિપુરના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળને મળવું જોઈએ અને રાષ્ટ્રીય સ્તરે પણ સર્વપક્ષોની બેઠક બોલાવવી જોઈએ. ત્યાં ૩૧ જુલાઈ, ૨૦૨૪થી ફૂલ ટાઈમ ગવર્નર નથી. રાજ્યપાલની તત્કાળ નિમણૂક થવી જોઈએ. (એજન્સી) ■

## 'આપ'ના કૈલાશ ગેહલોત ભાજપમાં જોડાયા

નવી દિલ્હીઃ દિલ્હીના ભૂતપૂર્વ પ્રધાન કૈલાશ ગેહલોત આમ આદમી પાર્ટી(આપ)માંથી રાજીનામું આપ્યાના એક દિવસ બાદ સોમવારે ભાજપમાં જોડાયા હતા. તેઓ કેન્દ્રીય પ્રધાન મનોહર લાલ ખટ્ટર અને હર્ષ મલ્હોત્રા, દિલ્હી એકમના પ્રમુખ વિરેન્દ્ર સચદેવા અને રાષ્ટ્રીય મીડિયા વડા અનિલ બલૂની સહિત અન્યોની હાજરીમાં ભાજપ હેડક્વાર્ટર ખાતે ભાજપમાં જોડાયા હતા.

મનોહર લાલ ખટ્ટરે ગેહલોતના સામેલ થવાને રાષ્ટ્રીય રાજધાનીની રાજનીતિમાં એક મહત્ત્વપૂર્ણ ટર્નિંગ પોઇન્ટ ગણાવ્યો હતો. ભાજપને આશા છે કે ગેહલોતના પાર્ટીમાં જોડાવાથી આગામી વિધાનસભા ચૂંટણીમાં તેની સંભાવનાઓને વેગ મળશે કારણ કે તે આપ પાસેથી સત્તા છીનવી લેવાનો પ્રયાસ કરી રહી છે. સચદેવાએ કહ્યું કે બે વખત ધારાસભ્ય અને વકીલ રહી ચૂકેલા ગેહલોત તેમના સારા કામ માટે જાણીતા છે. ગેહલોતે રવિવારે આપ છોડ્યા બાદ આરોપ લગાવ્યો કે રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ પાર્ટીની લોકો પ્રત્યેની પ્રતિબદ્ધતાથી આગળ નીકળી ગઇ છે. ૫૦ વર્ષીય ગેહલોતે આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને મોકલેલા તેમના રાજીનામા પત્રમાં કહ્યું કે લોકોના અધિકારો માટે લડવાને બદલે આપણે ફક્ત આપણા રાજકીય એજન્ડા માટે લડી રહ્યા છીએ. આપના અગ્રણી ચહેરા ગેહલોતે કેજરીવાલ પર પણ કટાક્ષ કર્યો. તેમજ 'શીશમહલ' જેવા કેટલાક વિચિત્ર અને શરમજનક વિવાદોને ઉઠાવ્યા હતા. ગેહલોતનો નિર્ણય કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તેમની વિરુદ્ધ ચાલી રહેલા કેસોની અસરથી પ્રભાવિત હોવાનો આપે દાવો કર્યો હતો. ■

## કાશ્મીરમાં એલઈટીનાં આતંકવાદી અને એના સાગરીત પકડાયા

શ્રીનગરઃ સુરક્ષા દળોએ જમ્મુ અને કાશ્મીરના પુલવામા અને બારામુલ્લા જિલ્લામાં બે અલગ અલગ ઓપરેશનમાં લશ્કર-એ-તોયબા (એલઈટી)ના એક આતંકવાદી અને એક આતંકવાદીનાં સાગરીતની ધરપકડ કરી છે, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

''પોલીસે સુરક્ષા દળો સાથે મળીને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન એલઈટી સાથે જોડાયેલા એક આતંકવાદીની ધરપકડ કરી હતી અને અવંતીપોરા વિસ્તાર (પુલવામા જિલ્લો) ના ત્રાલમાં તેના કબજામાંથી ગુનાહિત સામગ્રી, શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કર્યો હતો,'' એમ પોલીસ પ્રવક્તાએ જણાવ્યું હતું.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે ચોક્કસ બાતમીના આધારે, પોલીસે આર્મી અને સીઆરપીએફ સાથે મળીને પોલીસ સ્ટેશન ત્રાલના પિંગ્લિશ વિસ્તારના ગામના બગીચામાંથી એલઇટી સાથે જોડાયેલા આતંકવાદીની ધરપકડ કરી હતી.

''તેની ઓળખ લુરગામ ત્રાલના રહેવાસી ઇર્શાદ અહમદ ચોપન તરીકે કરવામાં આવી છે. તેના કબજામાંથી એક પિસ્તોલ, ૧૮ રાઉન્ડ અને બે મેગેઝિન સહિત ગુનાહિત સામગ્રી મળી આવી છે,'' એમ તેમણે કહ્યું હતું.

પ્રવક્તાએ કહ્યું કે પ્રાથમિક તપાસમાં ચોપન દક્ષિણ કાશ્મીર રેન્જમાં આતંકવાદ સંબંધિત અનેક ગતિવિધિઓમાં સામેલ હોવાનું સામે આવ્યું છે.

તેમણે કહ્યું કે આરોપી ૨૪ ઓક્ટોબરે એક બિન-સ્થાનિક મજૂર શુભમ કુમાર પર ગોળીબાર અને ઘાયલ કરવાના કેસમાં સામેલ હતો.

અન્ય એક ઓપરેશનમાં રવિવારે બારામુલા જિલ્લામાંથી આતંકવાદીનાં એક સાગરીતની ધરપકડ કરવામાં આવી હતી.

દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના વતની શૌકત અહમદ ભટની રવિવારે બારામુલ્લા જિલ્લાના જાનબાઝપોરા-બિન્નર રોડ પરથી ધરપકડ કરવામાં આવી હતી, એમ તેઓએ જણાવ્યું હતું.

ભટના કબજામાંથી એક એકે રાઈફલ, એક મેગેઝિન અને કેટલાક રાઉન્ડ મળી આવ્યા હતા.

ભટ ગયા અઠવાડિયે કુલગામના ડીએચ પોરા વિસ્તારમાં આવેલા તેમના નાગનાડ ગામમાંથી ગુમ થયાની જાણ થઈ હતી. ■

## વાવાઝોડું મેન-યી : ફિલિપાઈન્સમાં ભૂસ્ખલનમાં સાત લોકોનાં મોત

મનિલાઃ ઉત્તર ફિલિપાઈન્સમાં ટાયફૂન મેન-યીને લીધે થયેલા ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા સાત લોકોના મોત નીપજ્યા હતા અને ફૂંકાતા પહેલા સંખ્યાબંધ મકાનોનો નાશ કર્યો હતો.

એક પછી એક ફૂંકાયેલા વાવાઝોડાઓ દ્વારા સર્જાયેલી કટોકટી વધુ ખરાબ થઈ હતી અને મોટી સંખ્યામાં ગામલોકોને વિસ્થાપિત કર્યા હતા, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. એક મહિના કરતાં પણ ઓછા સમયમાં ઉત્તર ફિલિપાઈન્સમાં ત્રાટકેલા છ મોટા તોફાનો પૈકીનું એક મેન-યી સૌથી મજબૂત હતું અને શનિવારે પૂર્વીય ટાપુ પ્રાંત કેટેન્ડુઆન્સમાં ત્રાટક્યું ત્યારે પ્રતિ કલાક ૧૯૫ કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો. પ્રાદેશિક પોલીસ વડા બ્રિગેડિયન જનરલ એન્ટોનિયો પી મરલાગ જુનિયરે જણાવ્યું હતું કે મેન-યીને લીધે આવેલા મુશળધાર વરસાદ અને ભયંકર પવનને કારણે સોમવારે વહેલી સવારે નુવા વિઝકાયા પ્રાંતના ઉત્તરીય શહેર અંબાગુયોમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં એક ઘર દબાઈ ગયું હતું અને બાળકો સહિત સાત લોકોના મોત થયા હતા અને ત્રણ અન્ય ઘાયલ થયા હતા.

મરાલાગે જણાવ્યું હતું કે, આર્મીની ટુકડીઓ, પોલીસ અને ગ્રામજનો અન્ય ત્રણ લોકોની શોધ માટે પ્રયાસ કરી રહ્યા છે જેઓ કાદવ, પથ્થરો અને ઉખડી ગયેલા વૃક્ષોના હિમપ્રપાંતમાં દટાયા હોવાનું માનવામાં આવે છે. યુએસ ડિફેન્સ સેક્રેટરી લોયડ ઓસ્ટિન મનિલામાં રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરને મળ્યા હતા અને ટાયફૂન પીડિતો માટે માનવતાવાદી સહાયમાં વધારાનાં એક મિલિયન ડોલરની જાહેરાત કરી હતી અને એ તેમને માટે પ્રાર્થના કરી હતી. ■

પહેલા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્ર અને

ગૃહ પ્રધાન અમિત શાહ સહિત કેન્દ્રના અનેક નેતા અને મુખ્ય પ્રધાનો રાજ્યમાં આવ્યા હતા અને જાહેરસભાઓને સંબોધી હતી. ચૂંટણીપ્રચારમાં મુખ્ય મુદ્દા વિકાસ, જનહિતનાં પગલાં, મરાઠા અનામત વગેરે છે.

મહારાષ્ટ્રમાં કુલ ૨૮૮ બેઠક માટે ૧,૦૦,૧૮૬ મતદાન કેન્દ્ર છે. તેમાંનાં ૪૨,૬૦૪ શહેરી વિસ્તારમાં અને ૫૭,૫૮૨ ગ્રામીણ વિસ્તારમાં છે. વિકલાંગો દ્વારા ૨૯૯ અને મહિલાઓ દ્વારા ૩૮૮ મતદાન કેન્દ્રનું સંપૂર્ણ કામકાજ સંભાળાશે.

રાજ્યમાં ૯,૭૦,૨૫,૧૧૯ મતદાર છે અને તેમાં ૧૦૦ કે તેનાથી મોટી વયના ૪૭,૩૯૨ મતદાર છે. પુરુષ મતદાર ૫,૦૦,૨૨,૭૩૯, મહિલા મતદાર ૪,૬૯,૯૬,૨૭૯ અને ૬,૧૦૧ વ્યંઢળ મતદાર છે.

રાજ્યની ૨૮૮ બેઠકમાંથી ૨૩૪ સામાન્ય કેટેગરીની છે, જ્યારે ૨૯ અનુસૂચિત જાતિ અને પચીસ અનુસૂચિત જનજાતિ કેટેગરીની છે.

રાજ્યમાં ૧૮ વર્ષથી ૨૯ વર્ષના વયજૂથના ૧.૮૫ કરોડ મતદાર અને ૧૮ તેમ જ ૧૯ વર્ષના પ્રથમ વખત મતદાન કરનારા ૨૦.૯૩ લાખ મતદાર છે.

મહારાષ્ટ્રની હાલની વિધાનસભાની મુદત ૨૬ નવેમ્બરે પૂરી થાય છે.

દરમિયાન, ઝારખંડમાં બીજા તબક્કામાં ૨૦ નવેમ્બરે રાજમહલ, બોરિયો, બરહેટ, લિટ્ટીપાડા, પાકુર, મહેશપુર, શિકારીપાડા, નાલે, જામતાડા, દુમકા, જામા, જરમુણ્ડી, મધુપુર, સરત, દેવઘર, પોરેયાહાટ, ગોડ્ડા, મહગામા, રામગઢ, માંડૂ, ધનવાર, બગોદર, જમુઆ, ગાંડેય, ગિરિડીહ, ડુમરી, ગોમિયા, બેરમો, બોકારો, ચંદનક્યારી, સિંદરી, નિરસા, ધનબાદ, ઝરિયા, ટુંડી, બાઘમારા, સિલ્લી અને ખિજરી બેઠક પર મતદાન યોજાવાનું છે. અગાઉ, ઝારખંડમાં પ્રથમ તબક્કાનું મતદાન ૧૩ નવેમ્બરે યોજાયું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક અગ્રણી નેતાએ ઝારખંડમાં ચૂંટણીની જાહેરસભાને સંબોધી હતી. ઝારખંડમાં મુખ્ય રાજકીય લડાઇ એનડીએ અને વિપક્ષોની યુતિ વચ્ચે છે. એનડીએમાં ભાજપ ઉપરાંત ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન, જનતા દળ (યુ) અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)નો સમાવેશ થાય છે, જ્યારે વિપક્ષોની યુતિમાં જેએમએમ, કૉંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળનો સમાવેશ થાય છે.

ઝારખંડ વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૧૫ જિલ્લાની ૪૩ બેઠક પર ૬૮૫ ઉમેદવાર ઊભા હતા.

ઝારખંડ વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૧૫,૩૪૪ મતદાન કેન્દ્ર ખાતે મતદાન થયું હતું. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ચંપાઇ સોરેન, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મધુ કોડાનાં પત્ની ગીતા કોડા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન રઘુવર દાસનાં પુત્રવધૂ પૂર્ણિમા દાસે ચૂંટણીના પ્રથમ તબક્કામાં ચૂંટણી લડી હતી.

ઝારખંડમાં પ્રથમ તબક્કામાં ગયા બુધવારે કોડરમા, બરકટ્ઠા, બરહી, બરકાગાંવ, હજારીબાગ, સિમરિયા, ચતરા, બહરાગોડા, ઘાટશિલા, પોટકા, જુગસલાઇ, જમશેદપુર પૂર્વ, જમશેદપુર પશ્ચિમ, ઇચ્છા ગઢ, સરાયકેલા, ચાઇબાસા, મઝગાંવ, જગન્નાથપુર, મનોહરપુર, ચક્રધરપુર, ખરસાવા, તામાર, તોરપા, ખૂંટી, રાંચી, હટિયા, કાંકે, મંદાર, સિસઈ, ગુમલા, બિશુનપુર, સિમડેગા, કોલેબિરા, લોહરદગા, મણિકા, લાતેહાર, પનકી, ડાલ્ટનગંજ, બિશ્રામપુર, છતરપુર, હુસૈનાબા, ગઢવા અને ભવનાથપુરની બેઠક પર મતદાન યોજાયું હતું. (એજન્સી) ■

### ગૅંગસ્ટર લૉરેન્સ

આંતરરાષ્ટ્રીય પોલીસ (ઇન્ટરપોલ) દ્વારા અનમોલ બિશ્નોઇને પકડવા રેડ કોર્નર નોટિસ બહાર પડાઇ હતી.

પંજાબના ફઝીલકાનો મૂળ રહેવાસી અનમોલ બિશ્નોઇ બનાવટી પાસપોર્ટ પર ભારતમાંથી નાસી જઇને કેનેડા ગયો હોવાનું કહેવાતું હતું. નેશનલ ભારતના ત્રાસવાદ-વિરોધી એકમ - નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા અનમોલ બિશ્નોઇની સામે બે કેસ નોંધાયા હતા.

નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીએ 'છોટા ગુરુજી'ને મોસ્ટ-વૉન્ટેડ ગુનેગારોની યાદીમાં મૂક્યો હતો અને તેની ધરપકડના સંબંધમાં રૂપિયા દસ લાખના ઇનામની જાહેરાત કરી હતી.

ગાયક મૂસેવાલાની ૨૦૨૨માં હત્યા બાદ બિશ્નોઇ ગૅંગનું નામ ચગ્યું હતું. બાદમાં, અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ૧૪ એપ્રિલની રાતે કરાયેલા ગોળીબારમાં પણ આ ગૅંગ સંડોવાઇ હોવાનું કહેવાય છે. આ ઘટના બાદ સલમાન ખાનની સલામતી વધારાઈ હતી. સલમાન ખાનના નજીકના સાથી ગણાતા રાજકારણી બાબા સિદ્દીકીની ગયા મહિને થયેલી હત્યાના કેસમાં પણ બિશ્નોઇ ગૅંગની તપાસ થઈ રહી છે.

દિલ્હી અને દેશના અન્ય વિસ્તારોમાં 'ત્રાસવાદી હુમલા' માટે યુવાનોની ભરતી કરવા અને ભંડોળ ભેગું કરવામાં પણ બિશ્નોઇબંધુઓ સંડોવાયા હોવાનો આરોપ છે. (એજન્સી) ■

### અમિત શાહે

અર્ધલશ્કરી દળોના વધુ ૫,૦૦૦ જવાનો મણિપુર મોકલી રહ્યું છે.

સૂત્રોએ કહ્યું હતું કે ગૃહપ્રધાને કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ સાથે મણિપુર રાજ્યની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સૂત્રોએ કહ્યું હતું કે તેમણે કેન્દ્રીય દળોની તૈનાતીની વિગતો તપાસી હતી અને અધિકારીઓને બને એટલી વહેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો હતો. શાહે સતત બીજા દિવસે મણિપુરની સ્થિતિની સમીક્ષા કરી હતી. ગયા મે મહિનાથી અહીં વાંશિક હિંસા શરૂ થઈ છે અને તાજેતરમાં મહિલા અને બાળકોના મૃતદેહો મળી આવતા દેખાવો અને હિંસાને લીધે પરિસ્થિતિ સ્ફોટક બની છે. (એજન્સી) ■

### બંગાળના

ફેલાતા અથડામણ શરૂ થઈ હતી. પોલીસે કહ્યું છે કે અથડામણમાં કથિત રીતે સામેલ ૧૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

ડિસ્પ્લે બોર્ડ પર વાંધાજનક મેસેજ બાબતે એક જૂથ એકત્ર થઈ ગયું અને અથડામણ શરૂ થઈ. આ દરમિયાન બંને તરફથી એકબીજા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ઘણી દુકાનો અને ઘરોમાં તોડફોડ કરવામાં આવી હતી અને દેશી બનાવટના બૉમ્બ પણ ફેંકવામાં આવ્યા હતા.

અથડામણમાં પોલીસના વાહન પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેના પગલે પોલીસે ભીડ પર લાઠીચાર્જ કર્યો હતો. સવાર સુધીમાં પરિસ્થિતિ કાબૂમાં આવી ગઈ હતી પરંતુ વિસ્તારમાં તણાવ યથાવત છે. પોલીસના જણાવ્યા અનુસાર, મુર્શિદાબાદના બેલડાંગા અને નજીકના કાઝીસાહા અને બેગુરબન વિસ્તારોમાં કલમ ૧૬૩ લાગુ કરી દેવામાં આવી છે. આ વિસ્તારમાં ઇન્ટરનેટ સર્વિસ પણ સ્થગિત કરી દેવામાં આવી છે. ■

# નવી મુંબઈ ઍરપોર્ટથી વૉટર ટેકસી ૧૭ મિનિટમાં મુંબઈ પહોંચાડશે

મુંબઈઃ કેન્દ્ર સરકાર મુંબઈના લોકો માટે નવી વ્યવસ્થા ઊભી કરવા જઈ રહી છે, તેનાથી ભવિષ્યમાં મુંબઈગરાઓ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરફ જનારા રસ્તામાં ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે. તાજેતરમાં કેન્દ્ર સરકારના માસ્ટર પ્લાન અંગે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવતા કહ્યું હતું કે મુંબઈમાં ટૂંક સમયમાં વૉટર ટેક્સી ચાલુ કરવામાં આવશે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની તારીખ નજીકમાં છે ત્યારે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ તાજેતરમાં મોટી જાહેરાત કરતા જણાવ્યું હતું કે પ્રસ્તાવિત વૉટર ટેક્સી સેવા કાર્યરત થયા બાદ લોકો મુંબઈના કોઈ પણ ખૂણેથી આગામી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૧૭ મિનિટમાં પહોંચી શકશે. બાય રોડ ટ્રાવેલિંગના સમય અસરકારક રીતે ઓછો થશે, એમ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું છે.

ગઈકાલે થાણેમાં એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, આ પહેલને ટેકો આપવા માટે એરપોર્ટની નજીક જેટ્ટીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ માર્ચ, ૨૦૨૫ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે પ્રસ્તાવિત વૉટર ટેક્સી સર્વિસ શરૂ થવાથી મુંબઈના કોઈ પણ ભાગમાંથી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચવામાં ફક્ત ૧૭ મિનિટનો સમય લાગશે.

મુંબઈ અને થાણેમાં કનેક્ટિવિટીમાં પરિવર્તન લાવવા અને ટ્રાફિકને દૂર કરવાના હેતુથી સરકારની યોજનાઓ વિશે વાત કરતાં તેમણે કહ્યું હતું કે મુંબઈ અને થાણેની આસપાસના વિશાળ દરિયાઈ માર્ગોનો ઉપયોગ કરીને અમે ટ્રાફિકની ભીડ અને વાયુ પ્રદૂષણને નોંધપાત્ર રીતે ઘટાડી શકીએ છીએ.

મુંબઈ અને પુણેમાં ટ્રાફિકની સમસ્યાઓને સંબોધતા ગડકરીએ નવી દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેનો ઉલ્લેખ કર્યો, જે સંપૂર્ણ રીતે કાર્યરત થયા પછી બહારના ટ્રાફિકને વાળશે અને મેટ્રોપોલિટન વિસ્તારોમાં ભીડને હળવી કરશે તેવી અપેક્ષા છે. ■

# કોલાબામાં રાહુલ નાર્વેકર પ્રતિસ્પર્ધીઓ કરતાં ક્યાંય આગળ



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનું વાતાવરણ અત્યારે જામ્યું છે અને મતદાનને બે દિવસ બાકી છે ત્યારે મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર કોલાબા મતદારસંઘમાં પોતાના પ્રતિસ્પર્ધીઓ કરતાં ક્યાંય આગળ જણાઈ રહ્યા છે. વિધાનસભ્ય તરીકે વિસ્તારમાં કરેલા કામો અને જનતા સાથેના સીધા સંપર્કને કારણે તેમણે પ્રચારમાં ખાસ્સી એવી સરસાઈ મેળવી છે.

વિધાનસભ્ય તરીકેના પોતાના કાર્યકાળમાં નાર્વેકરે કોલાબા મતદારસંઘની સમસ્યાઓનો અભ્યાસ કર્યો હતો અને તેના નિરાકરણ માટે તન-મનથી કામ કર્યું હતું. આ વિસ્તારની બે સૌથી મોટી સમસ્યા ગણવામાં આવે તો એક જર્જરિત ઈમારતોની સમસ્યા છે અને બીજી સમસ્યા પાણીની અછતની છે.

રાહુલ નાર્વેકરે પોતાની બધી જ વગનો ઉપયોગ કરીને પાણીની અછતની સમસ્યાનું નિરાકરણ કરવા માટે તેમના મતદારસંઘમાં પાંચ રિઝર્વોયર બાંધવાની યોજના શરૂ કરાવી છે અને તેને માટેના કામ ચાલી રહ્યા છે. આર્થર બંદર રોડ પર ફરિયાસ હોટેલ, કફ પરેડ, નરીમાન પોઈન્ટ, ચીરા બજાર પાસે અને મસ્જિદ બંદરમાં આ પાંચ ભૂગર્ભ જળાશયો બાંધવાની દરખાસ્ત મંજૂર કરાવી છે અને તેથી હવે આ વિસ્તારના લોકોને પાણીની સમસ્યાનો સામનો કરવો પડશે નહીં.

આવી જ રીતે જર્જરિત ઈમારતોની સમસ્યાના નિરાકરણ માટે મ્હાડાના કાયદામાં કલમ ૭૯એ અને ૭૯બી કલમ સામેલ કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. અત્યારે આ મામલો સુપ્રીમ કોર્ટમાં ગયો છે અને આ કાનૂની લડાઈમાં હું સક્રિયતાથી ભાગ લઈ રહ્યો છું, એમ નાર્વેકરે કહ્યું હતું.

ચીરાબજાર, કાલબાદેવી, મસ્જિદબંદર, ઠાકુરદ્વાર, ફોર્ટ અને કોલાબા માર્કેટ જેવા વિસ્તારોની જૂની અને જર્જરિત ઈમારતોના રિડેવલપમેન્ટ માટે વધુ એફએસઆઈ મળે તે માટે પ્રસ્તાવ મૂક્યો છે. વિધાનસભ્ય ભંડોળમાંથી જૂની ઈમારતોના સમારકામ માટે નોંધપાત્ર ફંડ આપ્યું હોવાની માહિતી તેમણે આપી હતી.

કોલાબાના સ્થાનિક રહેવાસી હોવાથી લોકોને સહજ ઉપલબ્ધ છે. આમ તેમના કામ અને જનસંપર્કને આધારે તેમનો વિજય નિશ્ચિત હોવાનું માનવામાં આવે છે. ■

# ગામોની સતત અવગણના કરી કૉંગ્રેસેઃ ગડકરી

ગોંદિયાઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ સોમવારે કૉંગ્રેસની તેના શાસન દરમિયાન ખોટ ખાતા સાહસો લૉન્ચ કરવા, ગ્રામીણ વિસ્તારો તરફ ધ્યાન ન આપવા તથા દેશને અસલ વિકાસથી વંચિત રાખવા માટે ઝાટકણી કાઢી હતી. ખોટી નીતિઓ અને ભ્રષ્ટ સરકારને કારણે દેશને ભોગવવું પડ્યું હતું, એમ જણાવી ગડકરીએ અગાઉની કૉંગ્રેસની સરકારને લક્ષ્ય બનાવી હતી.

દેશમાં રોડ માળખાને મજબૂત બનાવવા માટે ગડકરીએ ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીનાં વખાણ કર્યા હતા.

ગોંદિયા જિલ્લામાં સડક અર્જુની ખાતે એક જાહેરસભાને સંબોધતા ગડકરીએ ઉક્ત નિવેદન કર્યું હતું. ભારતના ઇતિહાસમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ દેશના ૬.૫ લાખમાંથી ૩.૫ લાખ ગામોમાં રોડ કનેક્ટિવિટીને મજબૂત કરવાનું જો કોઇએ કામ કર્યું હોય તો તે છે અટલ બિહારી વાજપેયી. અગાઉની કૉંગ્રેસની સરકારે ગ્રામીણ વિસ્તારોને નજરઅંદાજ કર્યા હતા. તેઓએ હોટેલ્સ, સ્ટીલ ફેક્ટરીઓ, ઊર્જા સંબંધિત પ્રકલ્પો સ્થાપ્યા અને એરલાઇન્સ શરૂ કરી, પણ બધુ ખોટમાં ગયું અને હાલમાં તેમની લિલામી ચાલી રહી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

જો તેઓએ તે પૈસા ગ્રામીણ વિસ્તારોમાં રોડ, સિંચાઇની સુવિધા, સ્કૂલો, હોસ્પિટલો વગેરે બાંધવા માટે વાપર્યા હોત તો હાલની પરિસ્થિતિ ઘણી અલગ હોત. તેમની ભ્રષ્ટ સરકાર અને ખોટી નીતિઓને કારણે આપણે સહન કરી રહ્યા છીએ, એમ ગડકરીએ કહ્યું હતું. હકીકતમાં કૉંગ્રેસે બંધારણને નુકસાન પહોંચાડ્યું છે. ભૂતપૂર્વ વડાં પ્રધાન ઈન્દિરા ગાંધી જ્યારે રાય બરેલીથી ચૂંટાઇ આવ્યા હતા ત્યારે તેમની સામે અલાહાબાદ કોર્ટમાં રિટ પિટિશન દાખલ કરવામાં આવી હતી હાઇ કોર્ટે તેમની ચૂંટણીને ગેરકાયદે ગણાવી હતી, એમ ગડકરીએ કહ્યું હતું. ■

# ભારતના સામાજિક માળખાં અને અર્થતંત્ર પર પ્રહારો કરવામાં આવે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘણાં વિદેશી ભંડોળવાળાં જૂથોનું લક્ષ્ય તમામ સારી રીતે ચાલતી આર્થિક પ્રવૃત્તિઓને વિક્ષેપિત કરીને, ભારતની રાજનીતિને ખંડિત કરીને, લોકોને ધર્મ, પ્રદેશ, જાતિના આધારે વિભાજિત કરીને અને પછી કોઈક રીતે લોકશાહી રીતે ચૂંટાયેલી સરકારને ઉથલાવી દેવાનો છે. આનું મુખ્ય ઉદાહરણ બાંગ્લાદેશ જેવા પડોશી દેશોમાં તાજેતરની ઘટનાઓ છે. બાહ્ય શક્તિઓ સાથે જોડાણ ધરાવતા લોકો દેશને અસ્થિર કરવાનો પ્રયાસ કરે છે. ભારતમાં આર્થિક અરાજકતાને ઉત્તેજન અપાય છે. લગભગ ૧૨ વર્ષ પહેલાં, નરેન્દ્ર મોદીએ ભારત સરકારની બાગડોર સંભાળી તે પહેલાં જ, ડો. મનમોહન સિંહ, જેઓ તે સમયે વડા પ્રધાન હતા, તેમણે કહ્યું હતું કે વિદેશી ભંડોળથી ચાલતી NGOs ભારતીય અર્થવ્યવસ્થાને નિષ્ફળ બનાવવા માટે પ્રયત્નશીલ છે.

માત્ર બે મહિના પહેલા, પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે પણ આવું જણાવ્યું હતું. ''ટૂલકીટ'' સાથીઓ હવે ભારતીય અર્થવ્યવસ્થાને અસ્થિર બનાવવા માગે છે, શ્રી પ્રસાદે ઉમેર્યું હતું કે આ દળો હવે ''વિપક્ષના નેતા અને તેમના વિદેશી મિત્રો સાથે જોડાઈ રહ્યા છે અને અસ્થિરતા અને બદનામ કરવા માટે અરાજકતા ઊભી કરવાના પ્રયાસમાં છે.'' ભારતે આ વિપક્ષી નેતાઓથી સાવચેત રહેવું જોઈએ જેઓ માત્ર દેશના જુદા જુદા ભાગોમાં અરાજકતા ઊભી કરવામાં અને સત્તામાં આવવા ઈચ્છે છે.

કૉંગ્રેસ પાર્ટી, ઈન્ડી ગઠબંધનના કેટલાક પક્ષો સાથે, આર્થિક અરાજકતા નિર્માણ કરવામાં માને છે. દિલ્હીના રસ્તાઓ પર CAA-વિરોધી સૂત્રોચ્ચાર થયા પછી, રમખાણો થયાં હતાં, જેને દિલ્હી હાઈ કોર્ટે ''પૂર્વ આયોજિત કાવતરું'' તરીકે ટિપ્પણી કરી છે. ફાર્મ કાયદા સામે વિરોધ દરમિયાન, દિલ્હીની સરહદ પર, ઘણાં તત્ત્વો દ્વારા ભાગીદારી જોવા મળી હતી, જેઓ રાષ્ટ્ર વિરોધી સંગઠનો સાથે જોડાણ ધરાવતા હતા.

છેલ્લાં કેટલાંક વર્ષોથી, જ્યારે પણ સંસદનું સત્ર શરૂ હોય છે ત્યારે એક વિદેશી અહેવાલ બહાર આવે છે. ભારતનું સામાજિક માળખું, સંસદીય પરંપરાઓ, અર્થતંત્ર અને સેના, ચારેય પર આકરા પ્રહારો કરવામાં આવી રહ્યા છે. સમાજ, સંસદ અને સેના ઉપરાંત આપણી અર્થવ્યવસ્થા પર પણ હુમલા તેજ થયા છે. ભારતની સાહસિકતા સંસ્કૃતિનો વિકાસ થાય તે પહેલા જ તેને ખતમ કરવાનું ષડ્યંત્ર ચાલી રહ્યું છે. જે લોકો વેપાર કરે છે તેમના પ્રત્યે સમાજમાં નકારાત્મકતા ફેલાવવામાં આવી રહી છે. સમગ્ર વિશ્વને એવો સંદેશો આપવાનું ષડ્યંત્ર ચાલી રહ્યું છે કે ભારત રોકાણકારો માટે સુરક્ષિત નથી. અફવા ફેલાવવામાં આવી રહી છે કે ભારતીય સંસ્થાઓ વિદેશી રોકાણને સુરક્ષાની ખાતરી આપી શકતી નથી. સંસદના દરેક સત્ર દરમિયાન અસ્થિરતા અને અરાજકતા પેદા કરવા માટે વિપક્ષી નેતાઓના વિદેશો સાથે કેટલાંક જોડાણો હોય છે. તેઓ ભારતમાં આર્થિક અરાજકતા પેદા કરવા માગે છે. તાજેતરમાં, વિપક્ષના નેતા, રાહુલ ગાંધીએ એક બદનામ શોર્ટ સેલર (હિંડનબર્ગ)ના અહેવાલને ધ્યાનમાં લઈને વીડિયોમાં નાના અને મધ્યમ રોકાણકારોને ભારતીય શૅરબજારમાં રોકાણ ન કરવા આહ્‌વાન કર્યું હતું, ભારતીય રોકાણકારોએ રાહુલના દાવાને ફગાવી દીધો હતો.

એક તરફ કૉંગ્રેસ પક્ષ વિદેશી સંગઠનો સાથે આર્થિક અરાજકતાને વેગ આપવાનો પ્રયાસ કરી રહ્યો છે, અને બીજી બાજુ તે રાજકીય અસ્થિરતા ઊભી કરવાનો પ્રયાસ કરે છે. તેમના તાજેતરના યુએસ પ્રવાસમાં રાહુલ ભારતીય લોકશાહીમાં વિદેશી હસ્તક્ષેપની માગ કરી રહ્યા હતા. કૉંગ્રેસ સત્તામાં આવવા માટે એટલો ઉત્સુક છે કે તે ભારત વિરોધી શક્તિઓ સાથે જોડાણ કરી શકે છે. રાહુલ ગાંધીના ઉપયોગથી વિદેશી શક્તિઓ પોતાના એજન્ડાને આગળ ધપાવવા માટે પ્રયાસો કરી રહી છે.

સમાજના તમામ ક્ષેત્રોના સામૂહિક પ્રયાસથી લોકતાંત્રિક મૂલ્યોની રક્ષા થશે જે રાષ્ટ્રના વિકાસને આધાર આપે છે. ■

# સંઘ વિરોધી ટિપ્પણીનો જાવેદ અખ્તર સામેનો કેસ પાછો ખેંચાયો

મુંબઈઃ મુંબઈની એક અદાલતે વરિષ્ઠ ગીતકાર જાવેદ અખ્તરને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) પર કથિત વાંધાજનક ટિપ્પણી કરવાના આરોપસર તેમની સામેના બદનક્ષી કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે કારણ કે ફરિયાદીએ આ કેસ પાછો ખેંચી લીધો છે.

મુલુંડના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટક્લાસ) એસ. ડી. ચાક્કરએ ૮ નવેમ્બરે આ કેસને પાછો ખેંચી લેવામાં આવ્યો હોવાનું કહ્યું હતું. આદેશની એક નકલ સોમવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

આરએસએસના સમર્થક હોવાનો દાવો કરનારા વકીલ સંતોષ દુબેએ ઓક્ટોબર ૨૦૨૧માં અખ્તર વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૯ (માનહાનિ) અને ૫૦૦ (માનહાનિ માટે સજા) હેઠળ ગુનાઓ માટે મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

જાવેદ અખ્તરે એક ટેલિવિઝન ઇન્ટરવ્યુમાં કારણ વિના આરએસએસનું નામ લઈ સંસ્થાને ગણતરીપૂર્વક આયોજન કરી બદનામ કરી હોવાનો આરોપ દુબેએ કર્યો હતો. ફરિયાદ અનુસાર અખ્તરે ટીવી ઇન્ટરવ્યુમાં અફઘાનિસ્તાનમાં સત્તા કબજે કરવા માટે કટ્ટરપંથી સંગઠનની પૃષ્ઠભૂમિમાં તાલિબાન અને હિન્દુ ઉગ્રવાદીઓ વચ્ચે કથિત રીતે સમાનતા દર્શાવી હતી.

જોકે, દુબેએ તાજેતરમાં અખ્તર સામેની ફરિયાદ પાછી ખેંચવા માટે મેજિસ્ટ્રેટ સમક્ષ વધુ એક અરજી કરી હતી.

ફરિયાદીએ કોર્ટને જણાવ્યું હતું કે 'મધ્યસ્થીમાં પક્ષકારો વચ્ચે મામલો થાળે પડ્યો હોવાથી આરોપી સામે કેસ નથી ચલાવવો.' આથી, અદાલતે ગીતકારને નિર્દોષ જાહેર કર્યા હતા અને કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# કંગનાની 'ઈમર્જન્સી' હવે ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થશે

મુંબઈઃ કંગના રનૌતની વિવાદાસ્પદ ફિલ્મ 'ઈમર્જન્સી'ને ફરી એકવાર રિલીઝ ડેટ મળી ગઈ છે. વારંવાર મુલતવી રહ્યા બાદ હવે 'ઇમર્જન્સી' વર્ષ ૨૦૨૫માં રિલીઝ થવા થઇ રહી છે. કંગના રનૌતે સોશિયલ મીડિયા પર નવેમ્બરે ફિલ્મ નવી રિલીઝ ડેટની જાહેરાત કરી હતી.

સીબીએફસી એટલે કે સેન્સર બોર્ડ તરફથી પ્રમાણપત્ર મળ્યા બાદ કંગના રનૌતે તેની ફિલ્મ 'ઇમર્જન્સી'ની રિલીઝ ડેટની જાહેરાત કરી છે.

ફિલ્મ 'ઈમર્જન્સી'નું ટ્રેલર ૧૪ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ રીલિઝ થયું હતું. 'ઈમર્જન્સી'નું ટ્રેલર જોયા પછી કેટલાંક શીખ સંસ્થાઓએ કેટલીક ઘટનાઓ સામે વાંધો ઉઠાવ્યો હતો અને કોર્ટમાં ગયા હતા અને કહ્યું હતું કે આ ફિલ્મ તેમના સમુદાયને નકારાત્મક પ્રકાશમાં બતાવે છે. ■

# અતુલ ભાતખળકરની વિજય સંકલ્પ રેલીને મળ્યો પ્રચંડ પ્રતિસાદ




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલી (પૂર્વ)ના મહાયુતિના ઉમેદવાર અતુલ ભાતખળકરે ૨૪ ઓક્ટોબરે ચૂંટણી ફોર્મ ભરવાની સાથે જ પ્રચારની શરૂઆત કરી દીધી હતી. આ પછી, તેમણે કાર્યકરો સાથે કાંદિવલીમાં પ્રચારનો ઝંઝાવાત ઊભો કર્યો છે. ૨૪મી ઓક્ટોબરથી ૧૮મી નવેમ્બર સુધી, તેમણે કાંદિવલીમાં ૧૬+ રથયાત્રા, ૨૦+ પદયાત્રા, અસંખ્ય સ્થાનિક મુલાકાતો અને સંવાદો, ૩ જાહેરસભાઓ, ખુલ્લી ચર્ચાઓ જેવા તમામ માધ્યમો દ્વારા પ્રચાર કર્યો છે. દરમિયાન, ભોજપુરીના સુપરસ્ટાર મનોજ તિવારી, રવિ કિશન, દિનેશ લાલ યાદવ ઉર્ફે નિરાહુઆ, સૌરાષ્ટ્રના કવિરાજ લોકસાહિત્યકાર રાજભા ગઢવીએ અતુલ ભાતખળકરના સમર્થનમાં કાંદિવલીમાં પ્રચાર કર્યો હતો. કેન્દ્રીય ઉદ્યોગ અને વાણિજ્ય પ્રધાન અને ઉત્તર મુંબઈના સાંસદ પીયૂષ ગોયલે પણ અતુલ ભાતખળકરના સમર્થનમાં પ્રચાર રેલીઓ અને વીડિયો સંદેશાઓ દ્વારા મતદારોને અપીલ કરી હતી.

દરમિયાન પ્રચારના છેલ્લા દિવસે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે પણ અતુલ ભાતખળકર માટે આયોજિત ભવ્ય વિજય સંકલ્પ રેલી (બાઈક રેલી)માં ભાગ લીધો હતો. આ વખતે ભારતીય જનતા પાર્ટીના વિધાનસભા અધ્યક્ષ અપ્પા બેલવલકર, વિધાનસભા પ્રભારી સુધીર શિંદે, શિવસેનાના માજી નગરસેવક અને વિધાનસભા સંયોજક એકનાથ શંકર હુંડારે, માજી નગરસેવક શિવકુમાર ઝા, સુનીતા યાદવ, દક્ષા પટેલ, સુરેખા પાટીલ, સંગીતા શર્મા, સાગર સિંહ સહિત ભારતીય જનતા પાર્ટી અને મહાયુતિના પદાધિકારી કાર્યકર્તા અને મતદારોએ આ બાઈક રેલીને પ્રચંડ પ્રતિસાદ આપ્યો હતો. આ બાઇક રેલીને ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપ્યો હતો. આ અવસરે અતુલ ભાતખળકરે પોતાની જીતની ખાતરી આપતાં કહ્યું કે જો કાંદિવલી પૂર્વ મતવિસ્તારમાં ૧૦૦% મતદાન થશે તો તેમની જીત સવા લાખના માર્જિનથી થશે. કાર્યકરોએ પણ મોટી સંખ્યામાં અને ઉત્સાહ સાથે કામ કર્યું છે. તેથી વિજય નિશ્ચિત છે. તેમણે મતદારોને ૨૦ નવેમ્બરે મતદાન કરવા અપીલ કરી છે. ■

# અમીન પટેલના ઝંઝાવાતી પ્રચારનો સોમવારે સાંજે અંત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનું વાતાવરણ અત્યારે જામ્યું છે અને મતદાનને બે દિવસ બાકી છે ત્યારે ચૂંટણી પંચના નિયમો મુજબ સોમવારે સાંજે પ્રચાર બંધ થઈ ગયો હતો. અમીન પટેલે છેલ્લા પંદર દિવસમાં પોતાના મતવિસ્તારમાં ઝંઝાવાતી પ્રચાર કર્યો હતો અને પ્રચારમાં પોતાના બધા જ પ્રતિસ્પર્ધીઓને પાછળ રાખી દીધા હતા.

સોમવારે બપોરે ૧૨.૦૦ વાગ્યે અમીન પટેલની જંગી બાઈક રેલી નાગપાડાથી નીકળી હતી અને સમગ્ર વિસ્તારમાં ફરી ત્યારે તેમને મળી રહેલા વ્યાપક જનસમર્થનના દર્શન થયા હતા. તેમની બાઈક રેલીના રસ્તા પર કૉંગ્રેસના તિરંગા ઝંડાને કારણે આખું વાતાવરણ તિરંગામય બની ગયું હતું.



**યુવાનેતા સંગઃ** રાજસ્થાનના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન તેમ જ કૉંગ્રેસના યુવા-નેતા સચિન પાયલટ મુંબાદેવી વિસ્તારના કૉંગ્રેસના ઉમેદવાર અમીન પટેલની સાથે પ્રચાર રથ પર જોડાયા હતા.

અમીન પટેલના પ્રચારમાં યુવા કૉંગ્રેસી નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સચિન પાયલટ પણ જોડાયા હતા. આવી જ રીતે ભારતીય ટીમના ભૂતપૂર્વ કપ્તાન અને સ્ટાઈલિશ બેટ્સમેન તેમ જ ભૂતપૂર્વ સંસદસભ્ય અઝહરુદ્દીન અમીન પટેલ સાથે તેમના રથ પર સવાર થઈને પ્રચાર માટે નીકળ્યા ત્યારે નાગરિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

અમીન પટેલના કામ અને તેમના જનસંપર્કને જોતાં આ વિસ્તારમાંથી તેમના વિજયની શક્યતા વધુ જણાઈ રહી છે. ■






# 'ખોખા' લઇ વફાદારી બદલનાર નેતાઓનો અસ્વીકાર કરોઃ ખડગે

મુંબઈઃ કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે મહારાષ્ટ્રના મતદારોને એવા નેતાઓને હરાવવા વિનંતી કરી હતી કે જેમણે તેમનું સમર્થન બદલવા માટે નોંધપાત્ર લાંચ સ્વીકારી હતી અને તેમને ''૫૦ ખોખે'' તરીકે ઓળખાવ્યા હતા. ૨૦૨૨માં અવિભાજિત શિવસેનામાંથી અલગ થઈ ભાજપ સાથે સરકાર બનાવવા માટે મુખ્યપ્રધાન એકનાથ શિંદે માટે ''૫૦ ખોખે'' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વસઈમાં મહા વિકાસ અઘાડીના ઉમેદવારો માટેની રેલીમાં બોલતા ખડગેએ શિંદેને ટેકો આપનારા ધારાસભ્યોના નામ લીધા વિના દાવો કર્યો હતો કે પ્રત્યેક વ્યક્તિને વફાદારી બદલવા માટે ૫૦ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




# ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૧૫૧૮૮-સી)

**બોરીવલી**

SMART Educated કન્યા (December 1986) માટે બ્રાહ્મણ / વૈષ્ણવ સ્માર્ટ યુવક આવકાર્ય 9869781781. (દહેજ નહીં). (બી-૧૫૧૪૦)

### ૧૪. નોકરી ખાલી છે

CAREER OPPORTUNITY!! Retired/Housewives/Bankers/ Pensioners. Salary + Incentives + Benefits: 9820009864. (B-15139)

CAREER OPPORTUNITY!! Retired/ Homemakers/ Bankers/ Pensioners. Salary + Incentives. Ritika: 9653147764. (B-15111)

### ૧૭. જગ્યા આપવી છે

**PEDDAR ROAD-NANA CHOWK**

1 & 2 BHK Sea Facing On Ownership/ Lease Throwaway Price Must Sell Today Brokers Welcome Contact- "South Mumbai Realtors" 9987310819. (15181-G)

**VILEPARLE (WEST)**

2 BHK for Urgent Sale, Spacious 775 Usable Carpet, well maintained Building, Full Furnished, 1 open Parking, Low Outgoings, 3 side open, 2.85 Cr Negotiable. Owner 9820548425. (14493-A)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા / વેચવા / ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 / હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૨૪૬)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ-બાપાને-સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ-ગાળા-શેડ-યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૩૧. નાણાંકીય

૧૦,૦૦,૦૦૦

વળતર મહિને ૬૦૦૦ પ્લસ ૧૦ વર્ષમાં ૨૦,૦૦,૦૦૦ આપનો શુભચિન્તક અભય - 9223481847. (બી-૧૫૦૮૧)

### ૩૩. ધંધાદારી

**ડીમ કન્વેયન્સ**
**પ્રોપટીકાર્ડ ટ્રાન્સફર**
**સ્ટ્રકચર ઓડિટ**
**મેન્ટેનન્સ રીકવરી**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(જેપી-૪૯૫૬-બી)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૫૧૫૮-જી)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533 ચીરાબજાર: 9029181030. (૧૫૧૫૮-એ)


### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓનાં નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) અરઝીના બીબી | ૫૩ | ૫૦,૦૦૦ |
| ૨) અનરુલ સહા | ૬૧ | ૧,૫૦,૦૦૦ |
| ૩) અલગુના ખાતુન | ૩૦ | ૧,૫૦,૦૦૦ |
| ૪) અમીના બીબી | ૪૯ | ૧,૦૦,૦૦૦ |
| ૫) અમ્બાય દેવી ગુપ્તા | ૪૭ | ૮૦,૦૦૦ |
| ૬) અકબુલ અહમેદ | ૩૪ | ૧,૦૦,૦૦૦ |
| ૭) અબ્દુલ ફરીદ શેઈખ | ૩૫ | ૧,૫૦,૦૦૦ |
| ૮) એન્કેશ સાહુ | ૨૪ | ૮૦,૦૦૦ |
| ૯) અશોકે કબીરાજ | ૫૯ | ૧,૫૦,૦૦૦ |
| ૧૦) અમેન બીબી | ૫૫ | ૧,૦૦,૦૦૦ |
| ૧૧) અશોક સિંહ | ૫૯ | ૨૦,૦૦૦ |
| ૧૨) અલીમુદ્દીન શેખ | ૪૧ | ૨,૦૦,૦૦૦ |
| ૧૩) આનાવારી ખાતુન | ૬૫ | ૩૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૪) અંબિયા આરીફ સિદ્દીકી | ૫ | ૨,૫૦,૦૦૦ |
| ૧૫) અર્ચી અનિલ પ્રસાદ | ૨ | ૩,૦૦,૦૦૦ |
| ૧૬) અંકિત બીકાશ માજી | ૯ મહિના | ૩,૦૦,૦૦૦ |
| ૧૭) અંશ યાદવ | ૧૦ | ૫,૦૦,૦૦૦ |
| ૧૮) અડવાન સરફરાઝ અન્સારી | ૨ | ૮,૦૦,૦૦૦ |
| ૧૯) અયાંશ સંજય યાદવ | ૭ મહિના | ૧૯,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૨૦) અવિનાશ શંકર પગારે | ૩૫ | ૩,૦૦,૦૦૦ સાયન |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## સાંતાક્રુઝમાં નવ વર્ષના બાળકની હત્યાઃ બિહારથી આરોપી પકડાયો

મુંબઈઃ સાંતાક્રુઝમાં ગુમ થયેલા નવ વર્ષના બાળકની હત્યા કરવા પ્રકરણે બિહારથી ૩૧ વર્ષના આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની ઓળખ મહેશ્વરી મુખિયા તરીકે થઇ હોઇ તે ગાર્મેન્ટ ફેક્ટરીમાં કામ કરતો હતો.

સાંતાક્રુઝ પશ્ચિમમાં પરિવાર સાથે રહેતો બાળક ૭ નવેમ્બરે અચાનક ગુમ થયો હતો. બાળકનો કોઇ પત્તો ન લાગતાં બીજે દિવસે પોલીસમાં મિસિંગની ફરિયાદ નોંધાવાઇ હતી. ૧૧ નવેમ્બરે બાળકનો કોહવાયેલો મૃતદેહ ગાર્મેન્ટ ફેક્ટરી નજીક મળી આવ્યો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યા બાદ પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

પોલીસે એ વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં તેમાં બાળક સાથે આરોપી નજરે પડ્યો હતો. આરોપી પોતાના વતન બિહાર ભાગી છૂટ્યો હોવાનું જણાતાં પોલીસ ટીમ ત્યાં રવાના કરાઇ હતી અને પોલીસે આરોપીને ત્યાંથી પકડી પાડ્યો હતો. આરોપીએ પૂછપછમાં જણાવ્યું હતું કે તેણે બાળકનું તેના ઘર નજીકથી અપહરણ કર્યું હતું. તે બાળક સાથે દુષ્કર્મ કરવા માગતો હતો, પણ બાળક રડવા લાગતાં ગળું દબાવીને તેની હત્યા કરી હતી.

### કોવિડ સેન્ટર કૌભાંડ

## સંજય રાઉતના સાથી સુજિત પાટકરના જામીન કૉર્ટે નકાર્યા

મુંબઈઃ કોવિડ સેન્ટર કૌભાંડ કેસમાં વિશેષ અદાલતે સોમવારે શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતના બહુ નજીકના સાથી ગણાતા બિઝનેસમેન સુજિત પાટકરને જામીન આપવાનો ઇનકાર કર્યો હતો અને નોંધ્યું હતું કે તેણે ડૉક્ટરો અને સ્ટાફની વ્યવસ્થા કરવાની આડમાં લોકોના જીવન સાથે રમત રમી હતી.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ જણાવ્યું હતું કે પાટકરે રાજકીય વ્યક્તિ સાથેની નિકટતાનો લાભ લઇને તેની પાર્ટનરશિપ કંપની લાઇફલાઇન હોસ્પિટલ મેનેજમેન્ટે કોરોના મહામારી વખતે દહીસર અને વરલી જમ્બો કોવિડ સેન્ટરમાં ડૉક્ટરો અને મેડિકલ સ્ટાફ પૂરા પાડવા માટેનો કોન્ટ્રેક્ટ મેળવ્યો હતો.

અધૂરા અને ખોટા રેકોર્ડના આધારે મેળવેલા ટેન્ડર દ્વારા તેની કંપનીએ પાલિકા પાસેથી વારંવાર પૈસા પડાવ્યા હતા અને લાઇફલાઇન હૉસ્પિટલ મેનેજમેન્ટ સર્વિસિસને ૩૪.૪૪ કરોડ ચૂકવવામાં આવ્યા હતા જેમાંથી ૨.૮૧ કરોડ પાટકરે પોતાના ખાનગી બૅંક અકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા.

પ્રીવેન્શન ઓફ મની લૉન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની વિશેષ અદાલતે નોંધ્યું હતું કે મહામારીમાં કોઇ પણ વ્યક્તિ આગળ આવીને લોકોની મદદ કરે તેની જરૂર હતી. કોર્ટે કહ્યું હતું કે અરજદાર અને તેના પાર્ટનરે લોકોના જીવ બચાવવાના બહાને અપરાધી કાવતરું રચ્યું હતું તથા ડોક્ટરો અને સ્ટાફ પૂરા પાડવાને બહાને લોકોના જીવ સાથે રમત રમી હતી. પાલિકાની સાથે છેતરપિંડી કરવા માટે ખોટા બિલ અને વાઉચર્સ બનાવ્યા હતા.

## નાગપુરમાં બળાત્કાર બાદ કૉલેજિયનની હત્યા

નાગપુરઃ નાગપુર જિલ્લામાં ૨૬ વર્ષની કોલેજિયન પર બળાત્કાર ગુજાર્યા બાદ તેની હત્યા કરવામાં આવી હતી. મહિલાનો મૃતદેહ બસ સ્ટેન્ડ નજીકથી મળી આવ્યો હતો. ઉમરેડ ખાતે એમઆઇડીસી બસ સ્ટેન્ડ નજીક સોમવારે સવારના યુવતીનો મૃતદેહ મળી આવતાં સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી.

કોલેજમાં ભણતી યુવતી રવિવારે સવારે તેની માતાને એવું કહીંને ઘરેથી નીકળી હતી કે કેમ્પમાં જઇ રહી છે અને સાંજે પાછી ફરશે.

પોલીસના જણાવ્યા અનુસાર યુવતીને તેની માતાએ કૉલ કરીને પૂછ્યું હતું કે તે ક્યાં છે? ત્યારે યુવતીએ કહ્યું હતું કે તે ઉમરેડથી ૫૦ કિલોમીટર દૂર બ્રહ્માપુરી ખાતે છે અને તે ઘરે પાછી નહીં ફરી શકે. એ સમયે શખસે પણ યુવતીની માતા સાથે વાત કરી હતી અને તેને કહ્યું હતું કે તેની પુત્રીને તે ઘરે પરત આવવા નહીં દેશે. બાદમાં યુવતીનો મૃતદેહ ઉમરેડમાં બસ સ્ટેન્ડ નજીકથી મળી આવ્યો હતો, જેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. ડોક્ટરોએ જણાવ્યું હતું કે યુવતી પર બળાત્કાર ગુજાર્યા બાદ ગળું દબાવી તેની હત્યા કરવામાં આવી છે. (પીટીઆઇ)

## અભિનેત્રી કાશ્મીરા શાહને નડ્યો અકસ્માત

મુંબઈઃ કોમેડિયન કૃષ્ણા અભિષેકની પત્ની અને અભિનેત્રી કાશ્મીરા શાહ તેની ગ્લેમરસ સ્ટાઈલ માટે જાણીતી છે. એક્ટિંગમાં કરિયર બનાવ્યા બાદ કાશ્મીરા હવે મોટા અને નાના પડદાથી દૂર છે, પરંતુ સોશિયલ મીડિયા પર તેનો દબદબો હજુ પણ કાયમ છે. કાશ્મીરા શાહ તેની અંગત અને પ્રોફેશનલ લાઈફને કારણે અવારનવાર ચર્ચામાં રહેતી હોય છે.

તાજેતરમાં કાશ્મીરા શાહે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક ચોંકાવનારા સમાચાર શેર કર્યા છે, જેના કારણે તેના ચાહકો ઘણા ચિંતિત થઇ ગયા છે. દરેક વ્યક્તિ અભિનેત્રીના સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી રહ્યા છે. અભિનેત્રીએ લોહીથી લથબથ ફાટેલા કપડાં સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. કાશ્મીરાએ પોસ્ટમાં જણાવ્યું છે કે અકસ્માત ઘણો ભયંકર હતો, પણ તે બચી ગઇ છે. તેણે ભગવાનનો આભાર પણ માન્યો છે. તેણે લખ્યું હતું કે ભગવાનનો ખૂબ ખૂબ આભાર, એ ઘણું જ ખતરનાક હતું. કંઇક મોટું થવાનું હતું, પણ નાનામાં પતી ગયું. આશા રાખું છું કે કંઇ ડરામણું નહીં થાય. દરેક દિવસ, દરેક ક્ષણ જીવો. આજે હું મારા પરિવારને ખૂબ જ મિસ કરી રહી છું. કાશ્મીરાની આ પોસ્ટ ઉપર ફેન્સ અને સેલેબ્સ સતત કમેન્ટ કરી રહ્યા છે.

## રત્નાગિરિમાં રિફાઇનરી જ છે મુખ્ય ચૂંટણી મુદ્દો

બારસુ (રત્નાગિરિ): રત્નાગિરિ જિલ્લાના રાજાપુર તાલુકાના બારસુ ખાતે અને આજુબાજુનાં ગામોમાં મહારાષ્ટ્ર સરકારે અબજો ડોલરના રિફાઇનરી પ્રોજેક્ટ માટે જમીન ફાળવી છે, જે હવે તેના વિરોધીઓ અને સમર્થકો માટે વિરોધનું કેન્દ્ર બની ગયું છે અને ૨૦ નવેમ્બરે યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પહેલા રિફાઇનરી પ્રોજેક્ટ અહીં એક ચૂંટણી મુદ્દો બની ગયો છે.

જે લોકો તેનો વિરોધ કરે છે તેઓ દાવો કરે છે કે સરકાર કાજુ અને કેરીના વાવેતર માટે જાણીતા પ્રદેશમાં પ્રોજેક્ટ માટે બળજબરીથી જમીન લેવા માગે છે અને જેઓ તેને ટેકો આપે છે તેઓ આ પ્રદેશમાં વિકાસ અને રોજગારીની તકોના અભાવને કારણે સ્થળાંતર થવાનો ઉલ્લેખ કરે છે.

બારસુથી થોડે દૂર સૂચિત જૈતાપુર ન્યુક્લિયર પાવર પ્લાન્ટ છે. જો બધું આયોજન પ્રમાણે ચાલે તો વિશ્વનો સૌથી મોટો અણુ ઊર્જા પાર્ક બનવાની ધારણા છે. જેમાં વિરોધ પણ જોવા મળ્યો હતો. ૨૦૧૧ માં, ત્યાંના એક પ્રદર્શનકારીને પોલીસની ગોળી વાગી હતી. રિફાઇનરી પ્રોજેક્ટ માટે ગોવલ, શિવને, ધૂતપાપેશ્વર (બારસુ), દેવચે ઘોટને, સોલગાંવ ગામોમાં બારસુ અને તેની આસપાસની લગભગ ૧૫,૦૦૦ એકર જમીન સંપાદિત કરવાની દરખાસ્ત છે.

જ્યારે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર અને રાજ્યની તત્કાલીન દેવેન્દ્ર ફડણવીસ સરકારે નાણારમાં રિફાઇનરી માટે મંજૂરી આપી હતી, ત્યારે તેમના અનુગામી ઉદ્ધવ ઠાકરેએ તેને રદ કરી, બારસુ અને પડોશી ગામોને નવી સાઇટ તરીકે પ્રસ્તાવિત કર્યા હતા. પરંતુ સ્થાનિકોએ તેની સામે વાંધો ઉઠાવ્યા બાદ હવે ઠાકરેની પાર્ટી તેનો વિરોધ કરી રહી છે.

તાજેતરમાં રત્નાગિરિમાં એક રેલીમાં બોલતા, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઠાકરેએ કહ્યું હતું કે એકવાર રાજ્યમાં મહા વિકાસ આઘાડી સત્તામાં આવ્યા પછી કોંકણમાં રિફાઇનરી જેવા પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવશે નહીં. બીજી બાજુ, મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે તે એમવીએ સરકારે જ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ બળ સાથે અથવા સ્થાનિકોની સહમતિ વિના અમલમાં આવશે નહીં.

## મતકેન્દ્ર નજીક ચંપલ પહેરવા પર બંધીની માગણી

### આચાર સંહિતાનો ભંગ થાય છે એમ કહી ચંપલના ચિહ્ન સાથે ચૂંટણી લડી રહેલા ઉમેદવારની પ્રતિબંધની માગણી

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી લડી રહેલા એક અપક્ષ ઉમેદવારે ધારાશિવમાં પોતાના મતવિસ્તારના મતદાન કેન્દ્ર નજીક ચંપલ પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે. ચંપલ એનું ચૂંટણી ચિહ્ન છે અને એ પહેરવા ચૂંટણી આચારસંહિતાનું ઉલ્લંઘન ગણાશે એવી દલીલ તેણે કરી છે. પરંદા વિધાનસભા બેઠકના ઉમેદવાર ગુરુદાસ સંભાજી કાંબળેએ મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં 'ચંપલ' પર પ્રતિબંધ મૂકવાની માગ કરી છે. ભારતીય ચૂંટણી પંચની આચાર સંહિતા અનુસાર ઉમેદવાર મતદાન કેન્દ્રોની નજીક પોતાનું ચિહ્ન નથી દર્શાવી શકતો.ચૂંટણી અધિકારીને ઉદ્દેશીને લખેલા પત્રમાં કાંબળેએ દલીલ કરી હતી કે 'મતદારો કે અધિકારીઓને બૂથની નજીક ચંપલ પહેરવાની છૂટ આપવાથી અજાણતાં જ નિયમોનો ભંગ થશે. મારું ચૂંટણી ચિહ્ન ચંપલ છે. મતદાન કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં ચંપલ પહેરવાથી આચાર સંહિતાનું ઉલ્લંઘન થાય. (પીટીઆઈ)

## નવી મુંબઇ પર ફરી વર્ચસ્વ જમાવવા નાઈક પિતા-પુત્ર મેદાનમાં

નવી મુંબઈઃ ભાજપ નેતા ગણેશ નાઈક અને તેમના પુત્ર સંદીપ, જેમણે જે.પી. નડ્ડાની આગેવાની હેઠળની પાર્ટી સામે બળવો કર્યો અને શરદ પવારની એનસીપી (એસપી)માં જોડાયા, હવે ઐરોલી અને બેલાપુર વિધાનસભા બેઠકો પર ફસાયા છે કારણ કે, પરિવાર એક આયોજિત સેટેલાઇટ સિટી એવી નવી મુંબઈમાં તેમનું વર્ચસ્વ પાછું મેળવવા માંગે છે.

એનસીપી ઉમેદવારો તરીકે, ગણેશ નાઈક અને સંદીપ નાઈક અનુક્રમે બેલાપુર અને ઐરોલી મતવિસ્તારમાંથી જીતીને એક સમયે પ્રદેશ પર અજોડ વર્ચસ્વ જમાવ્યું હતું. ૨૦૧૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સત્તામાં આવ્યા ત્યારે, નવી મુંબઈના નાઇકોને આંચકોનો સામનો કરવો પડ્યો. ૨૦૧૯ની ચૂંટણીઓ પહેલા, નાઇક પરિવારે એનસીપીમાંથી ભાજપ તરફ વફાદારી બદલી અને ઐરોલી વિધાનસભા બેઠક પર જીત મેળવી.

''પિતા-પુત્રની જોડી નવી મુંબઈ પર ફરીથી કબજો જમાવવાની યોજના બનાવી રહી છે, પરંતુ લોકો માહિતગાર છે. તેઓ (નાઈક) નકલી વીડિયો ફરતા કરી રહ્યા છે અને મને આક્રમક કહી રહ્યા છે,'' મ્હાત્રેએ જણાવ્યું હતું.

શિવસેના સાથે નાઇક પરિવારની પરંપરાગત દુશ્મનાવટ બંને વિધાનસભા બેઠકોમાં ચાલી રહી છે જ્યાં એકનાથ શિંદેની આગેવાની હેઠળના પક્ષના નેતાઓ વિજય ચૌગુલે અને વિજય નાહટા અનુક્રમે ઐરોલી અને બેલાપુર બેઠકો પરથી અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા છે. ''એવી ખોટી માન્યતા છે કે નવી મુંબઈમાં નાઈક પિતા-પુત્ર દબદબો છે. તેઓ ભૂતકાળમાં પરાજિત થયા છે,'' નિવૃત્ત અમલદારમાંથી રાજકારણી બનેલા નાહટાએ જણાવ્યું હતું.

## અક્ષય-જહોનની 'ગરમ મસાલા' ફિલ્મ નીકળી ફ્રેંચ નાટકની કોપીઃ ૧૯ વર્ષ બાદ સોશિયલ મીડિયા પર ચર્ચા

મુંબઈઃ બોલિવૂડના બે એનર્જેટીક એક્ટર્સ અક્ષય કુમાર અને જોન અબ્રાહમ ત્રણ ફિલ્મોમાં સાથે કામ કરી ચુક્યા છે. ત્રણેય વખત આ જોડીએ લોકોને ભરપુર મનોરંજન પૂરું પાડ્યું છે. 'ગરમ મસાલા', 'દેશી બોયઝ' અને 'હાઉસફુલ ત્રણેય ફિલ્મોએ દર્શકોને પેટ પકડીને હસાવ્યા હતાં. પરંતુ હાલ વર્ષ ૨૦૦૫માં રિલીઝ થયેલી ફિલ્મ ગરમ મસાલા' સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. ગરમ મસાલા ફિલ્મને કલ્ટ ફિલ્મ માનવામાં આવે છે, આ એક કોમેડી ફિલ્મ હતી, જેનું દિગ્દર્શન પ્રિયદર્શને કર્યું હતું. આ ફિલ્મમાં પરેશ રાવલ, રિમી સેન, મનોજ જોશી અને રાજપાલ યાદવ પણ સહાયક ભૂમિકામાં જોવા મળ્યા હતાં. વાર્તા અક્ષય કુમારના પાત્ર મેકની આસપાસ છે અને જોન અબ્રાહમે સેમનું પાત્ર ભજવ્યું છે, બંને બેચલર છે. બંને ઘણી છોકરીઓ સાથે અફેરને કારણે ફસાઈ જાય છે ત્યારે જીવનમાં મુશ્કેલીઓ શરુ થાય છે. બેક ટુ બેક જૂઠ્ઠાણાથી સમસ્યાઓ વધતી જાય છે. આ ફિલ્મ ૧૯૯૨ની મલયાલમ ફિલ્મ 'મીસા માધવન'ની રિમેક છે. જો કે 'ગરમ મસાલા' અને 'મીસા માધવન' બંને વિદેશી ફ્રેન્ચ નાટક પર આધારિત છે, આ બાબત ૧૯ વર્ષ પછી સોશિયલ મીડિયા પર ચર્ચાઈ રહી છે. ફિલ્મ અને નાટક ની સરખામણી કરતો વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેને જોઈને લોકો કહે છે કે આ ફિલ્મ પણ કોપી-પેસ્ટ નીકળી. ફ્રેન્ચ નાટકની વાત થઇ રહી છે તેનું નામ છે 'બોઈંગ બોઈંગ' અને અત્યાર સુધી તેની ઘણી રીમેક બની છે.

## શરદ પવારે ખેડૂતોની દુર્દશા, બેરોજગારીના મુદ્દે મહાયુતિની ટીકા કરી

લાતુરઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના પ્રમુખ શરદ પવારે મહારાષ્ટ્રના ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ પર પ્રહાર કરતાં કહ્યું હતું કે જે ગઠબંધનને કૃષિની કોઈ સમજણ નથી અને શિક્ષિત બેરોજગારો માટે કોઈ દરકાર નથી તેને સત્તામાં રહેવાનો કોઈ અધિકાર નથી. રાજ્યમાં ખેડૂતોની અવગણના કરવામાં આવી રહી છે, જ્યારે મહત્ત્વના પ્રોજેક્ટ ગુજરાત તરફ વાળવામાં આવી રહ્યા છે એમ શરદ પવારે લાતુર જિલ્લાના ઉદગીરમાં વિપક્ષ મહા વિકાસ આઘાડી (એમવીએ) માટે એક સભામાં જણાવ્યું હતું. એનસીપી (એસપી)ના પ્રમુખે એમ પણ જણાવ્યું હતું કે એક સમયે સોયાબીન અને કપાસના ઉત્પાદનમાં મહારાષ્ટ્ર મોખરે હતું.

# પારસી મરણ

રોશન એરચ સુરતી તે મરહુમો મેહરામાય એરચશાહ સુરતીના દીકરી. તે મરહુમો તેહમીના એરચશાહ સુરતી ને સરોષ એરચશાહ સુરતીના બહેન. (ઉં. વ.૮૮) રે. ઠે. અનુરાધા બિલ્ડિંગ, મોગલ લેન, માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૧૧-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં-૨. બંગલીમાં.

# જૈન મરણ

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગજોડના રૂક્ષ્મણીબેન પ્રેમજી છેડા (ઉં. વ. ૮૩) તા. ૧૬-૧૧-૨૪ના અવસાન પામેલ છે. વેલબાઇ પ્રેમજી કુંવરજીના સુપુત્રી. સરોજના માતુશ્રી. ગજોડના કાંતીલાલ, શાંતીલાલ, અમૃતલાલ, દિવાળીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : દિવાળીબેન પ્રેમજી, ગજોડ, તા. ભુજ (કચ્છ) ૩૭૦૪૩૦.

નરેડીના માતુશ્રી કેસરબેન નાગડા (ઉં. વ. ૮૬) તા. ૧૭-૧૧-૨૪ ના અવસાન પામેલ છે. કેસરબેન કુંવરજીના પુત્રવધુ. ગોવિંદજીના ધર્મપત્ની. જયેશ, હંસા, મિનાક્ષી, જીનલના માતુશ્રી. નાના રતડીયા મૂલબાઈ રવજી ગડાના સુપુત્રી. મઠુભાઇ, રાયશી, કંકુબાઈ, ગોમીબાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેસરબેન નાગડા, કેસર નિવાસ, દુર્ગામાતા ચૌક,

બિદડાના અ.સૌ. રંજનબેન નરેન્દ્ર વીરા (ઉં. વ. ૬૮) તા. ૧૫-૧૧-૨૪ ના અવસાન પામેલ છે. પાનબાઈ મોરારજીના પુત્રવધુ. રશ્મીનના માતુશ્રી. ભાણબાઈ/શાંતાબેન ઉમરશીના પુત્રી. ભરત, વિકાસ, મનોજ, બિરેનના બેન. પ્રા. શ્રી માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા.૪ થી ૫.૩૦.

માપરના કાંતિલાલ પાસુભાઈ છેડા (ઉં. વ. ૭૦) કાર્તિક પૂનમ, તા. ૧૫-૧૧-૨૪ના અગાસ મુકામે દેહત્યાગ કરેલ છે. માતુશ્રી સ્વ. કેશરબેન પાસુભાઈ કચરાના સુપુત્ર. ચંદ્રિકાના પતિ. મિતેષ, કિંજલના પિતાશ્રી. સ્વ. રતીલાલ, સ્વ. રમેશ, દિનેશ, હરખચંદ, ભાનુબેન, રમીલાના ભાઇ. સ્વ. શાંતાબેન પ્રેમજીના જમાઇ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઈ), ૩ થી ૪.૩૦.

સાડાઉના અપર્ણા જીનેશ ગાલા (ઉં. વ. ૪૧) તા. ૧૬-૧૧-૨૪ના અવસાન પામેલ છે. નિર્મળા મનસુખના પુત્રવધુ. જીનેશના પત્ની. કોઠારાના દમયંતીબેન દિનેશના સુપુત્રી. સમીર, મયુરીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનસુખ નાનજી ગાલા, સી/૨૪, ભગત ઇસ્ટેટ, એમ.પી.વૈદ્ય માર્ગ, ઘાટકોપર (પૂર્વ).

# હિન્દુ મરણ

**ઘોઘારી મોઢ વણિક**

રાણપુર વતની ગં. સ્વ. અરવિંદાબેન ભોગીલાલ દોશી (ઉં. વ. ૮૭) હાલ પવઇ, મુંબઇ નિવાસી તા. ૧૨-૧૧-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રમાબેન શિવલાલ પોતદારના દીકરી. તે વિક્રમ, પ્રીતીના માતુશ્રી. વર્ષા અને કમલ જૈનના સાસુ. ચિરાગના દાદી. હર્ષ જૈનના નાની. પિયર પક્ષે ઇલાબેન, લતાબેન, નાજુબેન, કામિનીબેન, સ્વ. ભોગીલાલભાઇ, સ્વ. મહેન્દ્રભાઇના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર નરેન્દ્રભાઇ જેંતીલાલ દોશી (ઉં.વ. ૭૯) તે સ્વ. સરલાબેનના પતિ. કલ્પેશ, ગૌરાંગના પિતાશ્રી. તે અ. સૌ. સેતલ તથા અ. સૌ. મોનાના સસરા. તે ધ્વનીલ તથા ચિ. રોમીલના દાદા. સ્વ. કિશોરભાઇ, સ્વ. કિરીટભાઇ, સતિષભાઇ, દીપકભાઇના ભાઇ. સ્વસુર પક્ષે જૂનાગઢ નિવાસી સ્વ. જૈકુંવરબેન ભુરાલાલ ગાંધીના જમાઇ. તા. ૧૭-૧૧-૨૪ને રવિવારે શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મુળ ગામ જામ ખંભાળીયા હાલ અંધેરી રસીલાબેન બારાઇ (ઉં. વ. ૭૮) તે ધિરેન્દ્રભાઇ દ્વારકાદાસ બારાઇના પત્ની. તે મેહુલભાઇ, તેજલબેનના માતુશ્રી. કેરમાબેન તથા નિરંજનભાઇ જેટલીના સાસુ. સિમરીતા અને કૃષ્ણાથના દાદી. તે ધરમશીભાઇ લાલજી કાપડિયાના સુપુત્રી.સુરેશભાઇ જમનાદાસ રાજાણી તથા સ્વ. નરેન્દ્રભાઇ પ્રયાગનાથ જેટલીના વેવાણ. તા. ૧૮-૧૧-૨૪ના સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ડેડાણવાળા સ્વ. છોટાલાલ દામોદરદાસ મહેતાના પુત્ર ભરતભાઇ મહેતા (ઉં. વ. ૭૬) તા. ૧૮-૧૧-૨૪ના સોમવારના શ્રીચરણ પામેલ છે. ભારતીબેનના પતિ. તથા સ્વ. મનસુખલાલ જીવરાજ પારેખના જમાઇ. ભાવિન અને ભૈરવી નાયકના પિતા. અમીષા તથા ધવલ નાયકના સસરા. ક્રિશ અને આસ્થાના દાદા. સ્વ. હસુમતિ મંગળદાસ મહેતા અને અરુણાબેન જયંતભાઇ પારેખના ભાઇ. સર્વે પક્ષોની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૯-૧૧-૨૪ના ૫થી ૭. ઠે. ભારતીય વિદ્યા ભવન, ચોપાટી.

**ભાવનગરી મોચી**

ગામ પાનસડા હાલ મુંબઇ દહીંસર સ્વ. ભીખાભાઇ માવજીભાઇ ચૌહાણના ભત્રીજા. સ્વ. ચીમનભાઇ ચૌહાણના દિકરા. યોગેશભાઇ ચીમનભાઇ ચૌહાણ (ઉં. વ. ૫૩) તા. ૧૫-૧૧-૨૪ શુક્રવારના રામચરણ પામ્યા છે. તે જયશ્રીબહેનના પતિ. કૃપાંશુના પિતાશ્રી. તે હસમુખભાઇ સુખાભાઇ ચૌહાણ તથા શિલાબેનના ભત્રીજા. તે સ્વ. જયેશભાઇ, ભરતભાઇ, ઉમેશભાઇ, ઝંખનાના ભાઇ. સ્વ. ભાવનાબેન મેઘજીભાઇ વાઘેલાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૧-૧૧-૨૪ના ગુરુવારના સાંજે ૪થી ૬. ઠે. કાર્ટર રોડ નં.૫, બાલવાડીની સામે, ચેતન ડેરીની બાજુમાં, રોકડીયા હનુમાન મંદિર, બોરીવલી (ઇસ્ટ).

**પરજીયા સોની**

ગામ ખાગેશ્રીવાળા હાલ મલાડ ગં.સ્વ.મધુબેન જગડા (સોની) (ઉં. વ. ૮૨) ૧૬/૧૧/૨ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.કૃષ્ણકાંત પોપટલાલ જગડાના ધર્મપત્ની. સ્વ.રામજીભાઈ સગાળભાઈ મીનવાલાની દીકરી. રાજેશ, મીના ઘનશ્યામભાઈ ધોરડા, માયાબેન કિશોરભાઈ સુરૂ, દિમીબેન જયેશભાઇ ઝવેરીના માતુશ્રી, દર્શનાના સાસુ, ભરત, સ્વ.સુરેશ, અતુલ, સ્વ.વિજય, શીલા ભરતકુમાર સલ્લાના કાકી. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

મૂળ વતન ચૌટા રાજકોટ હાલ માટુંગા નિમિષ માવાણી (ઉં. વ. ૫૯) સ્વ.મુકુન્દરાય ડાહ્યાલાલ માવાણી તથા વીણાબેનના સુપુત્ર. મનીષાબેનના પતિ. સ્વ.અનંતરાય બાલકૃષ્ણ માલવિયા કેનેડાના જમાઈ. વિનય અને વિનીતના પિતા, પ્રિયંકાના સસરા. ઊર્મિલના ભાઈ તા.૧૭-૧૧-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તાઃ૨૧-૧૧-૨૪ ગુરૂવારના ૫ થી ૬.૩૦. રામજી અંદરજીની વાડી, ચંદાવરકર રોડ, માટુંગા (સે. રે.)

**સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રાહ્મોદય સમાજ**

ગામ કડોલી (હિંમતનગર) હાલ દહીંસર નિવાસી સ્વ. રમણીકલાલ જે. પંડયાના પત્ની જસુમતી ૨. પંડયા (ઉં. વ. ૮૫) સોમવાર તા. ૧૧-૧૧-૨૪ના સ્વર્ગવાસ પામ્યા છે. તે સ્વ. હીરાબેન ગીરજાશંકર રાવલના પુત્રી. ઉદયભાઇ, કેતનભાઇ, જયેશભાઇ, આશિષભાઇ, સાધનાબેનના માતા. હર્ષા, મીનલ, ગાયત્રી, શ્વેતા, અનુપમના સાસુ. પારસ, વૈભવ, અનુશ્રી, સેજલ, રૂતુજા, વત્સલ, દેવલ, દર્શન, કૃપાણીના દાદી. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૨૦-૧૧-૨૪ના ૫થી ૭. ઠે. મુક્તિ કમલ પાર્ટી હોલ, જૈન દેરાસરની બાજુમાં, એલ. ટી. રોડ, દહીંસર (વેસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી જ્ઞાતિ**

મોરચંદ નિવાસી હાલ ઉરણ રમેશભાઇ ગીરધરદાસ મહેતા (ઉં. વ. ૮૪) તે ગં. સ્વ. જયોત્સનાબેનના પતિ. નિશા, આશિતા અને કશ્યપના પિતા. બંકિમકુમાર, મનીષકુમાર અને પ્રીતિના સસરા. સ્વ. નગીનદાસ ગિ. મહેતા, જગદીશભાઇ, ઇલાબેન હિમાંશુકુમાર શાહના ભાઇ. સ્વ. જમનાદાસ મુળજીભાઇ ભગતના જમાઇ. મૈત્રેયી ઋષિકુમાર શાહ, હિતૈષીના દાદા તા. ૧૬-૧૧-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૧-૧૧-૨૪ના ૫થી ૭. ઠે. દશા શ્રીમાળી કોમ્પ્લેકસ, ઉરણમાં છે.

**પોરેચા મોઢ વણિક**

પોરબંદર નિવાસી હાલ મુંબઇ સ્વ. રમાબેન દ્વારકાદાસ પારેખના સુપુત્ર કિશોરભાઇ (ઉં. વ. ૮૮) તે મીનાક્ષીબેન પારેખના પતિ. તે નિલેશભાઇના પિતા. તે સ્વ. વિરેન્દ્રભાઇ, રમેશભાઇ, સ્વ. નલિનીબેન, સ્વ. સરલાબેન નિરંજનભાઇ ખંડેરિયા, ગં. સ્વ. ભારતીબેન અક્ષયભાઇ મઝુમદારના ભાઇ. તે અલ્પાબેન નિલેશભાઇ પારેખના સસરા તા.૧૬-૧૧-૨૪ને શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# બદલાપુર કેસમાં સીઆઇડીની આકરી ઝાટકણી કાઢી હાઇ કોર્ટે

## રેપિસ્ટ અક્ષય શિંદેના હાથ પર ગનશોટના કોઇ પુરાવા નથી મળ્યા

મુંબઈઃ બદલાપુરની શાળામાં બે નિર્દોષ બાળકી સાથે દુષ્કર્મ કરવા બદલ ધરપકડ કરાયેલા સફાઇ કર્મચારી અક્ષય શિંદેના ૨૩ સપ્ટેમ્બરે પોલીસ એન્કાઉન્ટરમાં થયેલા મૃત્યુની તપાસ માટે મુંબઇ હાઇ કોર્ટે સોમવારે મહારાષ્ટ્ર સીઆઇડીની ભારે ઝાટકણી કાઢી હતી.

જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને જસ્ટિસ પૃથ્વીરાજ ચવાણની ખંડપીઠ સામે સુનાવણી ચાલી રહી છે અને ખંડપીઠે નોંધ્યું હતું કે આ કેસની તપાસને હળવાશથી લેવામાં આવી છે અને તેમાં ઘણી ખામીઓ છે. અક્ષયના હાથો પર ગનશોટના અવશેષનો અભાવ અને તેને આપવામાં આવેલી પાણીની બોટલ પર ફિંગરપ્રિન્ટ ન હોવા સામે પણ કોર્ટે પ્રશ્ન ઉઠાવ્યા હતા અને તેને 'અસાધારણ' ગણાવ્યા હતા.

કેસની તપાસ કરી રહેલા મેજિસ્ટ્રેટ સામે સુપરત કરવાની સામગ્રીઓ ભેગી કરવામાં વિલંબ બદલ કોર્ટે સીઆઇડીના કાન આમળ્યા હતા. કાયદા હેઠળ કસ્ટડીમાં મોતના કેસમાં મેજિસ્ટ્રેટ દ્વારા તપાસ ફરજિયાત છે.

અમે સત્ય શોધવાના પ્રયાસ કરી રહ્યા છીએ. અમે દરેક ભેગી કરેલી અને મેજિસ્ટ્રેટ સમક્ષ મૂકેલી સામગ્રી જોવા અને તપાસ બરોબર ચાલી રહી છે કે નહીં તે જોવાના પ્રયાસ કરી રહ્યા છીએ. અમને ન્યાયી તપાસ જોઇએ. તપાસ યોગ્ય રીતે થવી જોઇએ અને જો નહીં થાય તો શા માટે નહીં તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, એમ કોર્ટે જણાવ્યું હતું.

જો તમામ સામગ્રી મેજિસ્ટ્રેટ સમક્ષ નહીં મુકાય તો અહેવાલ સમયસર સુપરત નહીં થઇ શકશે. તમે (સીઆઇડી) મેજિસ્ટ્રેટને વિગતો ન આપીને વિલંબ કેમ કરી રહ્યા છો? તમે હજી પણ નિવેદનો નોંધી રહ્યા છો. અમે ઇચ્છીએ છીએ કે કાયદા અનુસાર તમામ માહિતી મેજિસ્ટ્રેટને આપવામાં આવે. રિપોર્ટ આજે આવવો જોઇતો હતો અને પોલીસ હજી પણ નિવેદનો નોંધી રહી છે, એમ હાઇ કોર્ટે જણાવ્યું હતું.

રાજ્ય સીઆઇડી વતી હાજર એડવોકેટ જનરલ બિરેન્દ્ર સરાફને હાઇ કોર્ટે પૂછ્યું હતું કે તપાસમાં ખામીનો ખુલાસો કરવા માટે તમે શું કરશો. તપાસ જે રીતે ચાલી રહી છે તે જોવા માટે કોઇ નિષ્ણાતની આવશ્યકતા નથી. આ સાથે તપાસ બે સપ્તાહમાં પૂરી કરવા અને સર્વ સુસંગત સામગ્રી મેજિસ્ટ્રેટને સુપરત કરવાની તાકીદ કોર્ટે આપીને સુનાવણી બીજી ડિસેમ્બર પર મોકૂફ રાખી હતી.

ચૂંટણી જાહેર થઈ એના પહેલા જ બદલાપુરમાં બળાત્કારનો મુદ્દો બહુ જ મોટો થઈ ગયો હતો. બદલાપુરમાં જે રીતે લોકોએ આંદાલન કર્યું તેને કારણે સરકાર મુશ્કેલીમાં મુકાઈ હતી.સરકારે તુરંત પગલાં લીધા હતા.

જોકે આરોપીનું એન્કાઉન્ટર થઈ ગયા પછી ઘણા સવાલો ઊભા થયા હતા અને એ મામલાની તપાસ અત્યાર હાઇ કોર્ટ દ્વારા થઈ રહી છે. ■

# એન્ટિલિયા કેસમાં ભૂતપૂર્વ પોલીસને જામીનનો ઇનકાર

મુંબઈઃ બોમ્બે હાઇ કોર્ટે સોમવારે એન્ટિલિયા બોમ્બ વિસ્ફોટ કેસમાં અને ઉદ્યોગપતિ મનસુખ હિરેનની હત્યાના કેસમાં એક ભૂતપૂર્વ પોલીસકર્મીના જામીન નામંજૂર કરતા નોંધ્યું હતું કે તેની સામે પ્રથમદર્શી પુરાવા છે.

ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ પૃથ્વીરાજ ચવ્હાણની ખંડપીઠે જણાવ્યું હતું કે ભૂતપૂર્વ પોલીસ કર્મચારી સુનીલ માને સામેના ગુનાઓ ગંભીર પ્રકૃતિના છે, અને તે પુરાવા અને સાક્ષીઓ સાથે ચેડાં કરે તેવી શક્યતાને નકારી ન શકાય. વરિષ્ઠ પોલીસ નિરીક્ષક માનેની એપ્રિલ ૨૦૨૧માં ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નિવાસસ્થાન એન્ટિલિયાની બહાર વિસ્ફોટકોથી ભરેલી એસયુવી મળી આવતા વાહનના માલિક હિરેનની હત્યાના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ તેની વિરુદ્ધ કોઈ પુરાવા ન હોવાનો દાવો કરીને જામીન માગ્યા હતા.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ દાવો કર્યો હતો કે હિરેનની હત્યાના કાવતરામાં માનેની સંડોવણી હતી.

૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ અંબાણીના નિવાસસ્થાન નજીક પાર્ક કરેલા વિસ્ફોટકોથી ભરેલા વાહનની કથિત માલિકી હિરેનની હતી. પાંચમી માર્ચે થાણાની ખાડીમાંથી હિરેનનો મૃતદેહ મળી આવ્યો હતો.

અદાલતે જણાવ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ હિરેનની હત્યામાં માનેની સંડોવણી અને જટિલતા દર્શાવવા માટે પૂરતી સામગ્રી છે માને પોલીસ હોવાથી તે સાક્ષીઓ સાથે ચેડાં કરે તેવી શક્યતા નકારી ન શકાય. (પીટીઆઈ)■

# મનીષા ચૌધરીના પ્રચાર માટે સ્મૃતિ ઈરાનીની હાજરીમાં પાંચ કલાકની ઝંઝાવાતી બાઈક-રેલી




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનું વાતાવરણ અત્યારે જામ્યું છે અને મતદાનને બે દિવસ બાકી છે ત્યારે ચૂંટણી પંચના નિયમો મુજબ સોમવારે સાંજે પ્રચાર બંધ થઈ ગયો તે પહેલાં દહિસરનાં ઉમેદવાર મનીષા ચૌધરીના સમર્થનમાં પાંચ કલાકની ઝંઝાવાતી બાઈક-રેલીનું મતદારસંઘમાં આયોજન કરવામાં આવ્યું હતું. સૌથી મહત્ત્વની વાત એ છે કે સોમવારે મનીષા ચૌધરીના પ્રચાર માટે ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાની આવ્યાં હતાં. તેમને જોઈને મતદારસંઘના કાર્યકર્તાઓમાં જોશ ભરાયું હતું અને જંગી બાઈક રેલીને કારણે દહિસરના બધા જ રસ્તા ભગવામય બની ગયા હતા.

ઉમેદવારી પત્રક ભરીને તરત જ પ્રચારમાં લાગી ગયેલાં દહિસરનાં ભાજપનાં ઉમેદવાર મનીષા ચૌધરીએ છેલ્લા પંદર દિવસમાં ઝંઝાવાતી પ્રચાર કર્યો છે. તેમના પ્રચારને મળી રહેલા જનસમર્થન અને મતદારોના પ્રેમને જોઈને એવું લાગી રહ્યું છે કે તેમણે મતદારસંઘમાં બધા જ પ્રતિસ્પર્ધીઓ પર ખાસ્સી એવી સરસાઈ મેળવી લીધી છે અને તેમનો વિજય નિશ્ચિત માનવામાં આવે છે.

સોમવારે બપોરે ૧૨.૦૦ વાગ્યે સ્વામી વિવેકાનંદના પૂતળા પાસેથી બાઈક રેલીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યાંથી સોડાવાલા લેન, અનિલ દેસાઈ માર્ગ, હિમ્મતનગર, એસવીપી રોડ, એલ. એમ. મ્હાત્રે રોડ, પંચવન સોસાયટી, હોલી ક્રોસ રોડ, શુભજીવન સર્કલ, લિંક રોડ, ગણપત પાટીલ નગર, ડી-માર્ટ, દહિવલી, કાંદરપાડા સર્કલ, છત્રપતિ શિવાજી મહારાજ રોડ, આનંદ નગર, પેટ્રોલ પંપ, રાજેશ્રી ટોકીઝ, દહિસર સ્ટેશન રોડ, ભરૂચા રોડ, એસ.વી. રોડ, આંબાવાડી, દોલતનગર થઈને ઓંકારેશ્વર મંદિર પાસે બાઈક રેલીનું સમાપન થયું હતું. રેલીમાં સેંકડોની સંખ્યામાં લોકો ઉત્સ્ફૂર્તપણે જોડાયા હતા. ■

# ભારતમાં મોમેન્ટમ ઇન્વેસ્ટિંગઃ વૃદ્ધિ ઇચ્છનારાઓ માટે ઊભરતી વ્યૂહરચના



કાર્તિક કુમાર,
ફંડ મેનેજર,
એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

મોમેન્ટમ ઇન્વેસ્ટિંગ એ આકર્ષક વ્યૂહરચના છે જેણે તેના વિશિષ્ટ અભિગમ બદલ લોકોનું ધ્યાન ખેંચ્યું છેઃ એવી એસેટ્સ ઓળખવી અને તેનો લાભ લેવો જે મજબૂત, તેજીતરફી ટ્રેન્ડ દર્શાવતી હોય. મોમેન્ટમ ઇન્વેસ્ટિંગ ઊંચા ભાવે ખરીદીને વધુ ઊંચા ભાવે વેચવાના સિદ્ધાંત પર કેન્દ્રિત છે. આ વ્યૂહરચના, ખાસ કરીને નવા ફંડ્સ અને સૂચકાંકો દ્વારા ભારતમાં વધુ એક્સેસિબલ બની છે ત્યારે ડાયનેમિક વળતર ઇચ્છતા રોકાણકારો માટે તે તેમના પોર્ટફોલિયોમાં મૂલ્યવાન ઉમેરો બની શકે છે.

**★ મોમેન્ટમ ઇન્વેસ્ટિંગ શા માટે વિકાસલક્ષી રોકાણકારોને અપીલ કરે છે**

મોમેન્ટમ ઇન્વેસ્ટિંગના કેન્દ્રમાં બજારની વર્તણૂકમાં મજબૂત આંતરદ્રષ્ટિ રહેલી છેઃ સામૂહિક રોકાણકાર લાગણીના લીધે તાજેતરના બજારમાં આગળ રહેલી કંપનીઓ ટૂંકા ગાળામાં સારી કામગીરી બતાવવાનું ચાલુ રાખી શકે છે. વિકાસલક્ષી રોકાણકારો માટે આ વ્યૂહરચના આ ટ્રેન્ડ્સનો સક્રિયપણે લાભ લઈને ટૂંકાથી મધ્યમ ગાળાના લાભો મેળવવા માટેનો માર્ગ પૂરો પાડે છે. મોમેન્ટમ ઇન્વેસ્ટિંગ લાંબા ગાળા માટે એસેટ્સને રાખવાની અપેક્ષા વિના જ પર્ફોર્મન્સ ટ્રેન્ડ્સનો લાભ લેવા ઇચ્છતા રોકાણકારો માટે યોગ્ય છે.

**★ મોમેન્ટમ ઇન્વેસ્ટિંગની કાર્યપદ્ધતિ**

મોમેન્ટમ ઇન્વેસ્ટિંગને ઘણીવાર ઊંચા ભાવે ખરીદો, વધુ ઊંચા ભાવે વેચોની વ્યૂહચના તરીકે ગણવામાં આવે છે પરંતુ આ વ્યૂહરચના મજબૂત ક્વોન્ટિટેટિવ મેથડ્સ અને બિહેવિયરલ ફાઇનાન્સ પ્રિન્સિપાલમાં રહેલી છે.

**★ ભારતીય પરિપ્રેક્ષ્યમાં મહત્ત્વનાં ચાલકબળો**

ભારતમાં મોમેન્ટમ ઇન્વેસ્ટિંગ કેટલાક અનોખા ચાલકબળોનો લાભ મેળવે છે. પહેલું તો ભારતના બજારોની ઐતિહાસિક કામગીરી દર્શાવે છે કે નિફ્ટી ૨૦૦ મોમેન્ટમ ૩૦ જેવા મોમેન્ટમ સૂચકાંકો એ રિસ્ક-એડજસ્ટેડ આધારે વ્યાપક બેન્ચમાર્કને ઘણીવાર આઉટપર્ફોર્મ કર્યા છે.

**★ મોમેન્ટમ ઇન્વેસ્ટિંગનાં જોખમો અને વળતર**

મોમેન્ટમ ઇન્વેસ્ટિંગે મજબૂત પર્ફોર્મન્સનો અભિગમ દર્શાવ્યો છે, ખાસ કરીને રિસ્ક-એડજસ્ટેડ રિટર્ન્સના મામલે, ત્યારે રોકાણકારોએ તેનામાં પહેલેથી રહેલી અસ્થિરતાને સમજવી જોઈએ. રોકાણકારો માટે મહત્ત્વનું એ છે કે ડાયવર્સિફાઇડ પોર્ટફોલિયોના ભાગરૂપે આ ફંડનો લાભ લેવો અને તેની સમયાંતરે અસ્થિરતા સાથે સરેરાશથી વધુ વળતર માટે મોમેન્ટમની સંભાવનાને સંતુલિત કરવી.

# રશ્મી શુકલાની ડીજીપી તરીકેની નિમણૂકના કેસની ઝડપી સુનાવણીનો હાઇ કોર્ટનો ઇનકાર

મુંબઈઃ મહારાષ્ટ્રના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) તરીકે રશ્મી શુકલાની નિમણૂકને ગેરકાયદે અને આપખુદ નિર્ણય ગણાવીને કરાયેલી જનહિત અરજી પર ઝડપી સુનાવણી કરવાનો બૉમ્બે હાઇ કોર્ટે સોમવારે ઇનકાર કર્યો હતો.

વકીલ પ્રતુલ ભદાળે દ્વારા કરાયેલી આ અરજીમાં વિધાનસભાની ચૂંટણી સુધી મહારાષ્ટ્રના ડીજીપી તરીકે આઇપીએસ અધિકારી સંજય વર્માની કરાયેલી નશરતીથ નિમણૂકને પણ પડકારવામાં આવી હતી તથા ચૂંટણી જેવા કટોકટીના સમયે સ્વતંત્ર અને સક્રિય રીતે કાર્ય કરવાની તેમની ક્ષમતા ન હોવાનો દાવો અરજીમાં કરવામાં આવ્યો હતો.

વિધાનસભાની ચૂંટણી પહેલા ચૂંટણી પંચ દ્વારા રશ્મી શુકલાને પદ પરથી દૂર કરાયાના એક દિવસ બાદ પાંચમી નવેમ્બરે વર્માને મહારાષ્ટ્રના ડીજીપીનો પદભાર સોંપવામાં આવ્યો હતો.

સરકારી પરીપત્રમાં જણાવાયું હતું કે ચૂંટણી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી વર્મા ડીજીપીના પદ પર કાયમ રહેશે તથા આ સમયગાળા માટે શુકલાને ફરજિયાત રજા પર ઊતારી દેવામાં આવ્યા હતા.

સોમવારે ભદાળેએ આ પ્રકરણે ઝડપી સુનાવણી કરવાની માગણી કરી હતી, પણ કોર્ટે આ મુદ્દે અરજદારના કાયકાદીય અધિકાર પર સવાલ ઊઠાવ્યો હતો. નજેની સાથે અન્યાય થયો છે એ પક્ષ કોણ છે? જે વ્યક્તિને હંગામી ધોરણે નિમવામાં આવી છે તેને આવવું જોઇએ. તે આવી નથી. આમાં જનહિતનું કયું કારણ છે? અરજદારનો તેનાથી શું સંબંધ છે?થ, એવા સવાલ કોર્ટે ઉઠાવ્યા હતા. જેઓને ગેરલાભ થયો છે તેની માટે જનહિત અરજી કરાય છે. જેમની નિમણૂક કરાઇ છે તેની અસર અરજદારને કઇ રીતે થઇ રહી છે ?, એમ કોર્ટે ઉમેર્યું હતું. અરજદાર જો શુકલાની નિમણૂકને જે પડકારવા ઇચ્છે છે તો તે ફેબ્રુઆરીમાં પણ આવું કરી શકે છે. તેમાં કોઇ ઉતાવળ નથી, એમ જણાવતા કોર્ટે ઝડપી સુનાવણી હાથ ધરવાનો ઇનકાર કર્યો હતો. (પીટીઆઇ) ■

# ભિવંડીમાં સાડાત્રણ વર્ષનો બાળક ગુમઃ અપહરણનો ગુનો દાખલ

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં સાડાત્રણ વર્ષનો બાળક અચાનક ગુમ થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ભિવંડીના રામનગર વિસ્તારમાં રવિવારે સવારે બાળક છેલ્લે તેના ઘરની નજીક રમતો નજરે પડ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. દરમિયાન પરિવારજનોએ ઘણી શોધ ચલાવ્યા છતાં બાળકનો કોઇ પત્તો ન લાગતાં આખરે તેમણે પોલીસનો સંપર્ક સાધી મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭ (૨) (અપહરણ) હેઠળ ગુનો દાખલ કરીને બાળકની શોધ આદરી હતી. (પીટીઆઇ)■

# પરાગ શાહ એક ઈમાનદાર અને વિઝનરી નેતા છે એમને પ્રચંડ મતોથી વિજયી બનાવોઃ વિનોદ તાવડે



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનો પ્રચાર થમી ચૂક્યો છે અને હવે બધાની નજર ૨૦મી નવેમ્બરના થનારાં મતદાન ઉપર છે. એવામાં રવિવારના રોજ ભારતીય જનતા પાર્ટીના જનરલ સેક્રેટરી વિનોદ તાવડેએ ઘાટકોપર (ઈસ્ટ)ના ઉમેદવાર પરાગ શાહ માટે વોટની અપીલ કરતા ઘાટકોપર ઈસ્ટ ખાતે આવેલ સહકાર માર્કેટમાં સભાને સંબોધિત કરતાં કહ્યું હતું કે પરાગ શાહ પ્રામાણિક, વિકાશીલ, દૂરંદેશી વ્યક્તિત્વ ધરાવે છે. તેમણે ઘાટકોપરમાં લોકકલ્યાણનાં અનેક કાર્યો કર્યાં છે. ઘાટકોપરની પ્રગતિ માટે પરાગ શાહને પ્રચંડ મતોથી જીતાડો. આની સાથોસાથ વિનોદ તાવડેએ કેન્દ્ર સરકાર દ્વારા કરેલાં કાર્યો અને મહારાષ્ટ્રમાં મહાયુતિ દ્વારા કરેલાં કાર્યો લોકો સમક્ષ રાખ્યાં જેમ કે લાડલી બહેન યોજના, મેટ્રો, કોસ્ટલ રોડ, અટલ સેતુ, મુંબઈને ટૉલ ફ્રી કરાયું છે એવાં અનેક કાર્યો ગણાવ્યાં હતાં અને લોકોને પરાગ શાહને જીતાડવાની અપીલ કરી હતી. પરાગ શાહે ઘાટકોપર બ્રાહ્મણ સમાજના બેન્કવેટ હોલમાં યોજાયેલા એક સ્નેહસંમેલનમાં પણ હાજરી આપી હતી જ્યાં તેમણે ઘાટકોપરના બ્રાહ્મણ સમાજના લોકોને ઘાટકોપરના વધુ વિકાસ માટે મત આપવાની અપીલ કરી હતી. સોમવારના રોજ - જે પ્રચારનો છેલ્લો દિવસ હતો ત્યારે - પરાગ શાહ ઘાટકોપર (વેસ્ટ)માં ખલય વિલેજમાં ૐકાર મિત્ર મંડળના સભ્યો સાથે સંવાદ સાધ્યો હતો, જ્યાં ૐકાર મિત્ર મંડળના કાર્યકરોએ પરાગ શાહને પ્રોમિસ કર્યું હતું કે ગયા વખતે (૨૦૧૯ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી)માં જેટલું વૉટિંગ અમારે ત્યાંથી થયું હતું તેના કરતાં વધુ વૉટિંગ તમારા માટે કરાવીશું અને તમને પ્રચંડ મતોથી ફરી જીતાડીને દેખાડીશું. ■

# પત્નીને ટ્રિપલ તલાક આપી તેની હેરાનગતિ કરવા પ્રકરણે પતિ સહિત પાંચ સામે કેસ

થાણેઃ ટ્રિપલ તલાક આપવા તથા ચાર લાખ રૂપિયા માટે પત્નીની કથિત હેરાનગતિ કરવા પ્રકરણે થાણે પોલીસે એક વ્યક્તિ અને તેના પરિવારના અન્ય ચાર જણ સામે ગુનો નોંધ્યો હતો.


૩૩ વર્ષીય પીડિત મહિલા નાગપુરની રહેવાસી અને વકીલ છે તથા હાલમાં તે ભિવંડીમાં રહે છે. આ વર્ષના જાન્યુઆરીથી જુલાઇ વચ્ચે જ્યારે તે સાસરીયામાં રહેતી હતી ત્યારે આરોપીએ તેની પાસે ચાર લાખ રૂપિયા અથવા એક કારની કથિત માગણી કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

માગણી પૂરી ન થતા મહિલાની મારપીટ કરાઇ હતી અને તેનાં પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવાની ધમકી આપી હતી. ત્યાર બાદ આરોપીએ મહિલાને ટ્રિપલ તલાક આપ્યા હતા અને તેની સાથેના સંબંધો પર પૂર્ણવિરામ મૂક્યું હતું, એમ ફરિયાદમાં જણાવાયું હતું.

પીડિત મહિલાની ફરિયાદને આધારે સંબંધિત કલમો હેઠળ પોલીસે શનિવારે કેસ નોંધ્યો હતો.

મુસ્લિમો મહિલાઓ દ્વારા ટ્રિપલ તલાકને મુદ્દે હવે હિંમતથી ફરિયાદ નોંધાવાય છે. ■

## કપોળ અવસાન



ડેડાણવાળા સ્વ. છોટાલાલ દામોદરદાસ મહેતા ના પુત્ર

**ભરતભાઈ છોટાલાલ મહેતા**

(ઉ. વ ૭૬)

તા. ૧૮.૧૧.૨૦૨૪ ને સોમવાર ના રોજ શ્રીચરણ પામેલ છે.

ભારતીબેનના પતિ, હિરાબેન મનસુખલાલ પારેખના જમાઇ, સ્વ. હસુમતિ મંગળદાસ મહેતા અને અરૂણાબેન જયંતભાઇ પારેખનાભાઇ, મયંક, મનિષા, સેજલ, ભૈરવી અને ભાવિન ના પિતા, ધવલ નાયક તથા અમીષા ના સસરા, ક્રિશ અને આસ્થા ના દાદા.

સર્વે પક્ષોની **પ્રાર્થના સભા મંગળવાર તા. ૧૯.૧૧.૨૦૨૪** ના રોજ સાંજે ૫ થી ૭ મા રાખેલ છે. **સ્થળઃ ભારતીય વિદ્યા ભવન, ચોપાટી**

# શેરબજારમાં સારા વળતરની લાલચે ૧.૩૯ કરોડની છેતરપિંડી

થાણેઃ થાણેમાં શેરબજારમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે બે વ્યક્તિ સાથે ૧.૩૯ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે ઇન્વેસ્ટમેન્ટ કંપનીના માલિક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. મુંબ્રા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બંને વ્યક્તિએ સારા વળતરની આશાએ બે વર્ષમાં જૂન, ૨૦૨૩ સુધી તેમની કંપની મારફત ૧.૬૪ કરોડનું રોકાણ કર્યું હતું. જોકે આરોપીએ રૂપિયા શેરબજારમાં રોક્યા નહોતા અને તેનો દુરુપયોગ કર્યો હતો. તેણે બાદમાં ૨૪.૯ લાખ પાછા કર્યા હતા, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી.

પોલીસે આ પ્રકરણે રવિવારે ઇન્વેસ્ટમેન્ટ કંપનીના માલિક વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)■



# પ્રદૂષણ-વિરોધી કાર્યવાહીમાં વિલંબ નહિ કરતાઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે હવાનું પ્રદૂષણ ઘટાડવા માટેના ગ્રેડેડ રિસ્પોન્સ ઍક્શન પ્લાન (જીઆરએપી) - સ્ટેજ - ફોર હેઠળની કાર્યવાહીમાં થઇ રહેલા વિલંબ અંગે દિલ્હી સરકારને સોમવારે સવાલ કરવાની સાથે ચેતવણી આપી હતી કે અમારી અગાઉથી પરવાનગી લીધા વિના સંબંધિત કામગીરી હળવી નહિ કરતા.

ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ન્યાયાધીશ ઑગસ્ટિન જ્યોર્જ માસીહની બનેલી બૅન્ચે જણાવ્યું હતું કે દેશની રાજધાનીમાં હવાની ગુણવત્તા (ઍર ક્વૉલિટી ઇન્ડેક્સ) ઘણી જ ખરાબ થઇ ગઇ હોવા છતાં ગ્રેડેડ રિસ્પોન્સ ઍક્શન પ્લાન - સ્ટૅજ - ફૉરના અમલમાં વિલંબ થઇ રહ્યો છે. દિલ્હી સરકારના વકીલે બૅન્ચને જણાવ્યું હતું કે રાજ્ય સરકારે પ્રદૂષણ ઘટાડવા માટે ગ્રેડેડ રિસ્પોન્સ ઍક્શન પ્લાન - સ્ટૅજ - ફૉરનો અમલ સોમવારથી શરૂ કર્યો છે અને દેશની રાજધાનીમાં ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો છે.

બૅન્ચે દિલ્હી સરકારના વકીલને જણાવ્યું હતું કે ક્વૉલિટી ઇન્ડેક્સ ૩૦૦ અને ૪૦૦ની વચ્ચે થઇ જાય કે તુરત સ્ટૅજ - ફૉરનો અમલ શરૂ કરી દેવો જોઇએ. રાજ્ય સરકાર આ કાર્યમાં શું કામ વિલંબ કરી રહી છે?

અગાઉ, દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ઘણું જ વધી જતાં દિલ્હી - એનસીઆર હેઠળના વિસ્તારમાં સોમવારના સવારના આઠ વાગ્યાથી ગ્રેડેડ રિસ્પોન્સ ઍક્શન પ્લાન - સ્ટૅજ - ફૉરનો અમલ શરૂ કરાયો હતો, જેમાં ટ્રક સહિતના ભારે વાહનોના રાજધાનીમાંના પ્રવેશ પર પ્રતિબંધ મુકાયો છે અને પબ્લિક પ્રોજેક્ટ્સ ખાતે બાંધકામની પ્રવૃત્તિ કામચલાઉ અટકાવી દેવાઇ છે. (એજન્સી) ■

# દિલ્હી બન્યું ગૅસ ચેમ્બરઃ હવાની ગુણવત્તા કથળી

નવી દિલ્હીઃ દિલ્હીમાં સોમવારે હવાની ગુણવત્તાનું સ્તર વધુ કથળ્યું હતું. દિલ્હીના દ્વારકા, મૂંડકા અને નજાફગઢ જેવા વિસ્તારોમાં ઍર ક્વાલિટી ઈન્ડેક્સ (એક્યૂઆઈ) ૫૦૦ની નજીક પહોંચી ગયો હતો. દિલ્હીના મોટાભાગના વિસ્તારમાં ધુમ્મસ ફરી વળતાં લોકોએ આંખમાં બળતરા થતી હોવાની અને પાણી નીકળવાની ફરિયાદ કરી હતી.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી)ના જણાવ્યા અનુસાર દિલ્હીમાં સોમવારે સવારે આઠ વાગ્યે ૪૮૪ અને બપોરે બે વાગ્યે ૪૯૧ એક્યૂઆઈ નોંધાયો હતો.

૪૦માંથી ૩૭ મોનિટરિંગ સ્ટેશનનાં જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ દ્વારકા સેક્ટર ૮, નજાફગઢ, નબેરુનગર અને મુંડકામાં એક્યૂઆઈનું સ્તર સર્વાધિક ૫૦૦ જેટલું રહ્યું હતું. એક્યૂઆઈ ૪૫૦ના આંકને પાર કરતાં જ કમિશન ફૉર ઍર ક્વૉલિટી મૅનેજમેન્ટ (સીએક્યૂએમ)એ દિલ્હી તેમ જ તેની આસપાસના વિસ્તારમાં દિલ્હી એનસીઆરમાં ગ્રેડેડ રિસ્પોન્સ ઍક્શન પ્લાન (જીઆરએપી) સ્ટેજ ફૉર રિસ્ટ્રીક્શન અમલમાં મૂકવાનો આદેશ આપ્યો હતો. શહેરની હવાની ગુણવત્તાનું સ્તર ઘટીને અતિગંભીર શ્રેણીમાં આવી જતાં ડૉક્ટરોએ તમામ નાગરિકોનાં આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું હોવાની ચેતવણી આપી હતી. પ્રદૂષણના આ તબક્કે એન-૯૫ માસ્ક પહેરવો એ એક વિકલ્પ નહીં, પરંતુ જરૂરિયાત છે, એમ તેમણે કહ્યું હતું. તંદુરસ્ત વ્યક્તિને પણ શ્વસનતંત્ર અને આરોગ્ય સંબંધિત અન્ય સમસ્યાઓ થઈ શકે છે, એમ તેમણે કહ્યું હતું.



**પ્રદૂષણઃ** દિલ્હીમાં સોમવારે પ્રદૂષણનું સ્તર ગંભીર બની ગયા બાદ ધુમ્મસભર્યા વાતાવરણમાં ઑફિસે જઈ રહેલા લોકો. (એજન્સી)

બહુ જ જરૂરી કામ હોય તો જ લોકોએ ઘરની બહાર નીકળવું અને પ્રદૂષણની અસરથી બચવા માસ્કનો ઉપયોગ કરવો, એમ તેમણે કહ્યું હતું.

કોર્ટે રાજ્ય સરકારને કહ્યું હતું કે પ્રદૂષણનાં સ્તરમાં થયેલાં જોખમી વધારાને અંકુશમાં લેવા તમે શા પગલાં લીધાં છે તે કોર્ટ જાણવા માગે છે.

પત્રકાર પરિષદને સંબોધન કરતાં દિલ્હીનાં મુખ્ય પ્રધાન આતિશીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર પ્રદૂષણને મુદ્દે રાજકારણ કરી રહી છે અને ભાજપશાસિત હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં પરાળ બાળવાને અંકુશમાં લેવાં કોઈ પગલાં નથી લઈ રહી. (એજન્સી)

## પ્રદૂષણને કારણે દિલ્હીમાં અનેક ફ્લાઈટ મોડી પડી

દિલ્હીમાં સોમવારે પ્રદૂષણમાં થયેલા વધારાને કારણે હવામાનમાં ધુમ્મસ ફેલાઈ જતાં વિઝિબિલિટી ઘટી હતી જેને પગલે અનેક ફ્લાઈટ મોડી પડી હતી તો ૧૪ ફ્લાઈટને અન્ય રૂટ પર વાળવામાં આવી હતી, એમ અધિકારીઓએ કહ્યું હતું. ઍર ઈન્ડિયા, સ્પાઈસ જૅટ, ઈન્ડિગો ઍરલાઈન્સે સોશિયલ મીડિયા મારફતે પ્રવાસીઓને આ અંગે માહિતગાર કર્યા હતા. ૧૪માંથી ૧૩ ફ્લાઈટને જયપુર અને એકને દેહરાદૂન રૂટ પર વાળવામાં આવી હતી. ઈંદિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર દરરોજ ૧૪૦૦ કરતાં પણ વધુ ફ્લાઈટની અવરજવર રહે છે. (એજન્સી) ■

# કેન્દ્ર મણિપુરમાં સીએપીએફની વધુ ૫૦ કંપની મોકલાવશે



નવી દિલ્હી : ઈશાનના રાજ્ય મણિપુરમાં પડકારરૂપ સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ)ની વધુ ૫૦ કંપનીને આ અઠવાડિયે મણિપુરમાં મોકલાવાશે. જિરિબામ જિલ્લામાં હિંસા ફાટી નીકળતા અને તે બીજા સ્થળોએ ફેલાતા ૧૨ નવેમ્બરે હુકમ કાઢીને ગૃહ મંત્રાલયે વધુ ૨૦ સીએપીએફની કંપનીઓ મોકલાવી હતી. આમાં ૧૫ સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) અને બાકીની બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ની હતી.

હવે આ અઠવાડિયે વધુ ૫૦ કંપની મણિપુરમાં મોકલવામાં આવશે જેમાંથી ૩૫ કંપની સીઆરપીએફ અને બાકીની બીએસએફની હશે.

સીઆરપીએફના ડિરેક્ટર જનરલ એ.ડી. સિંહ અને સીએપીએફના બીજા અધિકારીઓ મણિપુરમાં જ છે. ગયા અઠવાડિયાની તૈનાતી પછી સીએપીએફની કુલ ૨૧૮ કંપનીઓ મણિપુરમાં છે. ગયા વર્ષના મે મહિનાથી મણિપુરમાં વાંશિક હિંસા થઈ રહી છે. (એજન્સી) ■

# મણિપુરના મુખ્ય પ્રધાને એનડીએની બેઠક યોજી

ઇમ્ફાલઃ મણિપુરના મુખ્ય પ્રધાન એન. બીરેન સિંહે રાજ્યમાંની હિંસા અને રાજકીય પરિસ્થિતિની સમીક્ષા કરવા અહીં શાસક એનડીએના નેતાઓની બેઠક સોમવારે સાંજે છ વાગ્યે યોજી હતી.

મણિપુર વિધાનસભાની કુલ ૬૦ બેઠક છે. સાત વિધાનસભ્ય ધરાવતી નેશનલ પીપલ્સ પાર્ટી (એનપીપી)એ ભાજપના નેતૃત્વ હેઠળની સરકારને આપેલો ટેકો રાજ્યમાંની હિંસા રોકવામાં સરકારની નિષ્ફળતાનું કારણ આપીને રવિવારે પાછો ખેંચી લીધો હતો.

નેશનલ પીપલ્સ પાર્ટીએ આક્ષેપ કર્યો હતો કે એન. બીરેન સિંહના નેતૃત્વ હેઠળની સરકાર રાજ્યમાંની હિંસાને રોકવામાં અને પરિસ્થિતિને સામાન્ય બનાવવામાં નિષ્ફળ ગઇ છે.

નેશનલ પીપલ્સ પાર્ટીએ રાજ્ય સરકારને આપેલો ટેકો પાછો ખેંચ્યો હોવા છતાં સરકાર સામે કોઇ મોટું જોખમ નથી, કારણ કે તેની પાસે હાલમાં વિધાનસભ્યોની બહુમતી છે. ભાજપના ૩૨ વિધાનસભ્ય છે અને નાગા પીપલ્સ ફ્રંટના પાંચ અને જનતા દળ (યુ)ના છ વિધાનસભ્યનો ટેકો પણ છે. દરમિયાન, કૉઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઇન્ટેગ્રિટીએ અગાઉ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર રાજ્યના લોકોના જાનમાલનું રક્ષણ કરવા માટે જરૂરી પગલાં લેવામાં નિષ્ફળ ગઇ હોવાથી તેના વિરોધમાં રાજ્યની બધી સરકારી ઑફિસ બંધ રહેશે. મણિપુરના જીરીબામ જિલ્લામાં હિંસાના છૂટક બનાવો ચાલુ રહ્યા હતા. અનેક સ્થળે તોફાનીઓ અને સલામતી દળ વચ્ચે અથડામણ થઇ હતી. રાજ્યમાં અપહરણ, હત્યા, આગ ચાંપવાના અને માલસામાનને નુકસાન પહોંચાડવાની અનેક ઘટના તાજેતરમાં બની હતી. (એજન્સી) ■



**સ્વાગતઃ**

વડા પ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે રિયો ડિ જાનેરો પહોંચ્યા ત્યારે ત્યાંના ભારતીય સમુદાયના લોકોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. (એજન્સી)

# કર્ણાટકની સરકારને તોડવા ભાજપની કૉંગી ધારાસભ્યોને ₹ ૧૦૦-૧૦૦ કરોડની ઑફરઃ કૉંગ્રેસ

મંડ્યાઃ કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા દ્વારા ભાજપ તેમની સરકારને તોડવા માટે કૉંગી ધારાસભ્યોને ૫૦ કરોડ રૂપિયાની ઑફર કરી રહ્યું હોવાના કરવામાં આવેલા દાવા બાદ શાસક પક્ષના એક ધારાસભ્યે સોમવારે આરોપ લગાવ્યો હતો કે વિરોધ પક્ષે આ ઑફર વધારીને ૧૦૦ કરોડ રૂપિયા કરી દીધી છે.

મંડ્યાના કૉંગી ધારાસભ્ય રવિકુમાર ગૌડા (રવિ ગનીગા)એ દાવો કર્યો હતો કે કિત્તુરના ધારાસભ્ય બાબાસાહેબ ડી. પાટીલ અને ચિકમંગલૂરના ધારાસભ્ય એચ.ડી. થમૈયા ભગવા પક્ષ દ્વારા સંપર્ક કરાયેલા લોકોમાં સામેલ હતા. તેમણે કહ્યું કે ભાજપ શાસક પક્ષના ધારાસભ્યોને આકર્ષવાનો પ્રયાસ કરી રહી હોવાની વાત સાબિત કરવા માટે તેમની પાસે દસ્તાવેજો અને પુરાવા છે. જો કે પાટિલ અને થમૈયા બંનેએ સ્પષ્ટ કર્યું કે ભાજપ કે અન્ય કોઈએ તેમનો સંપર્ક કર્યો નથી કે તેમને પૈસા કે કંઈ આપ્યું નથી. ભાજપે કૉંગ્રેસ અને તેના ધારાસભ્યોને દસ્તાવેજો જાહેર કરવા અને તપાસ સુનિશ્ચિત કરવા પડકાર ફેંક્યો છે.

રવિએ પત્રકારોને કહ્યું કે ભાજપે સરકારને પછાડવા અને ધારાસભ્યોને ખરીદવાના પ્રયાસો છોડી દેવા જોઈએ. અમારા કોઈ પણ ધારાસભ્ય 'ઓપરેશન કમલ'નો શિકાર નહીં બને. અમારી પાસે તેમના પ્રયાસોને સાબિત કરવા માટે દસ્તાવેજો અને પુરાવા છે. અમે યોગ્ય સમયે તેને મીડિયા સમક્ષ મૂકીશું. કૉંગ્રેસના ધારાસભ્યોએ આરોપ લગાવ્યો કે ભાજપ લગભગ ૫૦ ધારાસભ્યોને લલચાવવાની યોજના બનાવી રહ્યો છે અને આ રીતે સરકાર તોડી પાડવા માંગે છે. તેમણે કહ્યું કે આમાંથી કોઈ પણ પક્ષ બદલશે નહીં કારણ કે તે બધા પાક્કા કૉંગ્રેસી છે. ■

# યુએસમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારત ટોચ પરઃ અહેવાલ

નવી દિલ્હીઃ સોમવારે જાહેર કરાયેલ ઓપન ડોર્સ રિપોર્ટ ૨૦૨૪ અનુસાર ૩.૩ લાખથી વધુ ભારતીયો યુ.એસ.માં અભ્યાસ કરી રહ્યા છે, જે ૧૫ વર્ષમાં પ્રથમ વખત ભારતને અમેરિકામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો ''ટોચ મોકલનાર'' બનાવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં, યુ.એસ.માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે અગ્રણી સ્રોત દેશ ચીન અને ત્યાર પછી ભારત હતો. તાજેતરના ઓપન ડોર્સ રિપોર્ટ અનુસાર, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં યુ.એસ.માં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૩૩૧૬૦૨ પર ''ઑલ ટાઈમ હાઈ'' છે, જે ૨૦૨૨-૨૩ની સંખ્યા ૨૬૮૯૨૩ની સરખામણીએ ૨૩ ટકા વધારે છે. ઓપન ડોર્સ રિપોર્ટ ૨૦૨૪ પર યુએસ એમ્બેસીએ શેર કરેલી નોંધ અનુસાર ''ભારત હવે યુનાઇટેડ સ્ટેટ્સમાં કુલ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની વસ્તીના ૨૯ ટકા હિસ્સો ધરાવે છે.''

તાજેતરના અહેવાલ સાથે સંકળાયેલા સત્તાવાર ડેટા અનુસાર, ૨૦૨૩-૨૫ માટે યુએસમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ટોચના પાંચ સ્રોત દેશો છે - ભારત, ચીન (૨૭૭૩૯૮), દક્ષિણ કોરિયા (૫૩૧૪૯), કેનેડા (૨૮૯૯૮) અને તાઇવાન ( ૨૩૧૯૭). ''યુનાઇટેડ સ્ટેટ્સમાં અભ્યાસ કરતા ૩૩૧૬૦૨ વિદ્યાર્થીઓ સાથે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ (૨૦૦૮-૯ પછી પ્રથમ વખત) મોકલનાર ભારત ટોચનો દેશ બન્યો છે. ■

# કારની ડિક્કીમાંથી મૃત હાલતમાં મળેલી મહિલાના ભારતીય મૂળના પતિની શોધખોળ કરતી પોલીસ

લંડનઃ પૂર્વ લંડનમાં થોડા દિવસો પહેલાં એક કારની ડિક્કીમાંથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યા બાદ કેસની તપાસ કરી રહેલી બ્રિટિશ પોલીસે હત્યાની શંકાના આધારે ભારતીય મૂળના તેમના પતિની શોધખોળ આદરી છે. પોલીસને શંકા છે કે આરોપી આ મહિનાની શરૂઆતમાં તેની પત્ની હર્ષિતા બ્રેલાની હત્યા કરીને દેશ છોડીને ભાગી ગયો છે.

નોર્થમ્પ્ટનશાયર પોલીસ દ્વારા રવિવારે જારી કરાયેલા એક નિવેદન અનુસાર મુખ્ય નિરીક્ષક પોલ કેશે જણાવ્યું કે ૬૦થી વધુ જાસૂસો આ કેસ પર કામ કરી રહ્યા છે. પોલીસે આરોપી પંકજ લાંબાની તસવીર જારી કરીને લોકોને કોઈ પણ પ્રકારની સૂચના મળવા પર જાણકારી આપવાની અપીલ કરી છે. કેશે જણાવ્યું કે પૂછપરછ બાદ અમને શંકા છે કે હર્ષિતાની હત્યા તેના પતિ પંકજ લાંબાએ આ મહિનાની શરૂઆતમાં નોર્થમ્પ્ટનશાયરમાં કરી હતી. આ અગાઉ નોર્થમ્પ્ટનશાયર પોલીસે સપ્તાહના અંતે હત્યાની તપાસ શરૂ કરતાં લંડનમાં એક કારની ડિક્કીમાંથી મળી આવેલી મૃતક મહિલાનું નામ હર્ષિતા બ્રેલા જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું કે ગુરુવારની સવારે પૂર્વ લંડનના ઇલફોર્ડ વિસ્તારમાં બ્રિસબેન રોડ પર એક વાહનની ડિક્કીની અંદરથી ભોગ બનનારનો મૃતદેહ મળી આવ્યો હતો. શુક્રવારે 'લેસ્ટર રોયલ ઇન્ફર્મરી' ખાતે તેનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. 'ઇસ્ટ મિડલેન્ડ્સ સ્પેશિયલ ઓપરેશન મેજર ક્રાઇમ યુનિટ' (ઇએમએસઓયુ)ના વરિષ્ઠ તપાસ અધિકારી ડિટેક્ટિવ ચીફ ઇન્સ્પેક્ટર જોની કેમ્પબેલે કહ્યું કે ઇએમએસઓયુ અને નોર્થમ્પ્ટનશાયર પોલીસના ડિટેક્ટીવ્સ મહિલાના મૃત્યુના કારણની તપાસ કરવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે. ■

# અમેરિકામાં ગોળીબારની બે અલગ-અલગ ઘટનામાં બેનાં મોત, ૧૦ ઘાયલ

ન્યૂ ઓર્લિયન્સઃ અમેરિકાનું ન્યૂ ઓર્લિયન્સ શહેર ગોળીઓના અવાજથી ગૂંજી ઊઠ્યું હતું. અહીં બે અલગ-અલગ જગ્યાએ થયેલા ગોળીબારમાં બે લોકોનાં મોત થયાં છે, જ્યારે ૧૦ લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. પહેલો કેસ સેન્ટ રોચ વિસ્તારનો છે, જ્યાં નવ લોકો ઘાયલ થયા છે. જ્યારે બીજો કેસ અલમોનાસ્ટર એવન્યુ બ્રિજનો છે. અહીં ગોળીબારમાં બે લોકોનાં મોત થયાં હતાં. જ્યારે એક વ્યક્તિ ઘાયલ થઈ હતી. આ ઘટના અંગે માહિતી આપતાં પોલીસે જણાવ્યું કે હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. કેસની તપાસ ચાલી રહી છે. અધિકારીઓએ ગોળીબારની ઘટનાઓ વિશે માહિતી આપતાં કહ્યું કે બન્ને કેસના સંબંધમાં હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. ન્યૂ ઓર્લિયન્સ પોલીસ વિભાગની અખબારી યાદી અનુસાર ન્યૂ ઓર્લિયન્સના સેન્ટ રોચ વિસ્તારમાં બપોરે ૩-૩૦ વાગ્યા પછી ગોળીબાર થયાની માહિતી મળી હતી. ફાયરિંગની માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાંથી પોલીસને આઠ લોકો ઇજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યા હતા. તમામને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય એક ઘાયલ વ્યક્તિ ખાનગી કારમાં ત્યાં પહોંચ્યો હતો. આ ઘટનાની ૪૫ મિનિટ બાદ પોલીસને અલમોનાસ્ટર એવન્યુ બ્રિજ પર ફાયરિંગની બીજી ઘટનાની માહિતી મળી હતી. પોલીસે જણાવ્યું કે એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે બીજાનું હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. ત્રીજા પીડિતને ખાનગી વાહનમાં હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. તેની હાલત સ્થિર છે. પોલીસે જણાવ્યું કે બંને ઘટનાઓના સંબંધમાં હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. તેમ જ કેસ સાથે સંબંધિત કોઈ પણ શંકાસ્પદ વિશે કોઈ માહિતી મળી નથી. આ મામલે તપાસ ચાલી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેની કોમામાં! બીજો પુત્ર મોજતબા ઉત્તરાધિકારી

તેલ અવિવઃ મધ્યપૂર્વના દેશોમાં તણાવની સ્થિતિ બનેલી છે, ઈરાન અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધ ફાટી નીકળે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. એવામાં ઈરાનના નેતૃત્વમાં મોટા બદલાવ થવા અંગેના અહેવાલો છે.

એક અહેવાલ મુજબ ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામેનીની તબિયત લથડી છે, તેમના બીજા પુત્ર મોજતબા ખામેનીને તેમના ઉત્તરાધિકારી નીમવામાં આવ્યા છે.

ઇઝરાયલના એક મીડિયા આઉટલેટે આ અંગે અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે અધિકારીઓએ ગયા મહિને એક ગુપ્ત બેઠક દરમિયાન ખામેનીના ઉત્તરાધિકારીની પસંદગી કરી હતી.

અહેવાલો મુજબ અલી ખામેની કોમામાં સરી ગયા છે અને ગંભીર રીતે બીમાર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈરાનમાં સુપ્રીમ લીડરની પસંદગી એસેમ્બલી ઑફ એક્સપર્ટ દ્વારા કરવામાં આવે છે. ઈરાનમાં સર્વોચ્ચ નેતા બનવા માટે બે તૃતીયાંશ વોટ મેળવવા જરૂરી છે. એસેમ્બલી ઑફ એક્સપર્ટ ૮૬ મૌલવીઓનું જૂથ છે, તેમની ચૂંટણી દર ૮ વર્ષે યોજાય છે. પરંતુ તેમની પસંદગીમાં ગાર્ડિયન કાઉન્સિલ મોટી ભૂમિકા ભજવે છે. જો કે, ખામેનીની તબિયત બગડવા અંગે ઈરાન તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. મોજતબા ખામેનીની ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ ખામેનીના બીજા પુત્ર છે. તેનો જન્મ ૧૯૬૯માં મશહાદમાં થયો હતો, તેમણે ધર્મશાસ્ત્રમાં ગ્રેજ્યુએશન કર્યું. તેમણે ૧૯૯૯માં મૌલવી બનવા માટે કોમમાં અભ્યાસ કર્યો. ઉપરાંત, છેલ્લાં બે વર્ષ દરમિયાન, મોજતબા ખામેનીએ ઈરાનના શાસનમાં ઘણો અનુભવ મેળવ્યો છે. જો કે તેઓ ભાગ્યે જ જાહેરમાં જોવા મળે છે, ૨૦૦૯ની ચૂંટણી પછીના વિરોધને દબાવવામાં તેમની ભૂમિકા હોવાનું માનવામાં આવે છે. ■

# ૮૬ લાખથી વધુ તીર્થયાત્રીઓએ માતા વૈષ્ણોદેવીનાં દર્શન કર્યાં

જમ્મુઃ આ વર્ષે અત્યાર સુધીમાં જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લાના ત્રિકુટા પર્વતની ટોચ પર આવેલા માતા વૈષ્ણો દેવીના મંદિરમાં ૮૬ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ પૂજા-અર્ચના કરી છે, એમ શ્રાઈન બોર્ડના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.અધિકારીએ ઉમેર્યું હતું કે વર્ષ પૂર્ણ થવાના સમયે યાત્રાળુઓનો પ્રવાહ વધુ વધવાની ધારણા છે, ડિસેમ્બરના અંત સુધીમાં આંકડો ૯૫ લાખને વટાવી જવાની સંભાવના છે. શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી અંશુલ ગર્ગે જણાવ્યું હતું કે, ''ગઈકાલ સુધીમાં, આ વર્ષે, ૮૬ લાખ શ્રદ્ધાળુઓએ ગુફાની મુલાકાત લીધી હતી અને પૂજા કરી હતી.'' તેમણે કહ્યું કે માતા વૈષ્ણોદેવીનાં દર્શનાર્થે આવતા યાત્રિકોની સંખ્યા દર વર્ષે વધી રહી છે. ''ગયા વર્ષે, યાત્રાએ ૯૫ લાખનો નવો વિક્રમ સ્થાપ્યો હતો, જે ૨૦૨૩માં નોંધપાત્ર સીમાચિહ્નને વટાવી ગયો હતો. આગામી દિવસોમાં તે હજી વધવાની અપેક્ષા છે.'' એમ તેમણે જણાવ્યું હતું. ■

# બિહારના નાલંદામાં દંપતીની હત્યા કરીને મૃતદેહને ઘરમાં સળગાવી દેવાયા

નાલંદાઃ બિહારના નાલંદા જિલ્લામાં એક દંપતીની હત્યા કરીને તેમના મૃતદેહને ઘરની અંદર જ સળગાવી દીધા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

આ ઘટના છબિલાપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ડોગી ગામમાં રવિવાર અને સોમવારની વચ્ચેની રાત્રે બની હતી. મૃતકોમાં ડોગી ગામના રહેવાસી વિજય પ્રસાદ અને તેનાં પત્નીનો સમાવેશ થાય છે.

નાલંદાના પોલીસ અધિક્ષક ભરત સોનીના જણાવ્યા અનુસાર પ્રાથમિક તપાસ દર્શાવે છે કે પહેલા દંપતીની હત્યા કરવામાં આવી હતી અને પછી તેમના મૃતદેહને ઘરની અંદર સળગાવી દેવામાં આવ્યા હતા. હત્યા પાછળનો ઉદ્દેશ્ય હજુ સુધી જાણી શકાયો નથી.

રાજગીરના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી (એસડીપીઓ) સુનીલ કુમાર સિંહે જણાવ્યું કે આ ઘટના રવિવાર અને સોમવારની વચ્ચેની રાત્રે બની હતી.

કારણ કે ગામ લોકોએ દાવો કર્યો હતો કે બંને રવિવારે રાત્રે ૧૧ થી ૧૧-૩૦ વાગ્યા સુધી તેમના ગામમાં એક ધાર્મિક મેળાવડામાં હાજર હતા. તેમણે જણાવ્યું કે જે ઓરડામાં મૃતદેહ મળ્યા હતા, તેની ભોંય પર લોહીના ડાઘ જોવા મળ્યા હતા. તેમ જ અન્ય ઓરડાની ભોંય પર પણ લોહીના ડાઘ મળી આવ્યા હતા. તેમણે જણાવ્યું કે સોમવારે સવારે પોલીસ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યાં સુધીમાં મૃતદેહો લગભગ બળી ચૂક્યા હતા.

કેટલાક અવશેષોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે, જ્યારે રાખને વૈજ્ઞાનિક તપાસ માટે મોકલવામાં આવી શકે છે. એસડીપીઓએ જણાવ્યું કે ફોરેન્સિક નિષ્ણાતોની એક ટીમને પણ બોલાવવામાં આવી છે. જે સ્થળ પરથી હાજર વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરી રહી છે. તેમણે કહ્યું કે પોલીસ વિજય પ્રસાદના ૨૨ વર્ષના પુત્રની પૂછપરછ કરી રહી છે, જે ઘટના સમયે ઘરમાં હાજર ન હતો. ■

# મોબાઈલ ઘરે મૂકીને મતદાન કરવા જજો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી બુધવાર, ૨૦ નવેમ્બરના યોજાઈ રહી છે ત્યારે મુંબઈગરાને મતદાન કરવા જતા સમયે પોતાનો મોબાઈલ ઘરે મૂકીને જવાની અપીલ ઈલેકશન કમિશનર દ્વારા કરવામાં આવી છે. જો કોઈ પણ મતદાર પોતાનો મોબાઈલ ફોન લઈને મતદાન કેન્દ્રમાં ગયો તો તેને મતદાન કરવાથી વંચિત રહેવું પડે એવી શક્યતા છે.



આવતી કાલે વિધાનસભાની ચૂંટણી માટે મુંબઈ સજ્જ થઈ ગયું છે. મુંબઈમાં મતદાનની ટકાવારી વધે તે માટે મોટાપાયા પર જનજાગૃતિ કરવામાં આવી છે ત્યારે ફક્ત મોબાઈલ ફોનને કારણે મતદાનની ટકાવારીને નજીવો ઘટાડો થવાની શક્યતા ઉચ્ચ અધિકારીએ વ્યક્ત કરી હતી. ચૂંટણી પંચે ૧૦૦ મીટર પરિસરમાં મોબાઈલ ફોન અથવા તેના સમાન કોઈ પણ વસ્તુ મતદાન કેન્દ્રમાં લઈ જવા પર પ્રતિબંધ મૂક્યો છે, તેને લગતો સર્ક્યુલર પણ ચૂંટણી પંચે ૧૬ નવેમ્બરના બહાર પાડ્યો હતો.

બીએમસી કમિશનર અને મુંબઈ જિલ્લાના ચૂંટણી અધિકારી ભૂષણ ગગરાણીએ કહ્યું હતું કે ચૂંટણી પંચના આદેશ મુજબ મતદારોને મતદાન કેન્દ્રમાં મોબાઈલ લઈ જવાની મંજૂરી નથી. નાગરિકોએ પોતાનો મોબાઈલ ફોન ઘરે મૂકીને આવવો પડશે. અથવા પોતાની સાથે હાજર રહેલી વ્યક્તિને પોતાનો મોબાઈલ આપીને જ અંદર આવવાનું રહેશે. મોબાઈલ ફોન સ્વીચ્ડ ઓફ કરીને પણ અંદર લઈ જવાની મંજૂરી ચૂંટણી પંચે આપી નથી. તેથી નાગરિકોએ મોબાઈલ પોતાની સાથે લઈ જવા માટે પોલિંગ બૂથમાં ચૂંટણી કર્મચારીઓ સાથે દલીલ કરવી નહીં. ■

## મતદાન કેન્દ્રમાં મોબાઈલ પર બંધી કાયદેસરઃ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઇકોર્ટે સોમવારે જણાવ્યું હતું કે, આગામી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં મતદાન મથકો પર મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતો ભારતના ચૂંટણી પંચનોનિર્ણય ગેરકાયદે નથી.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી કે ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ અમિત બોરકરની ખંડપીઠે ૨૦ નવેમ્બરે યોજાનારી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મતદાન મથકો પર મોબાઇલ ફોન પર પ્રતિબંધના નિર્ણય સામે શહેર સ્થિત વકીલ ઉજાલા યાદવ દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી ફગાવી દીધી હતી.

પીઆઈએલમાં હાઇ કોર્ટને વિનંતી કરવામાં આવી હતી કે અદાલત મતદારોને ફોન લઇ જવાની મંજૂરી આપતો નિર્દેશ ઇસીઆઈ અને રાજ્ય ચૂંટણી પંચને આપે કે અને ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલી ડિજિલોકર એપ્લિકેશન દ્વારા તેમના ઓળખના પુરાવા બતાવવાની મંજૂરી મળે.

ખંડપીઠે કહ્યું હતું કે ઈસીઆઈ પાસે ચૂંટણી પ્રક્રિયા સરળ બનાવવા કોઈપણ પગલાં લેવાની સત્તા છે. અદાલતનું કહેવું હતું કે 'ચૂંટણી યોજવાની પ્રક્રિયા જટિલ હોય છે અને આમાં તમે (અરજદાર) કહી રહ્યા છો કે ડિજિલોકરમાં દસ્તાવેજ બતાવો. કોઈ પણ વ્યક્તિને ડિજિટલ લોકર દ્વારા તેમના ફોન પર ચકાસણી માટે માત્ર તેમના દસ્તાવેજો બતાવવાનો અધિકાર નથી.'

અરજીને ફગાવી દેતા અદાલતે કહ્યું હતું કે 'અમને (ઈસીઆઈના નિર્ણયમાં) કોઈ ગેરકાયદેસરતા જણાતી નથી.' પીઆઈએલમાં એવો દાવો પણ કરવામાં આવ્યો હતો કે મતદાન મથકો પર ફોન જમા કરાવવાની વ્યવસ્થા ન હોવાથી મતદારો વોટિંગ કરવા નહીં પ્રેરાય. (પીટીઆઈ) ■

## કાર ઉપર ભારે પથ્થરમારો કરાતા અનિલ દેશમુખ ગંભીર રીતે ઘાયલ

### ભાજપે આ હુમલાને સહાનુભૂતિ મેળવવાનો સ્ટંટ ગણાવ્યો



મુંબઈઃ વિધાનસભાની ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે સોમવારે રાતે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અને શરદ પવારની એનસીપીના નેતા અનિલ દેશમુખની કાર પર કટોલમાં પથ્થરમારો કરવામાં આવ્યો હતો જેમાં અનિલ દેશમુખ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અનિલ દેશમુખ નરખેડમાં એક સભાને સંબોધીને તિનખેડા બિશનૂર માર્ગે કટોલ પાછા ફરી રહ્યા હતા તે વખતે કટોલ જલાલખેડા રોડ પર બેલફાટાની નજીક કેટલાક લોકોએ જોરદાર પથ્થરમારો કર્યો હતો. આ હુમલામાં અનિલ દેશમુખનું માથું ફાટી ગયું હતું. હુમલા બાદ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી તસવીરોમાં ગંભીર રીતે ઘાયલ અનિલ દેશમુખ અને તેમની કારનો કાચ તૂટેલો જોવા મળ્યો હતો. હુમલા બાદ તેમને કટોલની એક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. નાગપુર રુરલ સુપરિન્ટેન્ડેન્ટ પોલીસ હર્ષ પોદ્દારે આ ઘટનાની પુષ્ટી કરી હતી અને કહ્યું હતું કે ઘટનાસ્થળે વરિષ્ઠ અધિકારીઓને રવાના કરાયા હતા. 'તપાસ ચાલી રહી છે. જે લોકોએ હુમલો કર્યો તેઓની શોધ કરાઇ રહી છે', એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

આ પ્રકરણે શરદ પવાર જૂથે રાજ્ય સરકારની ટીકા કરતા કહ્યું હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ખોરવાઇ ગઇ છે તેનું ઉદાહરણ આ હુમલો છે, જ્યારે ભાજપે આ હુમલાને એક સ્ટંટ ગણાવ્યો હતો. અનિલ દેશમુખે સહાનુભૂતિ મેળવવા માટે પોતાના પર જ હુમલો કરાવ્યો હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. ભાજપે આ પ્રકરણે તપાસનો પોલીસને આદેશ આપ્યો હતો. દેશમુખના પુત્ર સલિલ દેશમુખ કટોલ વિધાનસભા મતવિસ્તારથી એનસીપી-એસપીની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે અને તેમની સામે ભાજપના ઉમેદવાર ચરણસિંહ ઠાકુર મેદાનમાં છે. ■

## મુંબઈમાં એક કરોડથી વધુ મતદારો

મુંબઈની લગભગ દોઢ કરોડની વસતીમાં કુલ મતદારોની સંખ્યા ૧,૦૨,૨૯,૭૦૮ છે, જેમાં મુંબઈ શહેરમાં ૨૫,૪૩,૬૧૦ અને મુંબઈ ઉપનગરમાં ૭૬,૮૬,૦૯૮ છે. તો લોકસભા ૨૦૨૪ની ચૂંટણી બાદ મુંબઈ શહેર જિલ્લામાં ૫૩,૩૭૨ મતદારોમાં વધારો થયો છે. તો મુંબઈ ઉપનગર જિલ્લામાં ૨,૩૭,૭૧૫ મતદારોનો વધારો થયો છે. આ દરમિયાન મોટી ઉંમરના તથા દિવ્યાંગોને ઘરની મતદાન કરવાની સગવડ ઉપલબ્ધ કરી આપવામાં આવી હતી, જેમાં મુંબઈ શહેર જિલ્લામાં કુલ ૨,૧૫૪ અને મુંબઈ ઉપનગર જિલ્લામાં ૪,૧૧૮ લોકો એમ કુલ ૬,૨૭૨ લોકોએ ઘરેથી મતદાન કર્યું હતું.

### મતદારો કેટલા?

| | મુંબઈ શહેર | મુંબઈ ઉપનગર | કુલ |
|---|---|---|---|
| મતદારો | ૨૫,૪૩,૬૧૦ | ૭૬,૮૬,૦૯૮ | ૧,૦૨,૨૯,૭૦૮ |
| પુરુષ | ૧૩,૬૫,૯૦૪ | ૪૧,૦૧,૪૫૭ | ૫૪,૬૭,૨૬૫ |
| મહિલા | ૧૧,૭૭,૪૬૨ | ૩૫,૮૩,૮૦૩ | ૪૭,૬૧,૨૬૫ |
| તૃતીયપંથી | ૨૪૪ | ૮૩૮ | ૧,૦૮૨ |
| વિદેશમાં વસતા મતદાર | ૪૦૭ | ૧,૮૮૧ | ૨,૨૮૮ |
| દિવ્યાંગ | ૬,૩૮૭ | ૧૭,૫૪૦ | ૨૩,૯૨૭ |
| ૮૫ વર્ષથી ઉપરના મતદાર | ૫૩,૯૯૧ | ૯૨,૮૬૮ | ૧,૪૬,૮૫૯ |
| સર્વિસ વોટર | ૩૮૮૧, | ૦૮૭ | ૧,૪૭૫ |

### મતદાન માટે શું જરૂરી?

મુંબઈગરા મતદાન કરવા જતા સમયે તમારી સાથે નીચેનામાંથી કોઈ એક ઓળખપત્ર હોવું જરૂરી છે.

- ઈલેકશન વોટિંગ આઈ-કાર્ડ
- પાસપોર્ટ
- ડ્રાઈવિંગ લાઈસન્સ
- બેંક અથવા પોસ્ટ ઓફિસની ફોટો સાથેની પાસબુક
- સરકારી, સાર્વજનિક ઉપક્રમ, પબ્લિક લિમિટેડ કંપની તરફથી કર્મચારીઓને ફોટો સાથે આપવામાં આવેલા આઈ-કાર્ડ
- પૅનકાર્ડ
- દિવ્યાંગ વ્યક્તિનું આઈકાર્ડ
- આધાર કાર્ડ
- ઈએસઆઈસી સ્માર્ટ કાર્ડ
- પેન્શન આઈકાર્ડ




**તૈયારી ચૂંટણી પર્વનીઃ** આવતી કાલે મહારાષ્ટ્રમાં ચૂંટણી છે તેની તૈયારી ધારાવીના મતકેન્દ્ર પર ગઈ કાલે થઈ રહી હતી. (અમય ખરાડે)

## મુંબઈમાં કોલાબા, જુહુ અને મલાડ સહિત ૭૬ ક્રિટિકલ પોલિંગ બૂથ

આગામી વિધાનસભાની ચૂંટણીમાં મુંબઈમાં કુલ ૧૦,૧૧૭ પોલિંગ બૂથમાંથી ૭૬ જેટલા પોલિંગ બૂથને કિટ્રિકલ પોલિંગ બૂથ તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે. આ પોલિંગ બૂથમાં ભૂતકાળમાં સરેરાશ ૧૦ ટકા મતદાન થયું હોવાનું બીએમસીએ કહ્યું હતું. ઉદાહરણ તરીકે જો સરેરાશ મતદાન ૫૦ ટકા થયું હોય તેમાં કોઈ પણ પોલિંગ બૂથમાં ૧૦ ટકા કરતા ઓછું મતદાન થાય તો તે કિટ્રિકલ શ્રેણીમાં આવી જાય. ૭૬ કિટ્રિકલ પોલિંગ બૂથમાં મુખ્યત્વે કોલાબા, જુહુ અને મલાડ જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. તેમાં પણ ૭૬માંથી નવ કિટ્રિકલ પોલિંગ બૂથ તો એકલા કોલાબા વિધાનસભા વિસ્તારમાં જ આવેલાં છે. તો નવ બાન્દ્રા પૂર્વમાં નવ અને સાત ચાંદિવલી વિધાનસભામાં આવેલાં છે. ■

### કેટલા ઉમેદવાર-કેટલા મતકેન્દ્રો?

| મતદાન કેન્દ્ર અને ઉમેદવારની માહિતી | મુંબઈ શહેર | મુંબઈ ઉપનગર | કુલ |
|---|---|---|---|
| વિધાનસભા મતદાર સંઘ | ૧૦ | ૨૬ | ૩૬ |
| ચૂંટણી લડનારા કુલ ઉમેદવાર | ૧૦૫ | ૩૧૫ | ૪૨૦ |
| મતદાન કેન્દ્ર | ૨,૫૩૮ | ૭,૫૭૯ | ૧૦,૧૧૭ |
| ક્રિટિકલ મતદાન કેન્દ્ર | ૧૩ | ૬૩ | ૭૬ |
| મૉડેલ મતદાન કેન્દ્ર | ૩૨ | ૫૨ | ૮૪ |
| મહિલા સંચાલિત મતદાન કેન્દ્ર | ૧૨ | ૨૬ | ૩૮ |
| યુવા કર્મચારી સંચાલિત મતદાન કેન્દ્ર | ૧૨ | ૨૬ | ૩૮ |
| દિવ્યાંગ સચાલિત મતદાન કેન્દ્ર | ૦૮ | - | ૦૮ |

## મુંબઈમાંથી ૨૪૫ કરોડથી વધુની મૂલ્ય ધાતુઓ, ૪૫ કરોડથી વધુની રોકડ જપ્ત

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઇ આચારસંહિતા લાગુ થયા બાદ મુંબઈ અને ઉપનગરોમાંથી ૪૫ કરોડથી વધુની રોકડ તેમ જ ૨૪૫ કરોડ રૂપિયાની કીમતી વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી. આ પ્રકરણે ૩૦ જેટલા દખલપાત્ર અને બિનદખલપાત્ર ગુના નોંધવામાં આવ્યા હતા.

ચૂંટણી પંચની વિજિલન્સ ટીમે દક્ષિણ મુંબઈમાંથી અત્યાર સુધી ૩૨.૯૭ કરોડની રોકડ, ૧૨.૮૭ લાખની કિંમતનો ૨,૮૦૦ લિટર દારૂ, ૪.૧૭ કરોડ રૂપિયાનું ડ્રગ્સ તેમ જ ૬.૯૭ કરોડ રૂપિયાની કીમતી વસ્તુઓ જપ્ત કરી હતી, જ્યારે પૂર્વ અને પશ્ચિમ ઉપનગરોમાંથી ૧૨.૬૦ કરોડની રોકડ, ૧.૧૦ કરોડની કિંમતનો ૩૯,૩૮૫ લિટર દારૂ, ૪૪.૯૭ કરોડ રૂપિયાની કિંમતનું ડ્રગ્સ અને ૨૩૮ કરોડ રૂપિયાથી વધુની કીમતી વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી.

પાલઘર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન સત્તાવાળાઓએ રોકડ, દારૂ તથા અન્ય સામગ્રી જપ્ત કરી હતી, જેની કિંમત ૨૨ કરોડ રૂપિયા છે.

પાલઘરના કલેક્ટર અને ચૂંટણી અધિકારી ગોવિંદ બોડકેએ કહ્યું હતું કે જપ્તિમાં ૧૬.૧૪ કરોડની રોકડ, ૨.૪૬ કરોડ રૂપિયાનો દારૂ, ૨૬.૮૨ લાખ રૂપિયાનું ડ્રગ્સ, લેપટોપ, સાડી તેમ જ કૂકરનો સમાવેશ હતો.

૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર સોમવારે સાંજે પાંચ વાગ્યે સમાપ્ત થઇ ગયો હતો.

પાલઘર જિલ્લાના છ વિધાનસભા મતક્ષેત્રોમાં કુલ ૨,૨૯૨,૦૬૬ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પાત્ર છે જેના માટે ૫૩ ઉમેદવારો મેદાનમાં છે. કુલ મતદારોમાંથી ૧,૧૮૭,૫૮૯ પુરુષ મતદારો, ૧,૧૦૪,૨૪૬ મહિલા મતદારો અને ૨૩૧ વ્યંઢળો છે.

સમગ્ર જિલ્લામાં ૨,૨૭૪ મતદાનમથકો હશે, જેમાં બે જટિલ માનવામાં આવે છે. સાત બૂથ પર વિશેષ ધ્યાન રાખવામાં આવશે, જેનું સંચાલન આદિવાસી અને માછીમાર સમુદાયના સભ્યો દ્વારા કરવામાં આવશે.

ચૂંટણી પ્રક્રિયા સરળ અને સુરક્ષિત રીતે પાર પડે એ માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૨,૭૮૨ જેટલા પોલીસ કર્મચારીઓ, ૨,૦૪૧ હોમ ગાર્ડ્સ અને સીઆઇએસએફની આઠ કંપનીને તહેનાત કરવામાં આવશે.

## લાડકી બહેનોને બુધવારે મતદાન પછી ડિસેમ્બરનો હપ્તો મળશે

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણી વીસમી નવેમ્બરે પૂર્ણ થયા બાદ 'લાડકી બહેન' યોજનાની લાભાર્થી મહિલાઓને ડિસેમ્બર મહિનાનો માસિક ૧૫૦૦ રૂપિયાનો હપ્તો આપવામાં આવશે, એમ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું.

ભાજપ, એકનાથ શિંદેની શિવસેના, અજિત પવારની એનસીપીની મહાયુતિએ ચૂંટણી પ્રચારમાં જો તેમની સરકાર સત્તામાં રહેશે તો લાડકી બહેન યોજનાનો માસિક હપ્તો ૧૫૦૦ રૂપિયાથી વધારીને ૨૧૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. ચૂંટણીનાં પરિણામ ૨૩મી નવેમ્બરે જાહેર કરવામાં આવશે.

'મેં લાડકી બહેન યોજના શરૂ કરી ત્યારે મારો ઉદ્દેશ્ય મહિલાઓને સશક્ત બનાવવાનો હતો, પણ વિપક્ષોએ આ યોજના બંધ કરાવવા માટે ઘણાં ગતકડાં કર્યા હતા. મેં નવેમ્બરના હપ્તાની વ્યવસ્થા પણ પહેલાથી કરી દીધી હતી. વીસમી નવેમ્બરે ચૂંટણી માટેની આચારસંહિતા ઉઠાવી લેવામાં આવશે તેના ટૂંક સમયમાં જ લાડકી બહેનોને તેમનો ડિસેમ્બરનો હપ્તો પણ મળી જશે', એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

૧૫મી ઓક્ટોબરે ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી ત્યારથી આચારસંહિતા લાગુ થઇ ગઇ હતી.

વિપક્ષોએ લાડકી બહેન યોજના માટે આપવામાં આવતા નાણાંની વ્યવસ્થા તથા આ યોજના કેટલા દિવસ લાગુ રહેશે એ અંગેના સવાલો કર્યા હતા.

શરદ પવારે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે કહ્યું હતું કે ચૂંટણી બાદ લાડકી બહેન યોજના બંધ કરી દેવામાં આવશે.



(જયપ્રકાશ કેળકર)

## શિંદેએ કર્યો બળવાનો બચાવ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે તેમના બળવા અને મહા વિકાસ આઘાડીમાંથી બહાર નીકળવાના નિર્ણયનો બચાવ કરતાં એવો આરોપ લગાવ્યો હતો કે તત્કાલીન શિવસેના નેતૃત્વ વિકાસ વિરોધી વલણ ધરાવતું હતું અને હિન્દુત્વના સિદ્ધાંતોથી દૂર થઈ ગયું હતું.

શિવસેનાના વડાએ એક ન્યૂઝ સંસ્થા સાથેના વિશેષ ઈન્ટરવ્યૂમાં એવો દાવો કર્યો હતો કે જ્યારે પક્ષ એમવીએનો ભાગ હતો ત્યારે 'શિવસેના કોંગ્રેસને વેચવાનો' પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તેને લોકોના ભરોસાનો વિશ્વાસઘાત ગણાવ્યો હતો.

શિંદેએ એમ પણ કહ્યું હતું કે, 'મેં તેમને (એમવીએ અને ઉદ્ધવ ઠાકરે) એટલા માટે છોડી દીધા હતા, કારણ કે તેઓ વિકાસ વિરોધી હતા અને શિવસેનાનું તત્કાલીન નેતૃત્વ હિન્દુત્વથી દૂર જઈ રહ્યું હતું.'

'મેં ફરીથી ભાજપ સાથે જોડાણ કરવા દબાણ કર્યું, પરંતુ તેમણે (ઠાકરે) અમારું સાંભળ્યું નહીં,' એવો દાવો તેમણે કર્યો હતો કે મહાયુતિ સરકારે લોકોના જનાદેશને પુનઃસ્થાપિત કર્યો છે.

તેમણે વધુમાં એવો આક્ષેપ કર્યો હતો કે 'એમવીએ સ્પીડ બ્રેકર્સથી ભરેલું હતું, તમામ પ્રોજેક્ટ પર રોક લગાવવામાં આવી હતી,' ખાસ કરીને સિંચાઈ અને નાગપુર-મુંબઈ સમૃદ્ધિ હાઈવેમાં આવેલા અવરોધોનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.

ભાજપ અને અવિભાજિત શિવસેનાએ ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી યુતિમાં લડી હતી, પરંતુ બાદમાં શિવસેનાએ અઢી વર્ષ માટે મુખ્ય પ્રધાનપદ વહેંચવાની માગણી કરી હતી. આનાથી મડાગાંઠ સર્જાઈ અને બાદમાં, શિવસેનાએ એમવીએ ગઠબંધન બનાવવા માટે કોંગ્રેસ અને અવિભાજિત એનસીપી સાથે હાથ મિલાવ્યા હતા.

એમવીએ સરકારના વરિષ્ઠ પ્રધાનોમાંના એક શિંદેએ ૨૦૨૨ માં બળવો કર્યો હતો અને ભાજપના સમર્થનથી મુખ્ય પ્રધાન બન્યા હતા.

મુખ્ય પ્રધાને એવા આરોપોને નકારી કાઢ્યા હતા કે મહાયુતિ 'બટેંગે તો કટેંગે' (વિભાજીત થશો, તો નાશ પામશો)જેવા નારાઓ સાથે ભાગલાવાદી રાજકારણનો પ્રયાસ કરી રહી છે. ■

## 'બટેંગે તો કટેંગે'થી છેક છેલ્લા દિવસે આભડછેટ કરી ભુજબળે

યેવલાઃ અજિત પવારની એનસીપી સાથે જોડાયેલા વરિષ્ઠ ઓબીસી નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન છગન ભુજબળે ભાજપના 'બટેંગે તો કટેંગે'ના ચૂંટણી નારાથી પોતાની જાતને અળગી કરી લીધી છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે મહાયુતિ સરકાર સારી બહુમતી સાથે સત્તા જાળવી રાખશે.નાશિક જિલ્લાના યેવલા શહેરમાં પીટીઆઈ સાથેની એક મુલાકાતમાં ભુજબળે એવો પણ દાવો કર્યો હતો કે મનોજ જરાંગે પાટીલની આગેવાની હેઠળના મરાઠા આરક્ષણ આંદોલનની યેવલા અને મનમાડ-નંદગાંવ મતવિસ્તારોમાં ચૂંટણીના પરિણામ પર કોઈ અસર નહીં પડે. ભુજબળ યેવલા બેઠક પર ચૂંટણી લડી રહ્યા છે. તેમનો ભત્રીજો સમીર ભુજબળ મનમાડ - નંદગાંવ વિધાનસભા ક્ષેત્રનો ઉમેદવાર છે. છગન ભુજબળએ જણાવ્યું હતું કે 'મરાઠા કાર્યકર્તાએ (જરાંગેએ) શનિવારે સવારે યેવલાની મુલાકાત લીધી હતી અને એક સભાને સંબોધન કરી મારી જાહેર સભાઓમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી મધરાત પછી પાછા ફર્યા હતા. વાંધો નહીં. હું મારા મતવિસ્તારને સારી રીતે જાણું છું. તેની બહુ અસર નહીં થાય.' ભુજબળને વિશ્વાસ છે કે આ ક્ષેત્રમાં તેમના દ્વારા હાથ ધરવામાં આવેલા અનેક વિકાસ પ્રોજેક્ટ ચૂંટણીમાં તેમના વિજયની સંભાવના મજબૂત બનાવશે. જોકે, તેમણે અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીને ભાજપના 'બટેંગે તો કટેંગે' સૂત્રોચ્ચારથી અલગ કરી દીધી હતી. (પીટીઆઈ) ■

## બુધ-ગુરુવાર રાતે મધ્ય રેલવે દોડાવશે સ્પે. ટ્રેન

### ચૂંટણીની ફરજમાં વ્યસ્ત કર્મચારીઓ માટે ખાસ સુવિધાની જાહેરાત

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૨૦મી નવેમ્બરે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજવામાં આવશે ત્યારે તેને ધ્યાનમાં રાખીને મધ્ય રેલવેએ મહત્વનો નિર્ણય લીધો છે. વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણીના કામકાજ કરનારા અધિકારીઓ, કર્મચારીઓ અને મતદારોની સુવિધા માટે વિશેષ નાઈટ લોકલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લીધો છે. મધ્ય રેલવે ૧૯-૨૦ નવેમ્બર ૨૦૨૪ (મંગળવાર-બુધવારની રાતે) અને ૨૦-૨૧ નવેમ્બર ૨૦૨૪ (બુધવાર-ગુરુવારની રાતે) વચ્ચે વિશેષ લોકલ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરવામાં આવી છે.

મધ્ય રેલવેએ આ નિર્ણય મતદારોને મતદાન મથકો સુધી પહોંચવામાં કોઈ મુશ્કેલી ન પડે અને ચૂંટણીની કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓને તેમની ફરજ પર સમયસર પહોંચવાની સુવિધા માટે લેવામાં આવ્યો હોવાનું મધ્ય રેલવેએ જણાવ્યું છે.

મધ્ય રેલવેમાં વિશેષ ટ્રેનો મુંબઈની મુખ્ય લાઈન (છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી કલ્યાણ) અને હાર્બર લાઇન (છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી પનવેલ) પર દોડશે. રાત્રે વધુ સંખ્યામાં ટ્રેનો દોડાવવામાં આવશે, જેથી મતદારો અને ચૂંટણી કર્મચારીઓ તેમના કામ માટે સરળતાથી મુસાફરી કરી શકે. આ વિશેષ લોકલ ટ્રેનો મતદારો અને ચૂંટણીના અધિકારીઓ માટે મોટી સુવિધા સાબિત થઈ શકે છે. ■

# ઓસ્ટ્રેલિયામાં ભારતીય ખેલાડીઓએ ‘મેચ જેવી પરિસ્થિતિ’માં કરી પ્રેક્ટિસઃ નાયર-મોર્કેલ ખુશ




પર્થઃ ભારતીય ટીમના બેટિંગ કોચ અભિષેક નાયર અને બોલિંગ કોચ મોર્ને મોર્કેલે અહીં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પાંચ મેચની ટેસ્ટ સિરીઝ અગાઉ વાકા સ્ટેડિયમની મુખ્ય પીચ પર ’મેચ જેવી પરિસ્થિતિમાં પ્રેક્ટિસ પર સંતોષ વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે તેઓ તેનાથી (પ્રેક્ટિસ) જે ઇચ્છતા હતા તે પ્રાપ્ત કરવામાં તેઓ સફળ રહ્યા છે. ભારતે અહીંની પરિસ્થિતિઓને વધુ સારી રીતે સમજવા માટે તેની ’એ’ ટીમ સાથેની ’ઇન્ટ્રા સ્ક્વોડ’ મેચ સ્થગિત કરી પ્રેક્ટિસ માટે ‘મેચ સિમ્યુલેશન’નો ઉપયોગ કર્યો હતો.

બીસીસીઆઈ (ભારતીય ક્રિકેટ બોર્ડ) દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં નાયરે કહ્યું હતું કે, ઓસ્ટ્રેલિયા આવતા પહેલા અમે ગૌતીભાઈ (ગૌતમ ગંભીર), રોહિત (શર્મા) સાથે ચર્ચા કરી હતી કે આ ત્રણ દિવસમાં અમે શું ઇચ્છી રહ્યા છીએ. અમે એ સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે યુવા અને અનુભવી ખેલાડીઓને અહીંની પરિસ્થિતિઓને સમજવા અને અનુકૂલન કરવા માટે પૂરતો સમય મળે.

તેણે કહ્યું હતું કે, અમે ચાર વર્ષ પછી અહીં ટેસ્ટ મેચ રમી રહ્યા છીએ. ‘‘અમે શરૂઆતમાં ઇચ્છતા હતા કે અમારા ખેલાડીઓ મેચ જેવી પરિસ્થિતિમાં પ્રેક્ટિસ કરે જ્યાં તેઓએ આઉટ થયા પછી ક્રિઝ છોડી દેવી પડે.’’

ભારતીય બેટિંગ કોચે કહ્યું હતું કે , અમે તેમને બીજી તક પણ આપી હતી. અમને લાગ્યું કે બેટ્સમેનોએ બીજા પ્રસંગે સારું પ્રદર્શન કર્યું. તેઓ પરિસ્થિતિઓને વધુ સારી રીતે અનુકૂળ થયા અને વધુ આરામદાયક લાગતા હતા. અમે જે ઇચ્છતા હતા તે પ્રાપ્ત કરવામાં અમે સફળ રહ્યા. બોર્ડર-ગાવસ્કર શ્રેણીની પ્રથમ મેચ ૨૨ નવેમ્બરથી અહીંના ઓપ્ટસ સ્ટેડિયમમાં રમાશે.

નાયરે કહ્યું હતું કે, પ્રેક્ટિસના બીજા દિવસે અમે મુખ્ય પીચ સિવાય અન્ય સુવિધાઓનો પણ ઉપયોગ કર્યો હતો. અમે પીચ પર મેચ સિમ્યુલેશનની સાથે નેટ સેશનમાં પણ સમય પસાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ દિવસે અમારું ધ્યાન બોલરોના વર્કલોડ મેનેજમેન્ટ પર હતું. તેમણે બોલિંગ સ્પેલ્સ દ્વારા તેના વર્કલોડને મેનેજ કર્યું હતું. બોલરોએ દિવસમાં લગભગ ૧૫-૧૫ ઓવર ફેંકી હતી. દરમિયાન જસપ્રીત બુમરાહે ૧૮ ઓવર ફેંકી હતી. મોર્કેલ આ સમયગાળા દરમિયાન બોલરોના પ્રદર્શનથી ખુશ જણાતો હતો. તેણે કહ્યું, બોલરોએ જે રીતે પ્રદર્શન કર્યું તેનાથી હું ઘણો ખુશ છું. તે પરિસ્થિતિને સારી રીતે સમજતા હતા. મને લાગે છે કે ‘‘અમે ૨૨મી તારીખ માટે યોગ્ય દિશામાં આગળ વધી રહ્યા છીએ. અમારી પાસે હજુ ત્રણ વધુ પ્રેક્ટિસ સેશન છે.’’

# બોર્ડર ગાવસ્કર ટ્રોફી અગાઉ ઓસ્ટ્રેલિયન બોલરે કરી અશ્વિનની પ્રશંસા, કહ્યું- ‘હું તેની પાસેથી ઘણું શીખ્યો’




પર્થઃ બોર્ડર ગાવસ્કર ટ્રોફી અગાઉ ઓસ્ટ્રેલિયાના અનુભવી ઓસ્ટ્રેલિયન સ્પિનર નાથન લિયોને સ્વીકાર કર્યો હતો કે ભારતીય ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને ૨૦૧૧-૧૨માં પ્રથમ વખત તેમનો સામનો થયા બાદથી તેમને ઘણું શીખવ્યું હતું.

એક જ વર્ષમાં ટેસ્ટમાં ડેબ્યૂ કરનાર નાથન લિયોન અને અશ્વિન ૨૨ નવેમ્બરથી પર્થમાં શરૂ થઈ રહેલી પાંચ ટેસ્ટની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી દરમિયાન ટેસ્ટ ફોર્મેટમાં આઠમી વખત એકબીજાનો સામનો કરશે.

લિયોને એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, ‘‘એશ (અશ્વિન) એક શાનદાર બોલર છે. મેં મારી કારકિર્દી દરમિયાન તેનો સામનો કર્યો છે તેથી મેં તેની પાસેથી ઘણું શીખ્યો છે. તેણે કહ્યું હતું કે, તે ખૂબ જ સ્માર્ટ બોલર છે અને તે ખૂબ જ ઝડપથી શીખે છે અને અપનાવી લે છે. મને લાગે છે કે વિશ્વના શ્રેષ્ઠ બોલરો આ કરી શકે છે. તે તેની કુશળતાનો ઉપયોગ તેના ફાયદા અને ટીમના ફાયદા માટે કરે છે.’’

અશ્વિનનો આ ઓસ્ટ્રેલિયાનો પાંચમો પ્રવાસ હશે જ્યાં તેણે ૧૦ ટેસ્ટ મેચમાં ૪૨.૧૫ની એવરેજથી ૩૯ વિકેટ લીધી છે. લિયોને સ્વીકાર્યું કે તેણે અશ્વિનની બોલિંગનો નજીકથી અભ્યાસ કર્યો છે. તેણે મને ઘણું શીખવ્યું છે. હું માનું છું કે તમે જે ખેલાડીઓ સામે રમો છો તે તમારા શ્રેષ્ઠ કોચ છે.

તેણે કહ્યું, ‘‘ભારત જતા પહેલા મેં તેની બોલિંગના ઘણા ફૂટેજ જોયા હતા તે અહીં ઓસ્ટ્રેલિયામાં જે રીતે બોલિંગ કરે છે, તે જોવા માગતો હતો કે શું હું તેમાંથી કંઈક શીખી શકું.’’ આ શાનદાર રમતમાં ઘણું શીખવા જેવું છે અને મારે અશ્વિન પાસેથી ઘણું શીખવાનું છે. તે વર્લ્ડ ક્લાસ બોલર છે. તેણે ટેસ્ટ મેચમાં ૫૦૦ થી વધુ વિકેટ લીધી છે અને તેને તેના પર ગર્વ હોવો જોઈએ. ■

# કોહલી ઑસ્ટ્રેલિયામાં સારું પ્રદર્શન કરશેઃ ગાવસ્કર




નવી દિલ્હીઃ ભારતના પૂર્વ મહાન બેટ્સમેન સુનીલ ગાવસ્કરને વિશ્વાસ છે કે ઑસ્ટ્રેલિયાના છેલ્લા પ્રવાસમાં પર્થ અને એડિલેડમાં શાનદાર ઇનિંગ્સ રમનાર ચેમ્પિયન બેટ્સમેન વિરાટ કોહલી આગામી પાંચ ટેસ્ટ મૅચોની શ્રેણીમાં પોતાના શ્રેષ્ઠ ફોર્મમાં પરત ફરશે.

પર્થમાં ૨૨ નવેમ્બરથી શરૂ થઈ રહેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફી સીરિઝ પહેલાં ગાવસ્કરે સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું હતું કે, ‘‘વિરાટ ન્યૂ ઝીલૅન્ડ સામે રન કરી શક્યો નથી, તેથી તે રનનો ભૂખ્યો રહેશે.’’ તેમણે કહ્યું હતું કે, ‘‘છેલ્લી વખતે જ્યારે એડિલેડ ટેસ્ટમાં બીજી ઈનિંગમાં આખી ભારતીય ટીમ ૩૬ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. જ્યાં સુધી મને યાદ છે કોહલીએ રનઆઉટ થતાં પહેલાં પ્રથમ દાવમાં ૭૦થી વધુ રન કર્યા હતા.’’

તેમણે કહ્યું હતું કે, આ સિવાય તેણે હંમેશાં એડિલેડમાં રન ફટકાર્યા હતા. પર્થ ૨૦૧૮-૧૯માં તેની સર્વશ્રેષ્ઠ ટેસ્ટ સદી ફટકારી હતી. તે તેની સર્વશ્રેષ્ઠ ટેસ્ટ સદીઓમાંની એક હતી. આ ઇનિંગ્સ તેનો આત્મવિશ્વાસ વધારશે. જો તે સારી શરૂઆત કરશે તો તે મોટી ઇનિંગ્સ રમશે.

પૂર્વ ક્રિકેટર સંજય માંજરેકરે કહ્યું કે ઑસ્ટ્રેલિયાના બોલરો વિરાટને ઑફ સ્ટમ્પની બહાર જતા બોલ ફેંકવાનો પ્રયાસ કરશે. ■

# ન્યૂ ઝીલૅન્ડનો ફાસ્ટ બોલર બ્રેસવેલ કોકેઈનના સેવન બદલ સસ્પેન્ડ



ઑકલેન્ડઃ ન્યૂ ઝીલૅન્ડના ૩૪ વર્ષીય ફાસ્ટ બોલર ડગ બ્રેસવેલે કોકેઇન લીધું એ બદલ દેશના સ્પોર્ટ્સ ટ્રિબ્યુનલે તેના રમવા પર એક મહિનાનો પ્રતિબંધ સત્તાવાર રીતે મૂક્યો છે.

ઑલરાઉન્ડર બ્રેસવેલે મેટાબોલાઇટ બેન્ઝોયલેકગોનાઈન નામના પ્રતિબંધિત ડ્રગ્સનું પણ સેવન કર્યું હતું.

તેણે આ ડ્રગ્સ જાન્યુઆરીમાં સુપર સ્મેશ નામની સ્થાનિક ટૂર્નામેન્ટ દરમ્યાન લીધું હતું. કામચલાઉ ધોરણે એપ્રિલ મહિનામાં જ તેણે કાર્યકારી સસ્પેન્શનનો એક મહિનો પૂરો કરી લીધો હોવાથી હવે તે રમી શકે એમ છે.

તેના ડ્રગ્સના કિસ્સા અને સસ્પેન્શનની વિગતો છેક હવે જાહેર કરાઈ છે.

બ્રેસવેલે તપાસ દરમ્યાન કોકેઈનનું સેવન કર્યું હોવાનું કબૂલ્યું હતું, પરંતુ એવી દલીલ પણ કરી હતી કે તેણે આ કેફીદ્રવ્ય મૅચની પહેલાં લીધું હોવાથી સ્પોર્ટ્સના પર્ફોર્મન્સ સાથે એ સેવનને કોઈ જ લેવા દેવા નથી.


જોકે ટ્રિબ્યુનલે તેની દલીલ ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે તેના સેવનથી ટૂર્નામેન્ટમાં તેના પર્ફોર્મન્સને અસર પડી જ હશે.

બ્રેસવેલ ભારત સામે બે ટેસ્ટ અને ચાર વન-ડે રમી ચૂક્યો છે. તેને ૨૦૧૧થી ૨૦૨૩ સુધીની ૧૩ વર્ષની કરીઅરમાં માત્ર ૨૮ ટેસ્ટ, ૨૧ વન-ડે અને ૨૦ ટી-૨૦ મૅચ રમવા મળી છે જેમાં તેણે અનુક્રમે ૭૪, ૨૬ અને ૨૦ વિકેટ લીધી છે તેમ જ કુલ ૯૦૦ જેટલા રન બનાવ્યા છે. બ્રેસવેલ આઈપીએલમાં દિલ્હી ડેરડેવિલ્સ વતી રમ્યો હતો. ■

# ઑસ્ટ્રેલિયામાં હાર બાદ આકિબ જાવેદને બનાવવામાં આવ્યો વચગાળાનો મુખ્ય કોચ

લાહોરઃ પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં ઊથલપાથલ યથાવત્ છે. હાલમાં પાકિસ્તાનની ટીમ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે છે. મોહમ્મદ રિઝવાનની કૅપ્ટનશિપમાં ટીમને ઑસ્ટ્રેલિયા સામે ટી-૨૦ શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન પીસીબીએ જેસન ગિલેસ્પીને મુખ્ય કોચ પદેથી હટાવી દીધો છે. જેસન ગિલેસ્પીને ઑસ્ટ્રેલિયા પ્રવાસ માટે વચગાળાનો કોચ બનાવવામાં આવ્યો હતો.

જોકે, ગિલેસ્પીની વિદાય બાદ ભૂતપૂર્વ ઝડપી બોલર આકિબ જાવેદને ચેમ્પિયન્સ ટ્રૉફી સુધી વ્હાઇટ બોલ ક્રિકેટમાં પાકિસ્તાનના વચગાળાના મુખ્ય કોચની જવાબદારી સોંપવામાં આવી છે.



આકિબ જાવેદ રાષ્ટ્રીય પસંદગી પેનલમાં તેમની ભૂમિકા નિભાવતા રહેશે. પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે સોમવારે તેની પુષ્ટિ કરી હતી.

બૉર્ડે કહ્યું કે જાવેદ ટીમના મુખ્ય કોચની જવાબદારી સંભાળશે, પરંતુ પીસીબી આ સમયગાળા દરમિયાન અન્ય ઉમેદવારની શોધ ચાલુ રાખશે.

એક અધિકારીએ જણાવ્યું કે, ‘‘પીસીબી ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ સુધી યોજાનારી આઈસીસી ચેમ્પિયન્સ ટ્રૉફીના અંત સુધીમાં નવા કોચની નિમણૂકની પ્રક્રિયા પૂર્ણ કરવાનું લક્ષ્ય ધરાવે છે.’’ જાવેદ પાકિસ્તાન સુપર લીગમાં લાહોર કલંદરને કોચની ભૂમિકા નિભાવી ચૂક્યા છે.

તે તાજેતરમાં શ્રીલંકાના ફાસ્ટ બોલિંગ કોચ પણ હતા.

નોંધનીય છે કે અગાઉ પાકિસ્તાન ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગેરી કર્સ્ટને રાજીનામું આપ્યું હતું. બાદમાં આ જવાબદારી ટેસ્ટ કોચ જેસન ગિલેસ્પીને સોંપવામાં આવી હતી. ■

# આઈપીએલ ઑક્શન અગાઉ આરસીબીનો મોટો નિર્ણય, મુંબઈના વર્તમાન કોચને બનાવ્યા બોલિંગ કોચ

બેંગલુરુઃ ઇન્ડિયન પ્રીમિયર લીગની ફ્રેન્ચાઇઝી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) એ સોમવારે ઓમકાર સાલ્વીની પોતાના બોલિંગ કોચ તરીકે નિમણૂકની જાહેરાત કરી હતી. સાલ્વીના માર્ગદર્શન હેઠળ મુંબઈએ ગત સીઝનમાં રણજી ટ્રૉફી અને ઈરાની ટ્રૉફી ટાઈટલ જીત્યાં હતાં.

ફ્રેન્ચાઇઝીએ સોમવારે સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. આરસીબીએ એક્સ પર લખ્યું હતું કે, મુંબઈના વર્તમાન મુખ્ય કોચ ઓમકાર સાલ્વીને આરસીબીના બોલિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઘરેલુ ક્રિકેટમાં જાણીતું નામ સાલ્વી અગાઉ કોલકાતા નાઈટ રાઈડર્સના આસિસ્ટન્ટ કોચ તરીકે કામ કરી ચૂક્યા છે. આરસીબીએ લખ્યું હતું કે ‘‘છેલ્લા આઠ મહિનામાં રણજી ટ્રૉફી, ઈરાની ટ્રૉફી અને આઈપીએલ વિજેતા ટીમોનો ભાગ રહી ચૂકેલા ઓમકાર ભારતીય સ્થાનિક સીઝનમાં પોતાની જવાબદારીઓ પૂરી કર્યા પછી આઈપીએલ ૨૦૨૫ માટે અમારી સાથે જોડાઈને રોમાંચિત છે.’’

વર્તમાન રણજી સીઝન ૨૩ જાન્યુઆરીએ સમાપ્ત થયા બાદ ઓમકાર આરસીબીમાં જોડાય તેવી અપેક્ષા છે. દરમિયાન, તે સૈયદ મુશ્તાક અલી ટી-૨૦ ટૂર્નામેન્ટમાં પણ મુંબઈને માર્ગદર્શન આપશે.


ઓમકાર ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અવિશકાર સાલ્વીના નાના ભાઈ છે. તેમણે ૨૦૦૫માં રેલવે તરફથી તેમની એકમાત્ર લિસ્ટ એ મૅચ રમી હતી. તેમનો મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન સાથે માર્ચ ૨૦૨૫ સુધીનો કરાર છે. ■

# સૈયદ મુશ્તાક અલી ટ્રોફી માટે ઉત્તર પ્રદેશ ટીમની જાહેરાત, ભુવનેશ્વર કુમારને સોંપાઇ જવાબદારી

લખનઊઃ સૈયદ મુશ્તાક અલી ટ્રૉફી ૨૦૨૪ શરૂ થવાની છે. ઉત્તર પ્રદેશે આ આગામી ટૂર્નામેન્ટ માટે પોતાની ટીમની જાહેરાત કરી છે, જેમાં ભુવનેશ્વર કુમાર, રિંકુ સિંહ, નીતિશ રાણા અને યશ દયાલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ગયા વર્ષે કરણ શર્માને ઉત્તર પ્રદેશનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો, પરંતુ આ વખતે ભુવનેશ્વર કુમારને કેપ્ટનશિપ સોંપવામાં આવી છે.

ભુવનેશ્વર કુમાર ટીમની કેપ્ટનશિપ સંભાળશે, પરંતુ ધ્રુવ જુરેલ આ વખતે ટીમનો ભાગ હશે નહીં જે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે ઓસ્ટ્રેલિયા રવાના થયો છે. કેપ્ટન ભુવનેશ્વર કુમારની વાત કરીએ તો તે છેલ્લે ઉત્તર પ્રદેશ ટી-૨૦ લીગમાં રમતો જોવા મળ્યો હતો, જ્યાં તે ૧૧ મેચમાં માત્ર ૭ વિકેટ જ લઈ શક્યો હતો. સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૩માં ઉત્તર પ્રદેશ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયું હતું, જ્યાં તેને પ્રથમ ક્વાર્ટર ફાઇનલમાં પંજાબના હાથે ૫ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો.

ભુવનેશ્વર કુમાર ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી સનરાઈઝર્સ હૈદરાબાદ માટે રમ્યો હતો, પરંતુ હૈદરાબાદે આઇપીએલ ૨૦૨૫ના મેગા ઓક્શન



અગાઉ રિલીઝ કરી દીધો હતો.

સૈયદ મુશ્તાક અલી ટ્રૉફી માટે ઉત્તર પ્રદેશની ટીમ

ભુવનેશ્વર કુમાર (કેપ્ટન), માધવ કૌશિક (વાઈસ-કેપ્ટન), કરણ શર્મા, રિંકુ સિંહ, નીતિશ રાણા, સમીર રિઝવી, સ્વસ્તિક ચિકારા, પ્રિયમ ગર્ગ, આર્યન જુયાલ, આદિત્ય શર્મા, પીયૂષ ચાવલા, વિપરાજ નિગમ, કાર્તિકેય જયસ્વાલ, શિવમ શર્મા, યશ દયાલ, મોહસિન ખાન, આકીબ ખાન, શિવમ માવી, વિનીત પવાર. ■

# પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ જેસન ગિલેસ્પીને તગેડી મૂકવાની તૈયારીમાં

## થોડા દિવસ પહેલાં ગેરી કર્સ્ટન સિલેક્શનના મુદ્દે પાકિસ્તાનની ટીમ છોડી ગયા હતા



કરાંચીઃ ૨૦૧૧માં હેડ-કોચ તરીકે ભારતને વન-ડેનો વર્લ્ડ કપ અપાવનાર સાઉથ આફ્રિકાના ગેરી કર્સ્ટનને પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે હજી થોડા મહિના પહેલાં, જ વન-ડે અને ટી-૨૦ ટીમના હેડ-કોચ તરીકે નીમ્યા હતા, પરંતુ તેઓ ટીમ-સિલેક્શનના મુદ્દે અધિકાર પાછા ખેંચાતા થોડા દિવસ પહેલાં પાકિસ્તાનની ટીમ છોડી ગયા ત્યાર બાદ હવે ટેસ્ટ ટીમના વર્તમાન કોચ જેસન ગિલેસ્પીને ક્રિકેટ બૉર્ડે ફક્ત એક જ ટેસ્ટ સિરીઝ માટે કોચપદે ચાલુ રહેવા કહ્યું છે. પાકિસ્તાન બૉર્ડ હવે ગિલેસ્પીને પણ જાકારો આપવાની તૈયારીમાં છે.

ગિલેસ્પીને સાઉથ આફ્રિકા સામેની આગામી ટેસ્ટ સિરીઝ માટે જ કોચિંગની જવાબદારી સોંપાઈ છે.

ગિલેસ્પીનો બોર્ડ સાથેનો કોન્ટ્રેક્ટ ૨૦૨૬ની સાલ સુધીનો છે, પણ સત્તાધીશોએ ગિલેસ્પીને કહી દીધું છે કે કરાર ભવિષ્યમાં ચાલુ રખાશે કે નહીં એની હમણાં કોઈ ગેરંટી અમે નહીં આપીએ.

ક્રિકેટને લગતી એક જાણીતી વેબસાઈટના અહેવાલ મુજબ પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે ભૂતપૂર્વ ફાસ્ટ બોલર અકીબ જાવેદને કર્સ્ટન અને ગિલેસ્પીના સ્થાને નવો હેડ-કોચ બનાવવાની તૈયારી પણ કરી લીધી છે. અકીબ હાલમાં સિલેક્શન કમિટીનો મેમ્બર છે.

ભૂતપૂર્વ રાઈટ આર્મ ફાસ્ટ બોલર અકીબ જાવેદ બાવન વર્ષનો છે. તે ૧૯૮૯થી ૧૯૯૮ દરમિયાન પાકિસ્તાન વતી કુલ ૧૮૫ મેચ રમ્યો હતો. કહેવાય છે કે થોડા અઠવાડિયા અગાઉ નવી સિલેક્શન કમિટી નીમાઈ ત્યાર પછી ગેરી કર્સ્ટન તથા ગિલેસ્પીનું પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સાથેનું અંતર વધતું ગયું હતું. ■

# ઑસ્ટ્રેલિયામાં પાકિસ્તાનની કારમી હાર, ટી-૨૦ સિરીઝમાં ૩-૦થી થયો પરાજય

હોબાર્ટઃ ઑસ્ટ્રેલિયાએ ત્રીજી ટી-૨૦ મૅચમાં પાકિસ્તાનને સાત વિકેટે હરાવ્યું છે. આ સાથે ઑસ્ટ્રેલિયાની ટીમે ત્રણ ટી-૨૦ મૅચની શ્રેણીમાં પાકિસ્તાનને ક્લિન સ્વીપ કર્યું હતું. બન્ને વચ્ચે ત્રીજી મૅચ હોબાર્ટમાં રમાઈ હતી, જેમાં પાકિસ્તાનની ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૧૧૭ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. બીજી તરફ ઑસ્ટ્રેલિયાએ ૧૨મી ઓવરમાં માત્ર ત્રણ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. કાંગારું ટીમ માટે માર્કસ સ્ટોઇનિસે તોફાની બેટિંગ કરી હતી. સ્ટોઇનિસે ૨૭ બોલમાં ૬૧ રનની અણનમ ઇનિંગ રમી હતી.

આ મૅચમાં પાકિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું, પરંતુ કૅપ્ટન આગા સલમાનનો આ નિર્ણય ટીમ માટે ખોટો સાબિત થયો હતો. ઑસ્ટ્રેલિયા માટે એરોન હાર્ડી અને એડમ ઝમ્પાએ ઘાતક બોલિંગ કરી અને અનુક્રમે ત્રણ અને બે વિકેટ ઝડપી હતી. પાકિસ્તાન ટીમ માટે સૌથી વધુ સ્કોર બાબર આઝમે કર્યો હતો તેણે ૨૮ બોલમાં ૪૧ રન કર્યા હતા. હસીબુલ્લાહ ખાને પણ ૨૪ રનનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાનની ટીમની હાલત એટલી ખરાબ હતી કે સાત બેટ્સમેન ડબલ આંકડાને પણ સ્પર્શી શક્યા ન હતા.

૧૧૮ રનના લક્ષ્યાંકનો પીછો કરવા આવેલી ઑસ્ટ્રેલિયન ટીમની શરૂઆત સારી રહી ન હતી કારણ કે ૩૦ રનના સ્કોર સુધી ટીમે બે વિકેટ ગુમાવી દીધી હતી. જોશ ઇંગ્લિસે ૨૭ રનની મહત્ત્વની ઇનિંગ રમી હતી. માર્કસ સ્ટોઇનિસે ૨૩ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી અને ૨૭ બોલમાં ૬૧ રનની ઇનિંગ રમીને ઑસ્ટ્રેલિયાની જીત સુનિશ્ચિત કરી હતી. સ્ટોઇનિસે પણ પોતાની ઇનિંગમાં પાંચ ચોગ્ગા અને પાંચ છગ્ગા ફટકાર્યા હતા.

ટી-૨૦ ફોર્મેટમાં પાકિસ્તાનની ટીમની હાલત હાલમાં ઘણી ખરાબ છે. છેલ્લી નવ ટી-૨૦ સીરિઝમાં પાકિસ્તાનની ટીમ માત્ર એક જ વખત સીરિઝ જીતી શકી છે જ્યારે છ વખત હારનો સામનો કરવો પડ્યો છે અને બે વખત સીરિઝ ડ્રો રહી છે. ■

# આજે મહિલા એશિયન હૉકી ચેમ્પિયન્સની સેમિફાઈનલમાં જાપાન સામે ટકરાશે ભારત

રાજગીરઃ અજેય ભારતીય મહિલા ટીમ મંગળવારે મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રૉફી હૉકી ટૂર્નામેન્ટની સેમિફાઇનલમાં જાપાન સામે ટકરાશે. જો વર્તમાન પ્રદર્શન પર નજર કરીએ તો ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય ટીમનો હાથ ઉપર હોય તેવું લાગે છે જેણે છેલ્લી લીગ મૅચમાં જાપાનને ૩-૦થી હરાવ્યું હતું. વિશ્વની નવમા નંબરની ટીમ ઇન્ડિયાએ તમામ પાંચ મૅચ જીતી છે જેમાં ઑલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા અને વિશ્વની છઠ્ઠા નંબરની ટીમ ચીન સામેની ૩-૦થી જીતનો પણ સમાવેશ થાય છે.

ભારતના મુખ્ય કોચ હરેન્દ્ર સિંહે કહ્યું હતું કે, અમે જાણીએ છીએ કે ટીમની નબળાઈઓ અને શક્તિઓ શું છે. અમારા માટે આ ટૂર્નામેન્ટ અમારી શક્તિઓ પર કામ કરવા અને આક્રમણ અને ડિફેન્સના સંતુલન સાથે રમવા વિશે છે. અત્યાર સુધી વ્યૂહરચના સારી રીતે લાગુ કરવામાં આવી છે, પરંતુ સેમિફાઈનલ અલગ હશે. ભારતીય ટીમને એક ભૂલ મોંઘી સાબિત થઈ શકે છે. છ ટીમોની આ ટુર્નામેન્ટમાં ટોચની ચાર ટીમો સેમિફાઈનલમાં પહોંચી છે. બીજી સેમિફાઈનલમાં ચીનનો સામનો મલેશિયા સાથે થશે. હરેન્દ્રએ કહ્યું હતું કે, ‘‘અમને જાપાન સામે સખત પડકારનો સામનો કરવો પડી શકે છે કારણ કે પ્રૅક્ટિસ મૅચ અને પુલ મૅચો અલગ હોય છે. આ સેમિફાઈનલ છે અને જાપાન એક સારી ટીમ છે અને અમારે અમારું હોમવર્ક કરવું પડશે.’’ ■

# તન-મન-ધનથી રહો તરોતાજા



ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com




## વડીલોનાં જન્મદિન કે લગ્નતિથિની ઉજવણી આમ થઈ શકે...

રોહિતભાઈને ૭૦ વર્ષ પૂરાં થવાની તૈયારી હતી. એમના સ્વજનોએ આ પ્રસંગની ધામધૂમથી ઉજવણી કરવાનું નક્કી કર્યું હતું. એમની દીકરીનો પરિવાર છેક અમેરિકાથી આવવાનો હતો અને ભારતમાં રહેતા એમના બન્ને દીકરા તથા એના પરિવારોએ અહીં બધી તૈયારીની જવાબદારી સ્વીકારી લીધી હતી. બધાએ ખર્ચ પણ કેવી રીતે વહેંચી લેવો એ નક્કી કરી લીધું હતું.

જન્મદિવસ માટે બેન્ક્વેટ રૂમ બુક કરવામાં આવ્યો અને ભોજન, સંગીત, આમંત્રણપત્રિકા સહિત સમગ્ર કાર્યક્રમનું ઝીણવટભર્યું આયોજન કરવામાં આવ્યું.

આમ છતાં રોહિતભાઈને જરા પણ ઉત્સાહ ન હતો. એમણે ઉજવણી કરવાની ના ન પાડી. પરિવારની ઇચ્છાને માન આપ્યું, પરંતુ જન્મદિવસની ઉજવણી માટેના એમના વિચારો અલગ હતા. એમની ઇચ્છા પોતાના જન્મસ્થળે જઈને બાળપણનાં સંભારણાં તાજાં કરવાની અને ત્યાં મિત્રો તથા પરિવારજનો સાથે ઉજવણી કરવાની હતી.

આવું તો અનેક કિસ્સાઓમાં બનતું હોય છે. ઘણા વડીલોને વધુપડતી ઝાકઝમાળ અને ખાણીપીણીના ખર્ચવાળી ઉજવણી ગમતી નથી. એમને પોતાના ઘરના લોકો અને અમુક મિત્રોથી વધારે લોકો સાથે ઉજવણી કરવાનું મન થતું નથી. સાદગીથી પ્રસંગ ઊજવીને એ અમુક રકમ કોઈ સખાવતી સંસ્થાને આપવાનું પસંદ કરે છે.

અહીં મને મોટી ઉંમરના મારા એક ક્લાયન્ટ યાદ આવે છે. એમનાં લગ્નને પચાસ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે એમણે સજોડે મંદિર જઈને દર્શન કરવાનું અને ત્યાં હોમ-હવન કરાવવાનું નક્કી કર્યું હતું. આવી જ રીતે શાંતાબહેન અને પુરષોત્તમભાઈએ પણ અલગ રીતે ઉજવણી કરી હતી. એમણે પોતાના જીવનમાં અગત્યની ભૂમિકા ભજવનાર વ્યક્તિઓની યાદી બનાવી હતી, જેમાં એમના શિક્ષકો, નોકરો, પાડોશીઓ, મિત્રો, કેટલાક પરિવારજનો, ઑફિસના સહયોગીઓનાં નામ હતાં. બધાં મળીને આશરે ૭૮ લોકોનાં નામ હતાં. એ બધા પ્રતિ આભાર વ્યક્ત કરવા પત્ર સાથે એમને નાનકડી ભેટ આપવામાં આવી હતી. એ જેમનાં પુસ્તકોથી પ્રભાવિત થયાં હતાં એવા બે ખ્યાતનામ લેખકોનાં નામ પણ યાદીમાં હતાં.

ઉજવણી કરવામાં સારું કે ખરાબ કંઈ નથી. પોતાને ગમતી રીતે માણસ ઉજવણી કરી શકે છે. આમ છતાં એ વખતે તબિયતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

એક દિવસ હું મારા મિત્રના કાકાના ૮૫મા જન્મદિનની ઉજવણીમાં ગયો ત્યારે એમને વ્હિલચેરમાં લાવવામાં આવ્યા એ જોઈને હું તો ડઘાઈ જ ગયો. એ ડાયાલિસિસ પર હતા તથા અન્ય કેટલીક તકલીફો પણ હતી. ઉજવણીના સ્થળ સુધી આવવામાં એમને પડેલી તકલીફ એમના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી.

ઘણા વરિષ્ઠ નાગરિકોને કેક કટિંગ ગમતું નથી. અમુકને પોતાના પર વધારેપડતું લક્ષ અપાય એ ગમતું નથી અને કેટલાકને ઘણી લાંબી ચાલનારી ઉજવણી પસંદ હોતી નથી. પરિવારજનોએ આ બધી વાતને ધ્યાનમાં રાખીને આયોજન કરવું જોઈએ.

મોટી સંખ્યામાં લોકોને ભેગા કરવા અને સંગીતનો જલસો સાંભળવો એ બધામાં કંઈ ખોટું નથી. જો એમ કરવાથી આનંદ આવતો હોય તો ભલે કરો. ફક્ત એ વાતનું ધ્યાન રાખવું કે જેમના માટે કાર્યક્રમ ગોઠવાયો હોય એમને તેમાં મજા આવવી જોઈએ.

ઘણી વાર એવું બનતું હોય છે કે વ્યવસ્થા કરવામાં વ્યસ્ત હોવાને લીધે પરિવારજનો જ ખુદ એ અવસરને માણી શકતા નથી. એમને પોતાને જ કાર્યક્રમમાં થાક વર્તાતો હોય છે. વળી, જેમના માટે કાર્યક્રમ હોય એ વ્યક્તિ કે દંપતી પણ થાકી જતાં જોવાં મળ્યાં છે. દાખલા તરીકે, નિરંજનબહેન - મારા પિતરાઈના આ પાડોશીની ૮૦મી વર્ષગાંઠ ઊજવાયા બાદ એક સપ્તાહ સુધી એ પથારીવશ રહ્યાં. ઉજવણી પંચતારાંકિત હોટેલમાં થઈ હતી, પરંતુ એનો થાક -લતાડ સહન નહીં થતાં એ માંદાં પડી ગયાં હતાં. આટલી મોટી ઉંમરે ત્રણથી ચાર કલાક સુધી બેસી રહેવું, મહેમાનોથી ઘેરાયેલા રહેવું અને ઘરેણાં તથા નવાં વસ્ત્રોનો ભાર સહન કરવો એ બધાને લીધે થાક લાગે એ સ્વાભાવિક છે.

આ બધા વચ્ચે કાર્યક્રમમાં કોણ આવ્યું હતું અને કોણ નહીં એનો હિસાબ કરવાનું ટાળવું જોઈએ. કોઈનેય બળજબરીથી હાજર કરી શકાતા નથી. ઘણી વાર લોકોએ અનિચ્છાએ આવવું પડતું હોય છે. કોઈ સામે ચાલીને નહીં કહે, પરંતુ યજમાને એ વાતનું ધ્યાન રાખવું કે પ્રસંગ ઉજવણીનો છે, ઝાકઝમાળ કે ઓળખાણ દેખાડવા માટેનો નહીં. મહેમાનો બહારગામથી આવે તો જ માન સચવાયું એમ કહેવાય એવું વિચારવું ન જોઈએ.

***છેલ્લી વાતઃ આવા અવસરની ઉજવણીનો અર્થ છે, કોઈ સારા પ્રસંગને આનંદપૂર્વક મનાવવો. આવા સમગ્ર પ્રસંગની યાદ-સ્મૃતિ આનંદમય હોય એટલે બસ.*** ■



# વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

આ લેખમાળામાં આપણે હેલ્થ ઇન્સ્યોરન્સ ક્લૅમ પ્રક્રિયામાં કેશલેસ અને રિઈમ્બર્સમેન્ટ કઈ રીતે કરી શકાય એના વિશે જાણશું.

આ વર્ષના પ્રારંભમાં IRDAI (ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી ડેવલોપમેન્ટ ઑથોરિટી-ઇન્ડિયા)ના નવા સર્ક્યુલર મુજબ, હવે નેટવર્ક હૉસ્પિટલ્સ સિવાય નોન-નેટવર્ક હૉસ્પિટલ્સ પર પણ કેશલેસ ક્લૅમ કરવાની સુવિધા ઉપલબ્ધ છે.

### આ કેશલેસ એવરીવ્હેર સુવિધા શું છે?

'કેશલેસ એવરીવ્હેર' એ એક એવી યોજના છે, જેનો પ્રારંભ હેલ્થ ઇન્સ્યોરન્સ ઉદ્યોગ દ્વારા કરવામાં આવ્યો છે, જે પૉલિસીધારકને દેશની કોઈ પણ હૉસ્પિટલમાં કેશલેસ સુવિધા પ્રાપ્ત કરવાનો વિકલ્પ આપે છે. બીજા શબ્દોમાં કહીએ તો

હવે પૉલિસીધારક નેટવર્કમાં ન હોવા છતાં અન્ય કોઈ પણ હૉસ્પિટલમાંથી કેશલેસ સુવિધાનો લાભ લઈ શકે છે.

આ સુવિધાને લીધે ગ્રાહકનો આર્થિક ભાર ઘટશે. જો એને કેશલેસ સુવિધા ન ધરાવતી હૉસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડે તોપણ એ કેશલેસની સુવિધાનો લાભ લઈ શકશે. આમ હેલ્થ ઇન્સ્યોરન્સની વિધિ પહેલેથી વધારે સરળ બની ગઈ છે.

### કેશલેસ એવરીવ્હેર સુવિધાના ફાયદા...

**૧) હૉસ્પિટલ પર કોઈ મર્યાદાઓ નથીઃ**

પહેલાં કેશલેસ ટ્રીટમેન્ટ મેળવવા ગ્રાહકોએ નેટવર્ક હૉસ્પિટલ્સનો જ વિકલ્પ પસંદ કરવો પડતો હતો. આનો અર્થ એ હતો કે કેશલેસ સારવાર માત્ર એમ્પેનલ્ડ (ટાઈ-અપ કરેલા) અથવા નેટવર્ક હૉસ્પિટલ્સમાં જ ઉપલબ્ધ હતી, પરંતુ હવે કેશલેસ એવરીવ્હેર સાથે, ગ્રાહકોને નેટવર્ક અને નોન-નેટવર્ક હૉસ્પિટલ્સમાં કેશલેસ સુવિધાનો લાભ મળી શકે છે.

**૨) રિઈમ્બર્સમેન્ટની ચિંતા નહીંઃ**

હવે પૉલિસીધારકને નોન-નેટવર્ક હૉસ્પિટલ્સમાં કેશલેસ ટ્રીટમેન્ટ મેળવવાનો વિકલ્પ છે, જેથી તે હૉસ્પિટલના બિલની રિઈમ્બર્સમેન્ટની ચિંતાથી મુક્ત રહી શકે છે. કેશલેસ એવરીવ્હેર સાથે, તમામ ચિકિત્સા ખર્ચો insurer/TPA દ્વારા સીધી રીતે હૉસ્પિટલ સાથે સેટલ કરવામાં આવશે.

**૩) ભૌગોલિક મર્યાદાઓ નહીંઃ**

કેશલેસ એવરીવ્હેર સુવિધા પૉલિસીધારકોને દેશની કોઈ પણ હૉસ્પિટલમાં કેશલેસ ટ્રીટમેન્ટ મેળવવાની મંજૂરી આપે છે એટલે કે હવે કેશલેસ ટ્રીટમેન્ટ માત્ર ચોક્કસ વિસ્તારમાં મર્યાદિત ન રહીને ભારતના દરેક ખૂણે ખૂણામાં ઉપલબ્ધ છે.

### કેશલેસ એવરીવ્હેર સુવિધાનો ઉપયોગ ક્યારે કરવો?

આ વિશેષ સુવિધાનો લાભ અહીં દર્શાવેલી પરિસ્થિતિઓમાં પ્રાપ્ત કરી શકાય છેઃ

**૧) પ્લાન્ડ ટ્રીટમેન્ટ્સ માટે**

જો નોન-એમ્પેનલ્ડ હૉસ્પિટલમાં કોઈ વૈકલ્પિક શસ્ત્રક્રિયા યોજના ધરાવવી હોય તો ગ્રાહકને હૉસ્પિટલમાં દાખલ થવા માટે ઓછામાં ઓછું ૪૮ કલાક પૂર્વે વીમા કંપનીને જાણ કરવી જરૂરી છે.

**૨) ઈમર્જન્સી ટ્રીટમેન્ટ્સ માટે**

જો તાત્કાલિક મૅડિકલ ઈમરજન્સી હોય અને તરત હૉસ્પિટલમાં દાખલ થવાની જરૂર હોય તો

ગ્રાહકને ૪૮ કલાકની અંદર વીમા કંપનીને માહિતી આપવી જોઈએ, જેથી નોન-એમ્પેનલ્ડ હૉસ્પિટલમાં કેશલેસ ટ્રીટમેન્ટ પ્રાપ્ત કરી શકાય.

આમ કોઈ હૉસ્પિટલ નેટવર્ક યાદી પર ન હોય તોપણ આ કેશલેસ એવરીવ્હેર સુવિધાનો ઉપયોગ કરવાનું યાદ રાખો અને આર્થિક ભારથી મુક્ત થાવ... ■

* * *

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક



## એન્ટિબાયોટિક્સની આડઅસર અનેક છે... કઈ રીતે બચશો?

૧૪ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે એક ફેંસલો સંભળાવ્યો કે ડૉક્ટરો દ્વારા અપાતી દરેક દવાની સંભવિત આડઅસરો વિશે દર્દીને જણાવવાનું ડૉક્ટરોને કહેવું એ વ્યવહારુ નથી...

આજકાલ દર્દીઓનાં સગાઓ દ્વારા વારંવાર ફરિયાદો થાય છે કે ડૉક્ટર દ્વારા અપાતી ખોટી સારવાર કે અયોગ્ય દવાઓને કારણે દર્દીને નુકસાન થાય છે. ઘણી વાર તો ડૉક્ટરની મારપીટ અને હૉસ્પિટલમાં તોડફોડ પણ થાય છે. આ એક ગંભીર મુદ્દો છે, પણ તેનાથી વધુ એક ગંભીર મુદ્દો છે કે જેને સામાન્ય લોકો રીતસર અવગણી કાઢે છે. એ મુદ્દો છે જાતે જ ડૉક્ટર બની બેસવાનો. અનેક કિસ્સામાં દર્દીને હૉસ્પિટલમાં લાવવામાં આવે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. શરૂઆતમાં દર્દને ગંભીરતાથી ન લેવામાં આવે અથવા પોતાની રીતે જ ઉપચાર કરવામાં આવે ને જ્યારે પરિસ્થિતિ કાબૂ બહાર જાય ત્યારે હૉસ્પિટલ ભણી દોટ મૂકવામાં આવે.

આજે ખાસ કરીને એ વિશે વાત કરવી છે કે 'ઓવર ધ કાઉન્ટર' (એટલે કે ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્સન વગર - આપમેળે લીધેલી દવા) લેવામાં આવતી એન્ટિબાયોટિક્સ આપણા આરોગ્ય માટે કેટલી જોખમી થઈ શકે છે. માથું દુખે - શરીર દુખે - તાવ આવે - શરદી થાય એટલે લોકો તરત જાણીતી એન્ટિબાયોટિક ગોળી પોતાની મેળે લઈ લેતાં અચકાતાં નથી. આવી દવાઓની સંભવિત આડઅસર વિશે આપણે કેટલા જાગૃત છીએ? ડૉક્ટરની સલાહ વિના નિયમિત રીતે આ દવા લેવાય ખરી? આ વિશે આપણે જાણવાની અને જાગૃત થવાની ખાસ જરૂર છે.

સૌપ્રથમ એ જાણીએ કે એન્ટિબાયોટિક્સ શા માટે લેવામાં આવે છે?

સામાન્ય રીતે, એન્ટિબાયોટિક દવાનો ઉપયોગ બેક્ટેરિયાથી થતા ઘણા રોગોની સારવારમાં થાય છે, પરંતુ કોઈ પણ રોગ વખતે વ્યક્તિ મૅડિકલ સ્ટોરમાંથી એન્ટિબાયોટિક્સ ખરીદીને તેનું સેવન કરે છે. ઘણી વાર તો એક વખત ડૉક્ટરે એન્ટિબાયોટિક લખી આપી હોય, પછી પણ તેનો જ ઉપયોગ લોકો વાર-તહેવારે કર્યા કરે. આ પ્રક્રિયામાં ઘણી વાર આ દવાઓનો ઓવરડોઝ થાય છે, જેના કારણે દર્દીને ભારે આડઅસર સહન કરવી પડે છે.

ભારતમાં જે રીતે એન્ટિબાયોટિક્સ ખોટી રીતે લેવામાં આવી રહી છે તેના કારણે બેક્ટેરિયા 'ડ્રગ રેઝિસ્ટન્ટ' બની રહ્યા છે. આવા બેક્ટેરિયા પછી દવાને ગાંઠતા નથી અને જો થોડાં વર્ષો સુધી આ જ પરિસ્થિતિ ચાલુ રહેશે તો એક દિવસ એવો પણ આવી શકે છે જ્યારે એન્ટિબાયોટિક દવાઓ બેક્ટેરિયા પર કામ કરવાનું બંધ કરી દેશે અને પછી દર્દીની સ્થિતિ HIV જેવી થઈ જશે. ઘણા નિષ્ણાતો આ વિશે નિયમિત રૂપે ચેતવણી આપી રહ્યા છે.

જ્યારે રોગની તીવ્રતાની તુલનામાં ઓછી માત્રા-શક્તિની દવા લેવામાં આવે છે અથવા રોગ મટ્યા પછી પણ નિયત માત્રાનો ડોઝ પૂરો કર્યા વિના દવા બંધ કરવામાં આવે ત્યારે બેક્ટેરિયા નબળા પડી જવાને કારણે રોગ મટી જાય છે, પરંતુ બેક્ટેરિયા સંપૂર્ણપણે નાબૂદ થતા નથી, બલકે એ ધીમે ધીમે દવા સામે પ્રતિકાર વિકસાવે છે. આ જ કારણ છે કે ૨૦ વર્ષ પહેલાં જે એન્ટિબાયોટિક્સનો ઉપયોગ બહુ પાછળથી - ચોથી પેઢી તરીકે થતો હતો તે હવે એને આજે સામાન્ય રોગો માટે પ્રથમ પેઢી તરીકે આપવામાં આવે છે. આના પરિણામે મચ્છરોની-મલેરિયાની દવાઓ બિનઅસરકારક બની જાય છે અને ટીબી જેવા રોગ ખતરનાક સ્વરૂપ ધારણ કરે છે અને જ્યારે આ દવાઓનો વધુ શક્તિશાળી ડોઝ બને છે ત્યારે તે તમામ પ્રકારની આડઅસરોનું કારણ બને છે. પરિણામે, દર્દીના શરીરમાં અન્ય ખતરનાક રોગ વિકસે છે.



તબીબી સલાહ વિના દવા લેવી જીવલેણ બની શકે છે..

ડૉક્ટરોનું માનવું છે કે સામાન્ય રીતે ૭૦ ટકા દર્દી એવા હોય છે જે દવાઓની આડ અસરને કારણે બીમાર પડે છે. આવું માત્ર એન્ટિબાયોટિક દવાઓને કારણે જ નહીં, પરંતુ અન્ય ઘણી એલોપેથિક દવાઓને કારણે પણ થાય છે. આની પાછળનું મુખ્ય કારણ છે - લોકોમાં તબીબી સલાહ વિના દવાઓ લેવાની વૃત્તિ... ઉદાહરણ તરીકે શરીરના દુખાવાના કિસ્સામાં 'બ્રુફેન', શરદીમાં 'સેટિરિઝિન' કે 'સેટ્રિઝીન'- ઉધરસના કિસ્સામાં કોઈ પણ કફ સિરપ તથા અનિદ્રાના કિસ્સામાં 'આલ્પ્રાઝોલ' કે પેટમાં દુખાવા કે મરડા માટે 'મેટ્રોજિલ' વગેરે દવા પોતાની મેળે લે છે ત્યારે લોકોને ખબર નથી કે આ દવાઓની કેવી કેવી આડઅસર પણ છે. ડૉકટરો કહે છે કે શરીરના દુખાવાના કિસ્સામાં 'બ્રુફેન' સૌથી વધુ વપરાતી સામાન્ય દવા છે, જે આગળ જતાં ગૅસ્ટ્રાઇટિસ - કિડની અને લીવરની નિષ્ફળતાનું કારણ બની શકે છે. એ જ રીતે, 'મેટ્રોજિલ'ના લાંબા સમય સુધી ઉપયોગથી કૅન્સર અને પેરિફેરલ ન્યુરોપથી (નર્વ પ્રૉબ્લેમ), 'અલ્પ્રાઝોલ'થી મનોવસ્થા બગડે છે અને આત્મહત્યાના વિચારો આવવા લાગે છે.

### -તો આપણે શું કરવું જોઈએ?

સ્વાભાવિક છે કે માત્ર એન્ટિબાયોટિક્સ જ નહીં, જો કોઈ પણ દવાનો ઉપયોગ યોગ્ય રીતે ન કરવામાં આવે તો તે ફાયદા કરતાં વધુ નુકસાન પહોંચાડે છે. તેથી સીધી અને સચોટ સલાહ એ છે કે તબીબી સલાહ વિના કોઈ પણ દવા (વિટામિન અને મલ્ટીવિટામિન્સ સુદ્ધાં) ન લો અને ડૉક્ટર દ્વારા સૂચવવામાં આવેલી કોઈ પણ દવાના સંપૂર્ણ કોર્સને અનુસરો અને હા, માત્ર એલોપેથી પર આધાર રાખશો નહીં. જો રોગ ખૂબ ગંભીર ન હોય તો સારવારની અન્ય વૈકલ્પિક પદ્ધતિ (આયુર્વેદ, નેચરોપથી, હોમિયોપેથી)નો પણ ઉપયોગ કરો. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# અનિદ્રા શરીરની પણ છે ને મનની પણ બીમારી છે



(ગતાંકથી ચાલુ)

સાવધાન! ભગવાનને સમર્પણ તાણમુક્તિનો હેતુ સિદ્ધ કરવા માટે થતું નથી. અહીં એમ કહેવું અભિપ્રેત છે કે સમર્પણભાવની એક આડપેદાશરૂપે તાણમુક્તિ આવી મળે છે.

તાણની બીમારીમાંથી મુક્ત થવા માટે પ્રાણાયામ, શવાસન, પ્રણવ આદિનો અભ્યાસ કરવામાં આવે છે. આ અભ્યાસની સાથે થોડાં સરળ આસનોનો હળવો અભ્યાસ જોડવામાં આવે તો તેમ કરવાથી સહાય મળી શકે છે. તે માટે અધિકારી વ્યક્તિ પાસેથી શીખીને નીચેનાં આસનોનો અભ્યાસ કરી શકાય:

(૧) વિપરીતકરણી
(૨) વક્રાસન
(૩) યોગમુદ્રા

કઠિન આસનોનો અભ્યાસ કરવાથી પ્રારંભમાં તાણ વધી શકે છે, તેથી તાણના દરદીએ કઠિન આસનોનો અભ્યાસ પ્રારંભમાં ન કરવો.

તાણ એ કોઇ એવી બીમારી નથી કે તેમાંથી મુક્ત ન થવાય. હા, દવાની ટીકડીઓ લેવાથી તાણમાંથી જે મુક્તિ મળે છે તે સાચી અને કાયમી મુક્તિ નથી.

તાણ ચિત્તની એક અસ્વસ્થ પણ બિનકાયમી અવસ્થા છે, તેમ સમજવું જોઇએ આપણે આવી માનસિક તાણથી ડરી જઇએ. નાસીપાસ થઇ જઇએ તો તે વકરે છે અને ચિત્તમાં દૃઢમૂલ થાય છે, તેવી હતાશ થયા વિના સ્વસ્થતાથી અને દૃઢતાપૂર્વક તેનો ઉપાય યોજવો એ જ ડહાપણનું કાર્ય છે.

સમર્પણભાવ અને સમજના પાયા પર શવાસન, ઉજ્જાયી પ્રાણાયામ, પ્રણવોપાસના અને અન્ય થોડાં સરળ આસનોના નિયમિત અને સંનિષ્ઠ અભ્યાસથી આ માનસિક તાણની બીમારીથી અવશ્ય મુક્ત થઇ શકાય છે.

આપણે સમજી લેવું જોઇએ અને શ્રદ્ધા રાખવી જોઇએ કે સ્વસ્થતા તે આપણું કાયમી સ્વરૂપ છે, અસ્વસ્થતા નહીં. પ્રસન્નતા અને શાંતિ આપણું કાયમી સ્વરૂપ છે, માનસિક તાણ નહીં તાણ તો આગંતુક અવસ્થા છે અને જેમ આવી છે તેમ ચાલુ જશે.

આવશ્યક છે ઉચિત મનોવલણ અને સંનિષ્ઠ અભ્યાસ.

અનિદ્રાની યૌગિક ચિકિત્સા

**૧. પ્રસ્તાવ:**

સ્થાનફેર, કોઇ સમસ્યા, શારીરિક બીમારી કે એવા કોઇ કારણસર ક્યારેક ઊંઘ ન આવે તેવી ઘટના તો ક્વચિત્ લગભગ સૌનાં જીવનમાં બનતી હોય છે આ પ્રકારની ઘટનાને આપણે અનિદ્રાની બીમારી ગણતા નથી. નિદ્રાદેવી નિયમિત રીતે રિસાઇ જાય અને ક્વચિત નહીં પરંતુ લગભગ હંમેશાં નિદ્રા ન આવે તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય ત્યારે તેને અનિદ્રાની બીમારી કહેવામાં આવે છે.

કોઇ વિશેષ સંયોગોમાં ઊંઘ ન આવે તે તો અપવાદ છે, પરંતુ ઊંઘ ન આવવાની સમસ્યા લગભગ રોજિંદું સ્વરૂપ ધારણ કરે ત્યારે અનિદ્રાએ એક બીમારીનું સ્વરૂપ ધારણ કર્યુંછે તેમ ગણી શકાય.

પ્રત્યેક સમસ્યાનું નિરાકરણ શોધવાનું લગભગ સર્વ કાળે બનતું હોય છે, પરંતુ વર્તમાન યુગમાં તો જાણી માનવીએ સમ ખાધા છે- અમારે સર્વ સમસ્યાઓનું નિરાકરણ જોઇએ.

અનિદ્રાથી પીડિત માનવોની ટકાવારી વર્તમાનકાળમાં વધી હોય તેવો સંભવ છે અને આ સમસ્યાનો કારગત ઉપાય શોધવાનો પ્રયત્ન પણ આ યુગમાં વધુ ગંભીરતાથી થયો છે.

આ યુગનું સ્વરૂપ જ એવું છે કે અનિદ્રાની બીમારીનું પ્રમાણ વધી રહેલા છે. આ સમસ્યાના નિરાકરણ માટે અનેકવિધ અને અનેક સ્વરૂપના પ્રયત્નો પણ થયા છે અને થઇ રહ્યા છે.

યોગમાં કોઇ એવો ઉપાય છે કે જેના દ્વારા અનિદ્રાની બીમારીથી મુક્તિ મળે. આપણી સમક્ષ પ્રશ્ન એ છે કે યોગ દ્વારા અનિદ્રામાંથી મુક્તિ મેળવવી હોય તો કયા સ્વરૂપની યોગાભ્યાસ કરવો જોઇએ.

**૨. અનિદ્રાનો અર્થ અને તેનું સ્વરૂપ:**

'અનિદ્રા' શબ્દનો અર્થ છે નિદ્રાનો અભાવ. પ્રત્યેક વ્યક્તિને અમુક નિશ્ચિત સમય માટે નિદ્રા જોઇએ જ નિદ્રા વિના માનવી જીવી ન શકે. જેમ ખોરાક શરીરની અનિવાર્ય આવશ્યક્તા છે, તેમ નિદ્રા પણ શરીરની અનિવાર્ય આવશ્યકતા છે. શરીર-મન માટે આવશ્યક હોય તેથી ઓછી કે ઘણી ઓછી નિદ્રા આવે તે અવસ્થાને આપણે અનિદ્રાની બીમારી ગણીએ છીએ.

ક્યારેક એવું બને છે કે કોઇ વ્યક્તિને નિદ્રા આવતી નથી. આનો અર્થ એમ નથી કે તેને નિદ્રાની સદંતર અભાવ હોય છે. જેને આપે અનિદ્રાની બીમારી ગણીએ છીએ તેનાં પાંચ લક્ષણો હોય છે:

(૧) નિદ્રા ખૂબ મુશ્કેલીથી આવી છે.

(૨) નિદ્રા ઘણી રાહ જોવડાવ્યા પછી આવે છે.

(૩) નિદ્રાનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. શરીરને જેટલી નિદ્રાની આવશ્યકતા હોય છે તેના કરતાં ઓછી નિદ્રા આવે છે.

(૪) નિદ્રા માટે ઘણી વાર નિદ્રાની દવા લેવી પડે છે.

(૫) અપૂરતી નિદ્રાને કારણે શરીર-મનને પર્યાપ્ત આરામ મળતો નથી. પરિણામે શરીરમાં થાક અને મનમાં અકળામણ રહ્યા કરે છે.

(૬) જીવવા પ્રત્યે કંટાળો આવી જાય છે.

અનિદ્રા એક મનઃશારીરિક બીમારી છે. આ બીમારી શરીરની પણ છે અને મનની પણ છે. શરીર અને મન બંનેને નિદ્રાની આવશ્યકતા છે. નિદ્રા દરમિયાન શરીર-મન બંનેને આરામ મળે છે અને નિદ્રા ન મળે તો શરીર-મન બંનેને કષ્ટ થાય છે.

**૩. અનિદ્રાની કારણમીમાંસા:**

અનિદ્રાનાં અનેક કારણો હોઇ શકે છે. આપણે અહીં તે કારણોની યાદી બનાવતા નથી, પરંતુ અનિદ્રાની અવસ્થાનું નિર્માણ કરવામાં જે પરિસ્થિતિ કારણભૂત બને છે. તેની આપણે અહીં મીમાંસા કરીએ છીએ.

(૧) માનવ-વ્યક્તિત્વની એક મૂળભૂત સંવાદિતા હોય છે. સંપૂર્ણ સુસંવાદી વ્યક્તિત્વ તો એક આદર્શ છે. આવું સંપૂર્ણ સુસંવાદી વ્યક્તિત્વના કોઇનું હોતું નથી. આમ છતાં આપણે જેને સામાન્ય વ્યક્તિ ગણીએ છીએ તેના વ્યક્તિત્વમાં એક પ્રકારની સામાન્ય સંવાદિતા હોય છે. આ સંવાદિતાને આધારે તેની જીવનયાત્રા, નાનીમોટી સમસ્યાઓ છતાં, ચાલુ રહે છે. કોઇક કારણસર આ સંવાદિતાનો ભંગ થાય તો તેની જીવનયાત્રામાં ખલેલ પડે છે, તેના વ્યક્તિત્વમાં વિસંવાદ ઉપસ્થિત થાય છે. આ વિસંવાદનાં બહિરંગ કારણો અનેકવિધ હોઇ શકે છે. વ્યક્તિત્વમાં વિસંવાદ ઊભો થાય છે. આ મૂળભૂત પરિસ્થિતિ છે.

જીવનધારામાં ઉપસ્થિત થયેલો આ વિસંવાદ અનિદ્રાનું મૂળભૂત કારણ છે. જીવનરથમાં કિચૂડાટ શરૂ થયો છે, જીવનરથની ગતિમાં ભંગ પડ્યો છે. આ મૂળ વાત છે અને તેના એક પરિણામરૂપે અનિદ્રાની અવસ્થા આવે છે.

એક રથ રસ્તા પર ચાલ્યો જાય છે. રથના ઘોડા, રથનાં સર્વ અંગ-ઉપાંગો, રસ્તો આદિ સર્વ વ્યવસ્થિત હોય તો રસ્યા પર રથની ગતિ સુચારુ સ્વરૂપે ચાલે છે. પણ રથના ચક્રો વાંકાં વળી જાય કે રથની ધરી ત્રાંસી થઇ જાય કે ઘોડા થાકી ગયા હોય કે એવી કોઇક તકલીફ ઊભી થાય તો રથની ગતિ સુચારુ સ્વરૂપે ચાલતી નથી. રથની ગતિમાં વિઘ્ન આવે છે. આમ બનવાથી કિચૂડાટ શરૂ થાય છે. રથની ગતિ મંદ કે બંધ પણ પડી જાય છે.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
ફોક્સ
રેખા દેશરાજ

# દુર્લભ ઔષધીય વૃક્ષ દહીમન

આ એક વન ઔષધીય વૃક્ષ છે, જે ઘણા અલગ-અલગ નામોથી ઓળખાય છે. જેમ કે કાર્ડિયા મેકલોડી હૂક, દહી પલાશ, ઢેંગન, ભોટી, તેજસગુન, શિકારીનું ઝાડ, દૈવસ, દેહીપલસ અને દહીમન. આ એક ખૂબ જ ઉપયોગી વૃક્ષ છે, પરંતુ જંગલમાં ઘણીવાર તેને ઓળખવું મુશ્કેલ બની જાય છે. આ વિશે એક કહેવત છે કે જ્યારે પશુઓ, ખાસ કરીને ગાયો જંગલમાં ઘાયલ થાય છે, ત્યારે તેઓ જેની છાલ પર જઈને તેમના ઘાને ઘસતા હોય છે તે દુર્લભ દહીમનનું વૃક્ષ હોય છે. તેને કેન્સરનો ઈલાજ માનવામાં આવે છે, પરંતુ આ વિશે કોઈ વૈજ્ઞાનિક પુષ્ટિ નથી, તે એક સામાજિક માન્યતા છે.

અનેક ઔષધિઓમાં ઉપયોગમાં આવતા આ વૃક્ષનો દરેક ભાગ ઔષધીય છે. તેની છાલનો રસ પીવાથી કિડનીનો સોજો ઓછો થાય છે અને પાચન સંબંધી સમસ્યાઓમાં રાહત મળે છે. છત્તીસગઢમાં એવું માનવામાં આવે છે કે તેની છાલનો રસ પીવાથી સાપના ડંખની સારવાર પણ શક્ય છે. ઝેર ખુરાનીનો ઉપચાર દહીમનની છાલ અને રસથી કરવામાં આવે છે. તેના પાનનો પાઉડર બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખે છે. તેની છાલનો પાઉડર અથવા છાલનો રસ લીંબુના રસ સાથે પીવાથી વજન ઓછું કરવામાં મદદ મળે છે. દારૂના વ્યસનીઓ તેનો રસ પીવે તો દારૂના વ્યસનથી દૂર થઈ શકે છે. પરંતુ આ રસ તેના પાંદડા અને છાલનો હોવો જોઈએ. તેના પાનની પેસ્ટ લગાવવાથી મોટામાં મોટા ઘા પણ મટી જાય છે. તેની છાલ અને પાંદડા વડે કમળાની સારવાર પણ શક્ય છે. ખાસ કરીને આદિવાસીઓ તેના વિવિધ ઉપયોગથી વાકેફ હોય છે અને આયુર્વેદિક ડોકટરો પાસે પણ આ ઔષધીય વનસ્પતિ વિશે ઘણી માહિતી હોય છે.

દહીમનના ઝાડ નીચે બેસવાથી શાંતિ મળે છે, કારણ કે તેનો છાંયો ઠંડક પ્રદાન કરે છે. તેના લાકડામાંથી બનેલી ફ્રેમ કે બેન્ચ પર બેસવાથી અનેક ઔષધીય લાભો મળે છે. પરંતુ યોગ્ય ઓળખ વિના તેનો ઉપયોગ કરવો નહીં, અથવા તો હર્બાલિસ્ટની મદદ લો. આ વૃક્ષને ઓળખવાની એક રીત એ છે કે જો આપણે દહીમનના પાંદડા પર કંઈક લખવાનો પ્રયત્ન કરીએ તો તેના પાંદડા પરની રેખા અંદરની તરફ નહીં, બહારની તરફ નીકળે છે. એવું કહેવાય છે કે ભૂતકાળમાં



જાસૂસો તેના પાંદડા પર સંદેશા લખીને અહીં અને ત્યાં મોકલતા હતા. કારણ કે તેના પાંદડા પર લખેલા શબ્દો થોડા સમય પછી દેખાઇ આવે છે. કેટલાક લોકો કહે છે કે તેને શોધવું સરળ છે કારણ કે તે પલાશના ઝાડ જેવું લાગે છે, પરંતુ તેના પાંદડા એક તરફ લીલા અને બીજી તરફ આછા સફેદ રંગના હોય છે અને જો તેના પાંદડા પર લાકડાના તીક્ષ્ણ ટુકડાથી કંઈક લખેલું હોય તો થોડા સમય પછી તે એવું દેખાવા લાગે છે કે જાણે તે સ્કેચ પેનથી લખવામાં આવ્યું હોય. જો કે, કાર્ડિયા મેકલોડી નામનું આ વૃક્ષ બોરાજીનેસી પરિવારનું નાનું વૃક્ષ છે, તેમ છતાં તે ૮ થી ૧૦ મીટર ઊંચું વધે છે. તેની છાલમાં ઇથેનોલિક અર્ક જોવા મળે છે, જે અનેક ઔષધીય ગુણોનો ભંડાર છે.

દહીમનના લાકડામાંથી માળા અને કડા પણ બનાવવામાં આવે છે. કેટલાક લોકો તેનું લાકડું સાથે લઈને ફરે છે કારણ કે તેના સતત સંપર્કમાં રહેવાથી તેઓને ઘણા ફાયદા થાય છે. આદિવાસી સમાજમાં આ વૃક્ષનું ઘણું મહત્ત્વ છે. છત્તીસગઢના રાજનાદગાંવ જિલ્લામાં દહીમનનાં ઘણાં વૃક્ષો જોવા મળે છે. આ સિવાય એક જમાનામાં સતપુડા, અમરકંટક, સુરગુજા વગેરેના જંગલોમાં પણ દહીમનનાં વૃક્ષો મોટા પાયે જોવા મળતા હતા. આ દુર્લભ હર્બિસિયસ વૃક્ષ મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, આસામ અને તમિલનાડુનાં જંગલોમાં પણ જોવા મળે છે. જો કે હજુ સુધી એ જાણી શકાયું નથી કે, આ સંશોધન સફળ થયું કે નહીં, પરંતુ દહીમનમાંથી એન્ટિવેનમ (સાપનું ઝેર દૂર કરવાની દવા) બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. એવું માનવામાં આવે છે કે આ દહીમનના વૃક્ષ હજારો વર્ષોથી ભારતના જંગલોમાં હાજર છે. જ્યારે આદિવાસીઓને તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ દારૂ પીને વધુ પડતો નશો ચડી જાય છે ત્યારે તેઓ દહીમનનાં ઝાડના પાન ખાઈને નશો ઉતારે છે. જો કે આ વૃક્ષનું ઔષધીય મહત્ત્વ ઘણું વધારે હોવાથી જંગલોમાંથી મોટા પાયે તેના વૃક્ષ કાપી લેવામાં આવે છે, આથી આજકાલ દહીમનનું વૃક્ષ તેના અસ્તિત્વ માટે લડી રહ્યું છે. છત્તીસગઢનું સંજીવની કહેવાતું આ વૃક્ષનું અસ્તિત્વ આજકાલ જોખમમાં હોવાને કારણે છત્તીસગઢ અને મધ્ય પ્રદેશમાં તેના વ્યવસ્થિત વનીકરણ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. છત્તીસગઢમાં તેના અસ્તિત્વનાં જોખમનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે મારવાહીનાં જંગલોમાં તેના માત્ર એક ડઝન વૃક્ષો જ બચ્યાં છે. છત્તીસગઢ સ્થિત મારવાહી ફોરેસ્ટ ડિવિઝનનાં જંગલોને મારવાહીનાં જંગલો કહેવામાં આવે છે, જ્યાં જંગલી હાથીઓનો આતંક પણ જોવાં મળે છે. ■

feedback@bombaysamachar.com
હેલ્થ
રશ્મિ શુકલ

# સવારે ઊઠતાં જ તમે ઉદાસી અનુભવો છો... આ મોર્નિંગ એન્ગઝાઈટી તો નથી?

લોકોમાં વર્કલોડની વધતી ચિંતા દિવસે-ને દિવસે વધતી જાય છે. એને કારણે દિમાગમાં વિચારો સતત ભમ્યાં કરે છે. વ્યક્તિ હંમેશાં ચિંતિત રહે છે. કેટલીક વખત સવારે જાગતાં જ વ્યક્તિ પથારીમાં જ પડી રહે છે. જોકે એ લાગે છે તો સામાન્ય, પરંતુ આ મોર્નિંગ એન્ગઝાઈટી હોઈ શકે છે. ચિંતા અને તણાવ આ સમસ્યાને વધુ ગંભીર બનાવી દે છે. મોર્નિંગ એન્ગઝાઈટીને વિસ્તારથી જાણીએ.

**મોર્નિંગ એન્ગઝાઈટીના લક્ષણ:**

વ્યક્તિ લાંબા સમય સુધી ઊંડા વિચારોમાં મગ્ન થઈ જાય છે. જેથી તેને સમયનું પણ ભાન નથી રહેતું.

પેટમાં દુઃખાવો ઊપડે છે અને ચક્કર આવવા લાગે છે.

વગર કારણ થાક લાગે છે અને એને કારણે વર્ક પ્રોડક્ટિવિટી ઘટી જાય છે.

માથાનો દુઃખાવો વધી જાય છે અને છાતીમાં પણ દબાણ જેવું લાગે છે.

નર્વસનેસ રહે છે અને વ્યક્તિ નાહક રડવાં લાગે છે અને ચીસો પાડે છે.

**મોર્નિંગ એન્ગઝાઈટીથી કઈ રીતે બચી શકાય**

કોઈપણ સમસ્યાને ઉકેલવા માટે સૌ પ્રથમ એનાં કારણોને જાણવા જરૂરી છે. જો લોકો મોર્નિંગ એન્ગઝાઈટીથી પિડાય છે. તેમના તણાવનું કારણ શોધવું જોઈએ. એનાથી એને ઉકેલવામાં મદદ મળી શકે છે. સાથે જ ચિંતાને ઉકેલવા તરફ કાર્ય કરવું જોઈએ.

નકારાત્મક વિચારો પણ ચિંતા વધારે છે. એથી જીવનમાં સકારાત્મક અભિગમ અપનાવવો જોઈએ. સાથે જ પોષણયુક્ત આહાર પણ મહદઅંશે મદદ કરી શકે છે. મેગ્નેશિયમ અને પોટેશિયમથી ભરપૂર ખોરાક આહારમાં સામેલ કરવો જોઈએ. એથી લીલાં શાકભાજી, નટ્સ, ઓટ્સ અને અનાજનો ભોજનમાં સમાવેશ કરવો.

સવારે યોગ-ધ્યાન કરવાથી પણ ઘણો ફાયદો થઈ શકે છે. ત્યારબાદ કસરત પણ કરવી જોઈએ. એનાથી શરીરમાં બ્લડ-સર્ક્યુલેશન વધે છે, જે માનસિક તણાવને ઘટાડવામાં મદદ કરે છે. એક રિસર્ચ પ્રમાણે દિવસમાં ત્રીસ મિનિટ વ્યાયામથી શરીરમાં સ્ફૂર્તિ રહે છે.

જાગ્યા બાદ એક પછી એક એમ રોજબરોજના કામ કરવા જોઈએ. એનાથી વ્યક્તિ દિવસભર સક્રિય રહે છે અને ચિંતાથી થોડા ઘણે અંશે રાહત મળે છે.

એક જ વિષય પર સતત વિચારતા રહેવાથી ચિંતા વધી જાય છે. એનાથી નકારાત્મકતા વધે છે અને માનસિક થાક પણ લાગે છે. એથી આવી બધી બાબતો પર વધુ ધ્યાન ન આપતાં મનને શાંતિ અને આનંદ મળે એવી પ્રવૃત્તિમાં પોતાને વ્યસ્ત રાખવું પણ હિતાવહ છે. ■



feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# બોલો, બધાને ડૂબાડીને પરિવર્તન લાવશો?

'સ્વાગતમ ધનિક ભિક્ષુક મંડળ તરફથી આપ સૌ ભિખારી ભૈ બુનોનું ભાવભીનું હાર્દિક સ્વાગત'

ઍલ્યુમિનિયમના ડબ્બા, જૂનાં ફાટેલાં મેલાં કપડાંનાં પોટલાં, પ્લાસ્ટિકના તૂટેલા ગ્લાસની સાથે બેઠેલા ટોળા સામે મંડળના પ્રમુખ ધનજીએ સભાનો શુભારંભ કર્યો:

'મિત્રો હમણાં એક અદ્‌ભુત ઘટના ઘટી. બન્યું એવું કે યુરોપથી એક કૂતરો કાયમ માટે ભારત રહેવા આયો ત્યારે નવાઈ લાગી. મી પૂછ્યું 'ભૈ ટોમી, ત્યાં યૂરોપમાં તો રમણીય દૃશ્યો, પૉલ્યુશન વગરની ચોખ્ખી હવા, શુદ્ધ ખાવાપીવાનું, સાફસફાઈવાળું રહેઠાણ આટલી સવલત હોવા છતાં તું કાયમ માટે ભારત શું કામ આવ્યો?' તો કહે: 'તમે સાચા છો ત્યાં બધી સગવડો ભારત કરતાં પચાસગણી સારી, નો ડાઉટ.. પણ ભસવાની સ્વતંત્રતા જે ભારતમાં છે એ વિશ્વમાં ક્યાંય નથી ને અમે ભસ્યા વગર રહીએ તો આપણું.. સૉરી અમારું કૂતરાપણું લાજે' પછી મી હમજાયો:

'જો ટોમી બકા, ભસવાની બિન્દાસ છૂટ ખરી, પણ જો ભૂલથી કોઈ રાજકારણીને બટકું ભર્યું તો ને એના લોહીનું એક ટીપું પણ જો તારા પેટમાં ગયું તો ૧૪ ઇન્જેકશન આપ્યાં પછી પણ તું આખી જિંદગી ભાષણબાજી ઠોકયા કરીશ, સમજ્યો? છતાં મગજ તારું ને વિચાર તારો.'

'મિત્રો આજે એ જ કૂતરાની ભસવાની પ્રેરણાથી કેટલાય ટોપાઓએ ભાષણબાજી કરી એટલે મારામાં પણ હિંમત વધી છે. હમણાં ચૂંટણીના કારણે એક પક્ષના મેસેજ વાંચી મારી ધનલક્ષ્મી બોલી: 'જે પીવું હોય એ ઘરે પીઓ. આપણો તો બાર છે. બીજે શું કામ પીવાનું? ને ત્યારે મને થયું કે બારના બદલે જો ચાની લારી ખોલી હોત તો મોદીની જગ્યાએ આ ધનજી બેઠો હોત. યુ બિલિવ, એ વખતે મોદીને પણ ચા બનાવતા હું શિખવાડતો. હમણાં જાહેરમાં ત્યાંના એક નેતાજી બોલેલા કે 'ભાયો-બેનો, દ્વારકા સાથે અમારે બહુ જૂનો નાતો, જ્યારે જ્યારે કૃષ્ણ ભગવાનનું માથું દુખતું ત્યારે ઠેઠ દ્વારકાથી વડનગર સુધી ચા પીવા ચાલતા આવતા'. પછી બાજુવાળાએ કફની ખેંચી ત્યારે ખબર પડી કે સાલુ વધારેપડતું ફેંકાઈ ગયું...ખેર, આજે વિકાસ...'

'તંબુરાનો વિકાસ.' મંગો ભિખારી ટોળામાંથી ઊભો થયો જે દેશમાં લોહી સસ્તું ને પેટ્રોલ મોંઘું એને વિકાસ કઈ રીતે..'

'શાંત થા મંગા શાંત, વિકાસ એટલે શું તને શું ખબર.. અરે, જેમ જેમ મોંઘવારી વધતી ગઈ એમ એમ આપણા ભિક્ષુક મંડળની સંખ્યા પણ વધતી ગઈ, મોંઘવારીના લીધે રોજના ૭૦૦૦૦ લોકો ભિખારી બની મંડળમાં જોડાય છે, એ મંડળનો વિકાસ નથી તો શું છે? અરે, જે લોકો મોટા બંગલા કે ફ્લૅટમાં રહેવા છતાં બે-ત્રણ બાળકો ધરાવે છે ને આપણે ફૂટપાથ પર રહેવા છતાં સાત-આઠ પેદાં કરીએ છીએ એ વિકાસ નથી તો શું છે? તમારાં ભાભીને સાત સંતાન પછી આ વર્ષે પણ હજી પાંચમો જાય છે યે અચ્છે દીન નહીં તો કયા હૈ? ઘર માટે બૂમાબૂમ કરો છો, પણ તમને ફૂટપાથ પર છત અને દીવાલ વગરની હવા-ઉજાસવાળી જગ્યાએ રહેવા મળે છે એ વિકાસ નથી તો શું છે? હમણાં કુદરતની હવા ને સૂરજના પ્રકાશનું બિલ આવતું હોત તો ભરત કઈ રીતે? હવે દરેક પાર્ટીએ ભીખ માગવા માટે પરિવાર દીઠ એક ઑફિસ ખોલી આપવાનું વચન આપ્યું છે એ વિકાસ નથી તો બીજું શું છે? ભીખના ધંધાને વિકસાવો-

ભીખથી કમાઓ, ચૂંટાયા પછી એના પરિવારની ભરણપોષણની જવાબદારી આપણી છે. સમજ્યા?

હમણાં તો મંદિર બહાર ટોળું વળી આપણે ભીખ તો માંગીએ છીએ, પણ ભીખ માગવા જેવો હાથ લંબાવ્યો કે તુર્તજ બોલશે 'માફ કરો...' એ ટોપાને કોણ સમજાવે કે ભિખારી તો આપણે બંને અમે મંદિર બહાર માંગીએ તું અંદર.... જુઓ, હવે મૂળ વાત. હમણાં કાલે પાંચ વર્ષે એક વીઆઈપી ભિખારી આવ્યો. આપણે આખી જિંદગી ન કરગર્યા એટલું કરગર્યો, મગરનાં ઉધારનાં થોડાં આંસુ ઠાલવ્યાં ને બે હાથ જોડી બોલ્યો: 'હમરે મે વિશ્વાસ રખો' મી કીધું: 'આપ લોગોમે તો પહેલેસે હી વિષ-વાસ હૈ, ડૉન્ટ ફિલ બેડ. અત્યાર સુધી જેને ચૂંટયા એણે જ લૂંટ્યા છે. બોલો,

ચૂંટાયા પછી વર્તનમાં પરિવર્તન લાવશો?' તો બોલતી બંધ... જુઓ, વહાલાઓ, મત આપવો એ આપણી નૈતિક ફરજ છે. ગયા વખતે તો આપણા આખા ઍરિયામાંથી આખી પેટી ખાલી નીકળેલી. આવું કરાય?'

'અરે બાપુ' ભીખો ભરવાડ વચ્ચે ઊભો થયો: 'એ વખતે એ મંચ ઉપરથી બોલેલો મુજે મત દો' એટલે આ ગામડાના ગમાર એમ સમજ્યા કે આપણે કશું આપવાનું નથી એટલે મતપેટી ખાલી નીકળી! બાપુ, એક વાત પૂછું? આ કપડાંની જેમ પક્ષ બદલતા આ ટોપાઓનો આત્મા ડંખતો નઇ હોય?'

'અલ્યા ડોબા, જે વસ્તુ જેનામાં હોય જ નઇ એ ડંખે રીતે? આત્માવાળો નેતા જોયો?'

'બાપુ, આ ટોપાઓ ઓળખાતા નથી બહારથી માણસ જેવા દેખાય, પણ અંદરથી શેતાન એટલે કહેવું પડે છે દેશ કો અભી દુશ્મનોં સે નહીં ગદ્દારોસે ખતરા હૈ ઓર ઘર કો અભી ચોરોં સે નહીં પહેરેદારોસે ખતરા હૈ!'

'તો ચાલો, મિત્રો જવાબ આપો, દેશનો એક નેતા ગંગામાં ડૂબી જાય તો?'

'તો પૉલ્યુશન' મંગો બોલ્યો

'ને ધારોકે બધા એકસાથે ડૂબી ગયા તો ?'

'તો તો બાપુ સોલ્યુસન.. જલસા જ જલસા'

(તાળીઓ)

'તમારી તાળીઓ બતાવે છે કે આ કામ જલદી થવું જોઈએ, પણ એ કામ મારા હાથમાં આવવું તો જોઈએને? તમારા હાથમાં આવે તો તમે શું કરો? ડર્યા વગર બોલો. શું કહો છો?' ■

feedback@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# પોષક તત્ત્વોનું પાવર હાઉસ ગણાય છે લીલી-ચોળી - સૂકા-ચોળા

દિવાળીમાં ચોળાફળી ખાવાની મજા પડી ગઈ હશે. બેસતાવર્ષના દિવસે ખાસ ચોળીનું શાક શુકનમાં બનાવવામાં આવે છે. ચોળી સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. અંગ્રેજીમાં તેને 'લોબિયા કે કાઉપીઝ' તરીકે ઓળખવામાં આવે છે. આપણા દેશમાં તેને કાળી આંખો વાળા વટાણા કે દક્ષિણી વટાણા તરીકે ઓળખવામાં આવે છે. દેખાવમાં લંબગોળ તથા પ્રત્યેક દાણા ઉપર એક કાળું ટપકું જોવા મળે છે. રંગની વાત કરીએ તો સફેદ, લીલા, લાલ, કાળા વગેરે રંગના જોવા મળે છે.

દેખાવમાં નાના-મોટા બે જાતના મળી રહે છે. લીલી લાંબી ચોળી હોય કે સૂકાયા બાદ ચોળા તરીકે ઓળખ ધરાવતાં કઠોળમાં અનેક ગુણો સમાયેલા છે. વાળ તથા ત્વચાના સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. શાકાહારી લોકો માટે પ્રોટીન મેળવવાનો શ્રેષ્ઠ દરવાજો ગણાય છે. એવું કહેવાય છે કે ચોળામાં દહીં, દૂધ, પનીર તથા ઈંડાં કે માંસાહાર કરતાં અનેક ગણી વધુ માત્રામાં પ્રોટીન સમાયેલું છે. વિવિધ સંશોધન દ્વારા જાણવા મળ્યું છે કે એક કપ ચોળામાં ૧૩ ગ્રામ પ્રોટીન સમાયેલું હોય છે. દૂધ તથા ઈંડાં કરતાં બમણું હોય છે. ચોળામાં ફાઈબર, વિટામિન, મિનરલ્સ વગેરે હોય છે. તેથી તેનું નિયમિત સેવન કરવાથી શરીર મજબૂત બને છે. શરીરમાં શક્તિનો સંચાર થાય છે.

**ચોળીના સ્વાસ્થ્ય લાભઃ**

**એનિમિયામાં લાભકારીઃ** ચોળા એનિમિયાની સમસ્યામાં લાભકરી ગણાય છે. તેનું મુખ્ય કારણ છે તેમાં સમાયેલી આયર્નની માત્રા. ૧૦૦ ગ્રામ ચોળામાં ૩.૪ મિલિગ્રામ આયર્ન જોવા મળે છે. ચોળાનું નિયમિત સેવન કરવાથી લોહીમાં હિમોગ્લોબિનની માત્રા વધે છે. એનિમિયાનાં લક્ષણો ઘટે છે.

**કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં લાભકારીઃ** ફાઈબર તથા પ્રોટીનની માત્રા ભરપૂર હોવાને કારણે ચોળી કે ચોળા આરોગ્ય માટે શ્રેષ્ઠ ગણાય છે. જેનો આહારમાં ઉપયોગ કરવાથી લોહીમાંથી ખરાબ કૉલેસ્ટ્રોલની માત્રાને ઘટાડવામાં મદદ કરે છે. તેમાં ફાઈટોસ્ટેલૉલ નામક સ્ટેરૉઈડ હોય છે. જે લોહીમાં સંતુલિત માત્રામાં કૉલેસ્ટ્રોલની માત્રા જાળવી રાખવામાં મદદ કરે છે.

**ફ્રી રેડિકલ્સને દૂર કરવામાં લાભકારીઃ** ચોળાનો રંગ ભલે ગમે તે હોય પરંતુ તેના ગુણ એકસમાન જોવા મળે છે. ઍન્ટિઓક્સિડન્ટ એજન્ટ જેવા કે વિટામિન એ તથા વિટામિન સીની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. તેથી તેનો આહારમાં ઉપયોગ કરવાથી હાનિકારક મુક્ત રક્તકણો (ફ્રી રેડિકલ્ક)થી છુટકારો મેળવવામાં મદદ મળે છે. કેન્સર જેવી બીમારીથી બચાવે છે.



**ડાયાબિટીસના જોખમથી બચાવેઃ** ચોળામાં ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેથી તેના નિયમિત સેવનથી ડાયાબિટીસ વધવાના જોખમથી રક્ષણ મળે છે. એવી માહિતી મળે છે કે લોહીમાં શર્કરાના સ્તરને નિયંત્રિત કરવામાં તથા ડાયાબિટીસ થવાના જોખમને ઘટાડવામાં ઉપયોગી થઈ શકે છે.

**હૃદય સંબંધિત રોગમાં લાભકારીઃ** ચોળીમાં ફ્લેવોનોઈડ્સની માત્રા છે જે હૃદય સંબંધિત તકલીફથી બચવામાં મદદ કરે છે. પરંતુ ચોળીનું સેવન અનેક વખત ગૅસ-એસિડીટીની તકલીફ ઊભી કરે છે. તેથી તેનું સેવન ફક્ત દિવસના સમયે કરવું જોઈએ. રાત્રિના સમયે તેનું સેવન જોખમી ગણાય છે.

**ઘાતક બીમારીથી દૂર રાખેઃ** ચોળી કે ચોળામાં લિગ્નિન નામક ઘટક સમાયેલું છે. જે ફાઈટોઅસ્ટ્રોજન સમૂહનું ગણાય છે. જેના ઉપયોગ દ્વારા વિવિધ ઘાતક બીમારી જેવી કે કેન્સર, સ્ટ્રોક, હાઈ બ્લડપ્રેશર તથા ઑસ્ટિયોપોરોસિસની તકલીફથી બચાવે છે.

**ગર્ભાવસ્થામાં જરૂર ખાવી જોઈએ ચોળીઃ** ગર્ભાવસ્થામાં આહારની યોગ્ય કાળજી લેવાય તે અત્યંત આવશ્યક છે. ચોળીમાં પ્રોટીનની માત્રા ભરપૂર હોવાને કારણે તેનો ઉપયોગ આહારમાં કરવો જરૂરી છે.

ચોળીમાં ફોલેટની માત્રા હોય છે જે શિશુની ન્યૂરલ ટ્યૂબની ખરાબીના જોખમને ઘટાડવામાં મદદ કરે છે. ચોળીના સેવનથી શરીરને પર્યાપ્ત માત્રામાં ફાઈબર મળી રહે છે. તેથી કબજિયાતની તકલીફથી બચી શકાય છે. જે વ્યક્તિને વારંવાર ગૅસની તકલીફ રહેતી હોય તેમણે ચોળીના ઉપયોગ સમયે અજમા-હિંગનો વઘાર કરવો આવશ્યક બની જાય છે.


**હાડકાં મજબૂત રાખવામાં લાભકારીઃ** લીલી ચોળી હોય કે સૂકા વિવિધ રંગના ચોળા હોય આ બધામાં કૅલ્શિયમ, ફોસ્ફરસ તથા મેગ્નેશિયમ જેવા ખનિજની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેને કારણે તેનું યોગ્ય માત્રામાં સેવન કરવામાં આવે તો હાડકાં મજબૂત બને છે. શરીરનાં મસલ્સ ઢીલાં પડી ગયાં હોય તો તે મજબૂત બને છે.

**ત્વચાને ચમકદાર બનાવેઃ** ચોળી ઍન્ટિ-ઓક્સિડન્ટથી સમૃદ્ધ શાક ગણાય છે. તેમાં વિટામિન એ તથા વિટામિન સીનું પ્રમાણ સમાયેલું હોય છે. જે ત્વચાને મુલાયમ બનાવવામાં મદદ કરે છે. ચોળામાં સમાયેલા ઓક્સિડેટિવ ગુણો ત્વચા ઉપર સમયથી વહેલી દેખાતી કરચલી, કાળા ડાઘ કે વય વધવાની સાથે ત્વચા શુષ્ક બની જતી હોય તો તે રોકવામાં મદદ કરે છે. પ્રોટીનની માત્રા ભરપૂર હોવાને કારણે ત્વચાની કોમળતા જાળવવામાં મદદ મળે છે.

**ડિપ્રેશનને દૂર કરવામાં લાભકારીઃ** ચોળીમાં એમિનો ઍસિડ ફેનિલએલનિન હોય છે. જે વારંવાર ડિપ્રેશન કે નાસીપાસ થઈ જતી વ્યક્તિને સમસ્યાથી બચાવવામાં મદદ કરે છે.

અનેક સંશોધન દ્વારા જાણવા મળે છે કે ફેનિલએલનિન ધરાવતી વસ્તુનું સેવન કરેલ હોય તેમને ડિપ્રેશનની સમસ્યાથી બહાર નીકળવામાં મદદ મળે છે. માઈગ્રેન કે અનિદ્રાની તકલીફમાં ચોળાનું સેવન લાભકારી બની શકે છે. ■

## ચોળા-રીંગણ-પનીરનું શાક



**સામગ્રીઃ** ૧ કપ સૂકા સફેદ ચોળા, ૧ નંગ પાતળું રીંગણ, ૧ વાટકી પનીરના ટુકડાં, ૧ નંગ તમાલપત્ર, ૧ નાનો ટુકડો તજ, ૨ નંગ લવિંગ, ૪-૫ નંગ મરી, ૧ નંગ એલચી, ૧ ચમચી ધાણાજીરું, ૧ નાની ચમચી ગોળ, ૧ ચમચી મીઠું, ૨ નંગ કોકમ, ચપટી કસૂરી મેથી, સ્વાદાનુસાર મીઠું. ચપટી હિંગ, ૧ ચમચી આદુ-મરચાં-લસણની પેસ્ટ. ૧ નાની ચમચી જીરું, ૧ નાની ચમચી અજમો, સજાવટ માટે કોથમીર

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ચોળાને બરાબર સાફ કરીને ૪-૫ કલાક પલાળી દેવા. ત્યાર બાદ પલાળેલું પાણી બદલી નાખવું. ચોળા ડૂબે તેટલું પાણી ઉમેરીને તેમાં રીંગણ ભેળવીને કૂકરમાં બાફવા મૂકવું, તજ, તમાલપત્ર, લવિંગ, મરી, એલચી, વગેરે બાફતી વખતે ગોઠવવું. ૩ સીટી વગાડીને ગૅસ બંધ કરવો. કૂકર ઠંડું પડે એટલે તેમાં ધાણાજીરું, હળદર, ગોળ, કોકમ, સ્વાદાનુસાર મીઠું વગેરે ભેળવવું. હવે વઘારિયામાં તેલ-ઘી સરખે ભાગે લઈને ગરમ કરવું. તેમાં પનીરના ટુકડા સાંતળી લેવા. પનીરના ટુકડાં એક પ્લૅટમાં ગોઠવી દેવા. જીરું તથા અજમાનો વઘાર કરવો. સ્વાદાનુસાર હિંગ ભેળવવી. આદુ-મરચાં-લસણની પેસ્ટ ગરમ તેલમાં સાંતળીને ચોળામાં ઉમેરવી. વઘાર તૈયાર થઈ જાય ત્યાર બાદ તેને ચોળામાં ભેળવી દેવો. પનીરના ટુકડા ગોઠવી દેવા. કોથમીરથી સજાવીને ગરમાગરમ રોટલી સાથે પીરસવું.

feedback@bombaysamachar.com

આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

**ગયે અઠવાડિયે આપણે પેટની વિભિન્ન બીમારીઓ વિશે જાણ્યું. આજે હવે અહીં જાણીએ**

# અજીર્ણ - અપચો - મંદાગ્નિ...શું છે?



પ્રાયઃ આહારની વિષમતાને કારણે મનુષ્યોને અજીર્ણ થાય છે અને તે અજીર્ણ જ અનેક રોગનું મૂળ છે, તેના નાશથી રોગ સમૂહનો પણ નાશ થાય છે.

આમ સામાન્ય દેખાતો આ રોગ અનેક ભયંકર રોગની જનની છે માટે આ રોગને સાવ સામાન્ય સમજીને તેની અવગણના ન કરવી, પરંતુ તેનાં મૂળ કારણો શોધી યોગ્ય ઉપચારો કરવા.

*** અજીર્ણનાં લક્ષણઃ**

* જમેલું પચે નહીં અને જમવામાં અરુચિ રહે.
* થોડું જમ્યા હોય તોપણ પેટ ભરાઈ જાય અને પેટ ભારેભારે લાગે.
* કબજિયાત કે ઝાડા-ઊલટી થાય.
* ખાટા અથવા વાયુના ઓડકાર આવે.
* શરીરમાં આળસ, બેચેની અને માથું દુઃખે.
* મોઢું વાસ મારે અને તેમાં કડવો અથવા બીજી જાતનો સ્વાદ આવે.
* ગળામાં, છાતીમાં અથવા પેટમાં બળે.
* પેટમાં વાયુના ગડગડાટ થાય અને દુર્ગંધયુક્ત અધોવાયુ છૂટે.



અજીર્ણ થવાનાં કારણઃ

જે અસંયમી મનુષ્ય પશુની માફક માત્રારહિત અધિક ભોજન કરે છે તે રોગસમૂહના મૂળ એવા અજીર્ણને પ્રાપ્ત કરે છે.

* ભારે, તળેલી અને મસાલેદાર વાનગીઓ જમવાથી.
* વિરુદ્ધ આહાર અને રાત્રે વાયુવર્ધક આહાર જમવાથી.
* જમતાં-જમતાં વધારે પાણી પીવાથી.
* જમ્યા પછી તરત જ સૂઈ જવાથી.
* દિવસે વધુ સૂવાથી અને રાત્રે ઉજાગરા કરવાથી.
* જેટલું જમતાં હોઈએ તેટલા પ્રમાણમાં શારીરિક શ્રમ ન કરવાથી.
* જ્યારે આપણે ચિંતા અને ટેન્શનમાં હોઈએ ત્યારે લીવરમાંથી પાચકરસો ખૂબ જ ઓછા પ્રમાણમાં છૂટતા હોય છે અને તે સમયે વધુ જમવાથી પાચનતંત્રના રોગ વધી જાય છે.
* જે દવા આપણે તાવ, એસીડીટી, માથું દુઃખવું, શરદી-ઉધરસ વગેરે રોગ મટાડવા માટે લેતા હોઈએ છીએ, તે જ દવાઓ ઘણી વાર પાચનતંત્રને બગાડી શકે છે.
* મળ-મૂત્રના વેગને રોકવાથી.
* પેટમાં એસીડીટી અથવા અલ્સર હોવાને લીધે.
* ગર્ભવતી હોવાના સમયે.
* અજીર્ણમાં આહાર...
* અજીર્ણ અને અપચો તે મંદાગ્નિને કારણે થાય છે. મંદાગ્નિ દૂર કરવાનો અને જઠરાગ્નિને પ્રદિપ્ત કરવાનો ઉત્તમ ઈલાજ ઉપવાસ છે માટે જ્યાં સુધી કકડીને ભૂખ ન લાગે અને શરીર હળવુંફૂલ ન લાગે, ત્યાં સુધી નકોરડો ઉપવાસ કરવો ઉપકારક છે. શરીરમાં 'આમ'નો અંશ ઉપવાસથી નાશ પામશે અને અજીર્ણ દૂર થશે.
* પપૈયું ખાવું તેમ જ લિંબુ, નારંગી અને અનાનસનો જ્યૂસ ખૂબ જ ફાયદાકારક છે.

અજીર્ણ - અપચો - મંદાગ્નિના ઉપચારઃ

૧) ભૂખ લાગતી જ ન હોય કે ભૂખ મરી ગઈ હોય તો દિવસમાં અજમો બે વાર અડધી ચમચી ચાવીને ખાવો.

૨) જમતાં પહેલાં આદુના ટુકડા પર સહેજ સિંધવ મીઠું અને લીંબુનો રસ નાખીને રોજ ખાવું.

૩) ૧-૨ ચમચી ફુદીનાના રસમાં ૧ ગ્રામ સંચળ મેળવીને સવાર-સાંજ પીવું.

૪) અડધી ચમચી અજમો, ચપટી સિંધવ મીઠું; લિંબુના શરબતમાં મેળવીને પીવાથી અજીર્ણ મટે છે.

૫) ૧ ગ્લાસ હૂંફાળાં પાણીમાં ૧ ચમચી આદુનો રસ અને ૨ ચમચી મધ મેળવીને પીવાથી અજીર્ણ મટે છે.

૬) ૧ ચમચી લીંબુનો રસ, ૧ ચમચી આદુનો રસ અને ચપટી સિંધવ મીઠું મેળવીને પીવું.

૭) ૧-૧ ચમચી હરડે અને સૂંઠનું સમભાગે ચૂર્ણ બનાવી દિવસમાં ત્રણ વાર લેવું.

૮) સૂંઠ, મરી, પીપર અને સિંધવ મીઠું સરખે ભાગે લઈ તેનું ચૂર્ણ છાશમાં પીવાથી અજીર્ણ મટે છે.

૯) ૧ ગ્રામ લીંડીપીપર ચૂર્ણ ૪ ગ્રામ ગોળ સાથે સવાર-સાંજ લેવું.

૧૦) લિંબુ કાપી તેની ઉપર સિંધવ મીઠું ભભરાવી જમતાં પહેલાં ચૂસવું.

## આટલી સાવધાની જરૂર રાખો...

* ઠંડા પદાર્થોનો ખાસ ત્યાગ કરવો જોઈએ.
* અજીર્ણ દરમિયાન વારંવાર પાણી ન પીવું અને તરસ લાગે ત્યારે ઉકાળેલું પાણી ધીરેધીરે પીવું.
* અજીર્ણમાં વારંવાર રેચ ન લેવો. તેનાથી આંતરડાંની કાર્યક્ષમતા ઘટી જાય છે.

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા



# હાનિકારક સૂક્ષ્મજીવોથી રક્ષણ કરે છે હિસ્ટામિન હાર્મોન

માનવ શરીર અનેક કોશિકાઓનું બનેલું છે. આ કોશિકાઓમાં અનેક ઉત્તકો છે. જેમાં અનેક રસાયણો હોય છે. જે શરીરને હાનિકારક સૂક્ષ્મજીવો અનેક ખરાબ રસાયણો હોય છે. જે શરીરને હાનિકારક સૂક્ષ્મજીવો અને ખરાબ રસાયણોના આક્રમણથી બચાવે છે. રાસાયણિક અભિક્રિયાઓ આપણી ચારે બાજુ થાય છે. સૌથી વધારે જીવિત જીવોની કોશિકાઓની અંદર થાય છે.

માનવ શરીરમાં પ્રતિ સેકંડ લગભગ સાડત્રીસ ટ્રિલિયન કોશિકાઓ હોય છે. જેમાં પ્રતિ સેકંડ એક બિલિયન જેવ રાસાયણિક ક્રિયાઓ થાય છે. શરીરના બધા ઉત્તકોમાં અથવા કોષોમાં હોતું રસાયણ જે પ્રતિકુળ પ્રતિક્રિયાઓ નીપજાવતો એક ક્ષારક પદાર્થ છે. જે પ્રાકૃતિક રસાયણ છે જે માસ સેલમાં ગેન્યુઅલ રૂપમાં (દાણા રૂપમાં) હોય છે. આ રસાયણ છે હિસ્ટામિન એક લોકલ હાર્મોન છે. જે પોતાના જ લોકલ એરિયામાં કામ કરે છે. જે લોકલ ઇમ્યુન સિસ્ટમ માટે કામ કરે છે. સેલના ફંકશનને ચેન્જ કરે છે. આના ચાર પ્રકાર છે. એચવન ટુ, થ્રી, ફોર છે. જે કોશિકાઓ વચ્ચે સંદેશ મોકલવાનું કામ કરે છે.એક સિગ્નલિંગ અણુ છે.

સંજ્ઞાનાત્મક કાર્યને વિનિયમિત કરે છે. જે પરાગરજ અને પરજીવીના સંક્રમણ પર કામ કરે છે. જે ગંભીર એલર્જીક અને એલર્જી લક્ષણ પેદા કરવા માટેની ભૂમિકા ભજવે છે.જલન, બળતરા શરીરમાં વધારી દે છે. આનું નિયંત્રણમાં રહેવું જરૂરી છે. શરીરના બધા જ સેલમાં ઉત્પાદન થાય છે. આનું કેમિકલ કમ્પાઉન્ડ ઓર્ગેનિક છે જેમાં કાર્બન, હાઇડ્રોજન, ઓક્સિજન થોડી માત્રામાં નીકળે છે.

હિસ્ટામિન બહારથી આવેલા બેકટેરિયા પર કામ કરે છે. જયારે બેકટેરિયાનો હુમલો થાય ત્યારે બેકટેરિયાને પોતાની અંદર ગળાવીને મારી નાખે છે. પાવર ફૂલ થઇને હુમલો કરે છે.

(બેકટેરિયા) એન્ટિ બોડી માસ સેલ પર ચીપકી જાય ત્યારે તેને પકડે અને હિસ્ટામાઇન રિલીઝ કરે અને બેકટેરિયા (એન્ટિ બોડી) ને મારી નાખે છે. બેકટેરિયાનો હુમલો વધુ ઘાતક હોય તો વધુ હિસ્ટામીન રિલીઝ થાય અને શરીરમાં એલર્જી પેદા થાય ત્યારે ત્વચા પર ખંજવાળ રક્તચાપ નીચું થાય (લો પ્રેશર), દુઃખાવો થાય, નાકબંધ કે નાક વહેવું, હૃદયની ગતિમાં વૃદ્ધિ, શરીર પર સોજા આવે.

બ્લડ કેપીલરીની પરમીબિલિટી વધી જાય, ગેસ્ટ્રિક તકલીફ વધી જાય, કયારેક ઠંડી વધુ લાગે, કયારેક ગરમી વધુ લાગે.

હિસ્ટામીન શોક જો વધી જાય કે તેનું પ્રમાણ વધી જાય તો બ્લડ વેસલ્સ ડાયલેટ થઇ જાય, બ્લડ સપ્લાય ઓછું થાય, બ્લડ સેલમાં ન્યૂટ્રિશન ન પહોંચે બ્લડ સેલમાં ઓક્સિજન ન પહોંચે પ્રેશર લો થઇ જાય. તેથી મૃત્યુ પણ થઇ જાય.

હિસ્ટામિન એક સ્મૂથ મસલ્સના સેલમાં, નાની બ્લડ વેસલ્સમાં કામ કરે છે ત્યાં વધી જતાં ખંજવાળ આવે છે. રેડ રિએકશન થાય છે. વધી જતાં આ વ્યાધિ થાય છે. આ એચવન રિસેપ્ટર નિંદર અને જાગવાના ચક્રને નિયંત્રિત કરે છે.

ભોજન લેવું, શરીરનું તાપમાન, ભાવના, યાદશક્તિ શીખવું વગેરે પર નિયત્રંણ કરે છે.

હિસ્ટામિન બે (એચ-ટુ) ન્યૂરોફીલ, ગર્ભાશય હૃદયના સેલમાં આવેલું છે. બગડતાં હૃદયની ગતિમાં વૃદ્ધિ થાય , ગર્ભાશયનું પ્રોટીન બગડે કે એલર્જી થાય.

હિસ્ટામિન-ત્રણ (એચ-થ્રી) કેન્દ્રીય તંત્રિકા તંત્ર (સીએન.એસ.) ગેસ્ટ્રિક સ્રાવ (સ્ટમકના સેલ) સેલમાં આવેલું છે. બગડતાં ગેસ કે એસીડીટી થાય.

હિસ્ટામિન ચાર (એચ-ફોર) થાઇમસ ગ્લેન્ડ, પ્લીહા નાના આંતરડા, અસ્થિમજ્જા, સફેદ રકતકણ (બેસોફીલ) મોટા આંતરડાના સેલમાં આવેલું છે. આ બગડતા સોજા, એલર્જી, ખંજવાળ, અનુભૂતી કે ભાવનાનું વર્ણન ન કરી શકે, આંતરડામાં સોજા, ગેસ વધવો, કાડા થવા, પાચન ક્રિયા પર અસર થવી.

હિસ્ટામિન વધુ રિલીઝ ત્યારે જ થાય જયારે બહારના પરજીવોનો હુમલો થાય આ પરજીવી કે બેકટેરિયા ખરાબ ખાન-પાનને કારણે થાય છે. માંસ ખાવું, દારૂ સેવન, ચહા, કોફી, પ્રિઝર્વેટિવ કોલ્ડડ્રિંક, ઓપિઓઇડ/નારકોટિક્સ અને મેડિકલ ઇમેજિંગમાં વપરાતા કન્ટ્રસ્ટ એજન્ટ, ખાદ્ય-રંગ, મીઠાઇઓ બહારના ડેરી ઉત્પાદન, ખરાબ થયેલા શાકભાજી, પરાગરજ, પાળેલા જાનવરના કારણે થાય.

બેકટેરિયા સામે લડવા માટે અસમર્થ થાય અને સ્રાવ વધી જાય ત્યારે શરીર પર લક્ષણો દેખાય છે. શરદી થવી, માથું દુઃખવું, હૃદયની ગતિ વધવી વગેરે શરૂઆતી લક્ષણ છે. આને નિયંત્રિત કરવા માટે પ્રાકૃતિક આકાર લેવો. ખાટા ફળોનું સેવન, તાંદળજો ભાજી, બકાવ્હાઇટ, બાજરો, ચોખા, બ્લુબેરી, સફરજન, પપનસ, દાડમ, કીવી, લીલી વનસ્પતિનો ઉપયોગ કરવો.

સ્વાસ્થ્ય અને બીમારીમાં હિસ્ટામાઇનની ભૂમિકા નિરંતર શોધનો વિષય છે. હિસ્ટામાઇન એક બાયોજેનિક અમીનોએસિડ છે. જે તેજ ગતિથી ચયાપચન માટે સમાધાન રૂપમાં છે. ■

feedback@bombaysamachar.com

હેલ્થ પ્લસ

અનંત મામતોરા

# સ્ટ્રેસ છે તમારી સુંદરતાનો દુશ્મન

આજના વ્યસ્ત જીવનમાં તણાવ એક સામાન્ય સમસ્યા બની ગઈ છે, પરંતુ શું તમે જાણો છો કે તે તમારા માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય તેમજ તમારી ત્વચા અને વાળ પર ઊંડી અસર કરી શકે છે? નિષ્ણાતો કહે છે કે લાંબા સમય સુધી તણાવ તમારી ત્વચાને શુષ્ક, નિર્જીવ અને ખરાબ રીતે પ્રભાવિત કરી શકે છે. વધુમાં, તે વાળ ખરવાનું અને તેમની ગુણવત્તાને નુકસાન પહોંચાડવાનું મુખ્ય કારણ પણ બની શકે છે.

## ▶ ત્વચા પર તણાવની અસર

જ્યારે આપણે તણાવમાં હોઈએ છીએ ત્યારે શરીરમાં કોર્ટિસોલ નામના હોર્મોનનું પ્રમાણ વધી જાય છે. આના કારણે ત્વચાનો કુદરતી ભેજ ઓછો થવા લાગે છે, જેના કારણે ત્વચા શુષ્ક અને ખરબચડી બની જાય છે. આ સિવાય તાણ તમારી ત્વચામાં ફાઈન લાઈન્સ અને કરચલીઓને પણ પ્રોત્સાહિત કરી શકે છે. ઘણી વખત તણાવના કારણે ચહેરા પર ખીલ, પિમ્પલ્સ અને એક્ઝિમા જેવી સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે. ત્વચા નિષ્ણાતોનું માનવું છે કે જે લોન લાંબા સમયથી તણાવમાં રહે છે તેમની ત્વચામાં લાલાશ, સોજો અને બળતરા જેવાં લક્ષણો જોવા મળે છે. આ સિવાય ત્વચા પર ડાર્ક સર્કલ અને થાકેલી ત્વચા પણ તણાવનું પરિણામ છે.

## ▶ વાળ પર તણાવની અસર

તણાવ પણ વાળ માટે મોટો દુશ્મન સાબિત થઈ શકે છે. લાંબા સમય સુધી તણાવને કારણે વાળ ખરવા સામાન્ય થઈ જાય છે. આનું કારણ એ છે કે તણાવ દરમિયાન, શરીરમાં હોર્મોનલ અસંતુલન થાય છે, જે વાળના વિકાસ ચક્રને અસર કરે છે. આના કારણે વાળ ઝડપથી ખરવા લાગે છે અને તેમની ઘનતા ઘટી જાય છે. તણાવ વાળના મૂળને નબળા બનાવી શકે છે, જેના કારણે વાળ પાતળા થઈ જાય છે અને તૂટવાની સંભાવના રહે છે. આ ઉપરાંત કેટલાક કિસ્સાઓમાં તણાવને કારણે, વાળ ભૂખરા થવા લાગે છે અને ખોપરી ઉપરની ચામડીમાં પણ ડેન્ડ્રફ થઈ શકે છે.

## ▶ તણાવ ઘટાડવાની રીતો

નિષ્ણાતોના મતે યોગ, ધ્યાન અને નિયમિત કસરત તણાવ ઘટાડવાના અસરકારક માર્ગો છે. ઉપરાંત સમયાંતરે વિરામ લેવો અને યોગ્ય ઊંઘ લેવી મહત્ત્વપૂર્ણ છે. હેલ્ધી ડાયટ અને સ્કિનકેર રૂટીન અપનાવીને ત્વચા અને વાળને સ્વસ્થ રાખી શકાય છે. તેથી, જો તમે તમારી ત્વચા અને વાળને સ્વસ્થ રાખવા માગતા હો, તો તણાવ ઓછો કરવો અત્યંત જરૂરી છે. ■

# તૃપ્ત અતૃપ્ત



પ્રકરણ ૧

■ એચ. એન. ગોલીબાર

**આજે એ વાતને નેવું વરસનો સમય વીતી ગયો છે, છતાં આજે પણ રાતના બાર વાગ્યે એ વર-વધૂ સડક પર ઊભેલાં નજરે પડે છે અને રાત્રે પસાર થતા દરેક વાહન પાસે શ્રીનગર જવાની લિફ્ટ માગે છે...!**

## લેખકની એક વિશેષ વિનંતી...

*જે લોકો ભૂત-પ્રેતમાં માનતા નથી એમની સામે મારે કોઈ દલીલ કરવાની રહેતી નથી, જે લોકો ભૂત-પ્રેતમાં માને છે, એમને મારે એ વિશે કંઈ કહેવાનું રહેતું નથી. ભૂત-પ્રેતની દુનિયા વિશેના વાદવિવાદમાં પડ્યા વિના આ નવલકથાને ફક્ત નવલકથા સમજી વાંચવા મારી નમ્ર વિનંતી છે.*

**ગાડી** એક આંચકા સાથે જમ્મુના સ્ટેશન ઉપર ઊભી રહી. મુસાફરો ઊતરવા માટે ઉતાવળા અને બહાવરા બન્યા હતા, જ્યારે કુલીઓ પોતાની રોજી-રોટી મેળવવા માટે બહાવરા બન્યા હતા. બીજા મુસાફરો તો અગાઉથી ક્યારનાય પોતાનો સામાન બાંધીને જમ્મુ ઊતરવા માટેની તૈયારીઓ કરી ચૂક્યા હતા, પરંતુ આખા ડબ્બામાં એક જીમી જ એવો મુસાફર હતો જે બિલકુલ આરામથી બેઠો હતો. કારણ કે, એ જાણતો હતો કે, ગાડીનું છેલ્લું સ્ટેશન જમ્મુ હતું અને જમ્મુથી ગાડી આગળ ક્યાંય જવાની નહોતી.

એણે બારીમાંથી એક બુઢ્ઢા કુલીને બૂમ મારી ડબ્બામાં બોલાવ્યો. પોતાનો સામાન એ કુલીના માથે મુકાવી એ શાંતિથી જમ્મુ સ્ટેશને ઊતર્યો. જિંદગીમાં પહેલી વાર એ જમ્મુ આવ્યો હતો. જોકે એમ તો બીજા ઘણા મુસાફરો જમ્મુ પહેલી વાર જ આવ્યા હતા, પરંતુ બીજા મુસાફરોમાં અને જીમીમાં જમીન-આસમાનનો તફાવત હતો. બીજા મુસાફરો કાશ્મીર જોવા, ફરવા અને માણવા આવ્યા હતા, જ્યારે એ તો અહીંયા એની રોજી-રોટી મેળવવા માટે આવ્યો હતો.

શ્રીનગરના ટેલિવિઝન કેન્દ્ર ઉપર પ્રૉડ્યુસરની એક નવી જગ્યા ઊભી થઈ હતી. છાપામાં એણે જાહેરખબર વાંચીને તુરત જ અરજી પણ કરી દીધી હતી. એના સારા નસીબે એના અનુભવો અને સર્ટિફિકેટ જોઈને એને નોકરી પણ મળી ગઈ હતી. એ નોકરીમાં જોડાવાનો આવતી કાલે પહેલો દિવસ હતો. એટલે કોઈ પણ સંજોગોમાં એ શ્રીનગર આવતી કાલે વહેલી સવારે પહોંચવા માંગતો હતો અને અત્યારે સાંજ પડી ચૂકી હતી.

એણે જ્યારે કુલી પાસે શ્રીનગર જવા માટેની વાત કરી તો બુઢ્ઢા કુલીએ ખૂબ જ મમતા અને પ્રેમથી એને શ્રીનગર અત્યારે-રાત્રે ન જવાની સલાહ આપી અને સાથે-સાથે જીમીને સમજાવ્યું કે, 'જમ્મુથી શ્રીનગર જવાનો રસ્તો ખૂબ જ ભયાનક અને ખતરનાક છે. વળી આખોય રસ્તો પહાડના વાંકાચૂંકા વળાંકો અને ઊંચાનીચા રસ્તાવાળો છે એટલે આજે રાત્રે જમ્મુમાં કોઈ પણ હોટલમાં આરામ કરી આવતી કાલે સવારે જ શ્રીનગર જવું વધુ સારું અને સલાહ ભરેલું છે.'

બીજા મુસાફરોને પણ જીમીએ પૂછપરછ કરી તો તેઓ પણ જમ્મુ રાત રોકાઈને બીજા દિવસે વહેલી સવારની બસમાં જ શ્રીનગર માટે રવાના થવાના હતા. જીમી ખૂબ જ મૂંઝવણમાં મુકાઈ ગયો હતો. એણે સ્ટેશન ઉપર ભણેલા-ગણેલા દેખાતા અને જમ્મુમાં જ વસતા બે-ચાર બીજા માણસોની પણ સલાહ લીધી. બધાએ એકીઅવાજે એમ જ કહ્યું કે અત્યારે જમ્મુથી શ્રીનગર મુસાફરી કરવી જોખમભરેલી વાત છે. વળી અત્યારે કોઈ બસ પણ જતી નથી. રાતનું ભયંકર અંધારું અને પહાડના વાંકાચૂકા વળાંકોવાળો ખતરનાક રસ્તો હોય તો કોઈ પણ ડાહ્યો માણસ આવું બેવકૂફી ભર્યું પગલું ભરે જ નહીં, પરંતુ જીમીને એ બેવકૂફી કર્યા વિના છૂટકો નહોતો.

ખૂબ જ મહેનત અને કોશિશો પછી હાથ આવેલી નોકરી એ કોઈ પણ સંજોગોમાં ગુમાવવા માંગતો નહોતો. કોઈ પણ ભોગે, કોઈ પણ કિંમતે એ આવતી કાલની વહેલી સવારે શ્રીનગર પહોંચવા માંગતો હતો. એ સીધો ટૅક્સી-સ્ટેન્ડ પર પહોંચ્યો. કમનસીબે ત્યાં એક જ ટૅક્સી ઊભી હતી. બીજી બધી ટૅક્સીઓ મુસાફરોને જમ્મુ શહેરમાં પહોંચાડવા માટે નીકળી ચૂકી હતી. એણે જમ્મુથી શ્રીનગર જવા માટેના રસ્તાની ટૅક્સી-ડ્રાઈવરને પૂછપરછ કરી. ટૅક્સી-ડ્રાઈવર ગુલુએ એને ફક્ત આઠ જ કલાકમાં શ્રીનગર પહોંચાડી દેવાનો પાકો વાયદો કર્યો, પરંતુ સાથોસાથ ભાડાના બમણા પૈસા માંગ્યા અને નોકરી હાથમાંથી ન જતી રહે એટલા ખાતર એણે પૈસાની પરવા કર્યા વિના બમણું ટૅક્સીભાડું આપવાનું કબૂલ કરી પણ લીધું.

એના આ નિર્ણયથી બુઢ્ઢો કુલી થોડોક કચવાયો. એણે ફરી આ ભણેલા-ગણેલા નવયુવાન જેવા સાહેબને સમજાવવા ખૂબ જ વિનંતીઓ અને કાકલૂદી કરી. જમ્મુથી શ્રીનગરના રસ્તાની ભયંકરતા અને ભયાનકતા પણ એણે જીમી સામે રજૂ કરી, પરંતુ જીમી માટે એ બધું પથ્થર ઉપર પડેલાં પાણી સમાન હતું. એણે એની સહાનુભૂતિનો બદલો વાળવા મજૂરીના ડબલ રૂપિયા બુઢ્ઢા કુલીના હાથમાં થમાવી દીધા. વળી બુઢ્ઢા કુલીનું મન ન તૂટી જાય એટલા ખાતર એણે આડીઅવળી થોડી વાતો પણ કરી, પરંતુ બુઢ્ઢા કુલીને અત્યારે જીમીની જીદ ઉપર દયા આવતી હતી. એ આગળ કંઈ જ બોલી શક્યો નહીં અને બોલવા માટે એની પાસે કોઈ કારણ કે અધિકાર પણ નહોતાં.

બુઢ્ઢા કુલીના જતાં જ ટૅક્સી-ડ્રાઈવર ગુલુએ એક જોરદાર હાસ્ય વેરતાં કુલીની મશ્કરી કરી. એણે જીમીને ખૂબ જ હિંમત બંધાવી અને ખાસ ડરવા જેવું કાંઈ નથી એવી મીઠી વાતો પણ કરી. વળી એણે પોતાનો વરસો જૂનો ટૅક્સીના અનુભવનો દાખલો ટાંકીને જીમીને સધિયારો આપ્યો, જીમીનો સામાન ઉપાડી ટૅક્સીની ડીકીમાં મૂક્યો. જીમી પણ ઘડી બે ઘડી વિચારોની ગડમથલમાં રહ્યો. પછી બધા જ વિચારો ઝાટકીને એ ટૅક્સીમાં નિરાંતે બેસી ગયો.

એ ટૅક્સી-ડ્રાઈવર ગુલુ ઉપર ભરોસો મૂકીને ટૅક્સીમાં બેઠો હતો. જોકે, એણે સાંભળ્યું હતું કે જમ્મુના ટૅક્સી-ડ્રાઈવરો ઘરાકોને હથેળીમાં ચાંદો દેખાડવામાં ખૂબ જ ઉસ્તાદ હોય છે. ગમે તે વાતની હા પાડી દે છે ને ગમે તે વાત માટે તૈયાર થઈ જાય છે. ભલેને પછી એ કામ એના ગજાં બહારનું હોય!

પરંતુ જીમીને ગયા વિના છૂટકો પણ ક્યાં હતો? એટલે આ બધી વાત જાણવા છતાં એણે એવી આડી-અવળી સાંભળેલી વાતોને મગજથી દૂર રાખી. ભગવાન ઈશુના ભરોસે શ્રીનગર જવા માટે એ અત્યારે ડ્રાઈવર ગુલુની ટૅક્સીમાં મુસાફરી કરી રહ્યો હતો.

પરંતુ એ બિચારાને ક્યાં ખબર હતી કે એની સાથે હવે રસ્તામાં કેવી-કેવી દિલફરેબ અને દિલધડક ઘટનાઓ બનશે અને અનેક ઘટનાઓનો સામનો કરવો પડશે. જો આ વાત અગાઉથી જીમીને ખબર પડી ગઈ હોત તો કદાચ એ આ મુસાફરી કરવાનું જોખમ ખેડત જ નહીં. અરે! કદાચ - એ જમ્મુથી જ મુંબઈ જવા માટે પાછો વળી ગયો હોત! પરંતુ એ તો ભગવાન ઈશુ અને મધર મેરીના ભરોસે જ જઈ રહ્યો હતો. એણે ગળે લટકાવેલા ક્રોસ ઉપર એક વખત ફરી હાથ લગાડ્યો. એને ખાતરી હતી કે ભગવાન ઈશુ એનું રક્ષણ કરશે.

ટૅક્સી હવે પહાડી રસ્તા તરફ આગળ વધી રહી હતી. ટૅક્સી જેમજેમ ઊંચાઈ ઉપર જતી હતી તેમ-તેમ એને જમ્મુના રોશનીભર્યાં દૃશ્યો દેખાઈ રહ્યાં હતાં. થોડે ઊંચાઈ ઉપર પહોંચ્યા પછી જમ્મુ એને એવું લાગી રહ્યું હતું જાણે કોઈ વરરાજાનું સરઘસ જઈ રહ્યું હોય. રાતનાં અંધારાંમાં ટૅક્સીની લાઈટમાં દેખાતાં ઝાડ, વાંકાચૂકા રસ્તા અને ક્યારેક-ક્યારેક પહાડની નીચેનું દૃશ્ય એને આનંદ આપી જતાં હતાં. આ આનંદથી જીમી ઘડીભર માટેની બધી વાતો ભૂલી ગયો હતો.

જોકે, એને આ આનંદ આપવામાં ટૅક્સી-ડ્રાઈવર ગુલુનો પણ મોટો હાથ હતો. જ્યારથી જીમી ટૅક્સીમાં બેઠો હતો ત્યારથી ગુલુ ચૂપ નહોતો રહ્યો. એની જીભ એની ટૅક્સીની ઝડપે જ ચાલતી હતી. જીમીને શરૂઆતમાં એના આ વાતોડિયા સ્વભાવથી કંટાળો પણ આવતો હતો, પણ પછી એને ગુલુની વાતોમાં રસ પડવા માંડ્યો હતો. એણે અત્યાર સુધીમાં જીમીને કાશ્મીરમાં હરવા-ફરવાનાં સ્થળોની માહિતી આપી હતી. કાશ્મીરની મોસમની અને કાશ્મીરના લોકોની જાતજાતની અને ભાતભાતની વાતો એણે કરી હતી. વચ્ચે-વચ્ચે એ પોતાના સુરીલા અવાજે કાશ્મીરી ગીત પણ સંભળાવતો હતો.

એણે એની પત્ની, બાલ-બચ્ચાં અને પોતાનાં બુઢ્ઢા મા-બાપનો ખૂબ જ મજા પડે એ રીતે પરિચય કરાવ્યો હતો. જીમીએ એમને ક્યારેય જોયાં નહોતાં કે મળ્યો નહોતો છતાં ગુલુએ એટલી સરસ એમની ઓળખ આપી હતી કે જીમીને એમ લાગ્યું કે જાણે એ એમને વરસોથી ઓળખતો ન હોય! કાશ્મીરનાં જુદાં-જુદાં મંદિરો, મસ્જિદો, દરગાહો અને ચર્ચ વિષે પણ જાતજાતની માહિતી આપી હતી. આ બધામાં રસ્તો ક્યાં પસાર થઈ જતો હતો એનું ભાન જીમીને રહ્યું નહોતું.

વાતો કરતાં-કરતાં ટૅક્સી-ડ્રાઈવર ગુલુએ એક વાત એવી કરી કે જીમી ચોંકી પડ્યો. ગુલુએ કહ્યું: 'સાહેબ! આ પહાડની નીચે ઊતર્યા પછી ડાબી તરફ એક ખાઈ આવે છે, જેમાં અકસ્માતે એક ટૅક્સી પડી ગઈ હતી. એ ટૅક્સીમાં એક તાજાં જ પરણેલાં વર-વધૂ હતાં જે હનીમૂન મનાવવા માટે કાશ્મીર જઈ રહ્યાં હતાં. આજે એ વાતને નેવું વરસનો સમય વીતી ગયો હોવા છતાં આજે પણ રાતના બાર વાગ્યે એ વર-વધૂ સડક પર ઊભેલાં નજરે પડે છે અને ત્યાંથી રાત્રે પસાર થતા દરેક વાહન પાસે શ્રીનગર જવાની લિફ્ટ માંગે છે.'

શું બકે છે...! આવું તે કાંઈ બનતું હશે...?!?' અત્યાર સુધી પાછલી સીટે આરામથી ટેકો દઈને બેઠેલા જીમીનાં ઘડીભર માટે રૂંવાડાં ઊભાં થઈ ગયાં.

'બની કેમ ન શકે સાહેબ? શું તમે ભૂત-પિશાચમાં નથી માનતા?' ગુલુએ હસીને પૂછ્યું.

'બંધ કર તારો આ બકવાસ. આત્મા તો મર્યા પછી ભગવાન પાસે જતો રહે છે. ધરતી પર એનું કોઈ અસ્તિત્વ નથી રહેતું અને જ્યારે કોઈ આત્માનું શરીર જ હયાત ન હોય તો ભલા એ કઈ રીતે કોઈની પાસે લિફ્ટ માંગી શકે...?!?'

'જુઓ સાહેબ, હું કાશ્મીરી પંડિત છું. મંદિર-દરગાહોમાં હું ખૂબ જ માનું છું. હું ભૂત-પિશાચમાં પણ માનું છું અને હું તો ત્યાં સુધી કહીશ કે તમારે પણ ભૂત-પિશાચમાં માનવું જ જોઈએ.'

'જો ભાઈ, હું ભણેલો-ગણેલો માણસ છું. હું તો ફક્ત ભગવાન ઈશુ અને મધર મેરીને જ માનું છું અને એમાં જ શ્રદ્ધા ધરાવું છું. બાકી બધું તૂત અને હમ્બગ છે, એટલે તારી આ ઢંગધડા વિનાની વાતોમાં મને જરાય વિશ્વાસ નથી.'

'વિશ્વાસ નથી તો થઈ જશે.' ગુલુએ ટૅક્સીના અરીસામાં દેખતાં જીમી સામે જોઈને કહ્યું.

'તું તારી આ વહિયાત વાતો બંધ કર અને મને જેમ બને એમ જલદી શ્રીનગર પહોંચાડ. તારી બકબકથી તું ક્યારનો મારો સમય ખોટી રીતે બરબાદ કરી રહ્યો છે.' ગુલુની વાતો અત્યાર સુધી રસપૂર્વક સાંભળી રહેલા જીમીને હવે ગુલુ ઉપર ગુસ્સો આવ્યો હતો અને એની વાતોથી એ કંટાળ્યો પણ હતો.

'હું એ જ કોશિશ કરું છું. મારું માનવું છે કે આઠ વાગ્યા પહેલાં આપણે બનિહાલના બોગદા સુધી પહોંચી જવું જોઈએ. નવ વાગ્યા પછી એ બોગદામાંથી નીકળવાની મનાઈ છે.'

'તો પછી જલદી કર.'

અનેક વાંકાચૂકા વળાંકો પછી હવે ટૅક્સી પહાડો વચ્ચેના સાંકડા રસ્તે પૂરપાટ દોડી રહી હતી. ટૅક્સીની બહાર પહાડો વચ્ચેના કાળા અંધકારને જોઈને જીમી વિચારી રહ્યો હતો કે, એણે રાતના સમયે આવી મુસાફરી કરીને મોટી ભૂલ કરી છે, પણ સાથે-સાથે એ પોતે મજબૂર પણ હતો. જો પોતે આવતી કાલે સવારે શ્રીનગર ન પહોંચે તો એની નોકરી જાય એમ હતી.

થોડીક વાર સુધી જાતજાતના વિચારો કર્યા પછી રસ્તાની ભયંકરતા ઓછી કરવા અને રસ્તાને ટૂંકો કરવા તેમ જ સમય કાપવા જીમીએ ગુલુની સાથે વાતો ચાલુ રાખવાનું મુનાસિબ માન્યું. જીમીને થયું કે ગુલુ ગપ્પાં મારે છે તો એને ગપ્પાં મારવા દોને, આપણે એની વાતો જ સાંભળવી છેને! વળી એને એના એક મિત્રની સલાહ પણ યાદ આવી, 'રાતની મુસાફરીમાં હંમેશાં ડ્રાઈવરની સાથે એની સાથેના મુસાફરે વાતો કરાવવી જોઈએ જેથી ડ્રાઈવરને ઝોકું ન આવી જાય અને અકસ્માતનો ભય ન રહે.' અકસ્માતની કલ્પનાથી જ એના શરીરમાં એક ધ્રુજારી પસાર થઈ ગઈ, પરંતુ પછી તુરત જ એણે ટૅક્સી હાંકી રહેલા ગુલુને કહ્યું: 'હમણાં તેં કહ્યું કે આ પહાડીની આગળની ખાઈ પાસે એક તાજા જ પરણેલાં વર-વધૂ ઊભાં રહે છે.'

'હા, અને દરેક આવતાં-જતાં વાહનો પાસે લિફ્ટ માંગે છે.' (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કળી | BRANCH |
| થડ | PETAL |
| પુષ્પદલ | STEM |
| ડાળી | SEED |
| બીજ | BUD |

### ઓળખાણ પડી?

એક હજાર વર્ષ જૂના મૂળ આફ્રિકાના આ અનોખા વૃક્ષની ઓળખાણ પડી? આ વૃક્ષનું થડ પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતા ધરાવે છે.



અ) GINKGO TREE બ) KAURI TREE ક) BAOBAB TREE ડ) PANDO TREE

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ચા | ૨ ર | ૩ ધા | રા | | ૪ પ્ર | ૫ યો | જ | ૬ ન |
| કા | | ૭ કા | મ | | ૮ આ | | ગી | | સી |
| ૯ સ | ૧૦ ર | સ | | ૧૧ પ | તં | ગ | | ૧૨ ચા | હ |
| ૧૩ યો | ગ | | ૧૪ વા | દ | ક | | ૧૫ સ | ત | ત |
| ૧૬ જ | ત | ૧૭ ન | | ૧૮ ર | વા | ની | | ક | |
| ૧૯ ના | પી | ત | | ૨૦ ખા | દ | | ૨૧ ભા | | ૨૨ ઝા |
| | ત | | ૨૩ પા | નું | | ૨૪ ક | ર | ૨૫ વ | ટ |
| ૨૬ સિ | | ૨૭ સા | ર | | ૨૮ વિ | દ | | ૨૯ શ | ક |
| દ્ધાં | | ૩૦ હ | સ | | પ | | ૩૧ વ્હા | | ણી |
| ૩૨ ત | ર | સ | | ૩૩ પ | ક્ષ | પ | લ | ટો | |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | | ૫ | | ૬ |
| | | ૭ | | | | ૮ | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | ૧૨ | | | ૧૩ | |
| ૧૪ | | | ૧૫ | | | | | ૧૬ | |
| | | ૧૭ | | | | | ૧૮ | | |
| | | ૧૯ | | | | ૨૦ | | | ૨૧ |
| ૨૨ | | | | | ૨૩ | | | | |
| | | | | ૨૪ | | ૨૫ | | ૨૬ | |
| ૨૭ | ૨૮ | | ૨૯ | | ૩૦ | | ૩૧ | | ૩૨ |
| ૩૩ | | | ૩૪ | | | | | ૩૫ | |

**આડી ચાવી**

૧. ઊથલપાથલ કરનાર (૬)
૫. બેસવાની જગા મઠ (૩)
૭. યોગ્યતા, ગુંજાશ, સમર્થતા (૩)
૯. પતિ, કીડા (૩)
૧૧. રહેવાની ઢબ (૬)
૧૪. સીધું, જાહેર (૨)
૧૫. માહિતગાર (૪)
૧૬. તને--- જોઇ પનઘટની વાટે મારું મન મોહી ગયું (૨)
૧૭. સંજ્ઞા (૨)
૧૮. કિંમત, ભાવ (૨)
૧૯. વગર પૈસે (૩)
૨૦. એક પાતાળ (૪)
૨૨. અંદાજ, આશરો, (૪)
૨૩. ગંગાપુત્ર ભીષ્મના પિતા (૩)
૨૫. કાશ્મીરનો પ્રદેશ (૩)
૨૭. મરતાં સુધી (૬)
૩૧. રસ સાથેનું (૩)
૩૩. --- ગરમી- ચામડીનો એક રોગ (૨)
૩૪. એક પ્રકારની કાચની નળી (૪)
૩૫. આદત, ટેવ, વ્યસન (૨)

**ઊભી ચાવી**

૧. છીછરું, ઉપલકિયું (૫)
૨. ગુણધર્મ, ચિન્હ, ઢંગ (૩)
૩. એક જાતનું વૃક્ષ (૨)
૪. નિતારવું તે (૪) (જો. છૂ.)
૬. નવું, નવતર (૪)
૮. કપિ, વાંદરો (૩)
૧૦. --- માટે મારા માવજીભાઇ (૨)
૧૨. હા પાડવી તે (૩)
૧૩. મુંડન, વાળ કઢાવવા તે (૪)
૧૫. એક ફળ (૪)
૧૭. નામ પાડવાની વિધિ (૫)
૧૮. નોકરનો યે નોકર (૫)
૨૦. વજનનું એક માપ (૩)
૨૧. લાજ, શરમ (૨)
૨૨. થાપણ (૪)
૨૪. પલંગ (૩)
૨૬. વાટકો (૩)
૨૮. છુટ્ટી (૨)
૨૯. દારૂ પીવાનું સ્થળ (૨)
૩૦. શરીર (૨)
૩૨. સાર, સતીત્વનો જુસ્સો (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'અનેકવાર તકાજો કરવો વ્યર્થ સાબિત થાય છે' પંક્તિમાં તકાજો શબ્દનો અર્થ જણાવો.

અ) તુમાખી બ) કોશિશ ક) ઉઘરાણી ડ) અભ્યાસ

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ MYCOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) માણસ બ) ફૂગ ક) સંગીત ડ) સ્વભાવ

### માતૃભાષાની મહેક

નયણે કોઠે કે નરણે કોઠે ભાષા પ્રયોગ આપણા આરોગ્ય જીવનમાં બહુ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એને અનુસરવાથી શારીરિક તંદુરસ્તી જળવાઈ રહેવામાં ખાસ્સી મદદ થાય છે. નયણું એટલે કંઈ પણ ખાધું ન હોય એવું, સવારના વખતમાં જમ્યા વગરની સ્થિતિવાળું કે ભૂખ્યું. ઓકી દાતણ જે કરે નયણાં હરડે ખાય, દૂધે વાળુ જે કરે, તે ઘર વૈદ ન જાય એવી લોકોક્તિ છે.

### ઈર્શાદ

બત્તી કરું ને જેમ થતો અંધકાર ગુમ,
ક્યાં એમ થઈ શકે છે તમારો વિચાર ગુમ!

-- અરવિંદ ભટ્ટ

### માઈન્ડ ગેમ

ખેતીવાડી તેમ જ ફળ ઉત્પાદન દરમિયાન ફૂગને દૂર કરવા તેમ જ અન્ય સમસ્યાઓ દૂર કરવા વપરાતો પદાર્થ કોપર સલ્ફેટ કયા નામથી ઓળખાય છે?

અ) ચારોળી બ) સુંવાળી ક) મોરથૂથું ડ) લવણ

### સુડોકુ-૭૦૩૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૩ | | | | ૯ | | |
| ૧ | ૬ | | ૫ | | ૨ | | | |
| | | | | | ૮ | | | ૨ |
| ૬ | ૪ | | | | | | | |
| ૫ | ૧ | ૭ | | | | ૨ | ૯ | ૪ |
| | | | | | | | ૬ | ૧ |
| ૭ | | | ૧ | | | | | |
| | | | ૯ | | ૫ | | ૭ | ૩ |
| | | ૫ | | | | ૧ | ૮ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૩૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૬ | ૯ | ૭ | ૨ | ૮ | ૫ | ૪ |
| ૨ | ૫ | ૭ | ૪ | ૮ | ૩ | ૬ | ૯ | ૧ |
| ૮ | ૯ | ૪ | ૬ | ૫ | ૧ | ૭ | ૩ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૭ | ૪ | ૫ | ૯ | ૬ | ૮ |
| ૪ | ૭ | ૮ | ૩ | ૬ | ૯ | ૨ | ૧ | ૫ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૧ | ૮ | ૪ | ૭ | ૩ |
| ૯ | ૪ | ૫ | ૧ | ૨ | ૬ | ૩ | ૮ | ૭ |
| ૬ | ૮ | ૨ | ૫ | ૩ | ૭ | ૧ | ૪ | ૯ |
| ૭ | ૩ | ૧ | ૮ | ૯ | ૪ | ૫ | ૨ | ૬ |

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| સલગમ | TURNIP |
| શક્કરિયું | SWEET POTATO |
| સફેદ ગાજર | PARSNIP |
| શંખાલુક | JIGAMA |
| શતાવરી | ASPARAGUS |

ઓળખાણ પડી? KIWANO

ગુજરાત મોરી મોરી રે: પગલાંની છાપ

ચતુર આપો જવાબ અર્થ જણાવો: પોતાનું

માઈન્ડ ગેમ: સોડિયમ બાઈકાર્બોનેટ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુરેખા દેસાઈ (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) પુષ્પા પટેલ (૮) ખુશરૂ કાપડીયા (૯) વિભા મહેશ્વરી (૧૦) લજિતા ખોના (૧૧) જયોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મહેશ દોશી (૧૪) નિખિલ બેંગાલી (૧૫) મીનળ કાપડિયા (૧૬) અમિષી બેંગાલી (૧૭) નૂતન વિપીન (૧૮) તાહેર ઔરંગાબાદવાલા (૧૯) શીરીન ઔરંગાબાદવાલા (૨૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૧) નીતિન બજારિયા (૨૨) ભાવના કર્વે (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) મહેન્દ્ર લોઢવિયા (૨૬) રસિક જુઠાણી (ટોરન્ટો - કેનેડા) (૨૭) વર્ષા સૂર્યાકાંત શ્રોફ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિના સંપટ (૩૦) મીના ભગત (૩૧) અંજુ ટોલિયા (૩૨) કલ્પના આશર (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) જયોત્સના ગાંધી (૩૫) રમેશભાઈ દલાલ (૩૬) ઈનાક્ષીબેન દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) જગદીશ ઠક્કર (૪૦) અરવિંદ કામદાર (૪૧) પુષ્પા ખોના (૪૨) હર્ષા મહેતા

# એફઆઈઆઈની વેચવાલી ચાલુ રહેતા નિફ્ટી સતત સાતમા દિવસે ગબડ્યો, સેન્સેક્સમાં ૨૪૧ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા તરફથી નકારાત્મક સંકેત સાથે સ્થાનિક સ્તરે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી સતત ચાલુ રહેતા સોમવારે આઇટી શેરોની આગેવાનીએ બજાર પર વધેલા દબાણ વચ્ચે સેન્સેક્સ અને નિફ્ટી વધુ નીચા સ્તરે ગબડ્યા હતાં. નોંધવું રહ્યું કે, ચાર સત્રના પાછલા સપ્તાહમાં રૂ. ૧૪ લાખ કરોડનું ધોવાણ થયું હતું. સત્રને અંતે સેન્સેક્સ ચોથા દિવસે ઘટાડા સાથે ૨૪૧.૩૦ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા ઘટીને ૭૭,૩૩૯.૦૧ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન, તે ૬૧૫.૨૫ પોઈન્ટ અથવા ૦.૭૯ ટકા ઘટીને ૭૬,૯૬૫.૦૬ પર રહ્યો હતો. જ્યારે સતત સાતમા દિવસની પીછેહઠમાં નિફ્ટી ૭૮.૯૦ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૨૩,૪૫૩.૮૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સેન્સેક્સ પેકમાંથી, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઇન્ફોસિસ, એનટીપીસી, એચસીએલ ટેક્નોલોજીસ, એક્સિસ બેંક, ટેક મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, સન ફાર્મા, ઇન્ડસઇન્ડ બેંક અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપ લૂઝર બન્યા હતા, જ્યારે ટાટા સ્ટીલ, હિંદુસ્તાન યુનિલિવર, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, નેસ્લે અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ટોપ ગેઇનર હતા.

એન્વનીરો ઇન્ફ્રા એન્જિનિયર્સ રૂ. ૬૫૦ કરોડના આઇપીઓ સાથે ૨૨મી નવેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે અને ભરણું ૨૬મી નવેમ્બરે બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૪૦થી રૂ. ૧૪૮ નક્કી થઇ છે. કંપની સીવેજ ટ્રીટમેન્ટ પ્લાટન્ટ અને સીવરેજ સિસ્ટમના ટર્નકી પ્રોજેક્ટ ડેવલપમેન્ટનું કામકાજ કરે છે. ભરણામાં પ્રેશ ઇક્વિટીનો હિસ્સો ૩.૮૭ કરોડ શેરનો અને ઓએફએસનો હિસ્સો ૫૨.૬૮ લાખ શેરનો છે. શેર એનએસઇ અને બીએસઇ પર ૨૯મીએ લિસ્ટેડ થઇ શકે છે. ટેલિકોમ ઇન્ફ્રા ડેવલપર અને અન્ય સંલગ્ન સર્વિસ પ્રોવાઇડર કોર ડિજીટલ લિમિટેડે નાણાંકીય વર્ષ ૨૦૨૫ના પૂર્વાર્ધના પરિણામમાં ૫૧૧.૩૫ ટકાના વધારા સાથે રૂ. ૯૧.૮૨ કરોડની આવક અને ૧૪૨.૪૪ ટકાના વધારા સાથે રૂ. ૭.૫૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૧૦.૮૮ કરોડ રહ્યો છે. અલ્ટ્રાટેક સિમેન્ટની યોજના તેના ઇલેક્ટ્રિક ટ્રક વ્હીકલનો કાફલો જુન સુધીમાં ૫૦૦ સુધી વિસ્તારવાની છે.

હોનાસા કન્ઝ્યુમરે બીજી ક્વાર્ટરના પરિણામમાં રૂ. ૧૮.૫૭ કરોડનું કોન્સોલિડેટેડ લોસ જાહેર કર્યા બાદ તેનો શેર ૨૦ ટકાના કડાકા સાથે નીચલી સર્કિટમાં અથડાયો હતો અને રૂ. ૨૯૫.૮૦ના સ્તરે પહોંચ્યો હતો. હીરો મોટોકોર્પે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં છ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૬૬ કરોડનો ચોખ્ખો નફો જાહેર કર્યા બાદ તેનો શેર ૫.૧૨ ટકાના ઉછાળા સાથે રૂ. ૪૮૪૦.૪૦ની સપાટીએ પહોંચ્યો હતો.

મલ્ટિમોડલ લોજિસ્ટિક પ્રોવાઇડર એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડે નાણાંકીય વર્ષ ૨૦૨૫ના બીજા ક્વાર્ટરના પરિણામમાં ૧૮.૩૦ ટકાના વધારા સાથે રૂ. ૧૩૯.૫૭ કરોડની આવક અને ૨૧૩.૧૦ ટકાના વધારા સાથે રૂ. ૫.૩૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૨૪.૪૨ કરોડ રહ્યો છે. ઝીંકા લોજિસ્ટિકનો આઇપીઓ છેલ્લા દિવસ સુધીમાં ૧.૮૬ ગણો ભરાયો હતો.

ભારતમાં ઇકો ફ્રેન્ડલી મટિરિયલની વધતી માગને ધ્યાનમાં રાખી ગ્લોબલ ઇવેન્ટ ઓર્ગેનાઈઝર મીડિયા ફ્યુઝન અને ક્રેઈન કમ્યુનિકેશન દ્વારા બીઈસી ખાતે ચારથી છ ડિસેમ્બરમાં યોજાનાર ભારતના પહેલા સસ્ટનેબ્લ પોલિયુરેથીન એન્ડ ફોમ એક્સ્પો તથા પ્લાસ્ટિક રીસાઇકલિંગ પ્રદર્શનમાં ૧૫૦થી વધુ પ્રદર્શક સહભાગી થઈ રહ્યા છે અને ૧૦,૦૦૦ મુલાકાતી અપેક્ષિત છે. ભારતની પ્લાસ્ટિક રિસાઇકલીગ માર્કેટ ૨૦૨૩ના ડેટા મુજબ લગભગ ૧૦ લાખ ટન છે તે ૨૦૩૨ સુધીમાં ૯.૮૬ ટકાના ચક્રવૃદ્ધિ દરે ૨.૩૭ કરોડ ટન સુધી પહોંચવાનો અંદાજ છે.

દરમિયાન, એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૧,૮૪૯.૮૭ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી. વિદેશી રોકાણકારોએ આ મહિને અત્યાર સુધીમાં ભારતીય ઇક્વિટી બજારોમાંથી રૂ. ૨૨,૪૨૦ કરોડ પાછા ખેંચી લીધા છે, જેનું કારણ ઉચ્ચ સ્થાનિક સ્ટોક વેલ્યુએશન, ચીનને ફાળવણીમાં વધારો અને યુએસ ડોલર તેમજ ટ્રેઝરી યીલ્ડમાં વધારો છે. આ વેચવાલી સાથે, ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સે ૨૦૨૪માં અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૫,૮૨૭ કરોડનો આઉટફ્લો નોંધ્યો છે.

એશિયન બજારોમાં, સિઓલ અને હોંગકોંગ ઊંચા સ્થિર થયા જ્યારે ટોક્યિો અને શાંઘાઈ નીચા સ્તરે બંધ રહ્યા હતા. યુરોપિયન બજારો નકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે શુક્રવારે અમેરિકી બજારો નીચામાં બંધ રહ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૯ ટકા વધીને ૭૧.૩૯ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. ગુરુવારે બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૧૦.૬૪ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૭૭,૫૮૦.૩૧ પર સેટલ થયો હતો. નિફ્ટી ૨૬.૩૫ પોઈન્ટ અથવા ૦.૧૧ ટકા ઘટીને ૨૩,૫૩૨.૭૦ પર આવી ગયો હતો.

રોકાણકારો માટે સમીક્ષા હેઠળનું પાછલું સપ્તાહ ખૂબ જ નુકસાનકારક રહ્યું હતું અને બીએસઇમાં ચાર દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૩.૭૫ લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. આ તરફ પુલબેક રેલી અને મોટા કડાકાની વિરોધાભાસી શક્યતા વચ્ચે નિફ્ટી ૨૪,૫૦૦ની સપાટી તોડશે તો વધુ ૨૦૦ પોઇન્ટ નીચે પટકાશે એવો મત નિષ્ણાતોએ વ્યક્ત કર્યો છે. સેન્સેક્સ પાછલા સપ્તાહે ૧,૯૦૬.૦૧ પોઈન્ટ્સ (૨.૪૦ ટકા) ઘટ્યો હતો.

ટેક્નિકલ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, દૈનિક ધોરણે ઇન્ડેક્સે તેની ૨૦૦ દિવસના એક્સ્પોનેન્શિયલ મૂવિંગ એવરેજ સપોર્ટની નજીક એક ડોજી કેન્ડલ બનાવી છે, જે તેની આગામી ચાલ અંગે અનિશ્ચિતતા દર્શાવે છે. ૨૦૦ દિવસની એક્સ્પોનેન્શિયલ મૂવિંગ એવરેજ ૨૩,૫૪૦ આસપાસ હોવાનો અર્થ એ થયો કે ઇન્ડેક્સ માટે ૨૩,૫૦૦-૨૩,૫૪૦ રેન્જ તાત્કાલિક સપોર્ટ ઝોન તરીકે કામ કરશે.

તેમના મતાનુસાર જો નિફ્ટી ૨૩,૫૦૦ની નીચે ગબડશે તો મજબૂત બ્રેક લાગશે અને ઇન્ડેક્સ ૨૩,૩૦૦-૨૩,૨૦૦ના વધુ નીચા લેવલે ધકેલાશે, જ્યાં ટ્રેન્ડ લાઇન સપોર્ટ મૂકવામાં આવ્યો છે. એકંદરે, ટૂંકા ગાળાનો ટ્રેન્ડ ડાઉન છે, પરંતુ જ્યાં સુધી નિફ્ટી ૨૩,૫૦૦ની ઉપર રહેશે ત્યાં સુધી પુલબેક રેલી શક્ય છે, એમ ટેકનિકલ એક્સપર્ટ જણાવ્યું હતું. ઓપન ઈન્ટરેસ્ટ ડેટામાં, કોલ સાઈડ પર સૌથી વધુ ઓપન ઈન્ટરેસ્ટ ૨૩,૬૦૦ અને ૨૩,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસ પર જોવા મળ્યું હતું, જ્યારે પુટ સાઈડમાં, સૌથી વધુ ઈન્ટરેસ્ટ ૨૩,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસ પર હતું અને ત્યારબાદ ૨૩, ૫૫૦ની સપાટી પર રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો છ પૈસા વધીને ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત ગુરુવારની ઐતિહાસિક નીચી સપાટીએથી છ પૈસાના સુધારા સાથે ૮૪.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના દબાણને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત ગુરુવારના ૮૪.૪૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૪.૪૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૪૨ અને ઉપરમાં ૮૪.૩૭ સુધી મજબૂત થયા બાદ અંતે છ પૈસા વધીને ૮૪.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે બજાર ગુરુ નાનક જયંતીની જાહેર રજા નિમિત્તે બંધ રહી હતી. એકંદરે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીમાં થઈ રહેલા ધીમા ઘટાડા ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું એલકેપી સિક્યોરિટીઝનાં રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ૮૪.૪૫થી ૮૪.૫૨ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૮૪.૨૫થી ૮૪.૩૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેમ જણાય છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૬ ટકા ઘટીને ૧૦૬.૫૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, તેની સામે બ્રેન્ટક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૭૯ ટકા વધીને બેરલદીઠ ૭૧.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૪૧.૩૦ પૉઈન્ટનો અને ૭૮.૯૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તથા ગત ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૮૪૯.૮૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# માર્કેટ કૅપ વધુ ₹ ૧.૫૨ લાખ કરોડ ઘટીને ₹ ૪૨૯.૦૮ લાખ કરોડના સ્તરે પહોંચ્યું

મુંબઇઃ સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૭૭,૫૮૦.૩૧ બંધથી ૨૪૧.૩૦ પોઈન્ટ્સ (૦.૩૧ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ. ૧.૫૨ લાખ કરોડ ઘટીને રૂ. ૪૨૯.૦૮ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૭,૮૬૩ ખૂલીને ઉપરમાં ૭૭,૮૮૬.૯૭ અને નીચામાં ૭૬,૯૬૫.૦૬ સુધી જઈને અંતે ૭૭,૩૩૯.૦૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૪ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૬ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૬૯ ટકા વધ્યા હતા. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૫૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૯૫ ટકા વધ્યો હતો. એક્સચેન્જમાં ૪,૨૨૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૧૧ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૮૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૬૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૯૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ મેટલ ૨.૧૪ ટકા, એફએમસીજી ૦.૬૬ ટકા, રિયલ્ટી ૦.૬૨ ટકા, ઓટો ૦.૫૮ ટકા, સર્વિસીસ ૦.૫૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૨૯ ટકા, કોમોડિટીઝ ૦.૨૭ ટકા, બેન્કેક્સ ૦.૨૨ ટકા ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૧૮ ટકા અને કેપિટલ ગુડ્સ ૦.૦૬ ટકા વધ્યા હતા જ્યારે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૨.૩૪ ટકા, ફેક્સ્ટ આઈટી ૨.૨૯ ટકા, ટેક ૧.૯૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૬૪ ટકા, એનર્જી ૧.૨૧, યુટિલિટીઝ ૧.૦૪ ટકા, હેલ્થકેર ૦.૯૨ ટકા, પાવર ૦.૫૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૩૨ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૦૮ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૦૭ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં તાતા સ્ટીલ ૨.૩૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૪૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૩૭ ટકા, નેસ્લે ૧.૩૫ ટકા, સ્ટેટ બેન્ક ૧.૨૦ ટકા, અદાણી પોર્ટસ ૧.૧૧ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૧.૦૯ ટકા, કોટક બેન્ક ૦.૮૫ ટકા, મારુતિ ૦.૮૨ ટકા, એચડીએફસી બેન્ક ૦.૬૭ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૦.૪૧ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૨૬ ટકા, આઈટીસી ૦.૨૪ ટકા અને પાવર ગ્રીડ ૦.૧૦ ટકા વધ્યા હતા.

# એલ્યુમિનિયમ અને કોપરની અમુક વેરાઈટી સહિત ચોક્કસ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકંદરે કામકાજો પાંખાં રહ્યા હોવાથી સ્ટોકિસ્ટોની લે-વેચ અને માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૨૩નો અને નિરસ માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે કોપર કેબલ સ્ક્રેપ, કોપર વાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટસમાં માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠનો સુધારો આવ્યો છે. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૮૧૨ અને રૂ. ત્રણ વધીને રૂ. ૨૮૪ના મથાળે રહ્યા હતા. આ સિવાય ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૮૫, અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૪૭ અને રૂ. ૧૮૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીનમાં સતત ચોથા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે સાર્વત્રિક સ્તરેથી માગ પણ મર્યાદિત રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૨૩ ઘટીને રૂ. ૨૫૪૮ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૯૪ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ અને કોપરની અન્ય વેરાઈટીઓ તથા નિકલમાં પાંખાં કામકાજે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે
રતલામ ડિવિઝન

ઈ-ટેન્ડર નોટિસ

DRM (S & T) વર્ક્સ રતલામ, એક્ટિંગ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ટેન્ડર નં.: SnT_RTM_W_૨૪_૧૬_સિગ્નલ તારીખઃ ૧૪.૧૧.૨૦૨૪ નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે. **કામનું નામઃ** ઉજ્જૈન વાર સાથેના સંબંધમાં S & T મટેરિઅલ્સની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનિંગઃ MSDAC ની જોગવાઈ દ્વારા ટ્રેક સર્કિટને મજબૂત બનાવવું. **બિડિંગ/ ટેન્ડર ટાઈપ અને સિસ્ટમઃ** વર્ક્સ નોર્મલ ઓપન ઈ-ટેન્ડર, સિંગલ પેકેટ સિસ્ટમ. (IREPS પોર્ટલ) **ટેન્ડર જાહેરાત મૂલ્યઃ** રૂ. ૬,૧૬,૧૩,૫૪૨.૭૯/- **બીડ સુરક્ષા/ બાના રકમઃ** રૂ. ૪,૫૮,૧૦૦/- **ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ** NIL **પ્રી-બીડ કોન્ફરન્સઃ** NA. **બીડ પ્રારંભ તારીખઃ** બંધ થવાની તારીખ પહેલા ૧૫ દિવસ. **બીડની બંધ થવાની તારીખ અને સમયઃ** ૦૫.૧૨.૨૦૨૪ના ૧૫.૦૦ ક. **બીડની ખોલવાની તારીખ અને સમયઃ** ૦૫.૧૨.૨૦૨૪ના ૧૫.૩૦ ક. પછી. **ઓફરની માન્યતાઃ** ટેન્ડરની ખોલવાથી ૬૦ દિવસ. **પૂર્ણતાનો સમયગાળોઃ** ૬ મહિના **JV મંજૂરીઃ** મંજૂરી નથીઃ **ટેન્ડરીંગ સેક્શન ઓફિસ ઈન્ચાર્જ અને બીડની ખોલવાનું સ્થળઃ** Dy. CSTE વર્ક્સ રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ **www.ireps.gov.in** પર ઓનલાઈન જોઈ શકાય છે અને ઓફર એ જ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરવી પડશે.

**DRM (S & T) વર્ક્સ**
SPAN/6/1/306 **WR રતલામ**

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# ખાંડમાં સાધારણ ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી જળવાઈ રહેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાનુસાર ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૧૨થી ૩૭૨૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૭૨૨થી ૩૭૮૦માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૭૦થી ૩૬૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૩૦થી ૩૬૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મથકો પાછળ સિંગતેલમાં ₹ ૩૦નો ઘટાડો, આરબીડી પામોલિનમાં નરમાઈ

### જેએનપીટી બંદર પર ૧.૧૩ લાખ ટન ખાદ્યતેલનો સ્ટોક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૫૩ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે ગુજરાતના મથકો પર દેશાવારોની નિરસ માગે સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૫૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૩૫નો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિકમાં પણ દેશી તેલમાં નરમાઈનું વલણ રહ્યું હતું જેમાં સિંગતેલ અને સરસવના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૩૦નો અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજરોજ જેએનપીટી બંદર પર ૧,૧૩,૧૧૯.૫૭૩ ટન વિવિધ ખાદ્યતેલનો સ્ટોક હતો, જેમાં ૪૨,૩૦૧.૧૬૨ ટન આરબીડી પામોલિન, ૨૩૪.૭૨૭ ટન ક્રૂડ સોયા ડિગમ તેલ, ૨૭,૮૮૫.૮૨૨ ટન ક્રૂડ પામતેલ, ૪૨૪૭.૭૫૦ ટન ક્રૂડ પામતેલ, ૪૨૪૭.૭૫૦ ટન ક્રૂડ પામ કર્નેલ તેલ અને ૩૮,૪૫૦.૧૧૨ ટન ક્રૂડ સનફ્લાવર તેલનો સમાવેશ થતો હતો.

જોકે, આજે સપ્તાહના આરંભે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર અત્યંત નિરસ રહ્યા હતા. તેમ જ ડાયરેક્ટ ડિલિવરી શરતે માત્ર ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવમાં જેએનપીટીથી રૂ. ૧૩૯૦, કંડલાથી રૂ. ૧૩૮૦ અને મેંગ્લોરથી રૂ. ૧૩૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આબીડી પામોલિનના રૂ. ૧૩૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સરસવના રૂ. ૧૪૧૦ના મથાળે રહ્યા હતા.

# ડૉલરમાં તેજી અટકતા વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૦૬૯નું અને ચાંદીમાં ₹ ૨૧૮૬નું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં એકતરફી તેજીને બ્રેક લાગતા લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં બે મહિનાની નીચી સપાટીએથી ૧.૩ ટકા જેટલો અને ચાંદીના ભાવમાં ૧.૮ ટકા જેટલો ઉછાળો આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આગલા બંધની સરખામણીમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૬૪થી ૧૦૬૯નું અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૧૮૬નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો છ પૈસા વધીને બંધ રહ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગત શુક્રવારે સ્થાનિક ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન ગુરુનાનક જયંતી નિમિત્તે ધોરણે બંધ રહ્યું હોવાથી ભાવની સત્તાવાર ધોરણે જાહેરાત નહોતી થઈ. જોકે, આજે વિશ્વ બજાર પાછળ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ ગત ગુરુવારના બંધ સામે રૂ. ૧૦૬૪ના બાઉન્સબૅક સાથે રૂ. ૭૪,૫૦૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૬૯ વધીને રૂ. ૭૪,૮૦૮ના મથાળે રહ્યા હતા.

જોકે, વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે રિટેલ સ્તરની લગ્નસરાની ખપપૂરતી માગ જળવાઈ રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૧૮૬ના ઉછાળા સાથે રૂ. ૮૯,૨૮૯ના મથાળે રહ્યાં હતાં.

ગત સપ્તાહે ડૉલર ઈન્ડેક્સમાં ૧.૬ ટકા જેટલો ઉછાળો આવવાની સાથે રોકાણકારોની વેચવાલીના દબાણ હેઠળ સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં તેજી અટકતા લંડન ખાતે સત્રના આરંભમાં સોનાના ભાવમાં ચમકારો જોવા મળતાં હાજરમાં ભાવ આગલા બંધ સામે ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૫૯૩.૩૨ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૧ ટકા વધીને ૨૫૯૭.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૮ ટકા વધીને ૩૦.૭૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જો ડૉલર ઈન્ડેક્સમાં રોલઓવર જળવાઈ રહેશે તો સોનાના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળશે, એમ આઈજી માર્કેટના સ્ટ્રેટેજિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે અમેરિકી નીતિ ઘડવૈયાઓ આગામી ડિસેમ્બરની નીતિવિષયક બેઠકમાં કાપ મૂકીને જાન્યુઆરીમાં વ્યાજદર યથાવત્ રાખવાનું પ્લેટફોર્મ તૈયાર કરશે જે સોનામાં તેજી માટેનું અવરોધક પરિબળ પુરવાર થઈ શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વર્તમાન સપ્તાહમાં અમેરિકી ફેડરલના અંદાજે સાત અધિકારીઓનાં વક્તવ્ય ઉપરાંત અમેરિકાના ફુગાવાના ડેટા પર રોકાણકારોની મીટ મંડાયેલી રહેશે કેમ કે આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાતનો નિર્ણય મુખ્યત્વે ફુગાવાના ડેટા પર અવલંબિત રહેશે.

જોકે, ગત શુક્રવારે જાહેર થયેલા અમેરિકાના ઑક્ટોબરનાં રિટેલ વેચાણના ડેટા બજારની અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી અમેરિકી અર્થતંત્રમાં મક્કમ વલણ જળવાઈ રહ્યું હોવાનો નિર્દેશ હોવાથી આગામી ૧૭-૧૮ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો આશાવાદ જળવાઈ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે બીએમઆઈના એનાલિસ્ટે વર્ષ ૨૦૨૪ના શેષ ચોથા ત્રિમાસિકગાળાથી વર્ષ ૨૦૨૫નાં પહેલા ત્રિમાસિકગાળા સુધી સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૨૦૦થી ૨૬૦૦ ડૉલરની રેન્જમાં રહેવાની ધારણા મૂકી હતી.

પબ્લિક નોટીસ

આ અખબારમાં ૧૦મી એપ્રિલ ૨૦૨૪ના અમારી દ્વારા પ્રસિદ્ધ કરાયેલ પબ્લિક નોટીસના અનુસંધાનમાં, આથી ખબર આપવામાં આવે છે કે અમો નીચેના પ્રથમ પરિશિષ્ટમાં વર્ણવેલ મિલકત (''મિલકત'')માં
(૧) શ્રી જયદીપ જ્વાહિર કાપડિયા પોતાના માટે અને જયદિપ જ્વાહિર કાપડિયા HUF અને જ્વાહિર ત્રિકમદાસ કાપડિયા HUFના કર્તા અને મેનેજર તરીકે
(૨) શ્રી ઉપેન્દ્ર ત્રિકમદાસ કાપડિયા પોતાના માટે અને છબિલદાસ કાપડિયા HUF અને ત્રિકમદાસ છબિલદાસ કાપડિયા HUF અને ઉપેન્દ્ર ત્રિકમદાસ કાપડિયા HUFના કર્તા અને મેનેજર તરીકે
(૩) શ્રી દિલીપ ત્રિકમદાસ કાપડિયા પોતાના માટે અને દિલીપ ત્રિકમદાસ કાપડિયા HUFના કર્તા અને મેનેજર તરીકે
(૪) શ્રી અતુલ ત્રિકમદાસ કાપડિયા પોતાના માટે અને અતુલ ત્રિકમદાસ કાપડિયા HUFના કર્તા અને મેનેજર તરીકે
(૫) શ્રીમતી દર્શા કૌશલ દલાલ (nee દર્શા ઉપેન્દ્ર કાપડિયા)
(૬) શ્રીમતી કામાક્ષી અનુપમ તિવારી (nee કામાક્ષી ઉપેન્દ્ર કાપડિયા)
(૭) Ms. હિમાની અતુલ કાપડિયા.
(૮) શ્રીમતી હીના કાપડિયા (nee હિના અતુલ કાપડિયા)
(૯) શ્રી નિખિલ અજીતસિંહ કાપડિયા, પોતાના માટે અને અજીતસિંહ છબિલદાસ કાપડિયા HUF અને નિખિલ અજીતસિંહ કાપડિયા HUFના કર્તા અને મેનેજર તરીકે.
(૧૦) શ્રીમતી સુવર્ણા પંકજ કાપડિયા
(૧૧) શ્રીમતી લીના પ્રદીપ પાલીચા (nee લીના અજીતસિંહ કાપડિયા)
(૧૨) શ્રી નયન હર્ષકુમાર કાપડિયા પોતાના માટે અને નયન હર્ષકુમાર કાપડિયા HUF અને હર્ષકુમાર છબિલદાસ કાપડિયા HUFના કર્તા અને મેનેજર તરીકે.
(૧૩) શ્રીમતી સંધ્યા દીપક ભીમાણી (nee સંધ્યા હર્ષકુમાર કાપડિયા)
(૧૪) શ્રીમતી ચૌલા ચંદ્રહાસ દયાલ (nee ચૌલા હર્ષકુમાર કાપડિયા), અને
(૧૫) શ્રીમતી ભાવના મિહિર વિરજી (nee ભાવના હર્ષકુમાર કાપડિયા) (અહીં પાછળથી **''માલિકો''** તરીકે ઓળખવામાં આવેલ છે)ના ફ્રી, સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ. માલિકોએ રજૂઆત કરી છે કે અહીં નીચે લખેલ **દ્વિતિય પરિશિષ્ટ**માં વધુ વિગતવાર યાદી કરાયેલ મિલકતના સંદર્ભમાં અસલ ટાઈટલ દસ્તાવેજો (**''અસલ ટાઈટલ દસ્તાવેજો''**) તેમની કસ્ટડીમાં નથી અને ગૂમ થયેલ/ ગેરવલ્લે થયેલ છે અને/કે ખૂબ જ શોધખોળ કરવા છતાં મળતા નથી.
કોઈપણ બેન્ક અને/કે નાણાંકીય સંસ્થા અને/કે સત્તા ઈન્ટરએલીયા, સહિત તમામ શખ્સો/ સંસ્થાઓ જે મિલકત કે તેના કોઈપણ ભાગના સંદર્ભમાં વેચાણ, ટ્રાન્સફર, લિઝ, લિયન, ઈઝમેન્ટ, અદલાબદલી, ભેટ, ગીરો, ચાર્જ, ટ્રસ્ટ, જાળવણી, વારસો, ઓક્યૂપેશન, કબજો, લિવ એન્ડ લાયસન્સ, ટેનાન્સી/ સબ-ટેનાન્સી, અસાઈનમેન્ટ, સબ-લિઝ, બિક્વેસ્ટ, સક્સેસન કેર ટેકર ધોરણે, કુટુંબ વ્યવસ્થા/ પતાવટ, કાયદાની કોઈપણ કોર્ટના ડિક્રી કે ઓર્ડર, કોન્ટ્રાક્ટસ, એગ્રીમેન્ટસ કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, બેનીફીટ, હિત, હિસ્સો કે માંગણી ધરાવતા હોય તો, અને/ અથવા ઉપર જણાવેલના કોઈપણ દ્વારા સદર મિલકતના સંદર્ભમાં અસલ ટાઈટલ દસ્તાવેજોનો કબજો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને ૩૧૧, દલામલ ટાવર્સ, ૨૧૧ ફ્રી પ્રેસ જર્નલ રોડ, નરીમન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧ ખાતે તેમની ઓફિસ ધરાવનાર, M/s. જાની એન્ડ પરીખ, એડવોકેટસ અને સોલિસિટર્સને કરે, જો કે દાવો આ છપાયાની તારીખથી ૭ દિવસમાં તેમની ઓફિસમાં મળી જવા જોઈશે, જેના નિષ્ફળ જવા પર, આવા દાવા કે વાંધાઓ, જો કોઈ હોય તો ત્યજી દિધેલ અને/ કે છોડી દીધેલ ગણાશે.

**પ્રથમ પરિશિષ્ટ**


મુંબઈના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લામાં ૩૭, નેપિયન સી રોડ ખાતે આવેલ, પડેલ અને પડેલ કુલ ભરતમાં ૧૯,૮૯૧.૮૭ ચો.ફૂટ કુલ બીલ્ટઅપ એરિયા ગ્રાઉન્ડ વત્તા ૧ ઉપલા માળનો સમાવેશ કરતું પાછળની બાજુનું હોરીઝોન્ટલ સ્ટ્રક્ચર અને ગ્રાઉન્ડ વત્તા ૨ ઉપલા માળો ધરાવતા મુખ્ય બિલ્ડીંગનો સમાવેશ કરતા તેના પર ઉભેલ ''લક્ષ્મી નિવાસ'' તરીકે જાણીતા બંગલો સાથે, મલબાર હિલ ડિવિજનના કેડેસ્ટ્રલ સર્વે નં. ૫૮૧ ધરાવતા ભરતમાં આશરે ૨,૨૨૧ ચો.વાર (૧૮૫૭.૦૨ ચો.મીની સમકક્ષ) અથવા તેની આસપાસનો જમીનનો તે તમામ ટુકડો અને કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છેઃ ઉત્તરે કે તે તરફઃ દાદાભાઈ નવરોજી દાવરની મિલકતો દ્વારા. પૂર્વે કે તે તરફઃ શ્રી અરદેશીર બી. દુબાશની મિલકતો દ્વારા. પશ્ચિમે કે તે તરફઃ નેપીઅનસી રોડ તરીકે જાણીતા જે હવે લક્ષ્મીબાઈ જગમોહનદાસ માર્ગથી ઓળખાય છે તે જાહેર રસ્તાથી. દક્ષિણે કે તે તરફઃ શ્રી અરદેશીર બી. દુબાશની મિલકતો દ્વારા.

**દ્વિતિય પરિશિષ્ટ**

૧. ડૉ. એરુચશા જમશેદજી હકીમ અને છબીલદાસ લખમીદાસ ભીમજી અને નારણદાસ લખમીદાસ ભીમજીની વચ્ચેનું તારીખ ૬ જુલાઈ ૧૯૧૭ના ઈન્ડેન્ચર
૨. જમનાબાઈ તે નારણદાસ લક્ષ્મીદાસની વિધવા, જવેરબેન તે લક્ષ્મીદાસ ભીમજીની વિધવા અને છબીલદાસ લક્ષ્મીદાસની વચ્ચેનું તારીખ ૨૦ સપ્ટેમ્બર ૧૯૨૧ના ઈન્ડેન્ચર.

**આજ તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૨૪ના**
**જાની એન્ડ પરીખ માટે,**
**એડવોકેટસ એન્ડ સોલિસિટર્સ**
**નીરવ સી. જાની, પાર્ટનર**
**M/s. જાની એન્ડ પરીખ,**
૩૧૧, દલામલ ટાવર્સ, ૨૧૧, ફ્રી પ્રેસ જર્નલ રોડ, નરીમન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧.
ઈમેલઃ nirav.jani@jplaw.in

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.


આરબીઆઈ નિયંત્રિત સંસ્થાઓ (RE)* સામે તમારી ફરિયાદોનું નિવારણ કરવા માટે આ પગલાં અનુસરો
1 સૌ પ્રથમ RE પાસે તમારી ફરિયાદ નોંધાવો
2 રસીદ/સંદર્ભ નંબર મેળવો
3 જો RE તરફથી 30 દિવસની અંદર કોઈ સમાધાન પ્રાપ્ત ન થાય અથવા તમે તેનાથી સંતુષ્ટ ન હો, તો તમે આરબીઆઈ લોકપાલ પાસે આરબીઆઈ ના સીએમએસ પોર્ટલ (cms.rbi.org.in) પર અથવા સીઆરપીસી પાસે પોસ્ટ દ્વારા તમારી ફરિયાદ નોંધાવી શકો છો**
આરબીઆઈ કહે છે... જાણકાર બનો, સતર્ક રહો!
આરબીઆઈ લોકપાલ પાસે સીધી દાખલ કરવામાં આવેલી ફરિયાદ નામંજૂર થઈ શકે છે.
વધુ જાણકારી માટે, https://rbikehtahai.rbi.org.in/ios પર જાઓ
પ્રતિક્રિયા આપવા માટે, rbikehtahai@rbi.org.in ને લખો
*બેન્કો, નોન-બેંકિંગ નાણાકીય કંપનીઓ, પેમેન્ટ પ્રણાલી સહભાગીઓ, પ્રીપેઇડ સાધનો, ક્રેડિટ માહિતી કંપનીઓ **સીઆરપીસી: ભારતીય રિઝર્વ બેંક, સેક્ટર 17, ચંદીગઢ-160017
જનહિતમાં પ્રકાશિત
ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in


100% PURE NEW ZEALAND
Lake Pukaki, Canterbury
કુલીન કુમાર હોલીડેઝ – એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે
100% PURE NEW ZEALAND
ઓકલેન્ડ ▸▸ બે ઓફ આઈલેન્ડ ▸▸ રોટોરૂઆ ▸▸ કવીન્સટાઉન ▸▸ માઉંટ કુક ▸▸ ક્રાઈસ્ટચર્ચ ▸▸ હેન્મર સ્પ્રિંગ્સ
વર્લ્ડ કલાસ સિંગાપુર એરલાઇન્સમાં સફર
લક્ઝરી હોટલ્સમાં રહેવાનું (કન્ફર્મ હોટલ્સ)
ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઇયા દ્વારા ભોજનનો આસ્વાદ
ગુજરાતી, હિન્દી, ઇંગલીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
ભરપુર સાઇટ સીઇંગનો સમાવેશ
લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
કોઇપણ છુપા ખર્ચ વગર
સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રમાણીક વ્યવહાર
Departures
2024
Dec. 20
2025
Jan. 09, 21
Feb. 03, 16, 27
Mar. 07, 14, 27
✓ All Blacks Experience ✓ Helicopter Ride ✓ Jet Boat Ride ✓ Hanmer Springs Spa etc.
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500


महायुती
शिवसेना - भाजपा -
राष्ट्रवादी काँग्रेस - रिपाईं व मित्र पक्ष
मेट्रो
अटल सेतू
ईमानदारी से काम किया सर्वश्रेष्ठ
बनाया १ नंबर महाराष्ट्र !
विकासनीती मतलब महायुती
समृद्धी महामार्ग
कोस्टल रोड
विकास का निशान, लाडला धनुषबाण!
किया है काम निर्विवाद...
अब जनता का आशीर्वाद!
धनुषबाण के सामने वाला बटन दबाकर शिवसेना के उम्मीदवारों को भारी वोटों से विजयी बनाएं!
प्रकाशक : श्री. संजय मोरे (सचिव, शिवसेना)
Matter related to "Clock" symbol of the NCP is sub-judice in the Supreme Court